Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

"શ્રી સયાજી સાહિત્યમાળા"–પુષ્પ ૬૨ મું.

( ચરિત્ર-ગુચ્છ )

# દલપતરામ.

લેખક,

કાશીશંકર મૂળશંકર દવે.

શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય અમદાવાદ.

પ્રકાશક,

એમ. સી. કોઠારી,

કાપડીપોળ, રાવપુરા-વડોદરા.

વડોદરા-રાવપુરા રોડપર "જાગૃતિ પ્રેસ" માં ભગવંતરાવ બ. પાળેકર એમણે પ્રકાશક માટે છાપ્યું. તા. ૩૦-૬-૨૧.

ઈ. સ. ૧૯૨૧. સંવત ૧૯૭૭. | કિમ્મત. રૂ. ૧-૨-૦ | પ્રથમાવૃત્તિ. પ્રત, ૫૦૦.

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

શ્રી.

# જાહેરાત.

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી શ્રીમંત મહારાજા સાહેબ સર સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઇ., જી. સી. આઈ. ઇ. એઓશ્રીએ કૃપાવંત થઇને બે લાખ રૂપીઆની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજમાંથી "શ્રી સયાજી સાહિત્યમાલા" રૂપે વિવિધ વિષયો લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

એ અનુસાર આ "દલપતરામ" નામનું સ્વતંત્ર જીવનચરિત્રનું પુસ્તક રા. રા. કાશીશંકર મૂળશંકર દવે એમની પાસે ઇતિહાસમાળાના ચરિત્ર ગુચ્છમાં ૬૨ મા પુષ્પ રૂપે તૈયાર કરાવી, વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખાએ ઠરાવેલા ધોરણ પ્રમાણે સંશોધાવી પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| વિદ્યાધિકારી કચેરી,<br>ભાષાંતર શાખા<br>વડોદરા<br>તા. ૨૪-૫-૧૯૨૧. | જ. પુ. જોષીપુરા.<br>ભા.સ. | A. M. Masani<br>વિદ્યાધિકારી,<br>વડોદરા રાજ્ય. |

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

# साहित्य-रत्न-माला

हिंदी में ऐसी पुस्तकमालाएँ बहुत ही कम हैं, जिनकी सभी पुस्तकें विषय, उनकी प्रतिपादन-शैली और भाषा आदि के विचार से उच्च कोटि के साहित्य में स्थान पा सकें। इसी अभाव की पूर्ति के लिये यह पुस्तकमाला प्रकाशित की गई है। इस पुस्तकमाला की सभी पुस्तकें सभी दृष्टियों से उच्च कोटि की और स्थायी साहित्य में परिगणित होने के योग्य होती हैं। इसमें केवल लब्धप्रतिष्ठ लेखकों के लिखे हुए साहित्य, विज्ञान, राजनीति, अर्थशास्त्र, इतिहास आदि उपयोगी विषयों के अच्छे अच्छे ग्रन्थ ही प्रकाशित होते हैं। जो लोग १) प्रवेश शुल्क देकर स्थायी ग्राहकों में नाम लिखावेंगे, उनसे पुस्तकों का डाक-व्यय न लिया जायगा। इस माला का पहला ग्रंथ

## साहित्यालोचन

साहित्य की आलोचना से संबंध रखता है। जिनको साहित्य से कुछ भी अनुराग है, अथवा जो साहित्य से किसी प्रकार का संबंध रखते हैं, उनके लिये इस ग्रंथ में जानने, समझने और मनन करने योग्य अनेकानेक बातें भरी पड़ी हैं। इस ग्रन्थ ने हिन्दी संसार में एक नवीन प्रकार की जाग्रति उत्पन्न की है और यह हिन्दी साहित्य के इतिहास के एक नवीन युग के प्रवर्त्तन में सहायक हुआ है। प्रत्येक साहित्य-प्रेमी के पास और प्रत्येक पुस्तकालय में इसकी एक प्रति अवश्य रहनी चाहिए। मूल्य ३)

माला का दूसरा ग्रंथ

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

# भाषा-विज्ञान

भी हिन्दी में अपने ढंग का पहला ग्रन्थ है। इसमें भाषा-विकास की अवस्थाएँ, भारतीय आर्य भाषाओं का इतिहास, आधुनिक देशी भाषाओं और विशेषतः हिन्दी भाषा का विकास आदि अनेक उपयोगी विषय दिए गए हैं। साहित्य-प्रेमियों में इसका बहुत अधिक आदर हुआ है। मूल्य ३)

# प्रकीर्णक पुस्तकमाला

( १ ) **वैज्ञानिक साम्यवाद**—इस पुस्तक में संक्षेप में यह बतलाया गया है कि साम्यवाद वास्तव में क्या है, उसकी उपयोगिता क्या है और उसके सिद्धान्तों के अनुसार कार्य्य होना आवश्यक तथा अनिवार्य्य क्यों है। मूल्य ≡)

( २ ) **हिन्दी भाषा का विकास**—भारत के आदिम आर्य्यों की भाषा से लेकर अब तक की प्रचलित सब भाषाओं का और उनसे विकसित होनेवाली हिन्दी भाषा का पूरा इतिहास। विशेषतः विद्यार्थियों के लिये बहुत ही उपयोगी है। मूल्य ।।=)

( ३ ) **जातक कथामाला**—( पहला भाग ) बुद्ध भगवान् के पूर्व जन्मों की बहुत ही मनोहर और शिक्षाप्रद कहानियाँ। मू० १)

रामचन्द्र वर्म्मा,
साहित्य-रत्न-माला कार्यालय,
बनारस सिटी।

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

# અનુક્રમણિકા.

વિષય. પાનું.


| | |
|---|---|
| આમુખ ... ... ... ... ... | ૧ |
| કવીશ્વર દલપતરામની કાવ્યપદ્ધતિ... ... ... | ૧૨ |
| કવિતા કોને માટે?... ... ... ... ... | ૧૭ |
| શબ્દાલંકાર અને માધુર્ય... ... ... ... | ૨૦ |
| ચિત્રકાવ્ય... ... ... ... ... ... | ૩૫ |
| કવિતાના વિષયની પસંદગી... ... ... ... | ૩૭ |
| કવિત્વ અને નિરભિમાનીપણું... ... ... ... | ૪૧ |
| કાવ્યવ્યવસાય અને અર્થપ્રાપ્તિ ... ... ... | ૪૨ |
| વાંચનમાળા, પિંગળ અને કવીશ્વરની પદવી... ... | ૪૮ |
| ભાગ્યોદય... ... ... ... ... ... | ૫૦ |
| ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીની સ્થાપના ... ... | ૫૨ |
| વિદ્યાવૃદ્ધિના પ્રયત્ન... ... ... ... ... | ૫૪ |
| વિદ્યાવૃદ્ધિનું વચન લેવા વડોદરે જવું... ... ... | ૫૮ |
| સ્વાર્થત્યાગનો એક વિશિષ્ટ પ્રસંગ... ... ... | ૬૨ |
| એમનો ગૃહસ્થાશ્રમ... ... ... ... ... | ૬૬ |
| શરીરનો બંધાર... ... ... ... ... | ૭૩ |
| મનના સ્વરૂપની રૂપરેખા... ... ... ... | ૭૪ |
| વહુનો ભાઇ તે સાળો ને બાપ તે સસરો... ... ... | ૭૭ |
| કવીશ્વર દલપતરામ સુધારક તરીકે ... ... ... | ૯૦ |
| ધર્મવિચાર... ... ... ... ... ... | ૯૬ |
| કાવ્યલેખન... ... ... ... ... ... | ૧૦૨ |


Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

કાવ્યકૃતિમાંના કંઈક ઉતારા... ... ... ...૧૦૮
અંતિમ પ્રકરણ... ... ... ... ...૧૨૦
ધાર્મિક જીવનના ચમત્કારો અને સહવાસજન્ય સ્મરણો...૧૨૬
એમનો અભ્યાસ... ... ... ... ...૧૨૬
વેદનો અભ્યાસ... ... ... ... ...૧૩૦
શિક્ષણરૂપ સંજોગ ... ... ... ...૧૪૫
બાળપણમાં ગરીબાઈનો અનુભવ... ... ...૧૫૩
અંગ્રેજી ભણવાની ક્ષણિક હોંસ... ... ... ...૧૫૯
અમલ કરી શકાયો નથી એવો કરાર... ... ...૧૬૩
રક્ષક ન છતાં રક્ષણ કેમ થાય છે... ... ...૧૬૪
પ્રેમાનંદે વેર વાળ્યું... ... ... ... ...૧૬૫
કાલ્પનિક મનોરથનું સિદ્ધ થવું... ... ... ...૧૬૮
લોકની બદલાતી સ્થિતિ... ... ... ...૧૭૮
દયાળુ અંતઃકરણ... ... ... ... ...૧૭૯
દલપતરામનું સ્મારક તથા કેટલાંક સ્મરણો... ...૧૮૦
આપણું કર્તવ્ય... ... ... ... ...૧૮૫

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

# પ્રસ્તાવના.

આ છેલ્લા શતકના એક અગ્રેસર કવિ દલપતરામની જીવનકલાઓને આલેખતું આ નાનું પુસ્તક 'શ્રી સયાજી સાહિત્યમાળા'ના એક પુષ્પરૂપે પ્રસિદ્ધિમાં મુકાતાં મને એક તરફથી હર્ષ અને બીજી તરફથી શોચની લાગણી થઇ આવે છે. હર્ષ થવાનું કારણ એ કે, જે પુરૂષનો મહિમા આ ગ્રંથિકામાં આવેલ છે તે પુરૂષ આપણા અર્વાચીન સુરાષ્ટ્ર-ગૂજરાતનું એક મનોહર કંઠાભરણ થઇ રહેલ છે એટલું તો નહિ, પરંતુ એ રત્નની સુપ્રભાનાં કિરણોના સંસ્કાર આપણા સમાજની—સંસ્કૃત કે પ્રાકૃત—તમામ વ્યકિતઓના ચિત્તપટ્ટ ઉપર પણ સારી રીતે પડેલા છે. જે કોઇએ પાટલે ધૂળ પણ નાંખી હશે તે 'ક૦ દ૦ ડા૦' થી સૂચવાતા નામથી અપરિચિત શી રીતે હોઇ શકે ? ! મને ખેદ થાય છે તે એટલા માટે જ કે, આ લઘુ જીવનચરિતના લેખક રા. કાશીશંકર મૂળશંકર દવે કે જેમણે શ્રમ ઉઠાવીને આ ગ્રંથિકા રચેલી છે તેઓ પોતાના આવા પ્રિય શ્રમના ફલનું લોકો તરફથી થતું આસ્વાદન નીરખી સંતોષ લેવાને ભાગ્યશાળી ન થયા ? જે દિવસે આ ચરિતનો હસ્ત લિખિત ગ્રંથ મુદ્રણાલયમાં મોકલવામાં આવ્યો અને તેને મુદ્રાંકિત કરાવવાનું કામ શરૂ કરાવવામાં આવ્યું તે જ દિવસે રા. કાશીશંકર અચાનક ગુજરી ગયા, અને આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનો ભાર અમારી ઉપર આવી પડ્યો. ખેર, પ્રભુનો સંકેત કાંઇક જુદોજ હશે! આ ચરિત લેખક કવિ દલપતરામના એક અનન્ય શિષ્ય-ભકત—હતા; અને ભકત પોતે પોતાની ભકિતના લોકો તરફથી થતાં યશોગાન સાંભળવાની લોલુપતા રાખી શકે નહિ તેમ તે સાંભળવામાં આનંદ પણ ન માને; કારણકે ખરા ભકતની ભકિત નિષ્કામ હોય છે. આવું હોઇને રા. કાશીશંકર પોતાના ગુરૂની ભકિત કરતાં કરતાં, ભકિતના ફળ રૂપે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



પ્રાપ્ત થતા ગુરૂના ચરણારવિંદ સમીપ જઇ બેસે એમાં કશું આશ્ચર્યજનક દેખાતું નથી.

આપણા ગુર્જર સાહિત્યને નવાં વસ્ત્રાલંકાર સજાવવાની જે માંગલિક ક્રિયા આપણા જે બધા સાહિત્યકારોએ પોતપોતાથી અથવા તો સાથે રહીને કરેલી છે તેમાંના એક અગ્રગણ્ય કવિ દલપતરામ તો હતા જ, એમ કહેવામાં અતિશયોક્તિ થતી તો નથી જ. અંગ્રેજી રાજ્યની સ્થાપના થવાની સાથે આપણો જીવનપ્રવાહ કોઇ વિલક્ષણ દિશામાં વહેતો શરૂ થયો છે, અને તેના પરિણામમાં એ આપણું જીવન વિવિધ રંગો દાખવવા માંડેલું છે. આપણા દેશમાં એટલે કે આપણા જીવનમાં નવા વિચારો, નવી ભાવનાઓ–જાણે અજાણે–દાખલ થવા પામી છે, અને તે દાખલ કરાવનારાઓમાં કવિ દલપતરામનું નામ ગણાવી શકાય તેમ છે જ. એ છતાં એટલું પણ ખરૂં છે કે, એવા નૂતન વિચારકોના પ્રયાસોમાં કવિ દલપતરામનો હાથ હળવો હતો; તેમણે જે કંઇ ઉપદેશેલું તે ધીરે ધીરે, ગંભીરતાથી અને પ્રત્યાઘાત ઉત્પન્ન ન કરે અને કરે તો બહુજ થોડો–ન જણાય તેવો– એવી તરેહનું હતું. એમણે પોતાના સમકાલીન કવિ નર્મદાશંકરની પેઠે ઉપદેશનો વરસાદ ધમપછાડ, ધોધબંધ વરસાવેલો નથી, પરંતુ ઠમ્ ઠમ્ ઠમ્ઠમ્ પડતા અને જામેલ વરસાદની પેઠે તેમણે પોતાના વિચારો જણાવેલા છે, અને તેટલે અંશે કવિ દલપતરામની વાણી લોકકંઠસ્થ થવા પામી છે. ગૂજરાત–સૌરાષ્ટ્રના કોઇ પણ કવિની વાણી વિના પ્રયાસે, સરલતાથી વ્યાપકતાને પામી શકી હોય તે તો દલપતરામની છે, અને તેટલા માટે તેમને ‘ લોક કવિ ’ ની ઉપમા આપવામાં બાધ આવે તેમ નથી. આબાલવૃદ્ધ જનો એકાંતમાં કે જાહેર રીતે તેમની કવિતાઓ વાંચી વિચારી શકે તેમ છે, અને વિવેકસંપન્ન વિચારકોને તે કવિતાઓમાં રહેલ ડાહાપણ તથા ચતુરાઇનાં દર્શન પણ થઇ આવે તેમ છે. કવિ દલપતરામ નૂતન ભાવનાને ઘોડે ચઢે છે, પણ તે ઘોડાના દાબડા ઠરેલ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

રીતે પડે છે એટલે એ ઘોડે ચઢનાર અન્ય કોઇ શખ્સને પણ પડવાનો સંભવ રહેતો નથી.

આ પુસ્તક લખનારે જે સ્થિતિમાં રહીને તે લખ્યું છે તેના તે રૂપમાં પ્રકટ કરવામાં આવ્યું છે, એટલે અમારે અમારા પોતાના વિચારોનો સંભાર અત્રે તેમાં ભરભરાવવો એ ઠીક ન ગણાય. તથાપિ સત્યની ખાતર અમો કેટલુંક કહેવાની હિમ્મત ધરીશું. રા. કાશીશંકરે જે ભાવથી આ પુસ્તક લખેલું છે તે ભાવ પ્રમાણે તેને દોષ આપી શકાય તેમ નથી. છતાં પણ અમારે કહેવું જોઇએ કે, આ પુસ્તકમાં કવિ દલપતરામની કવિતાઓની જે સમીક્ષા કરવામાં આવી છે તે જેવી અને જેટલી થવી જોઇએ તેવી અને તેટલી થએલ નથી. આ દોષ કદાચિત્ સ્થળસંકોચનું પરિણામ પણ હોય ! રા. કાશીશંકર કવિ દલપતરામની કવિતાના એટલા બધા તો ઉંડા અભ્યાસી હતા કે, જો એ વિષયની સમીક્ષા વધારે વિસ્તારથી તેમણે કરી હોત તો તે અધિક ઉપયોગી અને કવિના નામને અધિક ઉજ્જવલ બનાવનારી નીવડત.છતાં સંતોષની વાત એટલી જ છે કે, રા. કાશીશંકર પોતાના ગુરૂના જીવનની વિવિધ કલાઓને લગતી કેટલીક ઝીણી ઝીણી બાબતોનું આપણને અચ્છી રીતે દિગ્દર્શન કરાવી ગયા છે, અને તેમ જો તેમનાથી થયું ન હોત તો, ખરેખર આપણા આ અર્વાચીન કવિવરના ખાનગી તેમજ કેટલેક અંશે જાહેરજીવનને લગતી કેટલીક બીનાઓ હંમેશને માટે અંધકારમાં રહી જવા પામત, અને આપણા ભૂતકાલીન કવિઓનાં ચરિત્રોના સંબંધમાં આપણે જેમ અત્યારે જ્ઞાનહીન દશામાં આવી પડ્યા છીએ તેમ આપણી ભાવિ પ્રજાના પણ તેવા જ હાલ થાત. કવિ દલપતરામના આખા જીવન ઉપર પ્રકાશ પાડે એવું એક પણ પુસ્તક આપણા સાહિત્યક્ષેત્રમાં અત્યારે તો દૃષ્ટિગોચર થતું નથી. તેમના સંબંધમાં જે જે કાંઇ લખાયું છે તે છૂટક છૂટક છે, અને તેથી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



કરીને તેમના જીવનમંદિરની અખંડિત કલ્પના કરવાનું કે તેની ઝાંખી કરવાનું આપણા અર્વાચીન સાહિત્યપ્રેમીને માટે પણ મુશ્કેલી ભરેલું કામ થઇ પડેલું છે. આવી પરિસ્થિતિમાં આ પુસ્તક આવકાર પાત્ર થાય તો તેમાં નવાઇ નથી.

અમોને આશા છે કે, આ પુસ્તકના વાચકો ક્ષમાવૃત્તિ રાખી વાંચશે અને વિચારશે, અને તે સાથે કવિચરિત્રમાંથી મળતો બોધ આચારમાં મુકવા મુકાવવામાં યત્નો આરંભશે.

વડોદરા, } જ. પુ. જોષીપુરા.
તા. ૧૪-૬-૨૧. } બા. ગ.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

શ્રી.

# દલપતરામ.

શ્રીમાળી બ્રાહ્મણોમાં માઘ પંડિત પછી સેંકડો વર્ષે કવીશ્વર દલપતરામનો જન્મ થયો. માઘ પંડિતે સંસ્કૃત ભાષામાં શબ્દાલંકાર અને અર્થગાંભીર્યપૂર્ણ કાવ્યો લખ્યાં અને કવીશ્વર દલપતરામે ગુજરાતી ભાષામાં તે જ પદ્ધતિએ ભાષાભેદના અંગની છૂટ લઇને અને વાચકવૃંદના અધિકારનો વિચાર કરીને કવિતા કરી. આજથી સો વર્ષ ઉપર તેમનો જન્મ વઢવાણ શેહેરમાં તા. ૨૪ મી જાન્યુઆરી સન ૧૮૨૦ ને દિને એક ગરીબ માતાપિતાને ઘેર થયો હતો. તેમના પિતાનું નામ ડાહ્યાભાઇ ત્રવાડી અને માતાનું નામ અમૃત હતું. કવીશ્વર દલપતરામ પોતે જ્યોતિષશાસ્ત્રના ફળાદેશના ભાગને કેટલાંક કારણોથી માનતા ન હતા, પણ તેમની જન્મકુંડળીમાં મંગળનો ગ્રહ જોતાં તે પોતે કુળદીપક થાય એમ તો સ્પષ્ટ જણાતું હતું; અને ખરેખર તેવું જ થયું છે. કુંડળીમાંનો એ ગ્રહ એમણે પોતે જ કહેલો અને તેના ફળાદેશનો શ્લોક પણ પોતે જ બોલેલા. માઘ પંડિતનો જન્મ અતિ ધનાઢ્ય માતાપિતાને ઘેર થયો હતો અને અંતઃકાળના સમયમાં અતિ કરુણાને ઉત્પન્ન કરનારી ધનહીન અવસ્થામાં ધાન્ય ન મળ્યાથી, તેણે પોતાનો પ્રાણ છોડયો હતો. કવીશ્વર દલપતરામની સ્થિતિ તેથી ઉલટી હતી. અતિ દીન અવસ્થાવાળાં માતાપિતાને ઘેર તે જન્મ્યા હતા અને અંતઃકાળને સમયે પોતાની સારી સ્થિતિને લીધે તેમના પોતાના મનને સંતોષ હતો. સૌરાષ્ટ્રની સરહદ ઉપર ભોગાવો નદીને કાંઠે વઢવાણ શેહેર

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

તેમની જન્મભૂમિ હોવાથી તેમનું બાળપણ ત્યાં જ વીત્યું હતું. અઠ્ઠાવીશ વર્ષની ઉમ્મર સુધી તે વઢવાણમાં રહ્યા હતા અને તે પછી તેમણે અમદાવાદને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું, એટલે તે ત્યાં જ રહ્યા. તે સામવેદી બ્રાહ્મણ હોવાથી, વંશપરંપરા સામવેદનું અધ્યયન કરવામાં આવતું, તેથી તેમણે પણ બાળપણમાં પિતાની પાસે અને બીજી રીતે જરૂર પૂરતો સામવેદનો અભ્યાસ કરી લીધો હતો. તેમના પિતા શુદ્ધ સનાતન ધર્મી હતા અને પ્રાચીન બ્રાહ્મણધર્મોને પાળતા હતા. તેમણે છેવટની અવસ્થામાં સંન્યાસાશ્રમમાં પ્રવેશ કર્યો હતો. કવીશ્વર દલપતરામે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓના સમાગમને લીધે સ્વામિનારાયણનો સંપ્રદાય સ્વીકાર્યો હતો. એમને દિનકર નામનો એક ભાઇ અને દેવ કુંવરી નામની એક બેન હતાં.

કવિઓ જન્મથી જ કવિઓ જન્મે છે: વિદ્વાન અને મહેનતુ વિદ્યાર્થીઓમાંથી કોઇને પસંદ કરીને કવિ બનાવવાનું ધારવામાં આવે તો તે કાર્યમાં કદાચ કવિતા બનવા પામે, પણ કવિ બનવા ન પામે. नवनवोन्मेषशालिनी बुद्धिः प्रतिभा, નવું નવું ઉત્પન્ન કરવાની (નવી નવી કલ્પના કરવાની) બુદ્ધિ પ્રતિભાના નામથી ઓળખાય છે. તે પ્રતિભા કવીશ્વર દલપતરામમાં જન્મસિદ્ધ હતી. બાળપણથી નીરોગી શરીર, શુદ્ધ મન અને આનંદી સ્વભાવ સાથે આ જન્મસિદ્ધ પ્રતિભાનો યોગ થવાથી તેમની કાવ્યશક્તિ દિનપ્રતિદિન વિશેષ રીતે ખીલવા પામી હતી. બાળપણમાં તે કાંઇ કવિતા કરતા ન હતા, પણ તે પોતે કવિ હશે એમ કોઇ વિચક્ષણ જોનાર તેમને જોઈ શક્યા હશે. રમતમાં પણ મિત્રો સાથે તે જાણે શબ્દાલંકારમાં વાત કરતા હોય એવું સાંભળનારાઓએ સાંભળ્યું હશે. તે પોતે મિત્રોમાં અને ભાઇબંધોમાં વાણીનો ઘણી રીતે આનંદ કરતા. એવો આનંદ કવિના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

હૃદય સિવાય બીજી રીતે પૂરતા પ્રમાણમાં ભાગ્યે જ ભોગવી શકાય. જરાક મોટી ઉમ્મરે એટલે કે ૨૦–૨૧ વર્ષની ઉમ્મર સુધી આ પ્રમાણે જ્યાં મન મળ્યું હોય ત્યાં, અથવા જ્યાં છૂટથી બોલવાને હરકત ન હોય ત્યાં, તે શબ્દાલંકારની રમતગમત કરતા. એક વખત વરસાદ વરસીને બંધ પડયો હતો; ઘર આગળ રસ્તામાં પાણી નદીની પેઠે વહેતાં હતાં; સામા ઘરના છાપરાના મોભના છેડા ઉપર એક કાગડો બેઠો હતો; તે જ ઘરમાં એક સ્ત્રી ઘંટીએ દળતી હતી અને કવિ દલપતરામ દૂર એક માંચી ઉપર શાંતિમાં સુખથી બેઠા હતા. વરસાદના વહેતા પાણીમાં જતા આવતા લોકો ઘુંટણ સુધી પાણી ડોહોળતા ચાલતા હતા. જે સ્ત્રી દળતી હતી તેને રાણી કહીને બોલાવવાનો કવિ દલપતરામને અધિકાર મળ્યો હતો. તે સ્ત્રીએ તે વખતે દલપતરામને કહ્યું કે, 'જેની તેની જોડે કવિતા જોડીને બોલો છો, તો કરો આ વખતની કવિતા:' કવિ દલપતરામે પૂછનાર અધિકારિણીનો અધિકાર જોઇ તેને ખુશી કરવા કહ્યું કે–

સાગ ઉપર કાગ બેઠો, રથે બેઠાં રાણી;
બંદા બેઠા માંચીએ, ને દુનિયા ડોળે પાણી.

આ પ્રમાણે કવિ દલપતરામ અનેકવાર અનેક પ્રસંગે મિત્રોમાં રમતગમત કરતા અને પોતે આનંદ મેળવી બીજાને આનંદ આપતા. તેમનાં બાળગીતોનો કોઇએ સંગ્રહ કર્યો નથી. તેવો સંગ્રહ જો થયો હોત, તો તે આજે બાળશાળાઓમાં અને બાળોદ્યાન-પદ્ધતિ પાઠશાળા ( કિન્ડરગાર્ટન ) ના વર્ગોમાં બહુ ઉપયોગી થઇ પડત.

કવીશ્વર દલપતરામનું બાળપણ વઢવાણમાં જ વીત્યું હતું. શહેરના દક્ષિણ ભાગમાં ભોગાવો નદી વહે છે. આ નદીમાં પાણી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

બારે માસ પૂરતું રહેતું નથી. ગૂજરાતમાંથી કાઠીઆવાડમાં પ્રવેશ કરતાં આ ભોગાવો નદી એ જ જાણે વચલી સરહદની કુદરતી નિશાની હોય, એ પ્રમાણે કાઠીઆવાડ તરફની મુસાફરીએ જતાં ઘણાના જોવામાં આવ્યું હશે. એ નદી આગળથી જ કાઠીઆવાડ શરૂ થાય છે. રાણકદેવી આ ઠેકાણે જ સતી થઇ અગ્નિદ્વારા પંચત્વને પામી હતી. નદીને કિનારેથી ગામનો દેખાવ અને ગામની સીમા આગળથી નદીનો દેખાવ રમણીય જણાય છે. પ્રતિભાવાળાં અને સહૃદય મનુષ્યોને એવી જગ્યાઓ ભારે અસર કરે છે. કવીશ્વર દલપતરામને આ ઠેકાણાના અને કાઠીઆવાડનાં બીજાં ઠેકાણાંના દેખાવોએ સારી અસર કરી હશે એમાં સંશય નથી. સૌરાષ્ટ્ર એ ગૂજરાતનું 'સ્કૅાટલેન્ડ' ગણાય છે, અને પ્રતિભા-વાળા કવિઓ એવી ભૂમિમાં જ પોતાની શકિતઓ અને લાગણી-ઓને ખીલેલી અને પુષ્ટિ પામતી જોઇ શકે છે. કાઠીઆવાડમાં નાના મોટા ડુંગરો, છાલકાં પાણીની ઘણી નદીઓ, કિનારા પરના સમુદ્રના અને રણ તથા ખાડીના દેખાવો વગેરેનો પ્રભાવ ત્યાં જન્મેલા કવિની પ્રતિભાને ઉત્તેજિત કરે છે. કવિઓને કુદરતની મદદ આવશ્યક છે, એવું અત્રે તેમજ પાશ્ચાત્ય દેશોમાં પણ માનવામાં આવે છે. સર વૉલ્ટર સ્કૅાટ નામનો અંગ્રેજ કવિ સ્કૅાટલેન્ડ ઉપર હેત બતાવતાં પોતાના 'લે ઑફ ધી લાસ્ટ મિંસ્ટ્રલ' ( Lay of the Last Minstrel ) નામના કાવ્યમાં કહે છે કે,

" O, Caledonia ! stern and wild,
Meet nurse for a poetic child,
Land of brown heath and shaggy wood,
Land of the mountain and the flood,
Land of my Sires ! "

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

" કડક દેખાવ અને વિકરાળ સ્વરૂપવાળા, ઓ, કેલિડોનિયા ! પ્રતિભાવાળા કાવ્યબાળકની પોષક અનુકૂળ ધાત્રીરૂપ ભૂમિ ! અનેક વનસ્પતિઓથી છવાયેલા જંગલવાળી અને કુદરતી પુષ્પ-વેલીઓથી ઢંકાયાને લીધે નીલ રંગની જણાતી ટેકરીઓવાળી ભૂમિ ! પર્વતો અને જળથી છલકાતાં જળાશયોની ભૂમિ ! મારા પિતૃઓની ભૂમિ ! "

આપણે ત્યાં પણ કાશ્મીરમાં લખાયેલા કવિ કંઠાભરણ નામના એક ગ્રંથમાં લખ્યું છે કે,

" शिल्पिनां कौशलप्रेक्षा वीर युद्धावलोकनम् ।
शोकप्रलाप श्रवणं श्मशानारण्यदर्शनम् ॥
प्रेक्षा प्राणिस्वभावानां समुद्राद्रिस्थितीक्षणम् ।
रवीन्दुताराकलनं सर्वर्तु परिभावनम् ॥
लोकाचार परिज्ञानं विविक्ताख्यायिकारसः ।
इतिहासानुसरणं चारु चित्र निरीक्षणम् ॥ "

" શિલ્પઓની કારીગીરીનું પ્રેક્ષણ, વીર પુરૂષોનાં યુદ્ધનું અવ-લોકન, શોકપ્રલાપનું શ્રવણ, શ્મશાન અને અરણ્યનું દર્શન, જુદાં જુદાં પ્રાણીઓના સ્વભાવનું અવલોકન, સમુદ્ર અને પર્વતોની સ્થિતિનું ઇક્ષણ, સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો અને તારાઓ વિષે જ્ઞાન, સર્વ ઋતુઓના સ્વભાવના અનુભવની પ્રાપ્તિ, લોકાચારનું પરિજ્ઞાન, ભિન્ન ભિન્ન આખ્યાયિકાના રસાનુભવની પ્રાપ્તિ, ઇતિહાસનું અનુસરણ અને સુંદર ચિત્રોનું નિરીક્ષણ " ઇત્યાદિ કવિતાનાં પોષક થાય છે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આ પ્રમાણે સ્કૉટલૅન્ડે જેમ 'સ્કોચ' કવિઓને પોષણ આપ્યું છે, તેમ કવિ દલપતરામને પણ સૌરાષ્ટ્રની રમણીયતાએ સારી મદદ કરી હોય તો તે કુદરતી છે. એમણે વઢવાણનું અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગનું વર્ણન પ્રસંગોપાત કરેલું છે. પોતાની જન્મભૂમિ વઢવાણ છોડવાનો વારંવાર પ્રસંગ આવ્યાને લીધે તે પોતે જન્મભૂમિને યાદ કરે છે, અને આશિષ આપતાં કહે છે કેઃ—

### ઉપજાતિ.

વધી વિશેષે પસરાય વેલો,
આધાર રાખે, સ્થળ જ્યાં ઉગેલો;
ભૂલું નહીં તેમજ જન્મભૂમિ,
ઘણે સ્થળે ઉદ્યમ કાજ ઘૂમી.

### મનહર.

અરે આમલી હું તારી છાયા તળે અવતર્યો,
તારી છાયા તળે એજ છાપરીમાં ઉછર્યો;
દેવળમાં દેવ તારી પાસે છે પારશનાથ,
શ્યામ રંગ શરીરે વિશેષ વેશ છે ધર્યો;
લાખું વાવ લાખેણીનું પ્રતિદિન પાણી પીધું,
વિસર્યું નથી મને હું જો વિદેશ વિચર્યો;
કહે દલપતરામ ગામ વઢવાણ સદા,
ઇશ્વર આબાદ રાખે આશીષ હું ઉચર્યો.

બાળપણમાં પિતાની સાથે તેમને બહારગામ જવા આવવાનું થતું, અને તે પણ ઘણુંખરું કાઠીઆવાડનાં જ ગામોમાં થતું હોવાથી, તેમને ત્યાંના જુદા જુદા ભાગોની કુદરતી રચનાનું

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અવલોકન કરવાનો લાભ મળતો. કુદરતી દેખાવોમાં આકારોની સામ્યતા, અવાજોનું મળતાપણું અને પશુપક્ષી તથા વનસ્પતિના ગુણ અને સ્વભાવ, સૂક્ષ્મબુદ્ધિવાળાને પ્રથમ ઉપયોગી થઇ પડે છે, અને પછી તે જ વિષયો સૂક્ષ્મતા પામતા જઇ પ્રતિભા સાથે એકાકાર થવાથી, નવી નવી કલ્પનાઓને જન્મ આપવાનું માનસિક બળ વધે છે, અને એમાં વિદ્યાના સારા અધ્યયનનો યોગ થાય, તો જન્મેલા કવિની કવિત્વશકિત ઉત્તેજિત થાય છે. વિદ્યા ભણવાનો લાભ ન મળ્યાથી, ઘણા કુદરતી જન્મેલા કવિઓ પણ સારા કવિ થવા પામે નહિ; તેથી વિદ્યાની પ્રથમ જરૂર છે. વિદ્યાવાળો જેમ કોઇ પણ ધંધામાં ફાવવાને પાત્ર થાય છે, તેમ વિદ્વાન જ સારો કવિ થઇ શકે છે. દિલગીરી માત્ર એટલી જ છે કે, હાલનું વિદ્યાનું ધોરણ જાણે આજીવિકાને અર્થે જ હોય એવી લોકના મોટા ભાગની સમજ થઇ છે અને તે ધોરણ પણ હાલના અસ્વસ્થ જીવનને જ બહુધા અનુકૂળ હોવાથી, જ્ઞાનશકિત નિર્ભય રીતે સારૂં જ પરિણામ ઉપજાવતી હોય એમ કહી શકાતું નથી. જો કોઇની દષ્ટિને હિંદુ પ્રજા આજે ખામીવાળી જણાતી હોય તો તે હાલની વિદ્યાને લીધે જ છે, અને જો કોઇને તે સુધરતી જણાતી હોય તો તે પણ તેને લીધે જ છે. સારૂં શું છે તેનો સુખ દુઃખ રૂપે હિંદુ પ્રજાએ આજ સુધી અનુભવ કરેલો છે, અને આગળ અનુભવ કરશે, ત્યારે જ ભવિષ્યકાળના સૂક્ષ્મ બુદ્ધિ-વાળા ઇતિહાસજ્ઞોને આપણી ભૂલ અથવા કાબેલિયત સમજાશે.

કવિ દલપતરામનો વિદ્યાભ્યાસ પોતાને ઘેર અને ગામઠીશાળામાં જ થયો હતો. તે પછી વ્રજભાષાનો અભ્યાસ એમણે પરિશ્રમથી કર્યો હતો. સંસ્કૃત ભાષામાં એમણે મોટા પંડિત જેવી પ્રવીણતા મેળવી ન હતી, પણ તેમનો સંસ્કૃત ભાષાનો અભ્યાસ પણ સારો હતો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એમ તેમની પાસે કુવલયાનંદ નામનું અલંકારનું પુસ્તક શીખતાં મને સમજાયું હતું. તેમણે સંસ્કૃત ભાષામાં જૂજ કવિતા કરેલી મારા જોવામાં આવી હતી. જો એમણે ચારેક વર્ષ જેટલી વધારે મુદ્દત ખાસ સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે રોકી હોત, તો તે પોતે સંસ્કૃત ભાષામાં જોઇએ તેવી શુદ્ધ અને સારી કવિતા લખી શકત. પણ પ્રભુનો સંકેત એમને ગૂજરાતી ભાષાના કવિ બનાવવાનો હશે, તેથી તદનુકૂળ સંજોગો જ એમને પ્રાપ્ત થયા. શિઘ્ર કવિ શંકરલાલ માહેશ્વર મોરબીવાળા હમણાં જ બે વર્ષ ઉપર કૈલાસવાસી થયા છે. તેમની સંસ્કૃત કવિતા અને તેમના લેખ ઘણાં સારાં છે. પણ કવીશ્વર દલપતરામ જેટલી તેમની ખૂજ થઇ નહિ. કેમકે સંસ્કૃતમાં નવી કવિતાનો હાલ લોકોને કાંઇ વિશેષ ખપ નથી. સંતોષની વાત એટલી જ છે કે, કવીશ્વર દલપતરામના સમકાલીન મોરબીનિવાસી આ કવિને છેલ્લી અવસ્થામાં સુરતમાં સાહિત્ય પરિષદ્‌ના ઉપપ્રમુખની ખુરસી, સરકાર તરફથી મહામહોપાધ્યાયનો ઇલકાબ અને કાશીથી કવિશિરોમણિની પદવી મળ્યાં હતાં.

દલપતરામનો વિદ્યાભ્યાસ એક જ ઠેકાણે થયો નથી, પણ તેમને જ્યાંથી જે મળ્યું ત્યાંથી તે તેમણે લીધેલું હોય એમ જણાય છે. ગૂજરાત કાઠીઆવાડમાં ભાટચારણો રજવાડાના દરબારોમાં જઇ રાજાઓ અને રાજવંશીઓને પ્રસન્ન કરી, બક્ષિસો મેળવી, પોતાની આજીવિકા ચલાવે છે; એવું આજ સુધી બન્યું છે. કાઠીઆવાડમાં નાનાં મોટાં અનેક રાજ્યો આવેલાં હોવાથી, તે તરફ એવા લોકોનું વધારે જવું આવવું અને રહેવું થાય, એટલે તેમની પાસેથી પણ દલપતરામે ઘણી સામગ્રી મેળવી હતી. વ્રજભાષામાં રચાયેલા અમરકોષની ધાટીના શબ્દકોષ એમણે જોયેલા અને પોતાના શિષ્યોને પણ તે ભણાવેલા. માનમંજરી નામનું એક પુસ્તક તેમણે મારી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પાસે લેવડાવેલું અને તે કવિતાબદ્ધ અમરકોષની ધાટી ઉપર જ હતું. દૃષ્ટાંતરૂપે તેમાંથી એક એ નામાવલિ નીચે બતાવું છું. એમાં રચના એવી છે કે, એક અર્થને દર્શાવનારા અનેક શબ્દો એક સાથે ગણાવવામાં આવે અને પછી તે શબ્દસમુદાયનો જે એક અર્થ હોય તે રાધા અને કૃષ્ણના સંબંધમાં લાગુ કરે એટલે શબ્દકોષના જ્ઞાન સાથે કવિતાનું સ્વરૂપ એકત્ર પદ્યબદ્ધ થવાથી શીખનારને યાદ રાખવાનું સહેલું પડે. એ પુસ્તકના અભ્યાસથી શ્રાવણ માસની વડોદરામાં લેવાતી પરીક્ષામાં મને મદદ થઇ હતી. એ પરીક્ષા માટે અમરકોષ વાંચવાની જરૂર હતી, પણ તે વાંચવાનું બન્યું ન હતું; અને અમરકોષમાંથી પ્રશ્ન તો આવેલા. આ પ્રશ્નોના જવાબ મારાથી, ઉપરોક્ત પુસ્તક પહેલાં વાંચેલું તેને લીધે જ, આપી શકાયા હતા. એ કોષનો ધાટી ઉપરનો એક ગૂજરાતી કોષ થાય અને તે વિદ્યાર્થીઓ ઉપર ભારણ ન થાય એવી રીતે, જો પાંચમા ધોરણમાં દાખલ કરવામાં આવે, તો તેમને તે ઉપકારક થાય એમ લાગે છે.

### અષ્ટ સિદ્ધિઓનાં નામ.

अणिमा महिमा गरिमता लघिमा प्राप्ति प्रकाम;
बशीकरण अरु इशिता अष्टसिद्धिके नाम.
अष्टसिद्धिए कष्टकरि सिद्धिलहत संसार,
ते ब्रषभान कुमारिके द्वार बुहारनहार.

આમાં આઠ સિદ્ધિઓનાં નામ આવ્યાં છે અને તે આઠે સિદ્ધિઓ વૃષભાનુ કુમારિકા રાધિકાજીને ત્યાં વાળઝાડનું કામ કરી રહી છે એમ બતાવ્યું છે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

## ગૃહનાં અનેક નામ.

सदनसपद्म आगार गृहगेहवेश्म संकेत
लयन धिस्नेपद आसपद आलयनिलय निकेत.
मंदिर मंडप आयतन बसति निकायस्थान;
भुवन भूप व्रषभानके, गई सहचरी जान.

આમાં ભુવન શબ્દ પર્યંત ગૃહનાં અનેક નામ આપવામાં આવેલાં છે.

વ્રજ ભાષાનો અભ્યાસ દલપતરામે ઘણી કાળજીથી કર્યો હતો, કેમકે વ્રજ ભાષાની કવિતા રાજા રજવાડામાં પોષાય અને વળી તેવડે પોતાની નિર્ધન અવસ્થાને કાંઈક ટાળી પણ શકાય. ગૂજરાતી ભાષામાં કવિતા કરવાનું ખાસ તેમણે પ્રથમ ધાર્યું નહિં હોય, કેમકે તેવામાં ગૂજરાતી કવિતાનું પોષણ ન હતું. પાછળથી એમણે ગૂજરાતી કવિતામાં મન ધાલ્યું અને તેમાં આગળ ઉપર ઉત્તેજનના માર્ગ ખુલ્લા થયાથી તેમાં જ તે આગળ વધ્યા. વ્રજભાષામાં લખવાનું પાછળથી બંધ જ હતું, એમ કહીએ તો ચાલે. વ્રજભાષામાં એમણે "શ્રવણાખ્યાન" નામનું પુસ્તક લખી બલિરામપુરના રાજાને ભેટ મોકલ્યું હતું અને ત્યાંથી તેમને સારૂં ઇનામ મળ્યું હતું; વળી, એ પુસ્તક શુદ્ધ વ્રજ ભાષામાં લખાયું છે એવું ઉત્તર હિંદના યોગ્ય પંડિતોએ જણાવ્યું હતું. આ પ્રમાણે તેમનો વ્રજભાષાનો અભ્યાસ પૂર્ણ કાળજીથી થયેલો એમ નિશ્ચિત થાય છે. જ્ઞાનચાતુરી નામનું એક બીજું પુસ્તક પણ તેમણે વ્રજ ભાષામાં લખ્યું હતું.

દલપતરામનો વિદ્યાભ્યાસ અનેક માર્ગે ચાલતો હતો, તેવામાં સ્વામિનારાયણ સંપ્રદાયના એક પ્રતિષ્ઠિત સાધુ દેવાનંદ સ્વામીનો એમને સમાગમ થયો. આ દેવાનંદ એક સારા વિરક્ત કવિ હતા.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સ્વામિનારાયણના સંપ્રદાયના લોકોમાં એમની કવિતા ગવાય એમાં નવાઈ નથી, પણ તે સંપ્રદાયમાં ન હોય એવા લોકોમાં પણ તેમની કવિતા ગવાય છે. તેમની કવિતા સરળ, પ્રત્યેક ચરણે વર્ણસગાઇવાળી છતાં સ્વાભાવિક, અને તત્વજ્ઞાન થયા પછી જગતનું મિથ્યાત્વ અને ઇશ્વરી સામ્રાજ્ય જાણે પ્રત્યક્ષ જાણ્યું હોય એવા ભાવવાળી ઉપદેશાત્મક છે. કવિ દલપતરામની કવિતા તેમનીજ ધાટી ઉપર વિવિધ વિષયો ઉપર જ્યારે થઇ છે ત્યારે સાધુ દેવાનંદે પોતાના કર્તવ્ય પ્રમાણે એક જ માર્ગે કવિતા કરી છે. "દેવાનંદનો વહાલો તે દુઃખ કાપશે રે," અને "નથી લેતો નારાયણ નામને રે," એવાં ચરણોવાળી એમની કવિતા ઘણાએ વાંચી અથવા સાંભળી હશે. જૂની વાચનમાળામાં પણ સ્વામી દેવાનંદની કવિતા દાખલ થઇ હતી. કવિ દલપતરામ આ પ્રમાણે દેવાનંદ સ્વામીના સમાગમમાં આવ્યા અને તે માર્ગે પણ એમણે કેટલોક અભ્યાસ આગળ વધાર્યો. દેવાનંદ સ્વામી મૂળી નામના ગામના મંદિરને અંગે સાધુ હતા અને તેમના જ વખતમાં એ પંથમાં બ્રહ્માનંદ, વગેરે બીજા સાધુ કવિઓ પણ હતા. દેવાનંદ સ્વામીના સમાગમમાં આવ્યા પછી કવિ દલપતરામે પણ એ સંપ્રદાય સ્વીકાર્યો અને એ પંથના આચારવિચાર ધારણ કર્યા. આ બનાવ એમના કેટલાંમાં નિકટના સંબંધીઓને ગમ્યો નહિ, પણ જે વાતો બનવાની તેએમણે છે, તેમ આ પણ બન્યું. એ સંપ્રદાય વેદથી વિરૂદ્ધ નથી એહેરવેશમાં વામાં આવે છે, તેથી જો કે ગ્રાહ્ય ગણાય, તો પણ સંપ્રદાય હતી. તેથી કેટલીક બાબતો વેદને પૂર્ણ અનુકૂળ હશે કે કેમ, તે તોપૂર્વક નિર્ણય જણાય. એ સંપ્રદાયના બ્રાહ્મણોનો અનુભવ જેમને થયેડી ઉતરવા દેવી જણાશે કે, તેમનામાં વેદનું અધ્યયન ઘણું ઓછું વાતનો જેમ સંધ્યાવંદનાદિ નિત્યકર્મો ઉપર પણ તેમની શ્રદ્ધા અને પદ્ધતિ વિષે સંપ્રદાયમાંનો, અને સંપ્રદાય બહારનોલેવા કોઇ પણ આકાર

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પણ ક્વચિત્ દૃષ્ટિએ આવે છે. પણ સ્વામિનારાયણના સંપ્રદાયમાં વિશેષ રીતે ધ્યાન ખેંચનારી આચાર અને નીતિના અંગની બાબતો એવી છે કે, તેથી અનેકનાં જીવન નીતિમય રહ્યાં છે અને રહેશે. આ બંને અસરો કવીશ્વર દલપતરામને થઈ હતી; તેઓ સંધ્યા તો નિત્ય કરતા, પણ તેને ટુંકામાં પતાવતા. વળી, તેમને સંપ્રદાયના અંગની ભેદાભેદ બુદ્ધિ થઈ ન હતી. તેઓ નીતિને માર્ગે રહ્યા અને વિશેષ રીતે શૃંગારરસની કવિતા તેમણે લખી ન હોય તો તેનાં કારણોમાં તેમણે આ સંપ્રદાયનો કરેલો સ્વીકાર પણ છે. વળી, આ સંપ્રદાયના સ્વીકારથી પાછળથી આર્થિક લાભ પણ તેમને થયો હતો. એમને ગામે ગામ ફરવાનું ઘણું થતું; તેમાં પણ સંપ્રદાયને લીધે એમને અનુકૂળતા મળતી. આ પ્રમાણે એમના અધ્યયન વિષે અને સ્વામિનારાયણના સંપ્રદાયના સ્વીકાર વિષે પરસ્પર સંબંધવાળી હકીકત હોવાથી તે ઉપર પ્રમાણે એકત્ર કહેવામાં આવી છે.

કવીશ્વર દલપતરામે ગુજરાતી કવિતા લખવા માંડી અને તેમાંજ એમને ઉત્તરોત્તર વિજય મળતો ગયો. ધ્રાંગધ્રાના મહારાજાએ રણમલસર નામનું સરોવર બંધાવ્યું તેની સુમારે ૬૦૦ લીટીઓ જેટલી કવિતા એમણે ધ્રાંગધ્રાની રાજસભામાં સંવત્ ૧૮૯૧ માં વાંચી અને તેથી સભાનું મન ઘણું પ્રસન્ન થયું. આ રાજસભામાં એમને પ્રથમ કવિની પદવિ મળી અને ક. દ. ડા. માંનો ક. સિદ્ધ થયો.

## કવીશ્વર દલપતરામની કાવ્યપદ્ધતિ.

કવીશ્વર દલપતરામે વ્રજભાષામાં અને ગુજરાતી ભાષામાં કવિતા કરવા માંડી, પણ તેમાં ગુજરાતી ભાષાની કવિતાની

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ઇમારત અથવા પદ્ધતિનો નિર્ણય કરવાનું એક કામ તેમને પ્રથમ કરવું પડયું. અત્રે કોઇ કહેશે કે, બળવાન લાગણીઓમાંથી જન્મ પામતી કવિતા માટે વળી પદ્ધતિનો વિચાર શું કરવા કરવો પડે ? તેઓ પોતે કવિત્વશક્તિને તાબે હતા, પણ વિદ્યા તો એમણે પોતાના કબજામાં રાખી હતી. કવિત્વશક્તિના વાઙ્મય પ્રવાહો મનથી નિશ્ચિત કરેલી અને પ્રાપ્ત વિદ્યાએ બાંધી આપેલી પદ્ધતિએ જ વહેવા જોઇએ, એવો તેમનો નિશ્ચય હતો. એમણે પોતાના એ નિશ્ચયને અનુસરીને જ પોતાની કાવ્યશક્તિને માટે યોગ્ય માર્ગો નિર્માણ કર્યા હતા. વિદ્યા અને નિશ્ચયના પહેરા નીચે જ મુકરર મર્યાદાની ખેલનભૂમિ ઉપર જ તેમની કવિતાનું ક્રીડન થતું. મુકરર મર્યાદા બહાર કવિતાને એક ડગલું ભરવાની પણ પરવાનગી ન હતી. મનના નિશ્ચયો અને સિદ્ધાંતો વિરૂદ્ધ કાર્ય ન થવા માટે જે પોતાને જોખમદાર સમજે છે તેમને આ પ્રમાણે કરવાની જરૂર પડે છે. આ નિશ્ચયો અને સિદ્ધાંતોના મૂળમાં તેમના ધાર્મિક વિચારો, સત્સંગ અને મર્યાદાશીલ ડાહ્યું જીવન ગાળવાનો તેમનો ઠરાવ એ મુખ્યત્વે જોવામાં આવે છે. આ પ્રમાણે તેમની કાવ્યશક્તિની ક્રીડાભૂમિ તેમણે નિર્માણ કરી આપી હતી, અને તે સાથે જ કાવ્યશક્તિને કેવા લેબાસમાં, કેવા વેશપહેરવેશમાં અને કેવી ગતિવાળી ચાલમાં ચાલવા દેવી એનો પણ એમણે નિર્ણય કર્યો હતો; કેમકે ગમે તેમ, ગમે તેવા વેશપહેરવેશમાં સ્વચ્છંદપણે કવિતાને કૂદવા દેવી એ તેમને મન કુલીનતા ન હતી. તેથી કવીશ્વર દલપતરામે પોતાની કાવ્યપદ્ધતિનો વિચારપૂર્વક નિર્ણય કર્યો. સેવ તો પાટીયા ઉપરથી ઉતરે છે, પણ તે જાડી ઉતરવા દેવી કે પાતળી અથવા મધ્યમ રાખવી કે બીજી રીતે એ વાતનો જેમ વિચાર થાય છે તેમ એમની કવિતાની ઇમારત અને પદ્ધતિ વિષે વિચાર કરવાની એમને જરૂર પડી. બ્રહ્મદેવે રચેલા કોઇ પણ આકાર

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કે ઘાટના શરીરમાં જેમ જીવ આવે છે અને રહે છે, તેમ એમણે નક્કી કરેલા આકારમાં કવિતાને રહેવાનું થતું. સુંદર અને સુકુમાર શરીરમાં, સાધારણ વ્યવહારૂ શરીરમાં અને ખાસ બેડોળ કે કદરૂપા શરીરમાં જીવ જેમ રહી શકે છે, તેમ કવિતાનું પણ સમજવું. સંસ્કૃત કાવ્યોની પેઠે રચેલી કવિતામાં જીવ રહી શકે છે. પ્રેમાનંદ અને શામળની પદ્ધતિવાળી કવિતામાં જીવ રહી શકે છે, અને અંગ્રેજી અથવા યુનાની પદ્ધતિએ લખેલી છંદોબદ્ધ કે વાક્યબદ્ધ કવિતામાં પણ જીવ તો રહી શકે છે એટલું જ નહિ, પણ કેવળ ગદ્યલેખન પણ કવિતામય હોઇ શકે છે. પરંતુ આ અનેક રીતિઓમાંથી કયી પદ્ધતિ ઉત્તમ છે અને કયી મધ્યમ છે, વગેરે જોવાનું કામ જનસમાજનું અને વિદ્વાનોનું છે. કવીશ્વર દલપત-રામનો જન્મ થયો, ત્યારે ડભોઇના કવિ દયારામ હયાત હતા; પણ દયારામની કવિતા મોટપણે એમના જોવામાં આવી હોય એમ સમજાય છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં સુધી જે કવિઓ વચમાં થયા તેમની કવિતાઓ એમના જોવામાં આવી ન હતી. કવિ પ્રેમાનંદ અને શામળ સુધીના કવિઓની કવિતા એમણે જોયેલી અને તે ઉપરાંત પ્રાચીન સંસ્કૃત કવિઓની કવિતા પણ જોઇ હતી. વ્રજભાષાના કવિઓની કવિતા તો એમનો રોજનો અભ્યાસ જ હતો. આટલું જોઇને જ કવિતાની પદ્ધતિ નક્કી કરવાનું કાર્ય એમને હાથે થયું. હાલ થતી નવી નવી પદ્ધતિઓની કવિતા જેવો કોઇ નમૂનો એમને તે વખતે મળેલો નહિ, એટલે પાછળના સાહિત્યને જોઇને જ આગળનો નિર્ણય કરવાનું એમના હાથમાં હતું. એમણે સંસ્કૃત કવિઓની પેઠે વૃત્તો પસંદ કર્યાં; શામળના દોહરા, ચોપાઈ અને છપ્પા પસંદ કર્યાં અને પ્રેમાનંદની પદ્ધતિમાંથી મુકરર રાગો લીધા. વ્રજ ભાષામાંથી કવિત અથવા મનહરછંદ લીધો. નરસિંહ મહેતાનો પ્રભાતરાગ એમને ઘણો ગમ્યો અને મીરાંનાં વૈરાગ્ય

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એ:ધક કાવ્યોએ એમના ઉપર સારી અસર કરી. આ બધી બાબતો જોઈને કવીશ્વર દલપતરામની કાવ્યપદ્ધતિ નિર્માણ થઈ. તેમણે સંસ્કૃત ભાષાનાં અને વ્રજભાષાનાં પિંગળ જોયેલાં, અને તે ઉપર આધાર રાખીને ગૂજરાતી કવિતાની પદ્ધતિ એમણે નક્કી કરી. એમનો જન્મ જૂના અને નવા કાળની વચ્ચેના દરવાજા આગળ હતો. તે જોતાં એમણે જે પદ્ધતિ નિર્માણ કરી છે તે વાસ્તવિક છે અને સંપૂર્ણ છે. તે વાસ્તવિક એટલા માટે છે કે, જે વખતે તે નિર્માણ થઈ તે વખતે કોઈ પણ શાણો અને વિદ્વાન્ માણસ એથી બીજા ઠરાવ ઉપર આવી શકે નહિ; અને સંપૂર્ણ એટલા માટે છે કે, તેમાં જૂનામાં જૂની પદ્ધતિથી તેમના સમય સુધીની પદ્ધતિઓનો વિચાર થયો હતો અને એમણે નિર્માણ કરેલી પદ્ધતિ તેમના પછીના તમામ કવિઓએ આજ સુધી સ્વીકારી છે; અને મને આશા છે કે, ભવિષ્યકાળમાં જ્યાં સુધી ગૂજરાતની હિંદુ પ્રજા હિંદુપણામાં રહેશે ત્યાં સુધી એ સ્વીકારશે. કિન્લોક ફારબસ, કર્ટિસ અને હોપ સાહેબ જેવા સુશિક્ષિત અંગ્રેજો કે જેમને અનેક તરેહની અંગ્રેજી કવિતાનું જન્મસિદ્ધ સાહચર્ય હતું તેમણે પણ કવિ દલપતરામની કવિતાને અને તેમની કવિતાની પદ્ધતિને માન્ય કરી હતી.

ઉપર પ્રમાણે કવિ દલપતરામે પોતાની કાવ્યપદ્ધતિ નક્કી કરી તે વખતે ગૂજરાતના પ્રાચીન કવિઓમાંથી કોઈએ સંસ્કૃત વૃત્તોમાં ગૂજરાતી કવિતા લખી હોય એવું તેમના જોવામાં આવ્યું ન હતું. તેમ છતાં, એમણે ગૂજરાતી ભાષાની કવિતા સંસ્કૃત વૃત્તોમાં કરવાની, એમના મનથી, પહેલ કરીને ગૂજરાતી ભાષને અને ગૂજરાતી કવિતાને એમણે સંસ્કૃત ઢબમાં મુકી. અત્રે સંસ્કૃત વૃત્તો એ શબ્દનો અર્થ સંસ્કૃત ભાષાની કવિતા વૃત્તરત્નાકર પ્રમાણે જે વૃત્તોમાં લખાઈ છે તે વૃત્તો સમજવાં. ઉપર એમ કહેવામાં આવ્યું છે કે, ગૂજરાતી ભાષાને અને ગૂજરાતી કવિતાને એમણે સંસ્કૃત

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ઢબમાં મુકી. અત્રે 'ભાષાને સંસ્કૃત ઢબમાં મુકી' એ શબ્દો માટે કોઈને બાધ જણાતો હોય, તો તે માટે સંક્ષિપ્ત રીતે એટલું જ કહેવાનું છે કે, ભાષામાં ગદ્યપદ્યાત્મક બંને લેખનો સમાવેશ થાય છે અને તેનો એક ભાગ જે પદ્યાત્મક લેખ તે સંસ્કૃત ઢબમાં મુકાય એટલે ભાષા પોતે પણ તે જ ઢબમાં મુકાય છે એમ સમજવું જોઈએ. વળી, એમના સમય પહેલાં ગૂજરાતી ભાષામાં ગદ્યાત્મક લેખો બહુધા લખાયા ન હતા. તેનો આરંભ પણ એમણે જ કર્યો છે, અને આજ સુધી ચાલતી આવેલી ગદ્યલેખનપદ્ધતિનું મૂળ સ્વરૂપ એમણે જ બાંધ્યું હતું. આ પ્રમાણે ભાષા અને કવિતા બંને એમને હાથે સંસ્કૃત થયાનું કહેવામાં સત્યનો જ સમાવેશ છે. વિષયની ગહનતા અને ઉચ્ચ અધિકારીઓના જ્ઞાનની વૃદ્ધિને અર્થે પાછળથી જે લેખો સૂક્ષ્મ વિચારે વિદ્વાનોને હાથે લખાયા છે તે તો એ વિદ્વાનોનું આવશ્યક કર્તવ્ય હતું.

ઉપર એમ કહેવામાં આવ્યું છે કે, 'ગૂજરાતનાં પ્રાચીન કવિઓમાંથી કોઈએ સંસ્કૃત વૃત્તોમાં ગૂજરાતી કવિતા લખી હોય એવું તેમના જોવામાં આવ્યું ન હતું." એ માટે કોઈ એવો વાંધો બતાવે કે, કવિ પ્રેમાનંદે એમનાં નાટકોમાં સંસ્કૃત વૃત્તોમાં ગૂજરાતી કવિતા લખી છે; એટલે કવિ દલપતરામે એ પહેલ કરી હોય એ વાત ખોટી ઠરે છે. એટલા માટે જ ત્યાં લખ્યું છે કે, એમણે એમના મનથી પહેલ કરી હતી. વસ્તુતઃ પ્રેમાનંદનાં નાટકો જોયા પછી એમની પહેલ ઠરે નહિ પરંતુ કવિ દલપતરામે, કવિ પ્રેમાનંદનાં તે દૃશ્ય કાવ્યો જોયાં ન હતાં, અને તેમ છતાં, કાવ્યોમાં એમણે સંસ્કૃત વૃત્તોને પ્રચલિત કર્યાં તેથી ગૂજરાતી કવિતા અને ભાષા ઉપરનો એમનો ઉપકાર કૃતજ્ઞ સજ્જનોને સહજ સમજાય તેવું છે. પ્રેમાનંદનાં આ દૃશ્ય કાવ્યો આજથી પચીશેક વર્ષ ઉપર બહાર પડયાં, તે પહેલાં તેમનું નામનિશાન કોઈને ખબર ન હતું. વળી, તે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નાટકોના અસલ લેખો તો કોઇએ પણુ જોયા હોય એમ મને સમજાયું નથી. જેમણે તે અસલ લેખો જોયા હોય તેમાંનું આજ કોઇ ભાગ્યે જ હયાત હશે. એ નાટકોના ટીકાકાર રા. રા. છોટાલાલ નરભેરામ ભટે પણુ અસલ લેખો જોયા હોય એમ સમજાયું નહિ. તેમ એ અસલ લેખો અત્યારે પણ કોઇને જોવા મળે એવા હોય એમ હિંમતથી કહી શકાતું નથી. સ્વ. શાસ્ત્રી નાથાશંકર કોઇ અજ્ઞાત ઠેકાણેથી બે બે ચાર ચાર પાનાં કોરા કાગળ ઉપર ઉતારી લાવતા અને તે ઉપર પછી ટીકા લખાતી. પ્રાચીન-કાવ્યમાળાની કચેરી ઘીકાંટા ટાવર પાછળ હતી, અને ત્યાં પણુ અસલ પુસ્તક કોઇ વાર આવ્યું હોય એમ સમજાયું નથી. લેખી પુસ્તકો ઉપરથી હજારો નકલો છપાઇને બહાર પડયા પછી પણુ, કવિ પ્રેમાનંદનાં દૃશ્ય કાવ્યો અદૃશ્ય રહેવા પામ્યાં છે, અને કોઇ સંગ્રહસ્થાનમાં લોકને કે વિદ્વાન ટીકાકારને જોવાનો પ્રસંગ મળ્યો નથી. તો પછી આજથી ૧૦૦ વર્ષ ઉપર જન્મ પામેલા કવીશ્વર દલપતરામને તેની કલ્પના કે તેનો ખ્યાલ હોઇ શકે નહિ, એ સિદ્ધ વાત હોવાથી પણ, કવીશ્વરે પોતાના મનથી જે પહેલ કર્યાનું કહેવામાં આવ્યું છે તે યથાર્થ છે, એમ સુજ્ઞજનોને સમજાશે. તો પણ ગૂજરાતના વિદ્વાનોને અને આ લેખના વાચકોને પ્રાર્થના છે કે, જો ઉપર કવિ પ્રેમાનંદનાં દૃશ્ય કાવ્યો વિષે જે કાંઇ લખવામાં આવ્યું છે તે ઉપરથી એ પુસ્તકો સંબંધે કોઇએ વિપરીત શંકા કરવાનું કારણુ નથી. ગૂજરાતી વાઙ્મયમાં એનો પ્રચાર થયો અને એના ઉપરની સશાસ્ત્ર ટીકા પ્રસિદ્ધ થવા પામી તે માટે આપણે તેમના પ્રકાશકોનો આભાર જ માનવો જોઇએ.

## કવિતા કોને માટે ?

કવીશ્વર દલપતરામને, ઉપર કહેવામાં આવ્યું તે પ્રમાણે, કવિતાની પદ્ધતિ અને ઇબારતની બાબતમાં ઘણો વિચાર કરી



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નિર્ણય ઉપર આવવું પડયું, પણ એટલાથી જ એમની પ્રાથમિક વિચારસૃષ્ટિનું કાર્ય પૂર્ણ થયું નહિ. કવિતા કોને માટે કરવાની છે, કવિતારસનું પાન કરનારાઓનો અધિકાર કેટલો છે અને એ રસ કેવા પાત્રમાં અને કેટલી મિઠાશ નાખીને આપવાથી પ્રજાજનને રૂચિકર થશે એ વિષે પણ વિચાર કરી નિર્ણય ઉપર આવવાની તેમને જરૂર પડી. આ નિર્ણય કરવામાં તેમને આજુબાજુએ દૃષ્ટિ ફેરવવી પડી; તેમણે જોયું કે, ખાનગી ગામઠી નિશાળોમાં ભણેલો લોકસમૂહ છે. માણભટોને મોઢે ભારત અને કથાકારોને મોંઢે રામાયણની કે ઓખાહરણની કથાઓ લોક સાંભળે છે. શામળભટ્ટની અને પ્રેમાનંદની કવિતાઓ સાંભળવી કે વાંચવી એ જ ઉંચામાં ઉંચો અભ્યાસ જણાય છે. છોકરો આંક શીખી રહે ત્યારે મહેતાજીને એક રૂપીઓ અને સીધું મળે; અને બારાખડી શીખી વાંચતાં લખતાં આવડે અને થોડા હિસાબ કરતાં શીખે ત્યારે મહેતાજીને ગુરુ-દક્ષિણામાં કાંઇક મળે એવા સમયનો એમને વિચાર થયો. ગૂજરાતમાં કેટલાક શાસ્ત્રીઓ છે, અને તેમની પાસે છુટક છુટક થઇને બેએક હજાર વિદ્યાર્થીઓ સંસ્કૃત ભણતા હશે એમ તેમણે ધારેલું, પણ તે શાસ્ત્રીમંડળ અને તેમનું વિદ્યાર્થીમંડળ ગૂજરાતી ગદ્યપદ્યાત્મક લેખોની ઉપેક્ષા કરનાર છે એવું તેમને સમજાયું. સર્વસામાન્ય જનમંડળમાં સંસ્કૃત ભાષાનો પ્રચાર નથી, એ વાત તો તેમના આગળ સ્પષ્ટ હતી જ. વળી, ગૂજરાતી ભાષા પારસી કોમની જન્મ-ભાષા થઇ છે, એ વાતનો પણ એમને અનુભવ થયો. આ બધી બાબતોનો વિચાર કરીને એમણે પોતાની કવિતાનું સ્વરૂપ ઘડયું. સંસ્કૃત ભાષામાંની કવિતા પેઠે સમાસ મુકવામાં આવશે, તો લોકસ-મૂહને તે પ્રતિકૂળ થશે, એમ તેમને સમજાયાથી, બેચાર શબ્દોના સમાસ મુકવાનું તેમણે બંધ રાખ્યું. વળી ગૂજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાના કરતાં ઓછા શબ્દો છે એવું એમને તે વખતે જણાયાથી, વપરાશમાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આવી ગયેલા શબ્દો કરતાં વધારે સંસ્કૃત શબ્દો આવવાથી દૂધમાં કાંકરા જેવું તે વખતની પ્રજાને થશે એમ તેમને લાગ્યું, તેથી ન છુટકે જ તેમણે સંસ્કૃત નવા શબ્દોનું ઉમેરણ કર્યું. હાલ કેટલાક લેખકો સંસ્કૃત શબ્દોની જોડે ગૂજરાતી અને ગૂજરાતી શબ્દ જોડે સંસ્કૃત ભાષાનો શબ્દ મુકી સમાસ બનાવી દે છે એવું જ્યારે એમના જોવામાં આવતું, ત્યારે એમને तथा न बाधते शीतं यथा ‘बाधति’ बाधते ના જેવું થતું. સંસ્કૃત ભાષા પ્રત્યે એમનો પૂર્ણ ભાવ હતો, પણ ગૂજરાતી ભાષામાં પોતાને લખવાનું છે એમ સમજીને તેમણે જેટલા સંસ્કૃત ભાષાના શબ્દો પ્રચારમાં હતા તેટલાથી જ કામ ચલાવ્યું; કેમ કે, ગૂજરાતી કવિતાની ચાર લીટીમાં કોઇ અમુક શબ્દો સંસ્કૃત ભાષામાંથી કે ફારસી ભાષામાંથી મુકે અને પછી કહે કે, આ ગૂજરાતી કવિતા વાંચો તો તે ગૂજરાતી કવિતા છે એવું કહેનાર તે વખતે ન હતા. આ પ્રમાણે અનેક રીતે વિચાર કરીને તેમણે પોતાની કવિતાનું સ્વરૂપ અથવા પાત્ર નક્કી કર્યું હતું, અને એ પાત્રમાં જ રસ ભરીને તેમણે લોકસમૂહને એ રસ પાયો છે અને તે લોકોએ પીધો છે. જો બીજી રીતનું પાત્ર તૈયાર કર્યું હોત, તો એમના વખતના લોક તે પીવા પામત નહિ, અને એક પ્રાચીન કવિની કવિતાની પેઠે તેમની કવિતા અત્યારે જ બહાર આવી થોડો સત્કાર પામત; તેથી પોતાના વખતનો વિચાર કરીને અને ભવિષ્યમાં પણ ઉપયોગી થાય એવી રીતે કાવ્યના સ્વરૂપની સંકલના એમણે ઘડી હતી. એ સંકલના ઘડવામાં એમણે જરા પણ ભૂલ કરી છે એમ મને કોઇ રીતે સમજાતું નથી. મારા શિક્ષણના ઉણાપણાને લીધે, અથવા કવિ દલપતરામ પ્રત્યે કેવળ ગુણ દૃષ્ટિ રાખવાની મને કદાચ ટેવ પડી હોય તો તેને લીધે, હું એમની કૃતિ સમજવામાં જો ભૂલથાપ ખાતો હોઉં તો બીજાઓ તેવી ભૂલથાપ ન ખાય એ જ ઇચ્છવા જેવું છે।

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

## શબ્દાલંકાર અને માધુર્ય.

"કવિતા કોને માટે" એ મથાળા નીચે કહેવામાં આવ્યું છે કે, "કેટલી મીઠાશ નાખીને આપવાથી પ્રજાજનને રૂચિકર થશે?" એ મીઠાશનો પ્રશ્ન કવીશ્વર દલપતરામે કેવી રીતે છોડયો છે તે હવે આપણે જોઇશું. સંસ્કૃત કવિતામાં ચરણોને છેડે અનુપ્રાસ નથી તે વાત તેઓ જાણતા હતા. ગૂજરાતી ભાષામાં બે લીટીઓ પણ પ્રાસ વગરની એમના વખત સુધીના વખતમાં લખાઇ ન હતી; અને તેથી તેવી પ્રાસાનુપ્રાસ વગરની કવિતા એમના જોવામાં આવી ન હતી. વળી પ્રાસાનુપ્રાસ વગરની કવિતા માણભટોમાં કે રામાયણ વગેરેની કથામાં પણ લોકો સાંભળતા નહિ. કવિતા તો પ્રાસાનુપ્રાસવાળી જ હોય એવું આખી ગૂજરાતી પ્રજા તે વખતે સમજતી હતી; અને હજી પણ ઘણાઓ તેવું જ માને છે. એવા વખતમાં પ્રાસ વગરની કવિતા લખી કવિ દલપતરામ કવિને પાટલે બેસવા જાત, તો કોઇ તેમને બેસવા દેત કે કેમ, તે વિચારવા જેવું છે. હું ખાત્રીથી કહું છું કે, પ્રાસાનુપ્રાસ વગરની કવિતા એમણે બહાર કાઢી હોત, તો લોકો એમના ડહાપણને માટે શંકા લેત, એવો સમય તે વખતે પર્વતતો હતો. પ્રથમથી કવિતા તો પ્રાસાનુપ્રાસવાળી જ રચાય છે. આ પ્રમાણે હોવાથી કવિ દલપતરામે પ્રાસાનુપ્રાસવાળી જ કવિતા લખવાનું પસંદ કર્યું હતું. પ્રાસાનુપ્રાસવાળી કવિતા લખતાં પોતે બંધનમાં આવે છે એવી મુશ્કેલી એમને જણાઇ ન હતી. વળી, તેઓ જાણતા હતા કે, ગૂજરાતી ભાષામાં શબ્દોનો ભંડાર સંકુચિત હોવાથી, અને સંસ્કૃત ભાષા જેવો બહોળો શબ્દભંડાર ન હોવાથી, તથા ગૂજરાતી ભાષા એ મૂળ ભાષા ન હોવાથી, મૂળ ભાષા સંસ્કૃતના જેવું માધુર્ય ગૂજરાતી ભાષામાં રહેતું ન હોવાથી, પ્રાસાનુપ્રાસ વગરની કવિતા ગૂજરાતી ભાષામાં છેક જ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

શુષ્ક થઇ પડશે. નેવુ ટકા સંસ્કૃત શબ્દોમાં યોજાયેલી ગણબદ્ધ અક્ષરમેળ કવિતામાં પ્રાસાનુપ્રાસની ખામી કદાચ માલૂમ પડે નહિ, પણ એમણે જે પદ્ધતિ નિર્માણ કરી હતી તેમાં, તેટલા સંસ્કૃત શબ્દો આવવાના ન હોવાથી, અને માત્રામેળ છંદોમાં પ્રાસની આવશ્યકતા સાહિત્યના પ્રાચીન માન્ય ગ્રંથોમાં પણ બતાવેલી હોવાથી, પ્રાસાનુપ્રાસ વગરની કવિતા એમણે પસંદ કરી ન હતી. પ્રાસાનુપ્રાસ વગરની કવિતા ગૂજરાતી ભાષામાં માધુર્યની હાનિ કરે છે. એ વાતનો, હાલના પણ કેટલાક વિદ્વાનોની પેઠે, એમનો અભિપ્રાય નક્કી થયો હતો. કેવળ ગૂજરાતી ભાષાની કવિતામાં પ્રાસ ન હોય તો, કેવું લાગે તે જુઓ; કવિ દલપતરામે "સારૂં કામ કરવા વિષે" એ વિષય ઉપર એક કવિતા લખી છે; તેમાં લખ્યું છે કેઃ—

"તમે વિચારો હિત જો તમારૂં;"
"કરો કરો કાંઈક કામ સારૂં."

આ બે લીટીને જો પ્રાસ વગરની કરી નાખીએ અને પછી વાંચીએ કે,

તમે તમારૂં હિત જો વિચારો;
સારૂં કરો કાંઇક કામ નક્કી.

તો એમાં આપણને સહજ સમજાશે કે, નીચેની બે લીટીઓ કરતાં ઉપરની બે લીટીઓ વાંચવી ઠીક ગમે છે; અને ઠીક ગમવામાં જ કવિ દલપતરામના વિચારની વાસ્તવિકતાનો સમાવેશ થઇ જાય છે. અત્યારે પણ મારા સુજ્ઞ નવશિક્ષિત વિદ્વાન મિત્રોને મારી પ્રાર્થના છે કે, જો તમારી "અક્ષરમેળ કવિતામાં સંસ્કૃત

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

શબ્દોનું પુષ્કળ બળ ન આવ્યું હોય તો પ્રાસ વગરની કવિતાથી દૂર રહેવું સારૂં છે, અને માત્રામેળ છંદોમાં તો પ્રાસ અવશ્ય જોઇએ જ."

પ્રાસાનુપ્રાસ વગરની કવિતાના વિષયને પ્રાસાનુપ્રાસવાળી કવિતામાં લખાવવાના કેટલાક પ્રયોગ અજમાવવામાં આવ્યા હતા, અને તે ઉપરથી સમજાયું હતું કે, તે જ વિષય પ્રાસવાળી કવિતામાં ઠીક લાગતો હતો. વિચારોનું કીમતીપણું જાળવવા માટે જ્યારે તેને લેખી ભાષામાં ઉતારવામાં આવે, ત્યારે તેને માટે યોગ્ય પાત્રની આવશ્યકતા ઓછી નથી.

કોઇ અંગ્રેજી કવિતાનું ગૂજરાતી કવિતામાં ભાષાન્તર કરવામાં આવે છે ત્યારે તેમાં જે ખામી આવે છે તે ખામીનું નિવારણ કરવાનો માર્ગ નથી. કેમકે, મૂળ લખનાર લખતી વખતે જે અસરો નીચે હોય તે અસરો નીચે ભાષાન્તરકાર હોઇ શકતો નથી, અને તેથી ભાષાન્તરના માત્ર અર્થદર્શક શબ્દો મૂળલેખના હાર્દને બતાવનારી શક્તિઓ ધારણ કરી શકતો નથી.

ઉપર પ્રાસાનુપ્રાસ વિષે જે કહેવામાં આવ્યું તે કવિતાના ચરણોને અંતે ગૂજરાતી ભાષાની કવિતામાં જૂના વખતથી જે પ્રાસાનુપ્રાસ મેળવવામાં આવે છે તે સમજવાના છે; અને એવા અનુપ્રાસ બહુધા સંસ્કૃત ભાષાની કવિતામાં મેળવવામાં આવતા નથી. તો પણ અત્રે કહેવું જોઇએ કે, સંસ્કૃત ભાષામાં રહેલા સ્વાભાવિક માધુર્ય કરતાં પણ વધારે માધુર્યને માટે અને કાવ્યની ગેયતા વધારવાને અર્થે ભગવદ્ પૂજ્યપાદ આદ્ય શંકરાચાર્ય અને જયદેવ આદિ અનેક કવિઓએ સંસ્કૃત કાવ્યમાં પણ ચરણોને અંતે અનુપ્રાસ મેળવ્યા છે એટલું જ નહિ, પણ વૃત્તરત્નાકર વગેરે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગ્રંથોમાં પણ ઘણાક માત્રામેળ છંદોમાં ખાસ પ્રાસ મુકવાની આજ્ઞા આપી છે. ઉદાહરણ તરીકે વૃત્તરત્નાકરના ટીકાકારે આપેલો तारापतिरिव तव यशो विमलं दिक्षुविभाति । शत्रुमहीपतिस्तारका उदयं न प्रतियाति । એ ચરણોથી શરૂ થતો કુંડળીઓ જોવો. સંસ્કૃત ભાષામાં આવી પ્રાસવાળી કવિતાનો જથો થોડો અને પ્રાસાનુપ્રાસ વગરની કવિતાનો જથો મોટો હોવાથી સંસ્કૃત ભાષામાં અનુપ્રાસ-પદ્ધતિ નથી, એમ સંસ્કૃત કાવ્યશાસ્ત્રથી અજાણ્યા લોકો માની લે છે. ઉપર કહ્યું છે તેમ, એ ભાષાના શબ્દો મૂળશબ્દો હોવાથી તેમાં રહેલી શક્તિઓ પ્રાસાનુપ્રાસની આવશ્યકતાને એકદમ ઉઘાડી પડી જવા દેતી નથી. સંસ્કૃત ભાષાના તે બળનો લાભ ગૂજરાતી ભાષાને ન હોવાથી સંસ્કૃત ભાષાના પ્રખર પંડિતોએ પણ દેશી ભાષામાં પ્રાસાનુપ્રાસવાળી કવિતાને જ કવિતા માની છે. ત્રિભંગી વગેરે માટે તો, પ્રત્યેક યતિએ પ્રાસ મુકવો એવી ખાસ પિંગળકારની આજ્ઞા છે. શા માટે એવી આજ્ઞા હોય, તે તો સહૃદય કવિતા-રસિકો જ સમજી શકશે.

પરંતુ સંસ્કૃત ભાષામાં રચાતી કવિતા માટે અનુપ્રાસનો પ્રયાસ સંસ્કૃત ભાષાના દરેક કવિએ કરેલો છે; અને તેની પદ્ધતિ માત્ર જુદી છે. પ્રાચીન કાળથી આજ સુધી જેટલા ગ્રંથો લખાયા છે તેમાં અનુપ્રાસ શબ્દને વિસારીને કવિતા લખવામાં આવી નથી. સંસ્કૃત ભાષામાં કાવ્યશાસ્ત્રનું સૌથી વધારે આધારભૂત ગણાતું કાશ્મીરના પંડિત મમ્મટનું काव्यप्रकाश નામનું પુસ્તક છે. તેમાં કાવ્ય અને કવિતાશાસ્ત્ર વિષે ઘણો સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે. તેમાં કાવ્યના હેતુ અને લક્ષણથી માંડીને ગુણદોષ અને અલંકાર સુધી અતિ ઉત્તમ રીતે કાવ્ય-શાસ્ત્રનો વિસ્તાર કર્યો છે. એ પુસ્તકનો મૂળ લેખ સૂત્રના રૂપમાં હોય એવી રીતે અતિ લાઘવથી લખવામાં આવ્યો છે,

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તે છતાં તેમાં એટલો બધો અર્થ થોડા શબ્દોમાં સમાવ્યો છે કે, તેનો સુજ્ઞ વાંચનાર આશ્ચર્ય પામ્યા વગર રહે નહિ. સંસ્કૃત ભાષાના એ જ વિષયનાં બીજાં પુસ્તકોમાં काव्यप्रकाश સર્વોપરિ મનાય છે. કાવ્યના સાહિત્ય સંબંધે કાંઈ વિવાદનો વિષય ઉભો થયો હોય ત્યારે પંડિતો એ પુસ્તકનો આધાર લઈ છેવટનો નિર્ણય લાવે છે. એ પુસ્તકમાં કવિતામાં અનુપ્રાસને ઉપયોગી માનવામાં આવ્યા છે. वर्णसाम्यमनुप्रासः એવું અનુપ્રાસનું લક્ષણ તેમાં આપ્યું છે. આ પ્રમાણે વર્ણની સામ્યતા–તે અનુપ્રાસ એવું નામ આપ્યું છે, અને અનુપ્રાસનું આ લક્ષણ સંસ્કૃત ભાષામાંથી ઉત્પન્ન થએલી સર્વ ભાષાને લાગુ થઇ શકે છે અને ગૂજરાતી ભાષામાં કવિતાના ચરણને અંતે આવનારા અનુપ્રાસને પણ એ જ લક્ષણ લાગુ થાય છે. એટલે આજ સુધી અનુપ્રાસ મેળવવાની જે પદ્ધતિ ચાલી રહી છે અને કવીશ્વર દલપતરામે જે ચાલતી પદ્ધતિને સ્વીકારી છે, તે પદ્ધતિ શાસ્ત્રના આધાર સિવાયની કે સંસ્કૃત કવિઓએ નહિ સ્વીકારેલી એવી નથી. સંસ્કૃત ભાષામાં અનુપ્રાસ ચરણને અંતે મુકવાને બદલે ચરણમાં જ અનુકૂળ પડતા સ્થાને મુકવામાં આવે છે. આ પ્રમાણે ચરણોમાંના શબ્દો આવનાર અનુપ્રાસના બે ભેદ છે. કાવ્યપ્રકાશકાર કહે છે કેઃ—

छेकवृत्तिगतो द्विधा ॥

ચરણમાં એકવાર વર્ણ (સાદૃશ્ય) આવે તેને છેકાનુપ્રાસ કહે છે, અને એક કરતાં વધારેવાર આવે તેને વૃત્યનુપ્રાસ કહે છે. આ પ્રમાણે સંસ્કૃત કવિતામાં હજારો ઠેકાણે અનુપ્રાસ મેળવવામાં આવે છે. काव्यप्रकाशकारे છેકાનુપ્રાસનું ઉદાહરણ નીચે પ્રમાણે આપ્યું છેઃ—

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ततोऽरुण परिस्यंदमन्दीकृत वपुः शशी ।
दध्रे काम परिक्षामकामिनी गण्डपाण्डुताम् ॥

पि-१ नु २० लुं ने २०

આ શ્લોકમાં એક વાર વર્ણસાદશ્ય આવેલું તે કાળા અક્ષરે બતાવવામાં આવ્યું છે. अनङ्गरङ्गप्रतिमं तदङ्गम् એ ચરણમાં બે વાર વર્ણસાદશ્ય આવ્યું છે; એ વૃત્યનુપ્રાસનું ઉદાહરણ છે. સહૃદય પુરુષોના અગ્રગણ્ય, કાવ્યશાસ્ત્રના ઉત્તમ વેત્તા અને પંચકાવ્યોના માર્મિક ટીકાકાર મલ્લિનાથ સરસ્વતીની પ્રાર્થના કરતાં લખે છે કે—

मन्दस्मितैर्निन्दितशारदेन्दुं ।
वन्देऽरविन्दासनसुन्दरित्वाम् ॥

२१
३८/२०

આ ઉપરથી સમજાશે કે, સંસ્કૃત અને તે ઉપરથી થએલી તમામ ભાષામાં આ પ્રકારે અનુપ્રાસ વર્ણસામ્યતાદ્વારા મેળવવામાં આવે છે.

D 3 8 8 - 7

कालिदास—रघुवंशे—पुरंदरश्रीः पुरमुत्पताकम् ।
माघ—शिशुपालवधे—क्षणं क्षणोत्क्षिप्तगजेंद्रकृत्तिना ॥
नैषधमहाकाव्ये—किमुदधौ जड वा वडवानलात् ॥

આવા હજારો અનુપ્રાસ સંસ્કૃત ભાષામાં જોવામાં આવશે. ગૂજરાતી ભાષામાં આવા અનુપ્રાસ આવવા ઉપરાંત ચરણોને અન્તે અનુપ્રાસ મેળવવાની પદ્ધતિ વિશેષ રીતે, ઉપર એક બે વાર કહેલા કારણથી, સ્વીકારવામાં આવી છે, તેની યથાર્થતા સુજ્ઞજનોને સહજ સમજાય તેવી છે. કુવલયાનંદ નામના અલંકારના સૌથી ઉત્તમ પુસ્તકના રચનાર અપ્પય દીક્ષિત ગ્રંથારંભે શ્રી પાર્વતીની પ્રાર્થના કરતાં લખે છે કે—

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



अमरी कबरीभारभ्रमरीमुखरी कृतम् ।
दूरीकरोतुदुरितं गौरीचरणपंकजम् ॥

આ ઉપરથી જણાશે કે, છેવટનો એક અનુપ્રાસ મેળવવાને બદલે સંસ્કૃત ભાષામાં અનેક અનુપ્રાસ મેળવવામાં આવે છે. માત્ર સંભાળવાનું એટલું જ છે કે, અનુપ્રાસ મેળવતાં રસની હાનિ થવા ન પામે, પણ માધુર્યના વૃદ્ધિરસને પોષક થાય. ઘણા નવીન લેખકો કહે છે કે, અનુપ્રાસના બંધનમાં રહેવાથી રસને હાનિ આવે છે; આ તેમનું કથન જો સત્ય હોય તો, સેંકડે ૨૦ ટકા કરતાં વધારે સત્ય નથી. કાવ્યવાણી ઇશ્વર કૃપાથી કે અભ્યાસથી જેમને પ્રાપ્ત થઇ હોય છે, તેમને અનુપ્રાસ ૮૦ ટકા સુધી રસના પોષક થાય છે. જો તેમ ન થતું હોય તો તેમને કાવ્યવાણી જ પ્રાપ્ત થઇ નથી, એમ કહેવું પડે છે. ભાષ્યકાર આદ્ય શંકરાચાર્યના અનેક અષ્ટકો અને વૈરાગ્યબોધક કે ભકિતપૂર્ણ કાવ્યો સર્વ પ્રકારના અનુપ્રાસથી યુકત છતાં રસનું પોષણ પામી રહેલાં છે એમ સમજાશે. તેમની દિવ્ય વાણીમાંથી થોડાંક ચરણો જે સર્વને જાણીતાં છે તે જ જુઓ.

अर्थमनर्थं भावयनित्यं
नास्तिततः सुखलेशः सत्यम् ॥
अङ्गं गलितं पलितं मुंडम्
दशनविहीनं—जातं तुण्डम् ॥
सर्व परिग्रहभोग त्यागः
कस्य सुखं—न करोति विरागः ॥

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

अविनयमपनय विष्णो दमयमनः शमय
विषय मृगतृष्णाम् ।
भूतदयां विस्तारय तारय संसारसागरतः ॥

આ ઉપરથી સમજાશે કે, જેમને કાવ્યવાણી પ્રાપ્ત થઇ છે એવા પુરુષોના લેખમાં અનુપ્રાસ મેળવાયા છતાં રસની હાનિ ન થતાં અનુપ્રાસ રસના પોષક થાય છે. ભાષ્યકારની કાવ્ય-વાણીનાં ઉપર આપેલાં વચનોમાં અનુપ્રાસ હોવા છતાં રસવૃદ્ધિ સાથે માધુર્ય અને ગેયતામાં કેટલો બધો વધારો થયો છે તે વિચાર-કોને સમજાયા વગર રહેશે નહિ.

એક બીજી વાત એવી છે કે, વિદ્વાનોની કવિતા બે પ્રકારની જોવામાં આવે છે; અને તે જન્મેલા કવિ અને બનેલા કવિનો ભેદ બતાવી આપે છે. આવા બે ભેદ સંસ્કૃત સાહિત્યના પ્રાચીન જ્ઞાતા-ઓને પણ જણાયા છે. એક કવિતા **અવિચારિત રમણીય** ( સહજ રમણીય ) હોય છે અને બીજી **વિચાર્યમાણ રમણીય** હોય છે. કવિ દલપતરામે જે લોકસમૂહને માટે કવિતા લખી છે તે લોકસમૂહ આગળ **અવિચારિત રમણીય** કવિતા જ મુકવી જોઇએ, એવો તેમનો જે નિશ્ચય થયો હતો તે નિશ્ચય વાસ્તવિક હતો, અને તેમના જન્મસિદ્ધ કવિત્વની યથાર્થતાનો બોધક હતો. કેટલાક જન્મસિદ્ધ કવિઓ પણ **વિચાર્યમાણ રમણીય** કવિતા કોઇ વખત લખે છે, પણ તેમ કરવાને કાંઇ વિશેષ કારણ હોય છે ત્યારે જ તેઓ તેમ કરે છે; અને તેમ કરવામાં પાત્રનો, સમયનો કે વક્તવ્યનો વિચાર થયો હોય છે. આ ઉપરાંત જેમને માટે તે કાવ્ય કે કવિતા હોય છે તે પણ સૂક્ષ્મ વિચાર કરનારા વિદ્વાન અધિકારી હોવા જોઇએ છીએ. કવીશ્વર દલપતરામની

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવિતા વાંચતાની સાથે જ અર્થનો બોધ કરનારી અને હંમેશ માધુર્યાદિ ગુણોએ યુક્ત રહેનારી હોવાથી જ જનસમુદાયે તેને આવકાર આપેલો છે. કવિતા જનસમુદાયમાં આવકાર પામે તે માટે જ તેઓ કાવ્યશાસ્ત્રના આધારે વર્ત્યા છે અને શાસ્ત્રના આધાર પ્રમાણે વર્તનાર જ સિદ્ધિને પામે છે. ( तस्मात् शास्त्रं प्रमाणं ते कार्याकार्य व्यवस्थितौ । भ. गी. ).

પિંગળને બાજુએ મુકીને કેટલાક કવિતા લખે છે. હરિગીત છંદ લખતાં લીટીમાં બે ત્રણ માત્રા ખૂટે તો વિષમહરિગીત લખ્યો છે એમ છાપે છે, અને શાર્દૂલવિક્રીડિત જેવા વૃત્તમાં પણ ગણોની જોઇએ તેવી કાળજી રાખતા નથી, અને અમુક છંદની ચાલમાં આ કવિતા છે એમ બતાવે છે. આ બધું જે થાય છે તેમાં કેટલી હાનિ છે તેનો વિચાર લખનારને નહિ થતો હોય અથવા કવિતાનો પ્રવાહ જે નીકળ્યો તે નીકળ્યો એવું સમજનારા તે હશે. શાસ્ત્રને બાજુએ મુકીને પોતાની બુદ્ધિમાં આવે તેને ખરૂં માનનારા ઘણા સ્વતંત્ર વિચારકો હાલ મળી આવે છે; તેઓ પોતાનું અને પરનું હિત ભાગ્યે જ સાધી શકે છે. શાસ્ત્રકારોએ ઘણી લાગણીથી, મનુષ્યના કલ્યાણના શુદ્ધ હેતુથી, હજારો જનના અનુભવનો ઉપયોગ કરીને, અતિશય સૂક્ષ્મ બુદ્ધિથી, દીર્ઘકાળ સુધી એક જ વિષયમાં રમમાણ રહીને જે નિયમો બાંધ્યા હોય તેનો લાભ પોતાની બુદ્ધિ પ્રમાણે વર્તનાર લઈ શકતો નથી, અને પોતાના કાર્યથી બીજાના હિતમાં પણ વધારો કરી શકતો નથી. કાવ્યશાસ્ત્રના નિયમો તરફ દુર્લક્ષ કરીને ગમે તેમ વર્તવામાં ન આવે તે માટે જ ઉપર પ્રમાણે બે અક્ષર નવા જનસમાજ આગળ સંક્ષેપમાં મુકયા છે,

કવીશ્વર દલપતરામની કવિતામાં આવનારા અનુપ્રાસ વિષે સંક્ષેપમાં ઉપર પ્રમાણે કહ્યા પછી તેમાંના બીજા ગુણો ઉપર

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પણ કિંચિત્ દૃષ્ટિ કરવી અસ્થાને નહિ થાય. કવિતામાં મુખ્યત્વે માધુર્ય, ઓજસ્ અને પ્રસાદ નામના ગુણો હોય છે. શબ્દવૈમલ્ય, અર્થવૈમલ્ય અને રસવૈમલ્ય નામના ત્રણ ગુણો કાશ્મીરના ક્ષેમેન્દ્ર નામના કવિએ કવિકંઠાભરણ નામના પુસ્તકમાં બતાવ્યા છે. પરંતુ માધુર્ય, ઓજસ્ અને પ્રસાદ એ મુખ્ય ગુણો કાવ્યપ્રકાશ જેવા કવિતાશાસ્ત્રના પ્રમુખ ગ્રંથ પ્રમાણે પ્રમાણ મનાય છે. શકિત, વ્યુત્પત્તિ અને અભ્યાસ હોવા છતાં કાવ્યના ગુણો ઉપર દુર્લક્ષ થાય તો કવિતા નકામી થાય છે અને વાંચનાર જો સહૃદય હોય તો તેની કવિતા જોઇને તે નિરાશ થાય છે. આ કારણથી કવિતાના ગુણો ઉપર લક્ષ રાખવાની ઘણી જ આવશ્યકતા છે. સંસ્કૃત સાહિત્યમાં કાવ્યના વિષય ઉપર જેટલો વિચાર થયો છે ને જેટલું લખાયું છે તેટલું બીજી કોઇ પાશ્ચાત્ય દેશની ભાષામાં લખાયું હોય એમ સમજાતું નથી. વળી, સંસ્કૃત સાહિત્યમાં કાવ્યશાસ્ત્રના નિયમોનું ટીકાકારોએ જે સૂક્ષ્મ રીતનું પૃથક્કરણ કર્યું છે તે તો આશ્ચર્ય પમાડે એવું છે. વિદ્યા અને ધર્મની બાબતમાં ભારતવર્ષ જ પૃથ્વીમાં અગ્રગણ્ય રહ્યો હતો. હા! આજે સમય જુદો પ્રવર્તે છે. કાવ્યના ગુણો વિષે काव्यप्रकाशकार કહે છેઃ—

माधुर्यौजः प्रसादाख्यास्त्रयस्ते

માધુર્ય, ઓજસ્ અને પ્રસાદ નામના ત્રણ કાવ્યના મુખ્ય ગુણો છે. માધુર્યમાં આહ્લાદકત્વ આવવું જોઇએ. આહ્લાદકત્વ એટલે આનંદનું ઉત્પન્ન થવું તે. અર્થાત્ કવિતા વાંચવાનો કે સાંભળવાનો આરંભ થતાં જ મનની સ્થિતિ ફરવા માંડવી જોઇએ. મનને આનંદ સાથે કોમલત્વ પ્રાપ્ત થવા માંડે અને દ્વેષાદિજન્ય કાઠિન્યનો મનમાંથી લોપ થવા માંડે; ત્યારે માધુર્ય નામનો ગુણ કવિતામાં આવ્યો છે એમ સમજાય

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

છે. કવીશ્વર દલપતરામની કવિતામાં આ માધુર્ય નામનો ગુણ સર્વત્ર વ્યાપી રહેલો છે, અને સહૃદય વાચકને પોતાની સહૃદયતાના પ્રમાણમાં તે સારી રીતે સમજાય છે. ઓજસ્ નામનો ગુણ વીરરસની કવિતામાં વિશેષ રીતે આવે છે. તેમાં ચિત્તનો વિસ્તાર થઈ દીપ્તિ-શૌર્યાદિની વૃદ્ધિ કરનાર લાગણીઓ વૃદ્ધિ પામે છે. આમ થાય છે ત્યારે કાવ્યમાં ઓજસ્ ગુણ આવ્યો છે એમ સમજાય છે. કવીશ્વર દલપતરામની કવિતામાં ઓજસ્નો ગુણ હુન્નરખાનની ચઢાઈ તથા વેન ચરિત્રના કેટલાક ભાગમાં વખતો વખત જણાઈ આવે છે.

હવે, સર્વ રસમાં સાધારણ રીતે આવી શકે એવો **પ્રસાદ** નામનો ગુણ કવીશ્વર દલપતરામની દરેક કવિતામાં સ્પષ્ટપણે આવ્યો છે. એમનાં ચિત્રકાવ્ય સિવાયનાં તમામ કાવ્યો માધુર્ય ગુણથી હંમેશ યુક્ત હોવાથી જ એમની કવિતાને એમના પ્રતિપક્ષીમાં ગણાતા વિદ્વાનોએ પણ **સભારંજની** એવું નામ આપ્યું હતું. એમના ચિત્રકાવ્યો પણ અતિક્લિષ્ટ થયાં નથી, તેનું કારણ પણ તેમની વાણીમાં માધુર્યાદિ ગુણોનું સ્વાભાવિક સ્ફુરણ છે. **અવિચારિત રમણીય** કવિતામાં માધુર્ય ગુણની સાથે પ્રસાદ નામનો ગુણ વિશેષ રીતે વિકાસ પામેલો રહે છે, અને આ પ્રસાદ નામનો ગુણ જન્મસિદ્ધ કવિત્વવાળા કવિ દલપતરામ જેવા કવિની વાણીમાં સર્વત્ર વિકાસ પામેલો છે. કાવ્યપ્રકાશમાં **પ્રસાદ** ગુણ માટે કહ્યું છે કે,

श्रुतिमात्रेण शब्दात्तु येनार्थ प्रत्ययोभवेत् ।
साधारण समग्राणां सप्रसादो गुणोमत. ॥

કવિતામાંના શબ્દનું શ્રવણ કરતાંની સાથે જેના વડે અર્થનો બોધ થાય છે અને જે સર્વ રસની કવિતામાં સાધારણ રીતે પ્રસરી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

રહે છે તે પ્રસાદ નામનો ગુણ કહેવાય છે. કવીશ્વર દલપતરામની કવિતા થોડી ઘણી આજે પણ હજારો લોકને મોઢે વાતચિતમાં સાંભળવામાં આવે છે અને મૂર્ખથી માંડીને વિદ્વાન સુધીના લોકને તેનો અર્થ સહજ ગમ્ય થાય છે તેનું કારણ આ પ્રસાદ નામનો ગુણ જ છે. ગૂજરાતી પ્રાચીનકાવ્યના ટીકાકાર શ્રીયુત છોટાલાલ નરભેરામ જેવા પંડિત પણ કવીશ્વર દલપતરામભાઇની કવિતા વારંવાર યાદ લાવે છે, અને પ્રાચીનકાવ્યમાલાના પ્રકાશક રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાને એમની કવિતાનો કેટલોક ભાગ મુખપાઠ જેરો છે, તેનું કારણ કાવ્યના ગુણોનું તેમની કવિતામાં અસ્તિત્વ છે. અપ્રસિદ્ધપદ અને કિલષ્ટત્વાદિ દોષનો કવિતામાં અભાવ હોય ત્યારે જ પ્રસાદ ગુણ પ્રકાશે છે, એ વાત સુજ્ઞ વાચકોએ અને નવીન લેખકોએ સર્વદા સ્મરણમાં રાખવા જેવી છે.

કવીશ્વર દલપતરામે ઝમક અને વર્ણસગાઈ વિષે પોતાના પિંગલમાં ઉલ્લેખ કર્યો છે. સંસ્કૃતમાં જેને યમક કહે છે તેને પ્રાકૃતમાં ઝમક નામ મળ્યું છે. કવીશ્વર દલપતરામે યમકનો જેટલો ઉપયોગ કર્યો છે તે કરતાં વધારે મહાકવિ કાલિદાસ વગેરે સંસ્કૃત ભાષાના કવિઓએ કર્યો છે. મહાકાવ્યોમાં એકાદ સર્ગ તો યમકથી ભરેલો નીકળે છે, અને તે રસની હાનિ ન કરતાં કવિતાના માધુર્યને વધારે છે.

ઉદાહરણઃ—

यमवतामवतांचधुरिस्थितः ।

अधिगमांधिगमंगलमश्रुणः ।

"મજરો લઇ મજરોગ લે હરી." દ.

કાશ્મીરના રૂદ્રટના કરેલા કાવ્યાલંકાર નામના પુસ્તકમાં યમકનું યથાર્થ લક્ષણ નીચે પ્રમાણે આપ્યું છે:—

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

तुल्य श्रुतिक्रमाणामन्वाथार्नां मिश्रस्तुवर्णानाम् ।
पुनरावृत्ति यमकं प्रायश्छन्दांसि विषयोऽस्य ॥

એટલે કાને સાંભળવામાં એકના એક અક્ષરો ક્રમથી બીજી વાર આવે પણ તેમાં અર્થ જુદો પડે ત્યારે તે યમક કહેવાય છે, અને તે ગદ્ય કરતાં વિશેષ રીતે પદ્યમાં જ આવે છે. રુદ્રટ ઈ. સ. ના ૧૧ મા સૈકામાં થયાનું કહેવાય છે. તે પહેલાંથી યમકનો ઉપયોગ થતો આવેલો હોવાથી સંસ્કૃત સાહિત્યના અનેક ગ્રંથોમાં યમકનાં પ્રમાણ મળે છે. જેમને કાવ્યવાણી પ્રાપ્ત થઈ હોય તેમને હાથે યમક લખતાં અર્થને કે રસને બાધ આવતો નથી, અને વાચકો રસ સાથે શબ્દચમત્કારથી વિશેષ રીતે તૃપ્ત થાય છે. રસને હાનિ ન થાય અને અર્થ સરલ રીતે ગમ્ય થાય એવી એકાદ લાંબી કવિતા, અથવા આખ્યાનનું એકાદ કડવું કે મહાકાવ્યનો એકાદ સર્ગ લખાયો હોય ત્યારે જ લખનાર પોતાને કાવ્યવાણી પ્રાપ્ત થઇ છે એમ માને છે, અને વાચકો પણ તે વાંચીને સહજ તે જ નિશ્ચયને પ્રાપ્ત કરે છે. ગુજરાતી ભાષા કરતાં સંસ્કૃતભાષામાં શબ્દભંડાર વિશાળ હોવાથી યમકનો ઉપયોગ વિશેષ રીતે થયો છે. બાણભટ્ટની કાદમ્બરી એક ગદ્ય લેખ છતાં પણ તેમાં શબ્દાલંકાર વિશેષ રીતે જોવામાં આવે છે. શરીર, મન અને વાણી એ ત્રણનાં નિયામક શાસ્ત્રો ઉપર ભારતવર્ષમાં ધ્યાન આપવામાં આવ્યું છે. સિદ્ધાસન, પદ્માસનાદિ આસનો વાળતાં ઘણાને આવડતાં નથી અને કેટલાક તે સહજ વાળી શકે છે; અંગની કસરતો હેરત પમાડે એવી રીતે કરવામાં આવે છે. એ બધી શારીરિક ક્રિયાઓ ધ્યાન આપવા જેવી અને ઉપેક્ષા નહિ કરવા જેવી છે. તેવી રીતે ચિત્તવૃત્તિનો નિરોધ કરીને અથવા બીજી રીતે મનની પણ ક્રિયાઓ થાય છે. કાવ્યશાસ્ત્ર પ્રમાણે વાણીના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ચમત્કારો પણ અગત્યનો વિષય છે. પોતાને પદ્માસન વાળતાં ન ફાવ્યું એટલે બીજા જે વાળે છે તેનો ઉપયોગ નથી અથવા એ શરીરની સ્વાભાવિક સ્થિતિ નથી એમ કહેવું એ જેવી રીતે અર્થ વગરનું છે તેવી રીતે શબ્દાલંકારના ચમત્કારની અવગણના પણ અર્થ વગરની જ હોય છે. કવિ દલપતરામે યમકનો ઘણો ઉપયોગ કર્યો નથી, કેમકે તેમના વખત સુધી તેવો ઘણો ઉપયોગ થયો ન હતો; તો પણ નવીન બનારા જનસમુદાયને જાણવા માટે તેમણે પોતાની કવિતામાં કોઇ કોઇ સ્થળે યમક મુક્યા છે. કવિતામાં આ પ્રમાણે જે શબ્દાલંકાર કાવ્યશાસ્ત્રની રીતે અને પરંપરા રૂઢિથી આવી શકતા હોય તે કવીશ્વર દલપતરામે સ્વીકાર્યા છે, અને પોતાની કવિતા તે પ્રમાણે કરી છે. આ ઉપરાંત તેમની કવિતામાં વર્ણસગાઇ, એટલે એક ચરણમાં એક જ વર્ણનું બીજી વાર અથવા અનેકવાર આવવું એ તો એટલું બધું સહજ બનતું રહેલું જણાય છે કે, તેથી આશ્ચર્ય પામી જવાય છે. એમની હજારો કવિતાઓમાં આ વર્ણસગાઈ ન આવી હોય એવું કોઇ ચરણ ભાગ્યે જ હશે. દાખલા તરીકે, થોડાંક ચરણો આપણે જોઇશું:—

(૧)

નિર્જળ ગામ નવાણુ ગળાવો,
વાવ કુવા નહિ તીર તળાવો.
શોધી જુના ફરી સદ્ય સુધારો
તે ધનના ધણિ ધર્મ તમારો."

(૨)

"માખીએએ મધ કીધું,
ન ખાધું ન દાન દીધું"
લૂટનારે લૂટી લીધું રે."



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

(૩)

ખળતા કરીં મેં ખરેખરી,
હરજે કલેશ હમેશ હે હરિ.

(૪)

"સ્વારથને પરમારથ ચક્ર મનોરથના રથમાંહિ વિરાજે."

આ ઉપરથી જણાશે કે, કવિ દલપતરામની કવિતાના હરકોઇ ચરણમાં એકના એક અક્ષરો સ્વાભાવિક રીતે જ આવી ગયા છે, અને તે તેમની દિવ્ય કાવ્યવાણીનો જ પ્રતાપ છે. સંસ્કૃત ભાષાના કવિઓમાં પણ જેમને આવી કાવ્યવાણી પ્રાપ્ત થયેલી છે તેમની કવિતામાં પણ આ પ્રમાણે વર્ણસગાઇવાળા શબ્દો વારંવાર આવ્યાં જ કરે છે. કવિ કાલિદાસના રઘુવંશમાંથી—

पुरंदरश्रीः पुरमुत्पताकं ।
प्रविश्य पौरैरभिनन्द्यमानः ॥
भेजे भुजंगेन्द्र समानसारे–।
भूयः स भूमेर्धुरमासस्ज्ञ ॥

આવાં હજારો ઉદાહરણ જોવાને મળે એવાં હોવાથી વાચકને સમજાશે કે, કવિ દલપતરામની કવિતામાં જેવી વર્ણસગાઇ છે તેવી તે પ્રાચીનકાળથી ચાલતી આવી છે અને તે કવિતાની મીઠાશમાં વૃદ્ધિ કરનારી પણ છે. બાણની કાદંબરી જેવા ગદ્ય લેખમાં પણ આ પ્રમાણે વર્ણસગાઇ આવી છે. વાતચીતમાં અને પત્રલેખનાદિમાં પણ વર્ણસગાઇ કેવો ભાવ ભજવે છે તે હરકોઇથી જોઇ શકાય એવું છે. ઉપર કહેલી બધી વાતોનો એકંદર વિચાર કરીને કવીશ્વર દલપતરામે પોતાના પિંગલમાં નીચે પ્રમાણે કવિતાનું લક્ષણ બાંધ્યું હતું; પણ આવા એ લક્ષણને નવી આવૃત્તિઓમાંથી કાઢી નાખવામાં આવેલું છેઃ—

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

"કવિતા કહિએ કલ્પના, જનમનરંજન જાણ;
સરસ સરસ રસ શબ્દમાં, અર્થની રચના આણ.
શબ્દની રચના સરસ તે અધિક અધિક અનુપ્રાસ;
ઉપમા આદિક અર્થના અલંકાર* આભાસ.
કોમળ લાગે કાનને મન ઉપજે મીઠાશ;
જુક્તિ સરસ જો જાણીએ કવિમાં નહિં કચાશ."

આ લક્ષણ કાવ્ય પ્રકાશના નનુશદ્બાર્થૌને અંશતઃ મળતું છે.

## ચિત્રકાવ્ય.

તનમનના ચમત્કારોની પેઠે વાણીના ચમત્કારોમાં ચિત્રકાવ્ય પણ પ્રાચીનકાળથી પ્રસિદ્ધ છે. જૂનાં સંસ્કૃત કાવ્યોમાં ચિત્રકાવ્યો દાખલ થયેલાં છે, અને કાવ્યશાસ્ત્રના અંગનાં પુસ્તકોમાંથી તે વિષે આધાર તથા વિધિ મળી આવે છે. પદ્યાત્મક વાણીનો કોઇ ચિત્રમાં એવી રીતે સમાવેશ થઈ જાય કે, (ચિત્રની આકૃતિ મૂળ કરતાં થોડા અક્ષરોમાં ભરાઇ) વાણીના ઉચ્ચારણની સાથે આકૃતિના અંગના અક્ષરો, અર્થને બાધ ન આવે એવી રીતે અનેકવાર ઉપયોગમાં આવવાથી જે શાબ્દિક ચમત્કાર લાગે તેને ચિત્રકાવ્ય કહે છે. મુરજ, ખડગ, પાશ, પદ્મ, વૃક્ષ અને નાગપાશ આદિ અનેક ચિત્રોનાં ચીત્રકાવ્ય થાય છે.

કવીશ્વર દલપતરામે કેટલાંક ચિત્રકાવ્યો લખ્યાં છે; પણ તેમણે સૌથી ઉત્તમ ચિત્રકાવ્ય નાગપાશનું માની પ્રસંગવશાત્ તે જ ચિત્ર અનેકવાર આપેલું છે. આ નાગપાશ છાપવાની સરળતા થવા તેમણે ખાસ બીબું તૈયાર કરાવ્યું હતું. અને જ્યારે જરૂર પડતી ત્યારે તે જ બીબું છાપખાનામાં આપતા. નાગપાશ પ્રબંધ બીજાં ચિત્ર

* અલંકાર આભાસ, એ શબ્દોમાંથી અલંકાર સ્ફુટ અને અલંકાર આભાસ એમ બે ભેદ સમજવાના છે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કાવ્યો કરતાં સાધારણ રીતે કઠણ છે; પણ જેમને કાવ્યવાણી પ્રાપ્ત થઇ હોય તેમને, તે કઠિન નથી. પોતાને કાવ્યવાણી પ્રાપ્ત થઈ છે કે કેમ તે જોવાની જે મિત્રોને ઇચ્છા હોય તેમણે નાગપાશ પ્રબંધ પોતાને માટે રચવા મારી પ્રાર્થના છે. કવીશ્વર દલપતરામ તેવો પ્રબંધ થોડી વારમાં રચી આપતા હતા. આ નાગપાશમાં બહુધા હરિગીત છંદ કે સ્રગ્ધરાવૃત્ત આવતો હતો. વિશેષ ચમત્કારની વાત તો એ છે કે, એવો પ્રબંધ રચતાં આકૃતિનાં અનેક ઠેકાણાં અને ત્યાં પ્રથમ મુકેલા અક્ષરો યાદ રાખવા પડે છે અને એવો પ્રબંધ રચતાં આંખવાળા પુરૂષને પણ ઘણી સાવચેતી રાખવી પડે છે. પણ કવીશ્વર દલપતરામે, જ્યારે આંખે જોઇ શકાતું ન હતું ત્યારે પણ, એવા પ્રબંધો લખ્યા છે. આ નાગપાશ પ્રબંધ એમના કાવ્યોમાં એકવાર ધ્યાનથી જોવા વાચક મિત્રોને મારી વિનંતિ છે. પણ હવે સમય ફર્યો છે. ચિત્ર કાવ્યમાં હવે જનસમાજનું ચિત્ત નથી. ચિત્રકાવ્યો હવે બહુધા લખાતાં પણ નથી. ભલે આવાં કાવ્યો હવે ન લખાય, પણ જે લખાયાં છે તે એક ચમત્કાર તરીકે ચિરકાળ રહેવા પામે એ તો ઇચ્છવા જેવું છે જ. ચિત્રકાવ્યમાં વાણી ઉલટ સુલટ આવે તો પણ તે અર્થ સહિત વાંચી શકાય છે, અને મનને ક્ષણવાર તેની ચમત્કૃતિનો આનંદ થાય છે. કવીશ્વર દલપતરામે એવી કેટલીક કવિતા મને મોઢેથી કહેલી તેમાંથી એક લીંટી યાદ છે તે આઃ--

"વાહ રે વાહ રસાળિ મહી જ, જહીં મળી સાર હવા રે હવા,"

આમાં કોઇ સારાં હવાપાણીવાળી રસાળ ભૂમિનું વર્ણન કરતાં બોલાયેલી વાણી છે, અને એ લીટી બંને બાજુએથી એક સરખી વંચાય છે. આ લીટીને યોગ્ય આકૃતિમાં ગોઠવીએ તો તે ચિત્રકાવ્ય કહેવાય. નવીન કવિઓ પોતાની પરીક્ષા પૂરતા કારણ માટે ચિત્રકાવ્યનો સત્કાર કરે તો તેટલું પણ ઉપયોગી થશે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

# કવિતાના વિષયની પસંદગી.

કવિતાના અંગનું બંધારણ અને તેના અંગના ગુણો વિષે યોગ્ય નિશ્ચય કર્યા પછી કવીશ્વર દલપતરામને કવિતાના વિષયની પસંદગી કરવાની જરૂર પડી હતી. નીતિમત્તાવાળું મનોબળ અને સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓનો સમાગમ, એ બે કારણોએ તેમના મનમાં એક એવો નિશ્ચય થયો હતો કે, કવિતા ગમે ત્યાં વંચાય, ગમે તેવાં સગાંની વચ્ચે વંચાય, કે પરસ્પર મર્યાદાશીલ વર્તનવાળા મિત્રો વચ્ચે વંચાય, છતાં વાંચનારને કે સાંભળનારને કાંઇ સંકોચ થવો ન જોઇએ. કોઇ કવિતા સંતાઇને વાંચવી પડે કે જેમનો પરસ્પરની મર્યાદા તૂટી હોય તેવાં જ કોઇ વાંચી શકે કે સાંભળી શકે, એવી કવિતાને તેઓ ધિક્કારતા હતા. હાલમાં આવી બાબતમાં બે મત પ્રવર્તે છે. કેટલાક કહે છે કે, અનીતિના વર્ણનવાળા લેખો અનીતિનાં માઠાં પરિણામ થયાના દાખલાઓ સાથે લોકોમાં ઘણા વંચાય તો તેવાં પરિણામોથી બચવા લોકો પ્રયત્ન કરે અને કાળજી રાખે. ઘણાઓ એમ કહે છે કે, એવા લેખો મુદ્દલ વંચાવા ન જોઇએ. કવીશ્વર દલપતરામ આ બીજા મતના હતા અને તેનાં કારણો તેમની પાસે હતાં. આવી બાબતમાં એમની સાથે મારાથી વાતચીત કરી શકાય નહિ, પણ પર્યાયથી એમ સમજાયું કે, કોઈ પણ કવિતા કે લેખ વાંચીને તેમાંની અનીતિવાળી હકીકતો અની-તિની ભાવનાઓનું પોષણ કરે છે અને મનને ઉશ્કેરણી મળવાથી જે માનસિક ખરાબ અસર થાય છે તે અસર ભલે મટતી હોય પણ તેનું કાર્ય મટતું નથી. મેં તમને એક ગાળ દીધી; ભલે પછી આપણે ભાઇબંધી કરીએ, પણ પેલી ગાળની અસર જવાની નથી. અસર ગઇ હોય એમ લાગે, પણ તે વાસ્તવિક રીતે જતી નથી. એક શબ્દ, એક કાર્ય, એક ચાળો કે એક વિકૃતિ હંમેશાં પોતાનાં પરિણામ જગતમાં કર્યાં જ કરે છે, અને તેની અસરો ચોંટવાનીજ.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આ પ્રમાણે હોવાથી કવીશ્વર દલપતરામે એ અનીતિવાળી દિશા જ છોડી દીધી હતી. સંસ્કૃત ભાષાના ઘણા કવિઓએ, કવીશ્વર દલપતરામની ધારણા બહાર હોય એવી ઘણી કવિતાઓ સંસ્કૃતમાં લખેલી છે, પણ તે મતભેદની બાબત છે એમ ઉપર બે મત દર્શાવતાં કહેલું છે. સંસ્કૃત ભાષાના કવિઓ મિત્રમંડળીમાં વિનોદને અર્થે આવી કવિતા કરવાનું આદરી બેઠા હોય એવી કેટલાકની ધારણા છે; અને તે ધારણા ગમે તેમ હોય તો પણ કવીશ્વર દલપતરામના મતે એવી કવિતાઓ બિભત્સ રસમાં નાખવી પડે એમ છે. કવીશ્વર દલપતરામ કહેતા કે, જે બાબતો બીજાને કંટાળો ન આપે એવી રીતે સંભાળથી થવા જેવી હોય તેવી બાબતોના વર્ણનના સંબંધવાળી કવિતા શૃંગાર રસની બહાર નીકળી જાય છે અને બિભત્સ રસમાં જઈ પડે છે. કવીશ્વર દલપતરામે શૃંગાર રસમાં એવી કવિતાનો સમાવેશ કર્યો છે કે જેમાં મનની પ્રસન્નતા રહે અને જે વડે શૃંગાર શબ્દનો અર્થ વિપરીતતા ન પામે. વનઉપવનનાં, પર્વતની કુદરતી લીલાઓ, પ્રાસાદો, નગરો, સરોવરો વિગેરેનાં વર્ણનની કવિતા કે જેમાં કુદરતનો શૃંગાર આવે છે તે કવિતા શૃંગાર રસની કવિતા છે, અને પતિપત્નીના પરસ્પર પ્રેમનાં નિર્દોષ વર્ણન અને તેમની સંસ્કૃતિનું અને તેમના રૂપગુણનું વર્ણન અને વસ્ત્રાલંકાર આદિનું અલંકાર યુક્ત વર્ણન જેમાં હોય તે શૃંગારરસની કવિતા છે એમ તેમનું માનવું હતું; અને તે એક રીતે જોતાં વાસ્તવિક પણ હતું. નાયિકાભેદના નિમિત્તથી સંસ્કૃત ભાષા અને હિંદુસ્તાની કે વ્રજભાષામાં કવિતા થયેલી છે, અને તેમાં શૃંગાર રસ છે એમ ઠરાવવામાં આવ્યું છે, અને તે કદાચ વાસ્તવિક હોય, તો પણ તે દીર્ઘ વિચારે માનસિક ઉપદ્રવનું કારણ હોવાથી અને ધર્મ તથા નીતિની દૃષ્ટિએ તે દિવ્યતાથી દૂર કરનારૂં હોવાથી એ માર્ગે ન જવું એ કલ્યાણકારક જણાયાથી કવીશ્વર દલપતરામે જે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નિશ્ચય કર્યો હતો તે હિતાવહ અને સુખાવહ તો ઠરી જ શકશે. જગતમાં અને વિશેષ રીતે હિંદુસ્તાનમાં અનેક પ્રકારનાં માનસિક દુઃખવાળાં સ્ત્રી પુરૂષો હોય છેઃ સ્ત્રીઓમાં વિધવાઓ હોય છે, ત્યજાયલી છંડાયલી હોય છે, મોટી વય સુધી કુંવારીઓ હોય છે, કોઇ વ્રત બંધનમાં હોય છે અને કોઇ મુકરર નિશ્ચયવાળી હોય છે. પુરૂષોમાં, વિધુર થયેલા, કુંવારા અને બીજી રીતે સુખની દિશા નહિ દેખનારા કે નિરાશ રહેનારા, ઉદાસી કે ત્યાગી હોય છે. આવાં સ્ત્રીપુરુષો આગળ અનીતિમય, લાગણી ઉશ્કેરનારા કે માનસિકવિકૃતિ કરનાર લેખો કે કવિતા આવી પડે અને વંચાય કે નજીકના કોઇ વાંચે કે ગાય તે સંભળાય તેનાં પરિણામ કોઇવાર અતિશય ખેદકારક આવે છે અને દુઃખીના દુઃખમાં વધારો થાય છે. આવાં અનેક કારણોથી કવીશ્વર દલપતરામે પોતાની કવિતાના વિષયની પસંદગી કેવા ધોરણે કરી છે તે સુજ્ઞ વાચકોને હવે અગમ્ય નહિ રહે. માનું દૂધ અને થોરનું દૂધ, એ બંને દૂધ તો ખરાં; પણ તેમાં જેવો ફરક છે તેવો ફરક કવિતાના અંગમાં હોય છે એમ તેમનું માનવું હતું, અને તેથી જ તેમણે કવિતાના વિષયમાં નીતિનું સંરક્ષણ સર્વથા કરેલું છે. એમણે લખ્યું છે કે,

“જે કવિતા વાંચીને અનીતિની અસર થાય,
એવી કવિતાને ઉન્હા પાણીમાં ઉકાળીએ;
નીતિને અનીતિ મિશ્ર ભાવ જેનો ભાળીએ તો,
બાવળના કોયલાની સાથે તેને બાળીએ;”

આ ઉપરથી એમના મનમાં નીતિમત્તા માટે કેટલી લાગણી હતી તેનું તોલ સુજ્ઞ વાચકો કરી શકશે. આ સંબંધમાં એમનાં લખેલાં બે કવિતા અત્રે ઉતારી લીધાં છે, અને તે ઉપરથી નીતિ–

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અનીતિના ભેદવાળી કવિતા માટે એમની માન્યતા કેવી હતી તે સ્પષ્ટ થઇ આવશે:—

(૧)

"બાળક પીએ તો તેને જ્ઞાનબળ બહુ વધે,
જુવાન પીએ તો છક ઉતરે જુવાનીનો;
વૃદ્ધ જો પીએ તો તેને હિંમત ને જોર વધે,
ઉપજાવે અંતરમાં રસ સોળે આનીનો;
સતીઓ પીએ તો તેને સતનો મારગ સૂઝે,
સુધારસ સમ નારી મોટી અને ન્હાનીનો;
સુકવિતા કોઈને ન હોય અવગુણકારી,
દોષ ન દેખાય જેમાં જરીએ નાદાનીનો."

(૨)

"બાળક વાંચે તો તેની બુદ્ધિમાં બિગાડ થાય,
જુવાન વાંચે તો તે જરૂર વહી જાય છે;
વૃદ્ધ જન વાંચે તો તે લાગે તેને વિષ જેવી,
થૂ થૂ કહી જે કવિતા ઉપર થુંકાય છે;
ભગિનીઓ સાંભળતાં ભાઈથી ભણાય નહીં,
લાજવાળા માણસો તો વાંચતાં લજાય છે;
કોણ એવી કવિતાને કહેશે જે કવિતા છે,
કવિતા તો સૌને સુખકારક ગણાય છે."

આ બે કવિતો ઉલટા સુલટી ભાવવાળાં વાંચ્યા પછી કવીશ્વર દલપતરામની કવિતાના વિષયની પસંદગીના ઉદ્દેશ વિષે વિશેષ જાણવાની જરૂર રહેતી નથી.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

## કવિત્વ અને નિરભિમાનીપણું.

કવીશ્વર દલપતરામના માનસિક ગુણો વિષે આ પ્રકરણ લખાયું નથી, પણ કવિત્વની સાથે રહેલા તેમના નિરભિમાનીપણા વિષે બે શબ્દ કહેવાની અત્રે જરૂર પડી છે. કોઈપણ જાતનાં ગુણ, કળા કે શક્તિની પ્રાપ્તિવાળા લોકોમાંથી મોટા ભાગ હુંપણામાં આવી જાય છે, અને એ દોષમાંથી મોટા પંડિતો, વિદ્વાનો અને જ્ઞાનની વાતો કરનારા વેદાન્તીઓ પણ ઘણીવાર મુકત રહેતા જણાતા નથી. કવીશ્વર દલપતરામને જે કળા કે શકિત પ્રાપ્ત થઈ હતી, બ્રિટિશ સરકારમાં જે વગ ઉત્પન્ન થઇ હતી, અને જે ધન પ્રાપ્તિ તથા સાંસારિક સ્થિતિ પ્રાપ્ત થઇ હતી તથા તેમનો જે યશ વિસ્તર્યો હતો તેમાંનું એક પણ જ્યારે મનુષ્યને ગર્વમાં નાખવાને પૂરતું થાય છે ત્યારે આ સઘળાં મળીને એમને ગર્વમાં ખેંચી શકયાં ન હતાં એ ધ્યાન આપવા જેવું અને ઉછરતી પ્રજાએ યાદ રાખવા જેવું થઇ પડે છે. કવિતા સંબંધી પોતે આટલો અભ્યાસ, આટલો પ્રયત્ન કરેલો અને તેને પરિણામે તેમણે આટલી કીર્તિ પ્રાપ્ત કરેલી, તો પણ તેઓ પોતે લખે છે કેઃ—

“ કવિના તર્ક વિતર્કથી છેક અજાણ્યો છું જ;
કવિ મુજને લોકો કહે નામ માત્ર કવિ હું જ. ”

*  *  *  *  *  *

“ મતિમાન મહાન થયા કવિ, કવિતા કરી નવી નવી;
એવા કવિઓની આગળે કોણ માત્ર દલપત કવિ. ”

*  *  *  *

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

"કદિ ચૂક જણાય અચૂક કૃપાથી ક્ષમા કરજો;"

કવીશ્વરનાં આ વચનો સર્વથા એમના નિરભિમાનીપણાને જ વ્યકત કરે છે. એમણે પોતાને હાથે જ એક ઠેકાણે લખ્યું છે કે, "કવિ પ્રેમાનંદ અને શામળભટ્ટના જેટલી કવિતાશકિત મારામાં નથી, તેમ જ બીજા પણ સર્વ કવિઓનો હું દાસ છું." કોઇ કહેશે કે, મહાકવિ કાલિદાસે રઘુવંશના આમંત્રમાં પોતાની નમ્રતા એવી જ રીતે પ્રકટ કરી છે, અને એ પદ્ધતિ અનુસાર કવિ દલપતરામે નમ્રતા બતાવી હોય તો તે માત્ર એક શિષ્ટાચાર કરતાં કાંઇ વિશેષ કહેવાય નહિ. પરંતુ કવિ દલપતરામ તો પ્રેમાનંદ અને શામળભટ્ટનાં નામ આપીને લખે છે અને મોઘમ લખતા નથી. શિષ્ટાચાર ઘણુંખરું મોઘમ લખવામાં આવે છે. વળી કવીશ્વર દલપતરામના સમાગમનો લાભ પામેલા ઘણા ગૃહસ્થો હાલ છે; તેમાંથી કોઇને પણ પૂછતાં સમજાશે કે, તેમનામાં, ગર્વ થવા જેવાં કારણો છતાં, ગર્વ ન હતો અને નમ્રતા નૈસર્ગિક હતી.

## કાવ્ય વ્યવસાય અને અર્થપ્રાપ્તિ.

કવીશ્વર દલપતરામને "બુદ્ધિપ્રકાશ"ને અંગે ગદ્યલેખન લખવાનું પ્રાપ્ત થયું, તથા તેમણે કેટલાક નિબંધો ગદ્યમાં લખ્યા તોપણ તેમનું ગદ્યલેખન કરતાં કાવ્યલેખન અથવા પદ્યલેખન વધારે જથામાં અને વધારે ગુણવાળું છે. આંખો સારી હતી ત્યાં સુધી તો તેઓ કાગળ ઉપર કવિતા લખતા; પણ જ્યારે આંખોમાં ખામી આવી ત્યારે અને જ્યારે માત્ર તેઓ પ્રકાશ અને રંગ સિવાય બીજું કાંઇ જોઇ શકતા ન હતા ત્યારે તો તેમને કાગળ ઉપર લખવાનું ફાવ્યું નહિ. વળી આંખોની શકિત હતી ત્યારે જેટલી કવિતા લખી છે તેટલી જ કવિતા આંખોની શક્તિ ગયા પછી પણ તેમણે લખેલી છે. આ કેવી રીતે બન્યું હશે તે જાણવાની વાચકગણને સ્વાભાવિક

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ઇચ્છા થવાનો આ પ્રસંગ છે, અને તેથી તે વિષે અત્રે બે શબ્દો લખવાની આવશ્યકતા જણાય છે.

એમની સ્મરણશક્તિ સ્વભાવિક સારી હતી, અને તેથી ધારણા શક્તિનું બળ સારૂં રહેતું. આ કારણથી કવિતાનાં પ્રથમનાં ચરણો, પાછલાં ચરણો લખતી વખતે એમને યાદ રહેતાં. આ એમની સ્મૃતિ અને ધારણાનાં બળે એમને આંખોની શક્તિ ગયા પછી ઘણી મદદ કરી હતી, અને તેથી બે પૈસાની તેમને પ્રાપ્તિ પણ થઇ હતી. આ પ્રમાણે સ્મૃતિ અને ધારણાનું બળ છતાં એમને આંખ વિના લખવાની મુશ્કેલી પડતી. પ્રથમ ચરણ લખતાં લીટી આડી જતી રહે અને બીજા ચરણની લીટીનો કેટલોક ભાગ પેહેલા ચરણની લીટી ઉપર ચઢી જાય. આવું હંમેશ બનવા પામે તેથી તેમણે એવી યુક્તિ કરી હતી કે, એક મોટા કદની પાટીને બે બાજુએ કાંણાં પડાવી તેમાં આડી દોરીઓ બંધાવી હતી અને તે દોરીઓના આધારથી લીટીઓ ઘણી વાંકી થઇ જવા પામતી નહિ. આવી એક બે પાટી રાખેલી તેમાંથી એક પાટી ઉપરનું લખાણ બીજો માણસ ઉતારી લે એટલામાં બીજી પાટી લખાઈ તૈયાર થતી. આ પદ્ધતિ રાખ્યાથી એમના કામને ઘણી સરળતા થઇ હતી. આ પ્રમાણે કેટલોક વખત મહાવરો થયા પછી તેઓ પાટી ઉપર ઘણુંખરૂં સીધી લીટીએ લખી શકતા હતા.

જે વિષય લખવાનો હોય તે વિષયની, તેમને અનુભવને લીધે, માહિતી હોય તેથી તથા અનેક પ્રકારની કલ્પના કરવાની ટેવને લીધે તથા પ્રતિભા શક્તિને લીધે તેમને કવિતા લખી આપતાં વિલંબ થતો ન હતો, અને એક માણસને વિચારપૂર્વક કાગળ કાગળ લખતાં જેટલો વખત લાગે તેટલો જ વખત તેમને કવિતા લખવામાં પૂરતો થતો. અક્ષરમેળ વૃત્તો કરતાં માત્રામેળ છંદો તેઓ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ઘણી ઝડપથી લખતા, અને ગિરધરકૃત્ત રામાયણ કે પ્રેમાનંદના ઓખાહરણ જેવા માત્રામેળ રાગમાં તો તેઓ તેથી પણ વધારે ઝડપથી લખતા. કોઇપણ વિષય ઉપર તેમને લખવાનું કહેતાં તેઓ તત્કાળ સારી કલ્પના કરીને લખી શકતા એ વાત એમની પાસે શીખેલા અને એમનીશિક્ષા ગુરૂની શિક્ષણપદ્ધતિપાઠશાળામાંની કારકીર્દી જેમણે જોયેલી તેઓ આ પ્રમાણેજ કહી શકે છે. એમણે જેટલું લખ્યું છે તે સઘળાની પૂરી અને ખાત્રીલાયક નોંધ મારી પાસે નથી; તો પણ તેમણે લખેલા નાનામોટા ગ્રંથોનાં નામ નીચે પ્રમાણે મેં ઉતારી લીધેલાં છેઃ—

૧ **ભૂતનિબંધ**—આ માટે ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીએ રૂ. ૧૫૦ ઇનામ આપ્યું હતું. સન ૧૮૪૯.

૨ **જ્ઞાતિનિબંધ**—બીજી હકીકત ઉપર પ્રમાણે. સન ૧૮૫૧.

૩ **લક્ષ્મી નાટક**—આ માટે ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીએ રૂ. ૫૦) ઇનામ આપ્યું હતું. સન ૧૮૫૧.

૪ **કથનસપ્તશતી**—એજ સંસ્થાએ રૂ. ૪૦) ઇનામ આપ્યું હતું. સન ૧૮૫૨.

૫ **ભાવનગરના મહારાજ** વિજયસિંહજીનો સ્વર્ગવાસ—આ માટે ભાવનગરથી રૂ. ૨૦૦) મળ્યા હતા. સન ૧૮૫૨.

૬ **પુનર્વિવાહ પ્રબંધ**—મુંબઇની જ્ઞાનપ્રસારક સભાની જાહેર ખબર ઉપરથી લખેલો તે માટે રૂ. ૧૫૦ ઇનામ મળ્યું હતું.

૭ **સ્ત્રી-સંભાષણ**—ફારબસ સાહેબની ફરમાશથી લખેલું તે માટે રૂ. ૫૦) ઇનામ મળ્યું હતું. સન ૧૮૫૩.

૮ **બાળવિવાહ નિબંધ**—ગૂજરાત વર્ના૦ સોસા૦ની જાહેરાત ઉપરથી લખેલું તેનું રૂ. ૭૫ ઇનામ મળ્યું હતું. સન ૧૮૫૪

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

૯ ગુરૂશિષ્યધર્મ—શેઠ કરસનદાસ મૂળજીની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૧૫૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૫૭.

૧૦ શેહેરસુધારા વિષે—હોપ સાહેબની ફરમાસથી લખેલું તે માટે રૂ. ૫ ) ઇનામ મળ્યું હતું. સન ૧૮૫૮.

૧૧ વિજયક્ષમા—આ માટે ભાવનગરથી રૂ. ૨૦૦) ઇનામ મળ્યું હતું. સન ૧૮૫૯.

૧૨ કાવ્યદોહનનાં પુસ્તકો બે તૈયાર કર્યાં તે માટે સરકારે રૂ. ૧૫૦૦) ઇનામ આપ્યું હતું. સન ૧૮૬૦-૬૩.

૧૩ શેરસટ્ટાની ગરબીઓ—મુંબાઇ દફતરઆશકારાવાળાની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૫૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૬૫.

૧૪ હંસકાવ્યશતક—મુંબઇના શેઠ હંસરાજ કરમશીને ભેટ આપેલું તેના રૂ. ૫૦૦) મળ્યા હતા. સન ૧૮૬૫.

૧૫ ગૂજરાતના હિંદુઓની સ્થિતિ—બુદ્ધિવર્ધક સભાની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૩૦૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૬૭.

૧૬ જસવંત-રાજનીતિ—ભાવનગરના દરબારની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૫૦૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૬૭.

૧૭ સૌરાષ્ટ્ર સમૃદ્ધિવર્ધક—પાલીતાણાના દરબારની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૨૦૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૬૮.

૧૮ વેનચરિત્ર—રા. બા. ગોપાળરાવ હરિની ફરમાસથી પાલીતાણાના દરબાર માટે લખી રૂ. ૭૫૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૬૮.

૧૯ શ્રવણાખ્યાન—( વ્રજભાષામાં ). બલિરામપુરના મહારાજાને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

લખી ભેટ મોકલેલું ત્યાંથી રૂ. ૫૦૦) ઇનામ આવ્યું હતું. સન ૧૮૬૮.

૨૦ **સંસારીધર્મ વિષે**—શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઇના ઇનામની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૫૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૬૯.

૨૧ **મિથ્યાભિમાન નાટક**—ઠક્કર ગોવિંદજી ધરમશી તરફની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૧૫૦) ઈનામ મેળવ્યું હતું. સન ૧૮૭૦.

૨૨ **દૈવજ્ઞદર્પણ**—શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઇના ઇનામની જાહેરખબર ઉપરથી લખી રૂ. ૧૦૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૭૩.

૨૩ **કાવ્યસંક્ષેપ**—આ માટે અંગ્રેજ સરકારે રૂ. ૩૫૦) ઇનામ આપ્યું હતું. સન ૧૮૭૫.

૨૪ **સગોત્રવિવાહનિર્ણય**—કચ્છના પોલીટીકલ એજન્ટની ફરમાસથી લખી રૂ. ૧૦૦) ઇનામ મેળવ્યું હતું. સન ૧૮૭૫.

૨૫ રા. સા. મહીપતરામના વિલાયત જવા વિષે નિબંધ.

૨૬ તાર્કિક બોધ.

૨૭ શામળશતશાઇ.

૨૮ જ્ઞાનચાતુરી ( વ્રજભાષામાં ).

૨૯ વાચનમાળામાંની કવિતાઓ.

૩૦ ગૂજરાતી પિંગલ.

૩૧ તપ્તવિલાસ ( રૂ. ૧૫૦૦) ઇનામ મળ્યુ ).

૩૨ માંગલિક ગીતાવળી ( રૂ. ૪૦૦) વઢવાણથી મળ્યા ).

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

૩૩ કચ્છ ગરબાવળી ( રૂ. ૫૦૦) ઇનામ મળ્યું. )

૩૪ **પ્રવીણસાગરની ટીકા** ( રૂ. ૧૦૦૦) મળ્યા ).

૩૫ **પ્રવીણસાગરની છેલ્લી ૧૨ લેહેરો** ( વૃજભાષામાં ) ( રૂ. ૧૦૦૦ મળ્યા હશે ).

૩૬ **સ્વામિનારાયણના જન્મચરિત્રનો ગ્રંથ**—૧૧૦૦૦ શ્લોક જેટલો લોધિકાના તાલુકદાર અભેસિંહજીએ લખાવી રૂ. ૧૦૦૦) અને શીરપાવ આપ્યો.

૩૭ સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ બ્રહ્માનંદ અને મુક્તાનંદના ઘણા કઠણ છંદની ટીકા.

૩૮ દલપત શતશાઈ.

૩૯ દલપત કાવ્યમાં પ્રકટ થયેલો કવિતાઓનો મોટો સંગ્રહ.

૪૦ હરિલીલામૃત ( સાંપ્રદાયિક ) આ ગ્રંથ ઘણો જ મોટો છે.

૪૧ ફારબસવિરહ.

૪૨ કવિતાવિલાસ.

ઉપર પ્રમાણે બની તેટલી યાદી આપી છે. આ ઉપરથી જોતાં એમ જણાય છે કે, એમણે ઘણુંખરૂં બીજાઓને માટે અને બીજાઓની ફરમાસથી અથવા જાહેરખબરો ઉપરથી ઘણું લખ્યું છે અને પોતે થઈને અથવા પોતાને માટે લખેલું તે કરતાં ઓછું છે. ઇ. સ. ૧૮૪૯ માં ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી ભૂતનિબંધ રચવાની રૂ. ૧૫૦) ના ઇનામની જાહેરખબર છપાઇ તે વખતે એ. કે. ફારબસ * સાહેબે કવીશ્વર દલપતરામને કહ્યું કે, તમે

* આ અંગ્રેજ ગૃહસ્થનો કવિ દલપતરામને સમાગમ થયાની હકીકત આ પુસ્તકમાં હજી આગળ આવશે પણ કાવ્ય સાહિત્યના વિષયમાં સંબંધ પૂરતું એમનું નામ મુકવું પડ્યું છે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એ વિષે નિબંધ રચો, ત્યારે એમણે ઉત્તર આપ્યો કે એટલા થોડા ઇનામ વાસ્તે એટલી બધી મહેનત કોણ કરે ? ત્યારે ફારબસ સાહેબે કહ્યું કે, જાહેરખબર ઉપરથી નિબંધ રચીને ઇનામ મેળવવું તે એક પરીક્ષામાં પસાર થવા જેવું છે અને તેથી માન તથા પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય છે, અને એટલા માટે વિલાયતના શ્રીમંત લોકો એવું ઇનામ મેળવવાની ચાહના રાખે છે અને તે નિબંધ રચવાનાં સાહિત્ય મેળવવામાં તે ઇનામ જેટલા અથવા તેથી વધારે રૂપીઆ ખરચવા પડે તો ખરચે છે. કવિ દલપતરામે આ વાત સાંભળીને તે દિવસથી કેટલાંએક વરસ સુધી એવો ઠરાવ રાખ્યો હતો કે, મુંબઇ, અમદાવાદ કે કાઠિયાવાડમાં નિબંધ રચવાના ઇનામની કોઇ જાહેરખબર છપાય તો તે વિષે નિબંધ રચીને મોકલવો. આ પ્રમાણે કર્યાથી એમને ૧૨ ઇનામો મળ્યાં હતાં. કવિતાએ એમને યશ અને અર્થ બંનેની પ્રાપ્તિ કરાવી આપી હતી. એમની કવિતાથી પ્રસન્ન થઇને મુંબઇમાં પારસી બાનુઓએ એક સભા ભરી કવીશ્વરને રૂ. ૫૦૦) ની ચાર ટકાની લોન સન ૧૮૫૯ માં ભેટ કરી હતી. સન ૧૮૬૩ માં એમની કવિતા સાંભળીને શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ રૂ. ૫૦૦) બક્ષીસ આપ્યા હતા. આ સિવાય એમને નાની મોટી ઘણી રકમો કવિતાના કારણે મળી હતી, અને ભાવનગર, ઇડર, જૂનાગઢ, વઢવાણ અને ઇલોલનાં દેશી રાજ્યો તરફથી અનુક્રમે રૂ. ૨૦૦, ૧૦૦, ૧૦૦, ૧૦૦, અને ૫૦, એ પ્રમાણે વર્ષાસન એમને બાંધી આપવામાં આવ્યાં હતાં. તેમાં ભાવનગરનું રૂ. ૨૦૦) વર્ષાસન વંશપરંપરા અને બાકીનાં કવીશ્વરની હયાતી સુધીનાં હતાં. કવીશ્વરની યશપ્રાપ્તિ સાથે જ અર્થપ્રાપ્તિ પણ અત્રે બતાવી દીધી છે એટલે તે જુદી બતાવવાની જરૂર રહેશે નહિ.

## વાચનમાળા, પિંગલ અને કવિશ્વરની પદવી.

જુની વાચનમાળામાં એમની કવિતાઓ ઘણી છે અને મુખ્યત્વે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એમની જ કવિતાઓ મુકવામાં આવી છે. એ કવિતાઓ મુકવામાં એમને પોતાને જ અધિકાર હતો અને તેથી તેમણે પોતાની જ કવિતાઓ વિશેષ રીતે મુકી છે એમ માનવાની કેટલાક મિત્રો ભૂલ કરે છે; પણ વાસ્તવિક રીતે તેમ ન હતું. કવિને જે વિષય ઉપર લખવાનું સોંપવામાં આવે તે વિષયની કવિતા લખી આપવાનું એમનું કામ હતું. બીજા કવિઓની કવિતાઓમાંથી લેવા જેવી કવિતા થોડી જ મળી આવી હતી. વળી પ્રાચીન કવિઓની કવિતાઓમાંથી લેવા જેવી કેટલીક કવિતા હતી; પણ ધર્મના સંબંધ વગરની જ કવિતા દાખલ કરવાનો સરકારનો ઉદ્દેશ હતો તેથી પ્રાચીન કવિતાઓમાંથી ઘણો થોડો જ ભાગ લઇ શકાયો હતો. ઉપર કહી તેવી ઘણી જ ભૂલો હાલના કેટલાક નવા લેખકો કેવળ કાલ્પનિક રીતે અથવા પોતાને મળેલી કે પોતાની આગળ રજુ થયેલી માહિતીનો ઉપયોગ કરીને કે કદાચ દુરૂપયોગ કરીને પણ કરે છે ત્યારે ખેદ પામવાને કારણ મળે છે. આ પ્રમાણે કરવામાં પોતાનું કેટલું અણહિત થાય છે, પોતે દિવ્યતાથી કેટલા દૂર જાય છે અને પોતાનાં સાધનસામગ્રી વડે પોતાના જ હૃદયની કેવી વિરૂપ છબિ પડાવે છે તેથી જ્ઞાત થવા જો તેઓ પ્રયત્ન કરશે તો તે ઘણું જ ઈચ્છવા જેવું છે. નવી વાચનમાળામાંથી કવીશ્વર દલપતરામની ઘણીએક કવિતા કમી કરવામાં આવી છે અને તેને સ્થાને નવી કવિતાઓ દાખલ થઇ છે તે જનસમાજ આગળ સુપ્રસિદ્ધ હોવાથી એ કાર્યના ગુણદોષ વિષે અત્રે કાંઇ કહેવાની આવશ્યકતા રહેતી નથી. અત્રે નોંધ કરવા જેવી એક જ બાબત છે, અને તે કવીશ્વર દલપતરામના ગૂજરાતી પિંગલમાં કાંઇ વિશેષ રીતે દખલ કરવામાં ન આવે એ સંભાળવા વિષે છે. એ પિંગલ જો કે કદમાં નાનું છે, તોપણ તે સંસ્કૃત અને વ્રજભાષાનાં પિંગળો કરતાં વિશેષ રીતે સરળ અને ઉપયુકત માહિતીવાળું હોવાથી એમાં હવે અંગુલિપ્રવેશ કરવા જેવું નથી. આ એક પિંગળ જ એમને કવીશ્વરની પદવી પ્રાપ્ત



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કરાવવાને પૂરતું છે. તો પછી જ્યારે લાખો શ્લોકની સંખ્યા જેટલી જેમની કવિતાઓ છે; જેમને સરકાર અને પ્રજા બંનેએ દીર્ઘકાળ સુધી ગૂજરાતના મુખ્ય કવિ તરીકે પિછાણ્યા છે; જેમની કવિતા લક્ષાવધિ માણસોના મુખમાં આજ સુધી રહી છે; જેમણે કવિતા વડે જ પોતાનું આખું જીવન ગુંથી નાખ્યું છે; લોકોએ સભાઓ કરીને પણ જ્યારે એમની 'કવીશ્વર' પદવીને માન્ય કરી છે; જેમનું પિંગળ શીખીને આજે હજારો લેખકો અને કવિઓ કવિતા કરી રહ્યા છે અને શિક્ષણપદ્ધતિપાઠશાળામાં એમની પાસે જ કવિતા શીખી કવિતા કરતાં શીખી ગયેલા ગૃહસ્થોએ આજ સુધી ગૂજરાતની પ્રજાને કેળવી છે; તેમને પ્રાપ્ત થયેલી કવીશ્વરની પદવી યથા સ્થાને છે એમ આપણે સ્વીકારવું પડશે જ. વળી ગૂજરાતમાં વિદ્યાવૃદ્ધિ માટે એમણે જે પ્રયત્નો અને સ્વાર્થત્યાગ કરેલા છે તથા વિદ્યાર્જનની સંસ્થાઓ સ્થાપવા માટે એમણે આખા ઈલાકામાં શારીરિક અને માનસિક શક્તિઓનો જે વ્યય કરેલો છે તેની જો તુલના કરવામાં આવે તો તેમની કવિતાને લક્ષમાં ન લેતાં પણ તેઓ કવીશ્વરની પદવીને એક સન્માનના ચિહ્ન તરીકે પણ ધારણ કરવાને યોગ્યતા ધરાવતા હતા, એ વાત નિર્વિવાદ રીતે સિદ્ધ થઈ શકે છે.

## ભાગ્યોદય.

કવીશ્વર દલપતરામ કવિતાના પ્રયત્નોમાં જો કે મચ્યા રહેતા હતા, તોપણ તેથી જોઈએ તેવી અર્થપ્રાપ્તિ તેમને થતી ન હતી. તેવામાં છાપખાનાની શરૂઆત હતી અને તેની ઘણી અછત હતી, અને બહુધા શિલાછાપનું કામ થતું હતું; એટલે એકાદ કવિતાનું પુસ્તક છપાવી તેમાંથી કાંઈ મેળવી શકાય એવું ન હતું. આ કારણથી તેઓ ધનવાન અને રસજ્ઞ હોય એવા ગૃહસ્થને પોતાની કવિતાથી રંજિત કરી નાનાં નાનાં ઇનામ કે, શિરપાવ મેળવતા અને તે વડે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



પોતાનું ઘર ચલાવતા. આ કારણ માટે તેઓ અમદાવાદ સુધી કોઇ કોઇવાર આવતા અને ત્યાં સ્વામિનારાયણના મંદિરમાં મુકામ કરતા. અમદાવાદમાં ધનાઢ્ય અને રસજ્ઞ ગૃહસ્થોને રીઝવી કાંઇક મેળવતા અને પાછા વઢવાણ ચાલ્યા જતા. આ પ્રમાણે અમદાવાદમાં એમને ઘણા ગૃહસ્થોનું ઓળખાણ થયું હતું. આ ગૃહસ્થોમાંથી સ્વર્ગવાસી ભોળાનાથ સારાભાઇ નામના નાગર ગૃહસ્થ સાથે તેમને વિશેષ રીતે પરિચય થયો હતો; કેમકે ભોળાનાથ ભાઇને દલપતશાઇ કવિતાનો સારો શોખ હતો; અને તેઓ પોતે પણ રસજ્ઞ, સહૃદય અને સારા કવિ હતા. તેઓ કવિતા કરતા હતા છતાં પોતાને કવિ કહેવડાવતા ન હતા. તેઓ મૂર્તિપૂજાને માનતા ન હતા છતાં આર્યસમાજી ન હતા. તેમણે ઇશ્વરસ્તવનની સુંદર કવિતાઓનાં પુસ્તકો લખ્યાં છે અને તે આજસુધી ઘણાં વંચાય છે. સનાતન ધર્મી હિંદુઓ પણ ઇશ્વરની સ્તુતિ વાંચવા એમનાં પુસ્તકો સંગ્રહતા અને વાંચી પ્રસન્ન થતા. કવીશ્વર દલપતરામના સમાગમથી ભોળાનાથભાઇ જેવા સરકારદરબારમાં વગવાળા ગૃહસ્થ પ્રસન્ન થયા હતા, અને તે પ્રસન્નતાનો યોગ્ય વખતે પણ સદુપયોગ થયો હતો. ઇ. સ. ૧૮૪૮ ની સાલમાં અમદાવાદમાં મદદનીશ ન્યાયાધીશની જગ્યાએ એલેક્ઝાન્ડર કિન્લૉક ફારબસ સાહેબ નામે અંગ્રેજ ગૃહસ્થ અધિકાર ઉપર હતા. તેમણે ગૂજરાતી ભાષાનો એવો સારો અભ્યાસ કરેલો હતો કે, તેઓ એક જન્મેલા ગૂજરાતી ગૃહસ્થની પેઠે ગૂજરાતી કવિતાનો પૂર્ણ આસ્વાદ લઇ શકતા. તેઓ ગૂજરાતી ભાષામાં લખાયેલાં કે છપાયેલાં પુસ્તકો ઝડપથી વાંચી જતા અને બીજાં વાંચવાનું મન રાખતા. તેઓને ઇતિહાસનો અને શોધખોળનો તથા કવિતાનો ઘણો શોખ હતો. ભોળાનાથભાઇ સાથે વાતચીતમાં તેમને ખબર પડી કે, વઢવાણમાં દલપતરામ નામે કવિ છે તેમની આર્થિક સ્થિતિ એવી છે કે,

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જો તેમને બોલાવવામાં આવે તો તેઓ આવીને સોંપવામાં આવે તે કામ કરે એવા છે. આ ઉપરથી ફારબસ સાહેબે માણસ મોકલી વઢવાણથી દલપતરામને તેડાવ્યા અને રૂ. ૧૫)ના માસિક પગારથી પોતાની પાસે રાખ્યા. કવીશ્વર દલપતરામના ભાગ્યોદયનો દરવાજો આ પ્રમાણે ઉઘડયો. ફારબસ સાહેબ સાથે એમને એટલો બધો ગાઢો સંબંધ બંધાયો કે, તેઓ નોકર છતાં મિત્રના જેટલું સન્માન પામ્યા. ફારબસ સાહેબનો વિચાર **રાસમાળા** નામનું ઐતિહાસિક પુસ્તક અંગ્રેજીમાં લખવાનો હતો, અને તેથી તે સંબંધી સાહિત્ય એકત્ર કરવાનું કામ કવિ દલપતરામને તેમણે સોંપ્યું. કવિ દલપતરામને પોતાની પાસે રાખતાં પહેલાં બીજા અનેક જણને પોતાની પાસે તેમણે બોલાવેલા, પણ તેમાંથી કોઇ તેમને મન અનુકૂળ જણાયા નહિ અને છેવટે કવીશ્વર દલપતરામનો સુયોગ થયો અને તેઓના મનની મુરાદ પાર પડી.

ફારબસ સાહેબનું રાસમાળાનું પુસ્તક અંગ્રેજીમાં છપાઇ બહાર પડયું, અને તેનું ગૂજરાતી ભાષાંતર પણ થયું છે. આ પુસ્તકનું સાહિત્ય એકઠું કરવા માટે કવીશ્વર દલપતરામને ગૂજરાતમાં અને ગૂજરાતની સરહદના ભાગમાં ઘણું ફરવું પડયું, અને ગૂજરાત સંબંધી અનેક હસ્તલિખિત પુસ્તકો અને રાસા તેમણે એકઠાં કર્યાં અને ઉતારી આણ્યાં. પ્રથમ મેળાપ વખતે ફારબસ સાહેબનું વય ૨૭ વર્ષનું અને કવિ દલપતરામનું વય ૨૮ વર્ષનું હતું.

## ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીની સ્થાપના.

રાસમાળા માટે અનેક પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો તે ઉપરથી ફારબસ સાહેબના મનમાં એવો વિચાર આવ્યો કે, જૂનાં પુસ્તકો અને પ્રાચીન કવિઓની કવિતાઓ મોટા જથામાં શોધી એકઠી કરીએ તો ગૂજરાતી ભાષામાંનું જૂનું સાહિત્ય લોકોના જાણવામાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આવી તેનો લાભ ઘણા લોકને મળે, અને તે ઉપરાંત નવાં પુસ્તકો રચાવી પ્રસિદ્ધ કરવામાં આવે તો લોકોને જુદા જુદા વિષયમાં સારૂં જ્ઞાન મેળવવાની તક પ્રાપ્ત થાય. તે વાત તેમણે કવીશ્વર દલપતરામને કહી. કવીશ્વર દલપતરામના મનમાં પણ એવા વિચાર તો ખરા; પણ એ બધું કેમ બને અને તેમાં ઘણાં નાણાંનું કામ તેથી તેમને એ વિષય પ્રથમ મનમાં કઠિન લાગેલો; પણ ફારબસ સાહેબની હોંસ જોઇ તેથી તેમને એ વાત સ્વીકારવા ઉત્સાહ થયો, અને ગૂજરાતી ભાષાના અભ્યુદયના કામમાં સામેલ થવા તેઓ તૈયાર થયા. સાહેબે કહ્યું કે, હું હાલ ગૂજરાતમાં આવ્યો છું તો ગૂજરાતી ભાષા માટે બને તેટલું સારૂં કાર્ય મારે કરવું અને તે માટે નાણાંની જરૂર પડવાની હોવાથી એક લાખ રૂપીઆ કોઇ રીતે શ્રમથી મેળવવા; રૈયતમાં ઘણા ધનવાન ગૃહસ્થો છે અને ઘણા દેશી રાજાઓ છે તે ગૂજરાતી ભાષા માટે નાણાં કાઢી આપશે અને તે માટે એક ટીપ ફેરવીશું તો આ પ્રમાણે નાણાં મેળવવાનો માર્ગ કરી તેમાંથી એક ખાતું સ્થાપી તેમાં ગૂજરાતી ભાષાના સાહિત્યની વૃદ્ધિનું અને વિદ્યાવૃદ્ધિનું કાર્ય કરાવવામાં આવશે અને ઉઘરાવેલા ફાળામાંથી તેનું ખર્ચ પણ નભી શકશે. આ પ્રમાણે નિશ્ચય કરીને તે માટેના સઘળા પ્રાથમિક પ્લાનો લેવામાં આવ્યા, અને સન ૧૮૪૮ ના ડીસેંબર માસની ૨૬ તારીખે 'ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી'ની સ્થાપના કરવામાં આવી. ફારબસ સાહેબે અને કવિ દલપતરામે ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીની સ્થાપના માટે એટલો બધો ઉત્સાહ રાખ્યો હતો કે, તે માટેના શ્રમનો તેમને ખ્યાલ આવતો નહિ. પણ પ્રિય વાચક, તેમના શ્રમનો ખ્યાલ જો તું કરી શકે તો ખરેખર તારા મનુષ્યત્વના ગુણો પૂર્ણ વિકાસને પામ્યા છે એમ ખચિત માનજે. ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીના બ્રહ્મદેવ ફારબસ સાહેબ અને પ્રાણ દલપતરામ થયા. કોઇ-પણ કામ, ધંધો, કારખાનું, પેઢી, આશ્રમ, અને રાજ્ય સુદ્ધાં પણ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જ્યારે તેનો કોઇ આત્મારૂપ પુરૂષ હોય છે ત્યારે જ સારી રીતે ચાલે છે. કવીશ્વર દલપતરામે ગૂજરાત વર્નાકયુલર સોસાઇટી સ્થાપવામાં જે પ્રયત્ન અને પદ્ધતિ નક્કી કર્યાં હતાં તથા કાર્યનો જે અનુક્રમ ગોઠવ્યો હતો તે જો બારીકાઇથી જોવામાં આવે તો તેમાં તેમની કાર્યભાર કરવાની શકિત, અથવા બીજા શબ્દમાં કહું તો, કાર્ય ધુરંધરતા સ્પષ્ટ જોવામાં આવતી હતી; અને એ કાર્યભાર શકિતમાં એમની જન્મસિદ્ધ પ્રતિભાએ મદદ કરી હતી. ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીએ, તે સ્થાપન થઇ ત્યારથી આજસુધી ગૂજરાતી ભાષાના અભ્યુદય માટે અને સાહિત્યવૃદ્ધિ માટે જે પ્રયત્નો કર્યાં છે અને જે કાર્ય કરેલાં છે તે એટલાં બધાં છે કે, આપણે સોસાઇટીની પ્રશંસા કરવી જ પડે છે. જો દોષદષ્ટિએ કે પરીક્ષાની દૃષ્ટિએ જોવામાં આવે તો અલબત કેટલીક ખામીઓ નજરે આવશે, પણ તે ગુણના મોટા સમુચ્ચય સામે વિચારમાં લેવા જેવી નથી. સોસાઇટીના નેતાઓને નમ્રતાપૂર્વક એટલી જ પ્રાર્થના છે કે, હોંસથી અને ન્યાયથી સર્વ પ્રયત્નો ચાલુ રાખો, અભેદ બુદ્ધિનું સંરક્ષણ કરતા રહો અને મનુષ્યને મનુષ્યત્વમાંથી દિવ્યત્વમાં લઇ જનારા પ્રાચીન વૈદિક સનાતન ધર્મને કિંચિત્ પણ હાનિ થાય એવું કશું ન થવા દો. કવીશ્વર દલપતરામના શબ્દોમાં જ આપણે સોસાઇટીને અપાયેલો આશીર્વાદ વાંચીશું કે,

"દ્વિજ દલપતરામે દિલથી આશીષ દીધી
આજથી સોસાઇટી તું થજે અવિનાશિની."

## વિદ્યાવૃદ્ધિના પ્રયત્નો.

સોસાઇટીને અંગે એક મોટી પુસ્તકશાળા સ્થાપવામાં આવી. દર બુધવારે એક વર્તમાનપત્ર પ્રગટ થવા લાગ્યું. ગૂજરાતમાં તે વખતે એક પણ વર્તમાનપત્ર નહતું અને પ્રજા અંધારામાં રહેતી. કવીશ્વર

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

દલપતરામે પુસ્તકો મેળવી ગ્રંથાલયનું કાર્ય ઉત્સાહથી આગળ વધાર્યું અને તે માટે બને એટલો શ્રમ લેવા માંડયો. તેવામાં છોકરાઓ માટે જુજ નિશાળો અને તે પણ ગામઠી ઢબની હતી. કન્યાશાળા તો કોઇ સમજતું જ નહિ. કવીશ્વર દલપતરામે તે માટે ઘણો પ્રયત્ન આરંભ્યો. તેઓ શ્રીમંત ગૃહસ્થોને ત્યાં વારંવાર ધક્કા ખાઇ તેમનાં મન રાજી કરી ધન એકઠું કરતા અને વિદ્યાવૃદ્ધિના કામમાં નાખતા. અમદાવાદના સુપ્રસિદ્ધ શેઠ હઠીસિંહનાં સુપત્ની જે હરકોર શેઠાણીના નામથી ઓળખાતાં તેમની પાસેથી કન્યાશાળા સ્થાપવા માટે વચન લીધું, અને કન્યાશાળા સ્થાપન થઇ. તે વખતે સોંઘવારી સારી હતી તેથી રૂ. ૪૦૦૦) માં હાલના ૧૬૦૦૦ જેટલી કિંમતનું કન્યાશાળા માટે મકાન બંધાયું, અને બાર હજાર રૂપીઆ શેઠાણીએ કન્યાશાળાના ચાલુ ખર્ચ માટે આપ્યા. સરકારે હરકોર શેઠાણીને 'નેકનામદાર સખાવતે બહાદૂર'નો ઇલકાબ આપ્યો. વિદ્યાવૃદ્ધિના કાર્યમાં સરકારની અને સરકારી અમલદારોની મદદ હતી તેથી કવીશ્વર દલપતરામ પોતાના પ્રયત્નમાં ફાવતા ગયા અને તેમનો આવાં સત્કાર્ય માટે ઉત્સાહ વધતો ગયો. ફારબસ સાહેબ જેવા ગૂજરાતના અને ગૂજરાતી ભાષાના હિતચિંતક પુરૂષ કવીશ્વર દલપતરામની મદદમાં સર્વાંશે સામીલ હોવાથી અને કવીશ્વર દલપતરામના શ્રમની તેઓ કદર કરતા હતા તેથી આવા પ્રયત્નોમાં વિજય મળવા લાગ્યો. બીજી કન્યાશાળા અમદાવાદમાં રાયપુરમાં સુપ્રસિદ્ધ શેઠ મગનભાઇએ સ્થાપન કરી રૂા ૬૦૦૦ નું મકાન બંધાવ્યું અને રૂ. ૧૪૦૦૦ ચાલુ ખર્ચ માટે સરકારને સોંપ્યા. સરકારે શેઠ મગનભાઇને 'રાવબહાદૂર'નો ઇલકાબ આપ્યો. સન ૧૮૫૦ માં ફારબસ સાહેબની બદલી સુરત થઇ. કવીશ્વર દલપતરામ તો તેમની સાથે જ હતા. સુરતમાં તેમણે 'એન્ડ્રુસી લાઇબ્રરી' સ્થાપી અને "સુરત સમાચાર" નામનું વર્તમાનપત્ર પ્રકટ કરાવ્યું. ફારબસ સાહેબ અને કવીશ્વર

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

દલપતરામ સુરત ગયા; પણ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીથી તેઓ દૂર ગયા ન હતા. મુંબઇમાં વિલોબી નામના એક સારા અંગ્રેજ ગૃહસ્થની યાદગીરી માટે રૂ. ૮૨૦૦] નો ફાળો થયો. ફારબસ સાહેબે તે ફાળાનું અર્ધું વ્યાજ અમદાવાદની ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીને મળે એવી તદબીર કરી. સન ૧૮૫૪ ના એપ્રિલ માસથી સોસાઇટી તરફથી **બુદ્ધિપ્રકાશ** પ્રકટ થવા લાગ્યું. તેવામાં અમદાવાદમાં ' વિદ્યાભ્યાસક ' નામની સભા દર અઠવાડીએ ભરાવા લાગી અને તેમાં જુદા જુદા વિષયો ઉપર ભાષણો થવા લાગ્યાં. આ બધી તજવીજ ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી થતી હતી. કવીશ્વર દલપતરામ તેવામાં સાદરામાં હતા ત્યાંથી તેમને ભાષણ આપવા માટે અમદાવાદ તેડાવ્યા. કવીશ્વર દલપતરામે અમદાવાદ આવી રાજકુમારોને ભણાવવાના વિષય ઉપર **રાજવિદ્યાભ્યાસ** નામનું કવિતામાં ભાષણ કર્યું. તે ભાષણ સાંભળનારા જાણી શકયા હતા કે, કવીશ્વર દલપતરામને દેશના હિત માટે કેવી લાગણી હતી અને દેશનું હિત વિદ્યાદ્વારા થવાની તેઓ કેટલી બધી આશા રાખતા હતા ! સોસાઇટીનું બુદ્ધિપ્રકાશ, અને સુરતનું સુરત સમાચાર, એમને હૈયે હતું અને તેમાં તેઓ સલાહ અને મદદ હંમેશાં આપતા; 'હુન્નરખાનની ચઢાઇ' અને 'સંપ લક્ષ્મીસંવાદ' નામનાં બે ભાષણો તેમણે કવિતામાં આપ્યાં. એમણે લોકની અને દેશની ઉન્નતિ માટે જે નિશ્ચયો કરેલા તે તેમનાં ભાષણો દ્વારા બહાર આવવા લાગ્યા. સ્ત્રીપુરૂષની કેળવણીનો ફેલાવો કરવો, પુસ્તકો અને વર્તમાન પત્રો પ્રકટ કરાવવાં, રાજકુમારોને પણ સારૂં શિક્ષણ આપવું, સંપની અને સદ્દગુણોની કિંમત લોકોને સમજાવવી, સ્વદેશમાં હુન્નર વધે અને સ્વદેશી વસ્તુ વાપરવાને લોકો ચહાય એવા ઉપાય કરવા, એ બધું દેશને હિતકારક છે અને એથી જ દેશની ચઢતી થઇ શકશે, એવો તેમનો મત હતો; અને તે મત વાસ્તવિક હતો એમ અત્યારે પણ લોકો માને છે. એ પોતાનો વાસ્તવિક મત જ તેઓ ગૂજરાતમાં ઠેકાણે ઠેકાણે ભાષણો દ્વારા પ્રકટ કરતા હતા અને લોકોના મન ઉપર ઠસાવતા હતા.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવીશ્વર દલપતરામ જ્યારે ફારબસ સાહેબ સાથે સુરતમાં હતા ત્યારે સુરતની સુધરાઇનાં કેટલાંક કામો લોકોને પસંદ પડયાં ન હતાં અને તેથી લોક ઉશ્કેરાઈ ગયા હતા. એ વખતે લોકમાં શાંતિ પ્રસરાવવા માટે ફારબસ સાહેબે કવીશ્વર દલપતરામ અને સુરતના જાણીતા નાગરબ્રાહ્મણ મહેતાજી દુર્ગારામ મંછારામ પાસે સુરતમાં શેરીએ શેરીએ અને ચકલે ચકલે અસરકારક ભાષણો કરાવ્યાં હતાં. કવીશ્વર દલપતરામના આ શ્રમને માટે સુરત છોડતી વખત સુરતના નવાબ સાહેબે, સરકારી અમલદારોએ અને બીજા આગેવાન ગૃહસ્થોએ તેમને એક માનપત્ર આપી તેમનો આભાર માન્યો હતો. કવીશ્વરને અમદાવાદ તો વહાલું હતું, પણ સુરત ઉપર તેમનો પ્રેમ ઘણો હતો અને સુરત માટે તેઓ ઘણી લાગણી બતાવતા હતા. ઉત્તર અવસ્થામાં સુમારે સન ૧૮૮૮ માં તેઓ સુરત ગયેલા ત્યારે ત્યાં એક ભાષણમાં તેમણે સુરત માટે ઘણી લાગણી બતાવેલી, અને તે વખતે તેમણે જે કવિતા કહી બતાવેલી તેમાંથી મને ફકત આ બે લીટી જ યાદ આવે છેઃ—

" સુરત શહેર સુવર્ણની મૂરત સુરતની હતી સુરત સારી, "
" આવક જાવક માલ થતો પણ પાવકથી થઈ ખૂબ ખુવારી, "

સન ૧૮૫૧ માં ફારબસ સાહેબની બદલી અમદાવાદના આસિસ્ટંટ કલેકટરની જગ્યાએ થઇ તેથી કવીશ્વર દલપતરામ પણ અમદાવાદ આવ્યા. ફારબસ સાહેબને નોકરીને અંગે પરગણાંમાં ઘણું ફરવાનું થતું ત્યારે કવીશ્વર દલપતરામ પણ તેમની સાથે ગામેગામ ફરતા અને જ્યાં જતા ત્યાં દેશની દાઝથી ભરેલે હૃદયે તેઓ વિદ્યાવૃદ્ધિ અને ગુણવૃદ્ધિ ઉપર વારંવાર ભાષણો આપતા હતા. વિરમગામ, ધંધુકા, ભાવનગર અને ઘોઘા સુધીનાં છેટેનાં ગામોમાં પણ તેમણે અસરકારક ભાષણો દ્વારા લોકોને સારો બોધ આપ્યો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

હતો. એક વર્ષ પછી ફારબસ સાહેબની બદલી મહીકાંઠાના પોલિટિકલ એજંટની જગ્યાએ થઇ તેથી કવીશ્વર દલપતરામને મહીકાંઠામાં મુકાયેલા પ્રદેશમાં પોતાનાં ભાષણો આપવાનું ફાવ્યું. ઇડર, કટોસણ, દાંતા અને સાદરા વગેરેમાં તેમણે આપેલાં ભાષણોએ સારી અસર કરી હતી એમ કહેવાય છે. કવીશ્વર દલપતરામનાં ભાષણોથી આખા ગૂજરાતમાં જાગૃતિ આવી સુધારો થવા માંડયો હતો અને તેથી અનેક ઠેકાણેથી ભાષણો આપવા તેમને તેડાવવામાં આવતા હતા. એમ કહેવામાં આવે છે કે, એમણે અમદાવાદમાં આપેલા **રાજવિદ્યાભ્યાસ** ઉપરના ભાષણની ચર્ચાની અસરથી રાજકોટમાં રાજકુમાર પાઠશાળા અને વઢવાણમાં તાલુકદારી ગીરાસીયા શાળા સ્થાપિત થઇ હતી.

## વિદ્યાવૃદ્ધિનું વચન લેવા વડોદરે જવું.

સન ૧૮૬૩ ના સુમારમાં કવીશ્વર દલપતરામ વડોદરે આવ્યા. તે વખતે વડોદરામાં કૈલાસવાસી શ્રીમંત મહારાજા ખંડેરાવ રાજકર્તા હતા. દીવાનની જગ્યાએ રા. સા. ગોવિંદરાવ રોઢિયા હતા, અને સેનાપતિનું સ્થાન ભાઉ શિંદેએ શોભાવ્યું હતું. વડોદરાના રેસિડેન્ટની જગ્યાએ કર્નલ બાર નામના અંગ્રેજ ગૃહસ્થ હતા. કવીશ્વર દલપતરામે વડોદરે આવી શેઠ શામળબેચરને ત્યાં મુકામ કર્યો હતો. કવીશ્વરનો વડોદરે આવવાનો ઉદ્દેશ એવો હતો કે, વડોદરા રાજ્યમાં વિદ્યાવૃદ્ધિનાં કાર્યોનો આરંભ થાય, શાળાઓ અને પાઠશાળાઓ સ્થાપન થાય તથા પુસ્તકશાળાઓ ઉઘાડવામાં આવે એવો વડોદરે આવી શ્રીમંત મહારાજાને અને રાજ્યના કાર્યભારીમંડળને બોધ કરવો અને ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી માટે પણ મળે તો મદદ મેળવવી; અને આમાંનું કશું ન બને તો એવાં કાર્યો કરવા તરફ વલણ રાખવાનું વચન મેળવવું, અને વચન ન મળે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તોપણ હરકત નહિ, કેમકે રાજ્યના કાર્યભારીમંડળ આગળ અને શ્રીમંત મહારાજાની હજૂરમાં જે હકીકત રજુ કરવામાં આવશે અને જે કાંઇ કહેવામાં આવશે તેની અસર આગળ ઉપર વિદ્યા-વૃદ્ધિના કોઇપણ કાર્યની ઉત્પાદક થશે. આ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને તેમણે વડોદરે આવી રેસિડેન્ટ કર્નલ બારની મુલાકાત પ્રથમ લીધી અને પોતાનો ઉદ્દેશ તેમને જણાવ્યો. રેસિડેન્ટ સાહેબે કવીશ્વર દલપત-રામભાઇને કહ્યું કે, તમારૂં કામ થવું અત્રે જરા કઠિન જણાય છે; કેમકે જૂના વિચારના ઘણા લોક રાજ્યમાં છે અને એકંદર પરિ-સ્થિતિ જોતાં કામ થવું મુશ્કેલ છે. ગૂજરાતનાં બીજાં નાનાં રાજ્યોમાં કવીશ્વર દલપતરામ થોડું ઘણું ફાવેલા, પણ વડોદરે આવતાં જ આવા શબ્દોથી તેમને પણ કાર્ય મુશ્કેલ જણાયું. મોટા રાજ્યમાંથી વિદ્યાવૃદ્ધિના કાર્યને મોટી મદદ મળે એ ધારણાને કર્નલ બારની વાણીથી ધોકો પહોંચ્યો. કર્નલ બારે કવીશ્વરને કહ્યું કે, તમે જે ધારણાથી અત્રે આવ્યા છો તે ધારણાના અંગનાં કાર્ય માટે અમે પ્રસંગોપાત રાજ્યમાં સૂચનાઓ કરીએ છીએ, પણ કાંઇ કાર્ય થતું જણાતું નથી. આ શબ્દો કવીશ્વર દલપતરામને અમદાવાદ તરફ પાછા જવાને પૂરતા હતા, અને જો તેઓ પાછા ગયા હોત તો કોઈ એમનો વાંક કાઢે એમ ન હતું; પણ એમણે પોતાના ઉત્સાહને ટકાવી રાખી બનતો સઘળો પ્રયત્ન વડોદરામાં કરવાનો નિશ્ચય કર્યો. કવીશ્વરનો નિશ્ચય જોઇ કર્નલ બારે તેમને પોતાનો પ્રયત્ન કરી જોવાનું કહ્યું અને દીવાન ગોવિંદરાવ રોઢિયા ઉપર પત્ર લખી આપ્યો. આ પત્ર લઇ દીવાન ગોવિંદરાવની મુલાકાતે કવિ દલપતરામ ગયા, અને દીવાન સાહેબને પ્રસન્ન કરવાને, બીજા શબ્દોમાં કહીએ તો ગૂજરાતી ભાષાની સેવા કરવા તેમણે દશ વસંત-તિલકાવૃત્તના શ્લોકમાં તેમની પ્રશંસા કરી. એ મુલાકાતથી દીવાનસાહેબ પ્રસન્ન થયા અને કવીશ્વર દલપતરામને તેમણે કહ્યું કે, તમારી વાત

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વાજબી જણાય છે માટે તમે અહીં સેનાપતિ ભાઉ શિંદે છે તેમને જઇને મળો તો તમારૂં કામ થશે, અને હું પણ શ્રીમંત મહારાજા સાહેબની હજૂરમાં તમારી વાતને અનુમોદન આપીશ અને આ રાજ્યમાં વિદ્યાખાતું સ્થાપવું જોઇએ એમ કહીશ. આ પ્રમાણે દીવાન સાહેબનો ઉત્તર મેળવી તેઓ સેનાપતિ ભાઉ શિંદે પાસે ગયા અને ત્યાં હિંદુસ્તાની કવિતા વડે તેમની પ્રશંસા કરી. ભાઉ શિંદેનો વૈભવ ઘણો હતો. શ્રીમંત મહારાજાના મહેલમાં આવતી કાલે આવજો, એવો ઉત્તર ત્યાંથી તેમને મળ્યો. બીજે દિવસે ઠરાવેલે વખતે કવીશ્વર દલપતરામભાઇ શ્રીમંત મહારાજાના મહેલમાં ગયા.

શ્રીમંત મહારાજા ખંડેરાવ તે વખતે રાજસભામાં બિરાજ્યા હતા, અને એક બાજુએ ગાન ચાલતું હતું. ગાન બંધ થતાં દીવાન સાહેબે ઇશારત કરી એટલે કવીશ્વર દલપતરામે તે સભાસ્થાનનું કવિતામાં વર્ણન કર્યું, અને શ્રીમંત મહારાજાએ તે ધ્યાન દઇ સાંભળ્યું. પછી કવિતામાં તેમણે મહારાજાને આશીર્વાદ આપ્યો ત્યારે મહારાજાએ કવીશ્વરને પ્રસન્ન વદનથી પૂછ્યું કે, તમે કોણ છો અને તમારી શી ઇચ્છા છે? આ પ્રશ્નનો જવાબ કવીશ્વરે કવિતામાં આપ્યો હતો—જેનાં બે કવિત થયાં છે—તેમાં

"દાખે દલપતરામ, ખુદાવંદ ખંડેરાવ
રૂડી ગૂજરાતી વાણી રાણીનો વકીલ છું."

એ પ્રમાણે ગૂજરાતી ભાષાની હિમાયતમાં પોતાની સેવા હોવાનું લાગણીથી દર્શાવ્યું હતું.

શ્રીમંત મહારાજા આગળ તેમણે ગૂજરાતી ભાષાની ખરેખર વકીલાત જ કરી હતી અને અનેક અલંકારોથી ભરેલી કવિતા વડે શ્રીમંત ખંડેરાવ મહારાજાને પ્રસન્ન કરી વિદ્યાવૃદ્ધિ માટે તેમનું

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વચન મેળવ્યું હતું. શ્રીમંત મહારાજાએ કવીશ્વર દલપતરામને કહ્યું કે, તમે જે વાત કહી તે વિચારપૂર્વક કરવા જેવી છે; રૈયતને ભણાવીને હુશિયાર કરવી એ તમારો ઉદ્દેશ હું સમજ્યો છું; મારા મનમાં એવો વિચાર છે કે, પ્રથમ નિશાળો સ્થાપન કરવી અને પછી પુસ્તકશાળા વડોદરામાં કાઢવી; એ કાર્ય કરતી વખતે તમને પુનઃ વડોદરે સલાહ લેવા માટે તેડાવીશું; અને મેં આજે નિશ્ચય કર્યો છે કે, વડોદરામાં વિદ્યાખાતું સ્થાપન કરવું. આ પ્રમાણે વચન આપી પાંચ દિવસ વડોદરામાં રાખી શ્રીમંત ખંડેરાવ મહારાજાએ માનપૂર્વક તેમને વિદાય કર્યા હતા. આ સંબંધી ઘણી હકીકત ' ગુર્જરવાણી વિલાપ ' નામની કવિતામાં વાંચવા જેવી છે.

કવીશ્વર દલપતરામે ગૂજરાતનાં ઘણાં ગામોમાં અને નાનાં મોટાં રાજ્યોમાં વિદ્યાવૃદ્ધિ થવા માટે ઘણો શ્રમ કર્યો હતો, અને તે એક રીતે નહિ તો બીજી રીતે ઘણો ફળદ્રુપ થયો હતો. કવીશ્વર દલપતરામે વડોદરાનું મોટું રાજ્ય ગૂજરાતમાં હોવાથી ગૂજરાતી ભાષાને ખરી મદદ અને વિદ્યાવૃદ્ધિ વડોદરેથી થશે એવી ધારણાથી વડોદરામાં બીજાં સ્થળો કરતાં વધારે શ્રમ, કાળજી અને લાગણીથી કામ કર્યું હતું; અને જો કે વચન આપનાર મહારાજા ખંડેરાવ ત્યાર પછી થોડા જ વખતમાં કૈલાસવાસી થવાથી વિદ્યાવૃદ્ધિનાં કામો તેમને હાથે ધાર્યા પ્રમાણે થઇ શકયાં ન હતાં, તો પણ કવીશ્વર દલપતરામના હૃદયની લાગણીઓથી, નિખાલસ મનથી કરેલી ઉત્કટ ઇચ્છાઓથી, અને સત્યની સાચી કિંમત સમજનારી આંતર વૃત્તિઓ વડે પ્રેરાયેલી વાણીથી વડોદરામાં એક મોટી વાસનાજાળ બંધાઇ હતી; અને તેનું બળ ઓછું ન હતું. વડોદરામાં મુકરર કાર્ય થવા માટે કવીશ્વર દલપતરામ પાંચદશ આડતીઆ મુકી ગયા હોય એટલું બળ તે વાસનાજાળમાં હતું. શ્રીમંત મહારાજા ખંડેરાવ જેવા પવિત્ર અને ધર્માત્મા નૃપતિએ વિદ્યાવૃદ્ધિ માટે જે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વચન આપેલું તે ખરા અંતઃકરણનું હતું. રાજાઓ અને મહાન્ પુરુષોનાં વચન મિથ્યા હોતાં નથી, એવું જ્યારે કેવળ નીતિના બળથી પાશ્ચાત્ય દેશોની પ્રજાઓને મનાવવામાં આવ્યું છે ત્યારે ધર્મના અગાધ બળવાળા ભારતવર્ષના એક શ્રદ્ધાવાન્ ભૂપતિના મુખમાંથી બ્હાર આવેલા સત્ય વચનની સિદ્ધિને અર્થે કુદરતમાં કોઇ અલૌકિક સત્તા ઉત્પન્ન થઇ હતી એમ હું કહીશ તો તે અગ્રાહ્ય નહિ થાય. વિદ્યાની વૃદ્ધિ અર્થે આ અલૌકિક સત્તા અને પ્રથમ કહેલી વાસનાજાળ, એવાં બે બળ વડોદરાની ભૂમિ ઉપર અનુકૂળ સંજોગોની ગોઠવણો કરી રહ્યાં હતાં, અને તેનું હાલ કેવું ઉજળું પરિણામ આવ્યું છે તે હરકોઇ જોઇ શકે છે. અખિલ ભારતવર્ષમાં વડોદરાએ જ ફરજીઆત કેળવણી પ્રથમ દાખલ કરેલી છે, અને તેથી કરીને તેનાં વિદ્યાવૃદ્ધિનાં બીજાં અંગોનું વર્ણન આપવાનું કારણ રહેતું નથી. તે સર્વ ઉજ્જવળ કાર્યો સર્વને સુવિદિત છે, અને શ્રીમંત મહારાજા સર સયાજીરાવના જીવનચરિત્રમાં તે સોનેરી અક્ષરે લખાએલ છે. પ્રિય વાચક મિત્રો, અનેક શરીરોના બળ કરતાં એક બે માણસનાં મનોબળ અને વચનબળ સો ગણાં વધારે બળવાન હોય છે, એ વાત તમારા હૃદયમાં જાળવી રાખજો. દિલગીરીની વાત એટલી જ છે કે, સિદ્ધિકારક મનોબળ અને વચનબળને સાચવનારા ધર્મબળની ગેર-હાજરીથી ભારતવર્ષને ભારે હાનિ થયેલી છે.

## સ્વાર્થત્યાગનો એક વિશિષ્ટ પ્રસંગ.

જેમ કોઇ ધર્માચાર્ય ધર્મસંરક્ષણને અર્થે ગામેગામ ફરી મહેનત કરે તેમ ગૂજરાતના વિદ્યાગુરૂ કવીશ્વર દલપતરામે વિદ્યાને અર્થે ગામેગામ ફરી, શ્રમ કરી વિદ્યાવૃદ્ધિના કાર્યને જે બળ આપ્યું છે તે બળની તુલના કરવાનો અવસર અત્યારની નવીન પ્રજાને પ્રાપ્ત થાય એ ઇષ્ટ છે; તથાપિ તે બળ એવું છે કે, અત્યારની નવીન પ્રજાની દૃષ્ટિએ તે બળ એકદમ દેખાય એવું નથી. કારણ અને પરિણામ કાર્યને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

લાગેલાં હોય છે. કવીશ્વરના કાર્યનાં કારણ અને પરિણામ બંને સુખાવહ હતાં તેથી નવીન પ્રજાએ તેમના કાર્યને દાખલા રૂપે જોવું હિતકારક છે. 'ગૂજરાતના વિદ્યાગુરૂ' એવું વિશેષણ ઉપર કવીશ્વરને આપ્યું છે તેનું કારણ કે, ગૂજરાત શિક્ષણપદ્ધતિ–પાઠશાળામાં તેઓ વિદ્યાગુરૂનું કામ કરતા હતા અને તેમના હાથ નીચે ભણેલા વિદ્યાર્થીઓ આખા ગૂજરાતની નિશાળોમાં શીખવવા નીમાતા હતા. ગૂજરાતના વિદ્યાગુરૂની પદવી આદ્ય શંકરાચાર્યની જગદ્‌ગુરૂની પદવીની પેઠે રા. સા. મહીપતરામને અને કવીશ્વર દલપતરામને જ આપી શકાશે હાલના ગૂજરાતના તેઓ વશિષ્ઠવિશ્વામિત્ર હતા. તેમના પ્રયત્નો, તેમના શ્રમ અને તેમની સેવાઓ તેમને માનને યોગ્ય બનાવવાને પૂરતાં થાય તે કરતાં વધારે હતાં, અને તે રાજાપ્રજા ઉભયે ધ્યાન આપવા જેવાં હતાં. ખુશીની વાત એવી છે કે, એ બંને ગૃહસ્થોને માટે રાજાએ અને પ્રજાએ કદર કરી છે. પ્રજાએ તે બંનેને માટે ફાળો કરી તેમના સ્મરણનાં ચિહ્નો ઉભાં કર્યાં છે, અને રાજાએ બંનેને એક જ સી. આઇ. ઇ. ના સુવર્ણે અને રત્નોએ જડેલા ચાંદ પહેરાવ્યા છે.

કવીશ્વર દલપતરામને ફારબસ સાહેબે પોતાની પાસે રાખ્યા હતા; પણ પાછળથી કવીશ્વરને સરકારી નોકરીમાં મુકી દીધા હતા, અને મહીકાંઠા એજન્સીમાં મુલકીખાતામાં અવલકારકૂનની જગ્યા તેમને પ્રથમ મળી હતી.

ફારબસ સાહેબ ત્રણ વર્ષની રજા ઉપર વિલાયત ગયા તેવામાં ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીના મંત્રી ટી. બી. કરટીસ સાહેબ હતા. સોસાઇટીનું કામ બરાબર આગળ વધતું નથી એવું કરટીસ સાહેબે જોયું, અને કવીશ્વર દલપતરામ જો સોસાઇટીનું કામ કરે તો ઠીક થાય એવું લાગવાથી તેમણે કવીશ્વર દલપતરામને કહ્યું કે, સરકારી નોકરીમાં મોટા પગારની આશા મુકી દઇને તમારા દેશના ભલાને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

માટે તમે સોસાઇટીની નોકરીમાં આવો તો જ તેનું કામ આગળ ચાલી શકે તેમ છે. ત્યારે કવીશ્વરે તેમને કહ્યું કે, 'સરકારી નોકરીમાં મોટો પગાર મળવાની મને આશા છે તેથી એ નોકરીમાં રહીને સોસાઇટીને મદદ કરીશ.' કવીશ્વર દલપતરામને સરકારી નોકરીમાં ઉતાવળે આગળ ચઢી જવાને ઘણી આશા અને અનુકૂળતા હતી. મામલતદારીમાં આવવાને તે વખતે એમના જેવાને ઘણી વાર લાગે તેવું ન હતું અને બસો ત્રણસો રૂપીઆ માસિક બેઠો પગાર મળે એટલે સુધી સરકારી નોકરીમાં ચઢવાનું તેમના જેવાને માટે કઠિન ન હતું. તેથી કરટીસ સાહેબનું કહેવું એકદમ તેમને ગળે ઉતર્યું નહિ, અને સોસાઇટીની સેવા વેગળે રહી કરવાની કવીશ્વર દલપતરામની વાત કરટીસ સાહેબના ગળામાં પણ ન ઉતરી. કવીશ્વર દલપતરામ કહે છે કેઃ—

"દિલમાં હેત સ્વદેશ પર પણ તૃષ્ણા ન તજાય;
સરકારી અધિકાર તે કેમ એમ મૂકાય?"

પણ કરટીસ સાહેબે જોયું કે, ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીને આગળ વધારવાને દલપતરામ વગર ચાલે એવું નથી, અને તેથી સરકારી નોકરી છોડીને દલપતરામ સોસાઇટીની નોકરીમાં આવે એવો પત્ર દલપતરામ ઉપર લખવાને એમણે ફારબસ સાહેબ ઉપર વિલાયત પત્ર લખ્યો. આ ઉપરથી ફારબસ સાહેબે એવો પત્ર લખ્યો કે, તેથી દલપતરામે સરકારી નોકરી છોડી સોસાઇટીની સેવા સ્વીકારી. રૂ. ૨૦૦) ના માસિક બેઠા પગારનાં સ્વપ્ન કવીશ્વરને આવતાં તે સ્વપ્નનાં દ્વાર પોતાને હાથે બંધ કરી સોસાઇટીની સેવા કરી, અને સોસાઇટીએ છેવટે રૂ. ૨૦) નું વર્ષાસન બાંધી આપ્યું. રૂ. ૨૦૦) ને બદલે રૂ. ૨૦) મળવાની સ્થિતિમાં પોતાની જાતને મુકયાનો ખેદ એમણે પછી કર્યો નથી. ફારબસ સાહેબના પત્રમાં જે બળ હતું તે બળ કવીશ્વર દલપતરામ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જેવા, મનુષ્યત્વથી સર્વાંશે ભરેલા પુરૂષને નિશ્ચય ઉપર લાવવાને પૂરતું હતું. કવીશ્વર દલપતરામે આ પ્રમાણે સરકારી નોકરી છોડી તે વખતે તેમના ઉપરી મેજર વાઇટલૉક સાહેબ હતા. એ સાહેબની પણ કવીશ્વર ઉપર ઘણી પ્રીતિ હતી, અને તેથી તે સાહેબે કહ્યું કે, તમને અહીં મોટા પગાર અને મોટા દરજ્જો મળશે; વળી ઓછા પગારનો હક્ક થશે તે છોડીને સોસાઇટીમાં શું સમજીને જાઓછો ? ત્યારે કવીશ્વરે જવાબ દીધો કે, 'મારા' દેશના કલ્યાણને અર્થે સ્વાર્થ બગાડીને પણ સોસાઇટીમાં ગયા વિના ચાલે તેમ નથી. સાહેબે જોયું કે, 'આ તો નિશ્ચયથી બોલે છે:' એટલે તેમણે જવાની રજા આપી, અને નીકળતી વખતે પોતાની છબી અને સારી નોકરી કર્યાનો તથા લાયકીનો દાખલો આપ્યો. આ પ્રમાણે કવીશ્વરના સ્વાર્થત્યાગનો આ વિશિષ્ટ પ્રસંગ સ્મરણમાં રાખવા જેવો છે. ઘણી મુશીબતવાળી ગરીબાઇમાંથી સહેલાઇથી શ્રીમંતાઇ તરફ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે ફારબસ મિત્રના વચનને માન્ય કરીને સ્વાર્થને ભોગમાં આપવાનો કવીશ્વરના અંતરમાં બુદ્ધિનો નિશ્ચય થતી વખતે પરમ કૃપાવંત પરમેશ્વરના જે જાસુસો હાજર હતા તે જાસુસોએ રજૂ કરેલી નોંધ પ્રભુના ચોપડામાં હતી; અને તે નોંધને આધારે કવીશ્વરને પૈસાની બાબતમાં છેવટ સુધી સંતોષ આપવા ઉપરાંત કવીશ્વરના પુત્રોમાં પૈસો અને દરજ્જો વ્યાજ અને વધારા સાથે વહેંચી આપવામાં આવેલ છે. શમદમાદિ સાધનો કેટલાં બળવાન છે તે જેઓને જોવાનો કે જાણવાનો અનુભવ મળ્યો હોય તેઓ જ જાણે છે. લોકલાજથી, ધર્મની આજ્ઞાથી, શિક્ષાના સંભવથી, કોઇ ઉપરના હેતથી, મિત્રના વચનથી, રોગશત્રુના ભયથી, કે પોતાના નિશ્ચયના બળથી જેઓ મનોનિગ્રહ કે ઇંદ્રિયનિગ્રહ કરી શકે છે તેમને ધન્ય છે; અને તેમને તેમના તપનું ફળ મળે છે. કવીશ્વર દલપતરામે સોસાઇટીની સેવા સ્વીકાર્યા પછી સોસાઇટીને આગળ વધારવાને ભારે પ્રયત્ન કર્યા; અને સોસાઇટી માટે મકાન, ગ્રંથાલય



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વગેરે થયાં. વળી શાળામાં એટલો બધો વધારો થયો કે, તેથી સોસાઇટી પોતાના જ પગ ઉપર ઉભી રહેવાને સમર્થ થઇ. કવીશ્વરની સેવાઓની કદર થઇ, ને સન ૧૮૮૫ ના જુન માસમાં તેમને સી. આઇ. ઇ. નો ખિતાબ મળ્યો. સન ૧૮૮૬ માં એમને માટે સ્મારક ફાળો થયો તેમાં રૂ. ૧૨૦૦૦) ભરાયા. તેમાંથી રૂ. ૫૦૦) ના ખર્ચે તેમની એક મોટી છબિ તૈયાર કરાવી 'હેમાભાઈ ઇન્સ્ટીટયુટ' માં મુકેલી છે. રૂ. ૫૦) આ છબીની દુરસ્તી ખાતે વ્યાજે મુકેલા છે, અને બાકીની રકમ કવીશ્વર દલપતરામભાઇને પૈસા સંબંધી અગવડ ન પડે એવી રીતે વ્યાજે મુકવામાં આવ્યાનું સાંભળવામાં હતું. શેરસટ્ટાના વખતમાં ઘણા લોકો નુકસાનમાં આવેલા તેવામાં કવીશ્વર દલપતરામ પણ નુકસાનમાં આવ્યા હતા, તેમ જ સારો પગાર મળવાની આશાવાળી સરકારી નોકરી છોડેલી, એ બે કારણોએ એમની આર્થિક સ્થિતિને હચમચાવી મુકેલી; પણ ચાલુ વર્ષાસનો, સ્મારક દ્રવ્યસંચય અને સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી મળેલી મદદ તથા બાંધેલી પ્રતિષ્ઠાના યોગથી ઉત્તર અવસ્થામાં મળેલા લાભ વડે ઇશ્વરકૃપાથી તેમને ઉભા રહેવાને બન્યું હતું. અમદાવાદમાં સ્વામિનારાયણના મંદિર પાસે એમણે એક સારૂં મકાન થોડી જગ્યામાં પણ સર્વ સગવડવાળું અને પોતાના મોભાને છાજતું બંધાવ્યું, અને અમદાવાદને જ તેમણે પોતાનું નિવાસસ્થાન કરી દીધું.

## એમનો ગૃહસ્થાશ્રમ.

માતાપિતાને ઘેર વઢવાણમાં કવીશ્વર દલપતરામભાઇ હતા ત્યારે યોગ્ય વયે તેમનાં લગ્ન તે બાજુએ થયાં હતાં. એ લગ્નથી પ્રથમ એમને કાંઈ માનસિક અશાંતિ માલૂમ પડી ન હતી. એ પત્નીથી એમને ત્યાં એક પુત્ર અને એક પુત્રીનો જન્મ થયો હતો. એ પુત્રનું નામ મોહનલાલ. તેમણે મોટપણે કચ્છના રાજ્યમાં નોકરી માંડી હતી. 'મોહનકાવ્ય' નામનું એમની કવિતાનું પુસ્તક છપાયેલું છે, અને તે છપાતી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વખતે કવીશ્વર દલપતરામે તપાસી કાંઇક સુધારી આપ્યું હતું. કવીશ્વરનો ગૃહસ્થાશ્રમ આ પ્રમાણે પ્રથમ શાંતિવાળો જણાતો હતો, પણ પાછળથી તે શાંતિમાં ભંગ થવા લાગેલો. પત્નીના સ્વભાવમાં એવો ફેરફાર થવા લાગ્યો કે, કવીશ્વરનું શાંતિપ્રિય જીવન ક્લેશયુક્ત જણાવા લાગ્યું; અને એમની માનસિક વ્યથા એટલી બધી વધી કે, હવે શું કરવું તેની સમજ પડી નહિ. એમના મિત્રો એમની મદદમાં હતા; પણ સર્વ વિમાસણમાં પડ્યા. આ પ્રમાણે ચાલ્યા પછી અનેક મિત્રોના એકવિચારથી અને તે મિત્રોના જ શ્રમથી તેમનાં લગ્ન વૌળકામાં ફરીથી થયાં. આ લગ્નને યોગે એમના મનને કરાર વળ્યો. આ બાઇનું નામ રેવા હતું. ચાર પુત્ર અને એક પુત્રીને જન્મ આપી કવીશ્વર દલપતરામની ઉત્તર અવસ્થામાં જ સૌભાગ્યસહ એમણે અક્ષરધામમાં નિવાસ કર્યો. આ ચાર પુત્રોમાંથી મોટા ભાઇ મગનલાલે મુંબઇની વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષા પસાર કર્યા પછી કાઠિયાવાડ એજન્સીની રાજકોટમાં લેવાતી વકીલાતની પરીક્ષા પસાર કરી હતી. થોડો વખત વકીલાત અને ભાવનગર રાજ્યમાં થોડી નોકરી કર્યાં પછી નાની વયમાં જ અકાળે એમનો સ્વર્ગવાસ થયો હતો. બીજા પુત્ર ભાઇ છોટાલાલ હાલ ભાવનગરના રાજ્યમાં કુંડલા, લીલીયા વગેરે તાલુકાઓમાં વહીવટદારનું કામ કરે છે. તેઓ વ્યવહારકુશળ, હૈનસ્વી અને સંતોષી સ્વભાવના છે. પ્રવેશક પરીક્ષા આપ્યા પછી એમણે પ્રાંતિક વકીલ ( ડિસ્ટ્રિક્ટ પ્લીડર ) ની વકીલાતની પરીક્ષા આપી હતી. એમણે કેટલીકવાર કવિતાઓ લખેલી છે; પણ તે ઘણી નથી. એમનું લગ્ન ખંભાતમાં થયું હતું. પત્નીનું નામ ગંગાજી હતું. નામ પ્રમાણે ગુણવાળાં તે બાઇએ લાંબું આયુષ્ય ભોગવ્યું નહિ. તેમને પ્રજા છે; પણ વય વધી ગયું ન હોવા છતાં ભાઇ છોટાલાલે ફરી લગ્ન ન કરતાં તિતિક્ષાનું શરણ લીધું છે. રેવા માતાના ત્રીજા પુત્રનું નામ નાનાલાલ છે. તેઓ સ્વભાવે જરા આકરા-તીખા, પણ મર્મજ્ઞ અને બારીક અવલોકન કરવાની કુદરતી શક્તિવાળા

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અને પ્રેમાળ છે. એમના હૃદયની લાગણીઓ ઘણી બળવાન છે. અનેક ભાવનાઓવાળું એમનું જીવન રસવાળું, તેજસ્વી અને ઉત્સાહથી ભરેલું છે. એમણે 'એમ. એ.' સુધી અભ્યાસ કર્યો છે, અને કવીશ્વરના સર્વ પુત્રામાં એ વિદ્યામાં આગળ ગયા છે. એમનો સંસ્કૃત અને અંગ્રેજી ભાષાઓનો અભ્યાસ વિશેષ રીતે સારો જણાયો છે. કવીશ્વર દલપતરામે જે કાવ્યશક્તિ અને પ્રતિભા વડે કવિતા લખી તે શક્તિ અને પ્રતિભા રા. નાનાલાલમાં આવી છે, અને સંસ્કૃત તથા અંગ્રેજી કવિતાના વિશેષ રીતના વ્યાસંગથી તેઓ પિતાની પદ્ધતિથી જુદા પડી પ્રાચીન અને વિદેશી ઢબોને અનુસરી અગેય રસમય કાવ્યો રચે છે, અને પાઠશાળાના શિક્ષણમાં પ્રાચીન અને વિદેશી ઢબોનો દૃઢ પરિચય પામેલા હજારો વિદ્યાર્થીઓ અને વિદ્વાનો એમની કવિતા ઉત્સાહથી વાંચી એક રીતે નહિ તો બીજી રીતે પ્રસન્ન થાય છે. બાકીનો જનસમૂહ એમની છંદોબદ્ધ કવિતા વાંચી પ્રસન્ન થાય છે. કવીશ્વર દલપતરામ પણ જો અત્યારે હયાત હોત તો તેઓ પણ તેમની માત્ર છંદોબદ્ધ કવિતા જોઇને કહેત કે, નાનો સારી કવિતા કરે છે. એમની કેવળ વિદેશી ઢબની ગદ્યાત્મક જણાતી કવિતા માટે વિદ્વાનોમાં ઘણો મતભેદ છે; પણ તે મતભેદ હવે દીર્ઘકાલ ચાલે એવો નથી. કુબીના શાકની પેઠે એ પદ્ધતિ પણ ગ્રાહ્ય અને સ્થાપિત થઇ જશે, અને રસવાળા વાકયને કાવ્ય કહેવું પડશે. ઢબ તો વિદેશી જ દીર્ઘકાળ સુધી ગણાશે. રા. નાનાલાલ વિદ્યાભ્યાસમાં સારા હોવા જોઇએ, એમ એમણે સંપાદિત કરેલી વિદ્યા જોઇને હરકોઇ કહી શકશે. ખરેખર, તેમનામાં અભ્યાસ કરવાની શક્તિ સારી છે જ; પણ કોઇ વખત કોઇ બળવાન વાયુ વાઇને એક ઉછરતા બાગના છોડ કે ઝાડને ઉડાવી દે છે તેમ એક વખત તેઓ અભ્યાસમાં શિથિલ થઇ ગયા હતા. આવું ઘણા વિદ્યાર્થીઓની બાબતમાં બને છે. ઘણાઓનો અભ્યાસ અધુરો રહી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જાય છે, અને પાછળથી પસ્તાવો થાય છે. પણ રા. નાનાલાલના સુભાગ્યે અક્ષરધામવાસી અધ્યાપક કાશીરામ સેવકરામ દવેએ અનેક બારીક તજવીજોથી ભાઇ નાનાલાલના અભ્યાસનું ડૂબતું નાવ બચાવી રસ્તે ચઢાવી દીધેલું. રા. નાનાલાલ રાજકોટની 'રાજકુમાર કૉલેજ'માંના એક સુપ્રસિદ્ધ અને અગ્રગણ્ય અધ્યાપક હતા, અને હાલમાં તેઓ કાઠીઆવાડ એજન્સી નીચેની નિશાળોના ઇન્સ્પેક્ટરના હોદ્દા ઉપર છે. વચમાં થોડો વખત એમણે રાજકોટના રાજ્યમાં મુખ્ય ન્યાયાધીશનું કામ કર્યું હતું. એમની પાસે શીખેલા વિદ્યાર્થીઓને બીજા સર્વ શિક્ષકો કરતાં એઓ વધારે સાંભરે એવા એ છે. કવીશ્વર દલપતરામને એમના સંબંધે એકવાર થોડીક માનસિક વ્યથા થઇ હતી; પણ આખરે તેઓ એક સુપુત્ર જ નીવડ્યા છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના સમશ્લોકી ભાષાન્તરની અર્પણ-પત્રિકા લખતાં એમણે એક આર્યજનને યોગ્ય એવી સોએ સો ટકા પિતૃભક્તિ વ્યક્ત કરી છે. એ અર્પણપત્રિકામાં જ એમણે માતા-પિતા સંબંધે સાચા ઉદ્ગારો કાઢ્યા છે. તેમાંથી માતાપિતાના ગુણો, દેખાવ અને પિતાની કવિતા સંબંધમાં મર્મજ્ઞોને કેટલુંક જાણવાનું મળશે એમ જાણી તેમાંથી થોડી લીટીઓ અત્રે ઉતારું છું:—

"બાર વર્ષો થયાં, તાત ! મૃત્યુના પડદા નચ્ચે;
હજીયે ચક્ષુમાં તોયે પ્રવેશો પૂર્વના રમે.

* * * *

વીતતી દીર્ઘ રાત્રી, ને થતો પ્હરોડ દેશમાં;
એ પ્હરોડે ઉગ્યા આપ આશાવાદી અરુણ શા.
છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;
દેવોના ધામના જેવું હૈડું જાણે હિમાલય.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

બુદ્ધિવૈભવ ને આસ્થા, આશા, રસ, ઉદારતા;
એ દૈવી દીપમાલાનાં અન્તરે તેજ રાજતાં.
આપ અમૃતના જાયા, ધાવણે અમૃતે દીધાં;
ને તેથી અમૃતમીઠાં આપનાં કવિતો હતાં.
ડાહ્યા પુત્ર જ ડાહ્યાના અંગોઅંગે ઉરે પણ;
મનવાણી કર્મમાંયે, ઝરે નિત્યે જ ડ્હાપણ.

* * * * *

નમ્ર ને નમતા, ત્હોયે શૈલશી દઢતા હતી;
ચાલ ધીમી ધીમી, ત્હોયે ખંતથી વેગીલી ગતિ.

* * * * *

બહુ વર્ષો સુધી આપે મૂલવ્યાં મોતી બ્હારનાં;
પછી પારખવા પેઠા આત્માના દરિયાવમાં.

* * * * *

વિધિએ ભાગ્યરેખા શું દોરી કુંકુમકેસરે!
ઉજ્જવળા ભાલમાં એવી રેખા તિલકની તરે.

* * * * *

આત્માનું તેજ વીંધીને રોમ રોમ વિકાસતું;
બ્રહ્મર્ષિ! આપને દેહે બ્રહ્મવર્ચસ વિલાસતું.
વેદ જેવા મહાભાવ, દેવ શા દિવ્ય કાન્તિના;
પ્રકાશે પરમાનંદે એવી અખંડ શાન્તિના.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આદ્યદ્રષ્ટા આ યુગના, કવિ છો, સૂત્રકાર છો;
ને નવજીવન કેરા ઋષિ છો, સ્મૃતિકાર છો.
ભવિષ્યવેત્તા, આચાર્ય, પેગમ્બર પ્રભુ તણા;
નવીન ગુર્જરરાષ્ટ્રે એ ગજાવી ગેબી ઘોષણા.

*  *  *  *  *

ધીર ગમ્ભીર નેતા, ને દીર્ઘદર્શી ત્હમે ઘણા;
આધી તેથી દક્ષતાથી ધીરે ધીરે સુધારણા.

*  *  ૮  *  *

પુણ્યભાવ, સદાચાર, ભક્તિ, ને પરમાર્થ, ને
સાત્ત્વિક સ્નેહના મંત્રો, ધર્મ, ઔદાર્ય : સર્વ તે.
વધે સંસારની શોભા, પ્રભા ને પ્રભુતા વધે;
ગાયાં છે દેહઆત્માનાં સૂક્તો ઉન્નતિનાં બધે.

*  *  *  *  *

પ્રતિભા, રાજ્યની આસ્થા, ઉજ્જ્વળી દેશભક્તિની
મૂર્તિ આપ હતા મોંઘી, શ્રદ્ધાની અર્ચનાભીની.

*  *  *  *  *

જે ન્હાના ભાઇ હિંદુના, ઈસ્લામી ખ્રીસ્તી પારસી,
સૌ શું સ્નેહ દીધો-લીધો, હેડે હૈડાં હસી હસી.
સહસ્ર ધારથી જેમ વર્ષે છે મેઘની ઝડી,
લોકમાં વર્ષતાં તેમ આપના આત્મનાં અમી.

*  *  *  *  *

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નિત્યે જીવનમાં યોગી, તત્ત્વચિન્તક ચિન્તને,
શાણા સંસારી સંસારે, તપસ્વી જ તપોવને.
ભક્તિદેશે મહાભક્ત, કુંપળો ભાવની કુંળી;
આપને આંબલે એમ ડાળીઓ સૌ ફળી ફૂલી.
શું શું સંભારૂં? ને શી શી પૂજું પુણ્યવિભૂતિ ચે ?
પુણ્યાત્માનાં ઉંડાણો તો આભ જેવાં અગાધ છે. ”

* * * * *

( માતા સંબંધે )

× × × × ×

સાદી શોભાથી શોભાતી, ધર્મીલી કુલધામની;
શામળે રંગ રંગેલી સેવિકા ઘનશ્યામની.
પ્રારબ્ધી, પુણ્યશાળી, ને પાપપાવનકારિણી;
ધૈર્ય–ગાંભીર્યથી ધીંગી, દેવિ ! તું દુઃખહારિણી.
હેતવાત્સલ્યનાં વ્હેણે હૈયાનું પૂર ગાજતું;
ધર્મમૂર્તિ પિતા મારા, ભકિતની મૂર્તિ માત ! તું.
સદા સૌભાગ્યવન્તી, ને સ્વામીસેવાપરાયણ;
વ્રતાળી, શાંતિથી શીળી; એ જ તારાં રસાયન.
નથી એ વીસર્યો ત્હારી, ટુંકી જીવનની કલા;
વીસારી વીસરે કેમ માતૃવાત્સલ્યની લીલા ?

* * * * *

ઓ અભિજાત આર્યાઓ ! ઓ આર્યો સહુ ભામના !
સુણો આ વેદની ગાથા, મંત્ર આ પૂર જોમના:

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

पितृदेवो भव, प्राज्ञ ! मातृदेवो भव, प्रिय ।
સર્વે કુલાશ્રમો નિત્યે હજો એ ભાવનામય.”

* * * * *

રા. નાનાલાલની કવિતામાંના આ જુજ ઉતારાથી વિલક્ષણ વાચકો ઘણું સમજી શકશે. રા. નાનાલાલનું ઉંચી ભાવનાઓવાળું આ ગાન કવીશ્વરના જીવનચરિત્રના અનેક રંગો ઉપર પૂર્ણ પ્રકાશ નાખનાર યંત્રનું કાર્ય કરે એવું ઉપકારક છે.

કવીશ્વરના સૌથી નાના પુત્ર રા. ચીમનલાલ શાણા અને સમય જોઇ વર્તનાર વિચક્ષણ પુરૂષ છે. ‘બી. એ.’ સુધી અભ્યાસ કરી બ્રિટિશ રાજ્યના મુલકી ખાતામાં તેઓ નોકરી કરે છે. રાજદ્વારમાં તેઓ ઘણા આગળ વધ્યા છે, અને જે જગ્યા ઉપર ઘણુંખરૂં અંગ્રેજ ગૃહસ્થો નીમાતા હોય એવી જગ્યા તેઓ ભોગવે છે. એમનો માસિક પગાર સુમારે આઠસો સુધી હશે. સર્વ ભાઇઓમાં પરસ્પર સ્નેહભાવ સારો છે. કવીશ્વર દલપતરામને દીકરાઓ સંબંધે સુખ કરતાં દુઃખનો ભાગ વધારે હતો ! પણ તેઓ ધીમા અને ધીરજવાળા પુરૂષ હોવાથી પ્રભુના આદેશોને સહનશીલતાથી તાબે થયા હતા.

## શરીરનો બંધાર.

કવીશ્વર દલપતરામના શરીરનું બંધારણ આશ્ચર્યકારક રીતે ઉત્તમ હતું. તેઓ શરીરે કદાવર, ભવ્ય અને જ્યાં જાય ત્યાં વજન પડે એવા હતા. ગૌરકાંતિ વડે વિશેષ આકર્ષક પણ ધીર અને ગંભીર ભાવને તેઓ પ્રકટ કરતા હતા. ઉત્તર વયમાં આંખોને હાનિ આવ્યા પછી મુખ ઉપરની સ્વાભાવિક પ્રસન્નતામાં કાંઇક કમીપણું આવ્યું હતું, પણ મૂળની પ્રભામાં વિશેષ રીતનું

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પરિવર્તન થયું ન હતું. તેમનું શરીર અતિ નીરોગી એટલે આખા દીર્ઘ જીવનમાં એક બે વાર ઔષધ સહેજસાજ ખાધું હશે. આ પુસ્તકના પરિશિષ્ટમાં એક દાખલો એમની નિરામયતા વિષે આપ્યો છે તેથી પ્રિય વાચકને સમજાશે કે, એમના શરીરનું બંધારણ ખરેખર આશ્ચર્યકારક રીતે ઉત્તમ હતું.

## મનના સ્વરૂપની રૂપરેખા.

કવી દલપતરામનું શરીર જેવું ઉત્તમ તેવું તેમનું મન પણ ખરેખર ઉત્તમ હતું. શરીરને અને મનને પરસ્પર સંબંધ હોવાથી જાણે શરીર મનને અને મન શરીરને સારૂં રાખવા તરફ હંમેશ પ્રયત્નવાન રહ્યું હોય એવું એમની બાબતમાં પરિચિત જનને સ્પષ્ટ જણાતું હતું. તેમની વાણી સત્ય, પ્રિય અને હિતકારક હતી, અને તે જ તેમના મનના ઉંચાપણાનો ખ્યાલ કરાવતી હતી. તેમની રીતભાતમાં અને કાર્ય કરવામાં ચોકકસપણું સારી રીતે જણાતું હતું એટલે તેઓ જરૂરને વખતે આરામ લેતા પણ આળસને પોતાની પાસે આવવા દેતા નહિ. આળસ રહિત રહેવું એ શરીર અને મનની સારી સ્થિતિ બતાવે છે. જો કોઇ બાબતની નોંધ રાખવી એ જરૂરતું હોય તો તેઓ ગમે તેવી સ્થિતિમાં પણ તે નોંધ રાખવા કે રખાવવાને ચૂકતા નહિ. મનમાં એક અને મુખે બીજું એવી રીતે તેઓ કોઇ કામમાં કપટવાળો ભેદ રાખતા નહિ, અને બીજા કોઇ રાખે તો તે સમજાય ત્યારે પોતે દિલગીર થતા. સામાનું ખોટું દેખાય એવું ન કરે, પણ સામાનું હોય તેવું જણાય એવી હુશિયારી તેઓ સત્યને ખાતર વાપરે. ઘણા લોકો કવિતા લખનારા થયા પછી કવિતાનું પુસ્તક લઈ કોઇ અભિપ્રાય લેવા આવે ત્યારે તેઓ કવિતા સારી ન હોય તો કવિતા સારી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નથી એવું ન કહેતાં કવિતા નવા અભ્યાસની છે, એમ લખી આપતા. લોકોને કોઇ બાબતમાં કોઇ રીતે ખોટી પ્રતીતિ ન થાય તે માટે તેઓ હંમેશ કાળજી રાખતા. વિદ્યા સંબંધી કામ કરનાર હોય કે વેપારી હોય અથવા વકીલાત કરનાર હોય કે વૈદું કરનાર હોય, પણ જો તેઓ લોકોમાં ખોટી પ્રતીતિ થવા જેવું કાંઇ પણ કરતા હોય તો તેઓ મનુષ્યત્વથી દૂર જાય છે, અને પરિણામે સમાજમાં ભયને ઉત્પન્ન કરે છે. એના દાખલા શોધનારને ઘણા મળી આવશે. કવીશ્વર દલપતરામનું જીવન તેમના મનના સુંદર સ્વરૂપને લીધે અનુકરણીય હોવાથી અભિજાત પ્રજાને ઉપકારક થશે એવી આશાથી અત્ર બે શબ્દ વધારે લખ્યા છે. તેઓ હંમેશ પાકા વિચારથી નિશ્ચય કરનાર હતા. આપણે જોઇએ છીએ કે, ઘણા જાણીતા વિદ્વાનો, કવિઓ અને રાજદ્વારી પુરૂષો પ્રથમ એક વિચારના હોય છે અને પાછળથી બીજા વિચારના થાય છે. આજન્મ તેમનો એક નિશ્ચય હોતો નથી. તેનું કારણ પ્રથમનો વિચાર કાંતો ઉછાંછળાપણામાં કર્યો હોય છે, અથવા પાછળનો વિચાર સંગતિના કારણથી કે બહુજનના પ્રિય અથવા અગ્રગણ્ય રહેવાના કારણથી કે જુદો અનુભવ થયાના પરિણામે તેમણે બાંધ્યો હોય છે. કવીશ્વર દલપતરામના સ્વભાવમાં દંભનો લેશ માત્ર પણ પ્રવેશ ન હતો. તેઓ બીજાને ડોળ બતાવવાને કે પોતાની એક સ્થિતિ છતાં લોકોમાં બીજી સ્થિતિ બતાવવાને કાંઇ કરતા નહિ. જે ખરૂં હોય, જે વાસ્તવિક હોય અને જે પોતે કર્તવ્ય માન્યું હોય તે ખરેખર અંતઃકરણપૂર્વક કરતા. કોઇ ઠેકાણે ભાષણ કે વ્યાખ્યાન કરવાનું હોય તે વ્યાખ્યાન કરવાને અર્થે તેઓ કરતા ન હતા, પણ પોતાના લોક કલ્યાણ-કારક વિચારો કોઇ રીતે લોકના મનમાં ઠસે તો કેવું સારૂં, એવો ભાવ રાખીને જ અને તે જ ઉદ્દેશથી તેઓ કરતા હતા. ઉછાં-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



છળાપણાથી તેઓ હજારો ગાઉ દૂર રહેતા, અને દરેક કામ દક્ષતાપૂર્વક વિવેકવિચારથી જ કરતા. વિચારપૂર્વક ડહાપણથી કામ કરવા છતાં કોઇ વાર માણસની ગણત્રી ખોટી પડે છે. રોજ સારી રસોઇ કરનારને હાથે કોઈવાર ખારૂં ખાટું થઈ જાય છે, અને ભણ્યો ભૂલે અને તારો ડૂબે, એ કહેવતને ધોરણે કોઇવાર એમણે કાંઇ ભૂલ ભરેલું કર્યું છે એમ જણાઇ આવે, તો તે ભૂલ તેમના હંમેશના સ્વભાવનું પરિણામ નથી પણ કોઇ આગંતુક વેગવાળા વાયુના ઝપાટામાં તે પ્રમાણે અપવાદ રૂપ થયું હશે એમ નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે. શેરસટ્ટાના વખતમાં લોભથી ઓતપ્રોત થયેલો પવન ઇલાકામાં એટલો બધો વાયેલો કે, મુંબઇના અગ્રગણ્ય અધિકારીઓથી તે દૂરના ગામડાની ડોસીઓ સુધી હજારો જણ તેના સપાટામાં આવ્યાં. કવીશ્વર દલપતરામ આ પવનના ઝપાટામાં આવી ફસાયા એ તેમના હંમેશના ડહાપણથી વિરૂદ્ધ જતું એક કાર્ય દેખાય છે; પણ તેવું એક કાર્ય તે એક ઉડતા રોગના ભોગ થવા જેવું માત્ર હતું, અને તેથી તેને જો આપણે બાજુએ મુકીએ તો તેમને આપણે ન્યાય જ આપીશું. એક બ્રહ્મર્ષિ કે રાજર્ષિ કરતાં ઉંચી સ્થિતિના દેવ તેઓ હોત તો આ કાર્યને આપણે તેમની વિરૂદ્ધમાં સારી રીતે મુકી શકત. પ્રમાણિકપણાને કેટલા બધા પૈસાથી બાંધી રાખવામાં આવ્યું છે અને લોભનું આર્થિક સામ્રાજ્ય કેટલા ઝપાટામાં આગળ વધે છે, એ આવી બાબતમાં હાલ ચાલતા વ્યવહારોમાંથી ઘણાં દૃષ્ટાંત આપી બતાવી શકાય એવું છે. વળી એમ પણ બતાવી શકાય એવું છે, કે વામમાર્ગીઓનાં ગુપ્ત પૂજાગૃહોમાંથી પૂજાઓ પ્રમાણે મોટી આંટવાળા ગણાતા ગૃહસ્થો મોટાં મનોમંદિરોમાં પોતાના મુકરર ગોઠીઆઓ સહ લોભદેવની ઘણા ભાવથી પૂજા કરી રહ્યા છે. પણ તે આપણું કર્તવ્ય નથી. કવીશ્વર દલપતરામ જેવી રીતે નુકસાનમાં આવ્યા તેવી રીતે નુક-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સાનમાં ન આવવા માટેના એક સૂચક ચિહ્ન તરીકે આ વાત પ્રિય વાચકો આગળ મુકી છે અને કવીશ્વરના પવિત્ર મનના શુદ્ધ સ્વરૂપમાં આ છાયા પાડતી વાત વચમાં ઉચ્ચારવી પડી છે.

**વહુનો ભાઈ તે સાળો અને બાપ તે સસરોઃ**—કવીશ્વર દલપતરામ કહેતા કે, સર્વની પત્નીઓનો ભાઇ થવા અને બાપ થવા હું ખુશી છું. "સૌનો સાળો, સૌનો સસરો છે, દ્વિજ દલપતરામ," એવું એમણે એક વાર કહ્યું હતું. કોઇ સાળો કે સસરો કહે તો ગાળ દીધા જેવું કેટલાક ગણે છે; પણ કહેનાર પોતાની પત્ની સાથે બીજાનો ભાઈ બાપ તરીકેનો સંબંધ બાંધે છે, એ વાત લોક વીસરી જાય છે. સાળો કહેતાંની સાથે જ, પોતાની પત્નીનો ભાઇ, એ પ્રથમ ગ્રાહ્ય થતા અર્થને બાજુએ મુકીને પોતાને અનિષ્ટ એવી વિપરીત કલ્પના કરવા જેવું એમાં નીતિનું તત્ત્વ પોષાતું નથી. સાળો કહેનાર ગુસ્સાના વેગમાં, અથવા અલ્પજ્ઞતાને લીધે જીભ સાથે એ શબ્દ ટેવાઇ જોડાઇ ગયો હોય તેથી ઘણુંખરૂં કહે છે, અને કોઇક વાર જ એ શબ્દ ઇરાદા પૂર્વક કે બુદ્ધિપૂર્વક બદદાનતથી બોલતો હોય છે. બોલનાર ખોટા ઇરાદાથી બોલે છે એમ સમજીને તેના બોલવાનો અર્થ પોતાની વિરૂદ્ધ કરવો તેના કરતાં પોતાના લાભમાં અર્થ કરવાની ટેવ નીતિમત્તાને વિશેષ રીતે ઉજળી બતાવે છે. કવીશ્વર દલપતરામના હૃદયની પવિત્રતાનો આમાંથી બોધ થાય છે. તે સર્વ સ્ત્રી–પુરૂષની સાથે આત્મભાવથી સંબંધ બાંધવા તેમના મનની તૈયારી બતાવે છે, અને પોતાના લાભમાં અર્થ કરવાની રીતિરૂપ નીતિવડે તેઓ પોતાના મનની પવિત્રતાનું ખોટા ખ્યાલથી થનારા દોષમાંથી સંરક્ષણ કરી લે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષઃ એ ચતુર્વિધ પુરૂષાર્થના ચલણવાળા કાળમાં આવા પુરૂષો જોવામાં આવે છે; પણ અર્થ અને કામના ચલણવાળા હાલના સમયમાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આવા સત્પુરૂષનાં જીવનનાં વૃત્તાંત વાંચીને જો કાંઇ લાભ લેવામાં આવે તો વાચકનું વાચન સફળ થાય છે.

કવીશ્વર દલપતરામ એક સાચા સલાહકાર તરીકે સર્વને સારી સલાહ આપતા. વિદ્યાર્થીઓ, મિત્રો અને સગાંસંબંધીઓ-માંથી જે કોઇ એમની સલાહ પૂછતું તેને અંતઃકરણપૂર્વક તેઓ હંમેશાં સારી સલાહ આપતા. એમની સલાહ, પૂછનારની સ્થિતિ, સમય અને સાધનના વિચારસહ બુદ્ધિપૂર્વક કરેલા વિચારના નિશ્ચયવાળી હોવાથી હંમેશાં સારા પરિણામને ઉત્પન્ન કરતી. સલાહ તો હરકોઇ માણસ પોતાની બુદ્ધિ અનુસાર આપે છે; પણ સલાહ આપતાં સંજોગોની જે અનેક બાબતો મનચક્ષુ આગળ એકકાળે ઉભી રાખવી પડે છે તે ઉભી રાખવાની શક્તિ જે એમનામાં હતી તે ક્વચિત્ જ બીજે ઠેકાણે જોવામાં આવે છે, અને તેથી તેની નોંધ અત્રે કરવી પડી છે.

કવીશ્વર દલપતરામના હૃદયના ગુણોનું પૂરૂં વર્ણન કરવું એ સજ્જનતાનું ચિત્ર દોરવા જેવું છે. જગત્માં જે સારા ગુણો ગણાય છે તે એમનામાં હતા અને જે દુર્ગુણો ગણાય છે તે એમનામાં ન હતા એમ કહેવું એ અંશતઃ ખરૂં હોય; તો પણ તે એકતરફી, એક બાજુનું, પક્ષપાતવાળું, પોતાના મત પ્રમાણે બીજાંના મત બંધાવવાના પ્રયત્નવાળું, અને કેવળ ગુણદૃષ્ટિથી જ કહેલું ગણાય. એવા દોષમાં ન આવવા માટે તેમના ગુણો પૃથક્ પૃથક્ બતાવવાની આવશ્યકતા છે; પણ તેમ કરવા જોઇતો અવકાશ ન હોવાથી અને વિસ્તારભયથી અત્રે સંક્ષિપ્ત રીતે જે કાંઇ કહેવામાં આવ્યું છે તે સુજ્ઞ વાચકોના મનમાં નિર્મળ જળમાં પડેલા સ્નેહબિંદુની પેઠે વિસ્તારને પામશે એમ ધાર્યું છે. કવીશ્વર દલપતરામે જે જે વિષયો ઉપર કવિતા લખી છે તે તે સંપૂર્ણ વિષયો જોવામાં આવે તો તેથી તેમના હૃદયના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગુણોની છાપ વાચકના હૃદય ઉપર પડે એવું છે; પણ ઘણીવાર એવું બને છે કે, સદ્વર્તનનો ઉપદેશ કરનારા સદ્વર્તનશાળી હોતા નથી. લખવાનું જુદું અને વર્તવાનું જુદું એમ ઘણીવાર આપણા જોવામાં આવે છે. તેઓ જે વાત અંતઃકરણપૂર્વક માનતા તે જ બહાર જણાવતા, અને તે પ્રમાણે જ પોતાનું વર્તન સંભાળવાને પોતાની સર્વ શક્તિ વાપરતા હતા.

સમય સાચવવાની શકિત એમનામાં સારી હતી. ગમે તે રીતે મુકરર કરેલે વખતે તેઓ નીમેલું કામ કરતા, અને જ્યાં જે સમયે હાજર થવાનું હોય ત્યાં તે સમયે તેઓ હાજર થતા. આ રીત જાળવવામાં પોતાની અનુકૂળતા કેટલીકવાર છોડવી પડે છે તે તેઓ ખુશીથી છોડતા. પૈસાને ખાતર તેઓ પોતાનો સિદ્ધાન્ત છોડતા નહિ. કોઇ ગૃહસ્થ એમને ગમે તેટલું ધન આપવા કહે, પણ પરકીયા નાયકા વિષે એક શબ્દ પણ તેઓ લખી આપતા નહિ. એવી એક કવિતા કરી આપવા માટે એક સરદારે એમને એક વખત કહેલું તેના જવાબમાં તેમણે કહ્યું હતું કેઃ—

"અણુભાવ્યું સંભારતાં, ઉપજે ઉલટી જેમ;
વરણવતાં વ્યભિચાર પણ, ત્રાસે મુજ મન તેમ."

આ ઉપરથી જણાશે કે, તેઓ પોતાના નિશ્ચયથી કોઇ રીતે ડગતા ન હતા. મનુષ્ય માત્ર ઉપર એમને આત્મભાવ હતો. દુઃખથી કોઇને બૂમ પાડતાં સાંભળીને એમને દયા આવતી, અને તેને શું દુઃખ છે, અને તે શી રીતે દૂર થાય તેનો તેઓ તુર્ત જ વિચાર કરતા. પ્રભુએ આપેલા ધનના પ્રમાણમાં તેઓ ઉદાર હતા, અને ધનવાને ઉદાર થવું એવો તેઓ હંમેશ બોધ આપતા. દુષ્કાળ પડે કે મોંઘવારી થાય અને કોઇ આબરૂદાર લોકો ઘરમાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ધન વિના પીડાતા હોય તે જોઇને એમને ઘણું લાગતું, અને તે માટે એમણે ઘણા લોકોને ઘણીવાર ઘણી રીતે કહેલું. કોઈ પણ મનુષ્ય ભૂખે ન મરે તે માટે એક ઉદ્યોગદા મંડળી સ્થાપવા વિષે તેમણે એક કવિતા મારા 'કાવ્યકમલાકર'માં છાપવા મોકલી હતી. આ કવિતા પછીથી તેમના દલપતકાવ્યમાં પણ છપાઇ છે અને તે વાંચવાથી તેમને હૈયે આ બાબતમાં કેટલી કાળજી હતી તે સહજ સમજાય છે. એ કવિતાની ઘણી થોડી લીટીઓ નીચે આપી છેઃ—

"એક મંડળી એવી સ્થાપો જ્યાં સૌને ઉદ્યોગ જડે,
ભૂખે મરતા ભીખે ભમતા પીડાના પોકાર કરે;
ભૂખે મરીએ ભૂખે મરીએ, એમ કરે ઉચ્ચાર અરે,
કાજ ન સૂઝે, લાજ ન મૂકે તેહ રહ્યા ઘરમાંહિ રડે;
એક મંડળી એવી સ્થાપો જ્યાં સૌને ઉદ્યોગ જડે."

* * * *

"એક પિતાની પ્રજા આપણે એક કુટુંબી સૌ છઇએ,
ભૂખ્યાં ભટકે ભાંડું આપણાં કેમ કઠોર દિલે થઈએ;
દલપતરામ કહે દિલ દાઝે, ધીરજ કેમ રખાય ઘડે,
એક મંડળી એવી સ્થાપો જ્યાં સૌને ઉદ્યોગ જડે."

આ કવિતા કોઇને ખુશી કરવા કે કોઇ ઠેકાણે છપાવવા સારૂ લખી મોકલવાની બુદ્ધિથી લખી ન હતી; પણ વારંવાર દુઃખ પામતા લોકો નજરે આવતાં એમના મનમાં જે લાગણી થઇ આવતી તેને લીધે જ લખી હતી. વરસાદ ઓછો વરસે કે ન વરસે અને દુકાળ પડે કે ખૈડિયાનું વરસ આવે ત્યારે હજારો લોકો દુઃખી થતા જોઇને તેમને માટે શું યોજના કરવી તેના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વિચારમાં તેઓ પડતા. એક વાર આ વિષયની યોજનાઓના રૂપમાં એક નિબંધ તેમણે પોતે બોલીને મારી પાસે લખાવવા માંડયો હતો; પણ મારે થોડા વખતમાં એમનાથી છૂટા થવાનું થતાં એ નિબંધ અધુરો રહ્યો હશે એમ જણાય છે. જો રાજ્યકારભારના અંગમાં એમનો અગ્ર ભાગે અધિકાર હોત, તો હિંદુસ્તાનમાંથી હમેશને માટે દુકાળને ટાળી મુકવાના ભગીરથ પ્રયત્નોવાળી કોઇ મોટી યોજનાઓ એમણે લાખોના ખરચે અમલમાં મુકાવી હોત.

એમના દીર્ઘજીવનમાં એમને અનેક પ્રકારના લોકોનો અનુભવ થયો હતો; અને તેમાંથી ઘણાઓનું વર્તન એમને પોતાને પોતાના પ્રત્યે યોગ્ય લાગ્યું નહિ હોય, અપૂરતું લાગ્યું હશે, અજાણતું લાગ્યું હશે, અવિવેકવાળું લાગ્યું હશે કે ઇરાદાપૂર્વક તોફાડાઇ ભરેલું કે હલકટપણાનું લાગ્યુ હશે, પણ તે બધી વાતો તેમના મોટા દિલમાં માલૂમ ન પડે એવી રીતે પડી રહેતી હતી. ખોટા વર્તનનો બદલો તેઓ ખોટા વર્તનથી આપતા નહિ; પણ સામાની કિંમત કરી લઇ તેની સાથે પોતાને કેમ વર્તવું તેનો વિચાર તે સારામાં સારી રીતે કરતા અને અમલમાં મુકતા. કોઇ વખત મન દુભાય તો પણ મનનું દુઃખ પૂરતા પ્રમાણમાં તેઓ બહાર દેખાડતા નહિ. તેઓ શઠ પ્રત્યે શાઠય બતાવતા નહિ, પણ શઠ છે એમ સમજી તેનાથી બચી જવાનો યોગ સાધતા. વિદ્યા સંબંધી કામ કરનારા પોતાના સમવયસ્ક વિદ્વાનો સાથે તેઓ મિત્રભાવે વર્તતા હતા, અને એવા ગૃહસ્થમાંથી કોઇનું વર્તન પોતાના હિતની બહાર જણાતું છતાં પણ તેઓ મિત્રભાવ છોડતા નહિ. સ્વર્ગવાસી નવલરામ લક્ષ્મીરામને હાથે કાંઇક કામ એવાં થયાં હશે કે જેમાં નવલરામનો દોષ નહિ હોય; પણ જયારે બે જણનાં હિત સામસામાં અથડાય છે ત્યારે કોઇક જાતની પરીક્ષા થઇ જાય છે તેવી



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પરીક્ષા કવીશ્વર દલપતરામને થયેલી; પણ તેમણે જે સદ્‌ભાવ રાખેલો તે પોતે તો ચાલુ જ રાખ્યો હતો. ‘ દલપતરામને સાહેબ લોકોની વગ ઘણી છે; સરકારમાંથી ને રાજારજવાડામાંથી તેમને પૈસા ઠીક મળે છે; તેઓ જ્યાં જાય છે ત્યાં પગપેસારો કરતાં તેમને ઠીક આવડે છે અને હસ્તે પરહસ્તે કંઈ ને કંઈ ખટપટ કરતા રહી તેઓ પોતાનો લાભ લે છે, ’ એમ કોઈ કોઈ વિદ્વાનો એમનો પરિચય થયા પહેલાં ધારી લેતા કે વાતચીત કરતા હશે. પણ આવું ઘણી વાર બને છે; અને વિદ્વાન નવલરામે એમનો પરિચય થયા પહેલાં તેવું ધારી લીધું હોય, અને કદાચ પરિચય થયા પછી અભિપ્રાય બદલ્યો હોય, અથવા અભિપ્રાય બદલવા જેટલો પરિચય તેમને ન પણ થયો હોય. પણ એટલું તો ખરૂં છે કે, નવલરામને દલપતરામના ગુણોને બદલે દોષનાં દર્શન પ્રથમ થએલાં, અને તેની નોંધ તેમણે પોતાની નિત્યનોંધમાં કરેલી. કન્યાશાળા માટે ગરબાવળી કરવાની હતી તે વખતે દલપતરામ કરતાં ઓછી રકમે પોતે તે તૈયાર કરી આપી તેમાં નવલરામનો કાંઈ દોષ ન હતો; કેમ કે એ તો સરકારે પોતાને રચ્યું તેની પાસેથી કામ લીધું. પણ મનુષ્ય મનુષ્ય પ્રત્યેની ભાવનાનો વિચાર જોતાં જે ભાવના નવલરામને દલપતરામ પ્રત્યે હતી તે ભાવનાનો પાયો ઠેક પાછળથી સારો થયો હતો. દલપતરામ સૌજન્યથી અને શ્રમથી આગળ વધે છે, એ સત્ય વાતને બદલે ઉપર કહેવામાં આવી છે તે વાત એ ભાવનાના પાયામાં હતી, અને તેથી જ વિદ્વાન્ નવલરામ દોરાયા હતા. કવીશ્વર દલપતરામ તો સ્વ૦ નવલરામને વિદ્વાન્ જ કહેતા. કોઈ અભિપ્રાય પૂછે તો એમને માટે તે પ્રમાણે જ અભિપ્રાય આપતા; અને નવલરામ લેખક કરતાં યે પુસ્તકપરીક્ષક સારા છે, એવું તો અનેક વાર તેમણે કહેલું. નવલરામ સુરતમાં છેલ્લા મંદવાડની પથારીએ હતા અને કઠોદર જેવા કોઈ અસાધ્ય વ્યાધિથી પરવશ હતા, ત્યારે કવીશ્વર દલપતરામને સંપ્રદાયને કામે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સુરત જવાનું થતાં ઘણી કાળજીથી અને લાગણીથી તેઓ મને સાથે તેડીને નવલરામને ઘેર જઈ તેમની પથારી પાસે ક્યાં સુધી બેઠા હતા, અને અનેક વાતચીતથી પોતાના મનનો ભાવ તેમણે પ્રકટ કર્યો હતો. કવિ નર્મદાશંકરે પ્રથમથી કે પાછળથી દલપતરામ વિષે ખોટો અભિપ્રાય બાંધ્યો ન હતો. નર્મદાશંકરની કવીશ્વર તરફ પૂજ્યબુદ્ધિ જણાઇ હતી. સંવત્ ૧૯૩૦ માં કવીશ્વર દલપતરામને સુરત આવેલા સાંભળી કવિ નર્મદાશંકરે એમને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ કરી પોતાના સરસ્વતીમંદિરમાં એક મેળાવડો કર્યો હતો, અને તેમાં સુરતના સંભાવિત ગૃહસ્થો હાજર થયા હતા. કવીશ્વરે નર્મદના સરસ્વતીમંદિરની કવિતા તે વખતે કરી હતી, અને કવિ નર્મદાશંકરે ઘણું કરીને 'વીરામત્રોદય' નામનું એક પુસ્તક કવીશ્વર દલપતરામને ભેટ આપ્યું હતું. ઘણો વખત આ પ્રમાણે સારો સંબંધ રહ્યા પછી કાંઇક મિત્રોની સૂચનાથી કે પોતાની મેળે, કવીશ્વર દલપતરામ જોડે * હરીફાઇમાં

* કવીશ્વર દલપતરામ સુરતમાં હતા ત્યારે ત્યાં અનેક વાર જાહેર વ્યાખ્યાનો આપતા, અને કવિ નર્મદાશંકર કોઇ કોઇ વાર સાંભળવા જતા અને કવીશ્વર દલપતરામને આશ્ચર્યથી જોતા. હુમરખાનની ચઢાઇનું ભાષણ કવીશ્વર દલપતરામે આપ્યું ત્યારે કવિ નર્મદાશંકર તેમાં હાજર રહ્યા હતા. એમના મનમાં તો દલપતરામની સ્થિતિ મોટી જણાતી હતી, અને તેથી પાછળથી કવિ દલપતરામને તેમણે પોતાને ત્યાં મેળાવડો કરી તેડયા હતા. પણ કવીશ્વર દલપતરામ જોડે હરીફાઇની બાજી પાછળથી મુંબઇમાં ગોઠવાઇ. સન ૧૮૫૯ માં કવીશ્વર દલપતરામ આંખનું ઓસડ કરાવવા મુંબઇ ગયા ત્યારે વાલુકેશ્વર તરફ કોઇ ભગવાનદાસના બંગલામાં તેમણે, તેમને તેડાવ્યા, અને કવિ નર્મદાશંકર પણ ત્યાં હાજર થયા. બંને પાસે કવિતાઓ વંચાવી, અને બંનેમાં શ્રેષ્ઠ કોણ એવી ચર્ચા ઉત્પન્ન કરાવી. તેને પરિણામે અનિષ્ટ પરિણામ આવ્યું. શું બેને ભેગા કરવાથી જ પરીક્ષા થતી હશે? પણ આ બધી ગોઠવણ મુકરર હેતુવાળી હોઇ શકે.

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ઉતરવા જેવું વર્તન કવિ નર્મદાશંકરે શરૂ કર્યું હતું, અને તેથી કવિ નર્મદાશંકર સારી ખ્યાતિમાં આવ્યા હતા. જો એ પ્રમાણે કવિ નર્મદાશંકરે ન કર્યું હોત તો એ યુગના બે કવિઓમાં નર્મદાશંકરનું નામ બહાર આવ્યું છે તેટલું ભાગ્યે જ આવત, એવું કેટલાક વિચક્ષણ પુરૂષોનું માનવું હતું અને છે. પણ આ હરીફાઇ જેવા વર્તનમાં કવિ નર્મદાશંકરે જે મર્યાદામાં રહીને ઠરેલપણે કાર્ય કરવાનું હતું તે મર્યાદા તેઓ કોઇક વાર ચૂકેલા, અને એક બે શબ્દો તેઓ એવા વાપરી ગયેલા કે, તેથી કવીશ્વર દલપતરામને એવી અસર થયેલી કે, "પ્રથમ કેવો પૂજ્યભાવ બતાવેલો! એ પૂજ્યભાવના યોગે એમને હરીફાઇ જેવું વર્તન કરતાં જોયા છતાં હું અલગ ન રહ્યો, અને વિદ્વાન્ વિદ્વાનોની કદર જાણે છે–પરિશ્રમ જાણે છે, તે પ્રમાણે જાણવાની લાયકી છતાં તેથી ઉલટી રીતની ભાવનાના બે કઠોર શબ્દો એમનાથી કેમ બહાર આવ્યા!" પણ આ પ્રમાણે કવીશ્વર દલપતરામને જે અસર થઇ તેથી કંઇક અંશે કવિ નર્મદાશંકરથી અલગપણું રાખ્યું; છતાં પણ પ્રથમ જે પૂજ્યભાવ તેમણે બતાવેલો તે તો તેઓ હંમેશ સંભારતા. મારા 'કાવ્યકમલાકર' માટે તેમણે એક કવિતા મોકલી હતી તેમાં તેમણે સખેદ લખ્યું હતું કે,—

"નર્મદ ગયો, નવલ ગયો, ગયો મહીપતરામ;
દિલગીર દલપતરામ છે ઠાલો દેખી ઠામ."

કવીશ્વર દલપતરામનું આ હૃદય પૂજાને યોગ્ય હતું. તેમનું હૃદય મોટું હતું એમ ઉપરની કવિતા આપણી પાસે કબૂલ કરાવે તેમ છે જ. સાગર જેવા ગંભીર સ્વભાવ સાથે તો એવું તે ગોઠવાયું હતું તે તેમાંથી સદ્ભાવ જ ઉપર તરી આવતો હતો, અને જેમ ઝેરી વાયુ મુકરર સંજોગોમાં શુદ્ધ પ્રાણવાયુ બને છે તેમ તેમનું આંતર યંત્ર અશુદ્ધિઓમાંથી શુદ્ધિઓને બહાર પાડતું હતું.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવીશ્વર દલપતરામ શું કરતા અને શું ન કરતા તેની એક નોંધ શિક્ષણને ઉપયોગી જાણી અહીં આપી છે. તેઓ પ્રારબ્ધ ઉપર આધાર રાખી બેસી રહેનાર ન હતા, પણ ઉદ્યોગ ઉપર આધાર રાખનાર હતા. તેઓ આખાની આશાએ અર્ધું ત્યજતા નહિ, પણ જરૂર પડે અથવા કર્તવ્ય સમજાય તો અર્ધાને સારૂ આખું ત્યજતા. જે વસ્તુ જાય કે નાશ પામે તેનો શોક તેમને થતો; પણ જગતનો સ્વભાવ જાણીને વિચારપૂર્વક તે શોકને તેઓ ઓછો કરતા. તેઓ હસવા કરતાં પ્રસન્નતા બતાવવામાં ઠીક હતા. સામાનો અધિકાર જોઈને વાત કરતા. 'પાણી' કહેવાનું હોય ત્યાં 'જળ' શબ્દનો પ્રયોગ નકામો ગણતા. જે માણસને જેટલી વાત કરવા જેવી હોય તે માણસની સાથે તેટલી જ વાત કરતા. સમય જોઈને વિચારપૂર્વક બોલતા. બીજાનાં દિલ દૂભાય નહિ, એવી રીતે વિરૂદ્ધ અભિપ્રાય પણ આપતા. જે માણસની સંગતિથી એકવાર એમને હરકત પડે અથવા તેના પરિચયથી પોતાને દોષ આવે કે ખોટી અસર ઉત્પન્ન થાય તેની સોબત બીજી વાર કરતા નહિ. વિદ્યાવૃદ્ધિનાં કામો કરતાં એમને નાણાં એકઠાં કરવાની ફરજ પડેલી તે વખતે કોઈ સાથેની વાતચીતમાં એમ જણાય કે, એ માણસથી વિદ્યાની કદર થવાની નથી, તો તેની પાસે ફરી એ વાત કાઢતા નહિ. જુજ્જાજ બાબતમાં ગુસ્સે થવા જેવાં કારણો ન છતાં, અને ઠંડા શબ્દોથી કામ સરે એવું છતાં ગુસ્સામાં જવાબ આપતા હોય એવા લોકો સાથે લાંબી પૂછપરછ કરવાથી હંમેશ પાછા હઠતા. જે લોકો જ્યાં ત્યાં વેર બાંધવાના સ્વભાવવાળા હોય, પોતાથી ન બને તે બીજાથી બને માટે અદેખાઈ રાખનારા કે મનમાં બળનારા હોય તેવાઓ જોડે તેઓ આત્મભાવ રાખતા, પણ સંબંધ કે વ્યવહાર વધારતા નહિ. વિચાર કર્યા વગર તેઓ સહસા કાંઈ કામ કરતા નહિ અને તેથી તેમના કાર્યમાં અવિવેક રહેતો નહિ. આ કારણથી ગુણલુબ્ધ સંપત્તિ એમના ઉપર પ્રસન્ન થવા પામી હતી.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કોઈ પણ કાર્ય કરતાં તેઓ તેની ચારે બાજુએ તપાસતા અને પૂછપરછ કરતાં સામાને ચીકણાપણું જણાવાની શરૂઆત થતાં સુધીમાં તો તેઓ સઘળી હકીકત સમજી જતા. કરજ ન કરવું, એ તેમનો નિયમ હતો; અને કરજ કરવાનો પ્રસંગ ટાળવા માટે તેઓ પ્રથમથી જ હંમેશાં તજવીજમાં રહેતા. તેઓ નામના માટે નાણું ખર્ચતા નહિ, પણ કર્તવ્યમાં કે દયાનાં કારણોથી આવેલા આવેશમાં પોતાના ગજા પ્રમાણે નાણાંનો ખર્ચ કરતા. બીજાના જાતિદોષ કે વ્યક્તિદોષ દેખાડવાના કાર્યથી તેઓ અલગ રહેતા, પણ પોતાનામાં કાંઇ દોષ હશે કે કેમ તે ઉપર હંમેશ નજર રાખતા; તેથી તેઓ કોઇ વખતે વિશેષ રીતે દોષના ભાગી થયા ન હતા. તેઓ ખરા યશની ઈચ્છા રાખતા, પણ જે યશને પોતે પાત્ર ન હોય તેવા યશને ઇચ્છતા નહિ. કીર્તિ જેમ સૌને ગમે છે, તેમ તેમને પણ ગમતી; પણ તેથી તે ફૂલાઇ કે હરખાઇ જતા નહિ. તેઓ કહેતા કે, લોકો આપણને યાદ કરતા હોય, આપણું નામ દેતા હોય કે આપણી વાત કરતા હોય તેથી આપણા સુખદુ:ખમાં કાંઇ અસર થતી નથી કે ફેર પડતો નથી. નામ તો શરીરને ઓળખવાની સંજ્ઞા માત્ર છે, અને તે સંજ્ઞાનો કોઇ સ્થળે ભાવથી ઉચ્ચાર થાય તેથી આપણે કાંઇ અસર પામતા નથી. પૃથ્વી પરનું આપણું જીવન ચાલુ હોય તો પણ આપણે સર્વ સ્થળે વ્યાપક ન હોવાથી આપણે આપણા માટે બોલાતી કે થતી વાત સાંભળતા નથી; તેથી તે સાંભળીને ખુશી થવાનો સ્વભાવ હોય છતાં તેવું બનતું નથી. મૃત્યુ પછી કીર્તિની વાત તો પોતાને અજ્ઞાત થઇ જવાની, અને નાશ પામેલા શરીરની સંજ્ઞાના અક્ષરો માત્ર કોઇ લે કે બોલશે, એવી કીર્તિથી આપણે તો કાંઇ સુખ પણ નથી પામતા અને દુ:ખ પણ નથી પામતા. અગાધ જળમાં ડૂબેલા માણસનું ઓઢેલું વસ્ત્ર જળપ્રવાહ ઉપર લાંબા કાળસુધી તણાતું અનેકના જોવામાં આવે છે તેમ પૃથ્વી પાસેના વાતાવરણમાં કોઇ કોઇ વાર સંજ્ઞારૂપ નામ કોઇ કોઇને જણાશે એમાં વિશેષ શું છે! આ પ્રમાણે કીર્તિ માટે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પણ તેઓ કાંઇ રાગ ધરાવતા જણાતા ન હતા. એમણે જે કાંઇ કર્યું છે તે કીર્તિને અર્થે કર્યું ન હતું. સત્કાર્ય કરતાં કીર્તિ એની મેળે જ ઉત્પન્ન થાય છે. કેરીઓ મેળવવાને આંબાના ઉછેરનારને જેમ કેરીઓની સાથે છાંયા પણ મળે છે તેમ કાર્યની સાથે કીર્તિ મળતી હોય તો તે કીર્તિ ઇચ્છવા જેવી છે, એમ તેઓ માનતા. એમણે પોતાના વખત સુધીના અને નર્મદાદિ સમકાલીન ગુર્જર કવિઓની પેઠે કવિતામાં પોતાનું નામ મુકવાનું ચાલુ રાખ્યું હતું. પણ તેમાં ચાલુ રહેલી પ્રથા જ મુખ્ય કારણરૂપ હતી; અને પોતાની કવિતાને પોતાનો સિક્કો મારવા જેવું, કે કવિતા પૂરી થવા આવ્યાનું સૂચન આપવા જેવું, અથવા કવિતાનો અન્વય બેસાડવા અર્થે આ જરૂર જેવું છે એ કારણો તો ગૌણ હતાં.

કવીશ્વર દલપતરામ કોઇ પણ કઠિન વાત સમજવામાં વિચક્ષણ, કપટને સમજી જનાર, અને કોઇ પણ વિષયના ઊંડાણમાં ઉતરી તે જોવાની શક્તિવાળા હતા. યોજક તરીકે તેમની બુદ્ધિ સારૂં કામ કરી શકે એવી હતી: પણ ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી સિવાય બીજી યોજનાઓ માટે એમની યોજક બુદ્ધિનો વિશેષ રીતે ઉપયોગ થવાનો અવસર આવ્યો ન હતો. પોતાનાં સગાંવહાલાં ઉપર તથા શિષ્યો અને ઓળખીતાઓ ઉપર તેઓ મમતા રાખતા, અને તેમની પ્રત્યેની ફરજો બરાબર સમજતા. સામો પોતાની ફરજમાં ચૂક કરે તો તેઓ તેની ક્ષમા આપતા; પણ જરૂરને વખતે ઠપકો આપવાને પણ ચૂકતા નહિ. તેમના એકંદર ગુણો પૈકી ચાર ગુણો ઉપર વાચકોનું ખાસ ધ્યાન ખેંચવાની મને જરૂર લાગે છે. એ ચાર ગુણો તે એમના મનની ચાર વૃત્તિઓ હતી. આ વૃત્તિઓમાંની પહેલી વૃત્તિ **'મુદિતા'** નામની હતી. પોતાના કરતાં પૈસેટકે વધારે સુખી અને વૈભવવાળા લોકોને જોઇને તેઓ હંમેશાં પ્રસન્ન થતા. પોતાની બરોબરીના કોઇ ગૃહસ્થને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એકદમ લાભ થઇ પોતાથી ચઢતી સ્થિતિમાં ચઢેલો જોઇને તેમને હંમેશ આનંદ થતો. પોતાના લાભથી પોતે પ્રસન્ન થાય, એ તો મનુષ્ય-સ્વભાવ છે; પણ બીજાના લાભથી પોતે સંતુષ્ટ થવું, એ મનુષ્યસ્વભાવ કરતાં કોઇ ઉંચો ભાવ છે, અને એની કિંમત ઘણી છે. અદેખાઇ અને ઇર્ષ્યા જેવી વૃત્તિઓનો મનમાં અભાવ થયા પછી એકાત્મભાવનું પોષણ થતાં આ 'મુદિતા' નામની વૃત્તિ જન્મે છે, અથવા અભ્યાસથી તે ઉત્પન્ન થવા પામે છે. એમની ચાર વૃત્તિઓમાંની બીજી વૃત્તિ 'મૈત્રી' હતી. પોતાના સમાન સ્થિતિવાળા અથવા સહેજ ફેરફેર સ્થિતિ-વાળા લોકો જોડે તેઓ મિત્રતા સમજતા હતા. તેમના લાભે તેઓ પોતાનો લાભ સમજતા અને તેમના નુકસાનમાં પોતે નુકસાન સમજતા. મિત્રભાવે તેમનાં કાર્ય કરવાને અથવા કરાવવાને તેઓ ઇચ્છતા, અને આ વૃત્તિનું પોષણ તેઓ હંમેશ કરતા. સમાન સ્થિતિના પિત્રાઇ-ઓમાં, ન્યાતજાતના સમાન સ્થિતિના ગૃહસ્થોમાં, તથા કોઈ ખાતાના નોકરોમાં હોંસાતોંસી, અદેખાઇ, એકબીજાથી ચઢતા ગણાવાની અને મનાવાની ઇચ્છા વડે એકબીજાનાં છિદ્રો ઉઘાડાં પાડવામાં પ્રતિષ્ઠા માનનારા કેટલાક લોક આપણા જોવામાં આવે છે. એ સ્થિતિ સુખકારક તો નથી જ, પણ દુઃખને અને અકલ્યાણને ઉત્પન્ન કરનારી છે. કવીશ્વર દલપતરામનો આ મૈત્રીભાવ સર્વેએ અનુકરણ કરવા જેવો અને અભ્યાસથી પ્રાપ્ત કરવા જેવો છે. પરનિંદામાં જો રસ પડતો હોય તો તે એકદમ બંધ કરી બીજાની ઉજળી બાજુએ દૃષ્ટિ રાખવાની ટેવથી અને આત્મભાવની વૃદ્ધિથી ધીમે ધીમે આ 'મૈત્રી' નામની વૃત્તિ પોષાય છે, અને તે સુખકારક તથા હિતકારક નીવડે છે. એમની ત્રીજી વૃત્તિને 'કરૂણા' નામથી ઓળખાવી શકાય એમ છે. પોતાનાથી ઉતરતી સ્થિતિના લોકો ઉપર તેમને હંમેશ દયા ઉત્પન્ન થયાં કરતી, અને તેઓ સુખી કેમ થાય તે બાબત તેમના હૈયામાં હંમેશ કાળજી રહેતી. પોતાના કરતાં વધારે દુઃખી લોકો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

માટે યોગ્ય ઉપાયો કરવાનો તેઓ જેને તેને હંમેશ ઉપદેશ આપતા અને પોતાથી બનતો સઘળો પ્રયત્ન કરતા. પોતાનાથી ઉતરતી સ્થિતિના ગરીબો માટે સતત દયાની લાગણી રાખ્યાથી આ તેમની •કરૂણાવૃત્તિ ઉત્તરોત્તરવૃદ્ધિને પામી હતી. જેઓ ગરીબ લોકો ઉપર દયા રાખી પોતાની 'કરૂણા' નામની વૃત્તિને પોષે છે તેઓ પ્રભુની દયાને પાત્ર થાય છે એમ આર્ય લોકો માને છે, તે વાતને બાજુએ મુકીએ તોપણ સમાજશાસ્ત્રના નિયમ પ્રમાણે બહોળાં સાધનવાળા ગૃહસ્થોએ ઓછાં સાધનવાળા કે સાધન વગરના લોકો માટે પોતાની ફરજ પોતાનાં સાધન સાથે બજાવવી, એમાં આખા સમાજનું એટલે પોતાનું અને પરનું હિત સમાયેલું રહે છે. આવું હોઇને પોતાની ગમે તે સ્થિતિમાં આ કરૂણા-વૃત્તિને ઉછેરવી, એ અનેક રીતે હિતકારક છે અને પરિણામે તે સુખકારક નીવડે છે. એમની ચોથી મનોવૃત્તિ 'ઉપેક્ષા' નામની હતી. સમાજમાં કેટલાક લોકો એવા હોય છે કે, તેઓ બીજાને મદદ રૂપ તો થતા નથી પણ ઉલટા જયાંત્યાં કલેશ કુસંપ કરાવે છે, બીજાને નુકસાન પહોંચડાવે છે અને મદ્યપાનાદિ અનીતિના અનેક માર્ગમાં ફસેલા રહે છે. એવા લોકો પોતે દુઃખી તો થાય છે, પણ પોતાની કુટેવો છોડતા નથી અને બીજાનું માનવાને તૈયાર પણ હોતા નથી. એવા લોકો પ્રત્યે કવીશ્વર દલપતરામ ઉપેક્ષાની દૃષ્ટિ રાખતા. એવા લોકો પ્રત્યે સારામાં સારી મનોવૃત્તિ ઉપેક્ષા સિવાય બીજી લાયક હોઇ શકતી નથી; તેથી આપણે પણ જો એવા લોકો પ્રત્યે ઉપેક્ષાની નજર રાખતાં શીખીએ તો તે કર્ત્તવ્ય છે. ઉપેક્ષાનો અર્થ એવો નથી કરવાનો કે, આપણે તેમને માટે દરકાર ન કરીએ; પણ તેમના ઉપર અર્થ વગરનો ગુસ્સો ન આણવો, તેમને ધિક્કારવા નહિ અને તેમની વ્યક્તિવાચક નિંદા કરવી નહિ એવો તેનો અર્થ છે. તેમને સુધારવાના પ્રયત્ન જો લાગુ થતા હોય તો તે કરવા નહિ, એવો ઉપેક્ષાનો અર્થ કરવાનો નથી. કવીશ્વર દલપતરામના મનના સ્વરૂપની આ પ્રમાણે માત્ર રૂપરેખા.

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

બતાવી છે. તેમના સર્વ સદ્ગુણોનું વર્ણન કરી આપણે તેમનો સ્તુતિપાઠ કરવો નથી. જેમના સમાગમમાં તેઓ આવ્યા હશે તેમણે તેમનો માનસિક સ્તુતિપાઠ કર્યો હશે. જે સજ્જનતા, આ જગતમાં બહુ ઇચ્છવા જેવી છે તે સજ્જનતા તેમનામાં પરિપૂર્ણ હતી. સજ્જનતાની કિંમત દુર્જનનો પ્રસંગ પડયા પછી ખરેખરી રીતે માલૂમ પડે છે. દુર્જનની પડોશ, તેની મૈત્રી, સંગતિ, તેનું સગપણ અને તેનો સહચાર, એ સઘળાં સુખનો નાશ કરનાર છે. સજ્જનનો સંબંધ દુઃખને ઓછું કરનારો, અનુકૂળતાઓ વધારનારો, મનુષ્યત્વમાં વૃદ્ધિ કરનારો અને જીવનને ઉત્સાહી બનાવનારો હોવાથી આપણે સજ્જનતાને ઇચ્છીએ છીએ, ચાહીએ છીએ અને જેમનામાં તે દેખીએ છીએ તેમને નમવાનું મન કરીએ છીએ.

## કવીશ્વર દલપતરામ 'સુધારક' તરીકે.

ધર્મની અને શાસ્ત્રની દરકાર છોડી ન્યાતજાતના નિયમ તોડીને કાર્ય કરવું, એનું નામ 'સુધારો' અને તેમ કરનાર તે 'સુધારક'; એટલી જ વ્યાખ્યા આજસુધીનો સંસારસુધારાનો ઇતિહાસ જોતાં આપી શકાય છે. વિધવાવિવાહ કરવો જ, ન્યાતવરા ઓછા કરવા કે ન કરવા, પરદેશમાં મુસાફરી કરી પ્રાયશ્ચિત્ત ન કરવું, ન્યાતની બહારથી કન્યા લેવી કે તેવે ઠેકાણે કન્યા આપવીઃ આવાં કાર્યો કરનાર કરાવનાર 'સુધારક' કહેવાય છે. આવાં સઘળાં કાર્યો ઉપલી વ્યાખ્યામાં સમાઇ જાય છે. ધર્મની મર્યાદાનું વિશેષ રીતે ઉલ્લંઘન કરનાર પણ 'સુધારક' કહેવાય છે; પણ ન્યાતજાતના જે નિયમ લોકાચારના અને ધર્મ શાસ્ત્રના ધોરણે પ્રચલિત હોય છે તેમને તોડવામાં ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કેટલેક અંશે આવી જાય છે. આ વ્યાખ્યા પ્રમાણે જોતાં કવીશ્વર દલપતરામ સુધારક ન હતા, એમ જ કહેવું પડે છે. શાસ્ત્રને બાધકારક ન હોય એવો સુધારો તેઓ ઇચ્છતા; પણ જો આપણે તેમને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સુધારક કહેવા હોય તો ઉપલી વ્યાખ્યાની બહારના સુધારક તરીકે આપણે તેમને સ્વીકારવા જોઇએ. જ્ઞાતિસંસ્થા એ હિતકારક સંસ્થા છે અને તેનો લાભ હાલ કરતાં વધારે સારો લઇ શકાય એવું છે, એમ તેઓ સમજતા. ન્યાતમાંથી કન્યા મળતી હોય તો પરન્યાતમાંથી ન આણવી, પણ ન્યાતમાંથી કન્યા ન મળે તો પોતાના સવર્ણની કન્યા પરન્યાતમાંથી લેતા હરકત નથી, એવો તેમને અભિપ્રાય હતો; અને આવો અભિપ્રાય તો મોટા ધર્માચાર્યો પણ ધરાવે છે. આથી તેઓ ન્યાતનો નિયમ તોડવા ઇચ્છતા નહિ, તેમ ન્યાતના નિયમ બહાર કાંઇ કરવાનું હોય તો ન્યાતનો નિયમ તોડવાનું કહેતા નહિ. ધર્મશાસ્ત્રને બાધ આવતો નથી એ પ્રથમ જોવાનું છે, એ વાત તેઓ ચૂકતા નહિ. કોઇ વખત કઢંગી અને અર્થ વગરની રૂઢિ ઉપર રીસ ચઢાવાય, પણ ધર્મશાસ્ત્ર ઉપર ઉંચી આંખ ન થાય. હિંદુ હોઇએ ત્યાં સુધી તો હિંદુની રીતે વર્તવું પડે; પછી ખ્રિસ્તી કે મુસલમાન થઇએ ત્યારે તેમની રીતે વર્ત્યા વગર ન ચાલે. ઉપર કહ્યું છે તેમ કઢંગી રૂઢિ ઉપર રીસ ચઢાવાય; પણ કાર્ય કરતી વખતે જો રીસ ન ઉતારીએ તો કાર્ય વિવેકવિચાર વગરનું થઇ જાય. કદાચ ધનવાન્ અને સત્તાવાળા ગૃહસ્થો આવી રીસમાં કાંઇ કામ કરીને કે ન્યાતજાતના નિયમ તોડીને પોતાને દુઃખી ન માને કે પોતે દુઃખી ન થાય; પણ ગરીબ કે સામાન્ય સ્થિતિના લોકો તેમનું જોઇ 'સુધારક' થવા જાય તો તેઓ આપત્તિમાં આવે અને ત્રિશંકુના જેવી ગતિને પામે. તાત્પર્ય એ છે કે, ઉપલી વ્યાખ્યામાં આવતા સુધારકો કરતાં ચઢતી પ્રતિના સુધારક થવામાં દેશનું અને સમાજનું હિત સમાયેલું છે. ધર્મશાસ્ત્રને બાધ ન આવે, અને ન્યાતજાતની સંસ્થાઓના લાભ બહોળા પ્રમાણમાં લેવા પામીએ એવા ક્રિયાવંત થઇ વિવેકપૂર્વક પ્રયત્નો કરવા, એ ખરો સુધારો છે; અને એવો સુધારો કરનાર ઉત્તમ પ્રતિના સુધારક છે. કવીશ્વર દલપતરામ શ્રીમાળી બ્રાહ્મણ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

રહીને, હિંદુ રહીને અને વર્ણાશ્રમને તથા ધર્મને જાળવીને સુધારો ઇચ્છતા હતા, અને તેથી તેઓ ઉત્તમ પ્રતિના સુધારક હતા, એમ કહીએ તો ચાલે; પણ તેઓ બીજી કોઇ કોટિના 'સુધારક' હતા, એમ જો કોઇ કહેતું હોય તો તેની સામે માનપૂર્વક વાંધો લઇ શકાશે. વરો કરીને દરિદ્રી થઇ જવાતું હોય તેથી ન્યાત ઇચ્છવા જેવી નથી, એમ સમજવાનું નથી; પણ ન્યાતના રીતરિવાજમાં સમયાનુસાર સુધારાનો અવકાશ હોવાથી સુધારો થાય એવા પ્રયત્નો, ન્યાતની સામે થઇને નહિ પણ ન્યાતના થઇ રહીને કરવા, એ સાચા સુધારકોનું કર્તવ્ય છે. વિચારપૂર્વક કરેલા કામને સારાં ફળ આવે છે.

કવીશ્વર સુધારક ન હતા પણ સુધારાને ઇચ્છતા, અને તેવો બોધ આપતા, એ સર્વ ઉપર સંક્ષેપમાં કહ્યું છે તે, સાચા સુધારાને ઉદ્દેશીને હતું. ન્યાતજાતમાં અને સમાજમાં સાચા સુધારા માટે ઘણું કરવા જેવું છે તે કરવાનું બાજુએ મુકીને ન્યાતજાતની અને સમાજની ધાર્મિક ભાવનાઓને અડપલાં કરવા જેવું કરવું, એ વિચારશીલ સુધારકને સારૂં નહિ લાગે. કવીશ્વર દલપતરામ પ્રજાજનની એ પવિત્ર ભાવનાઓ ઉપર પ્રહાર કરતા નહિ. ન્યાતજાતના સુધારાઓ એકદમ કરી શકાય એવા ન હોવાથી જ અને સમાજ ઉપર સારી અસર સ્થાયી રીતે કરતા રહીને સુધારો કરી શકાય એવું હોવાથી, તેમણે સુધારો 'ધીમે ધીમે' કરવાનો પ્રસિદ્ધ ઉપદેશ કરેલો છે. પ્રજાના અગ્રગણ્ય પુરૂષો પ્રજાને સન્માર્ગે દોરવાને બંધાયેલા છે; અને એ પ્રમાણે દોરવામાં તેઓ દંભ રાખે કે પેટમાં પાપ રાખે તો, તે આસ્તિક હોય તો ઇશ્વરને અને નાસ્તિક હોય તો કુદરતને જવાબદાર થાય છે, એવો કોઇ ખ્યાલ કવીશ્વર દલપતરામની કલ્પનાની બહાર ન હતો.

કવીશ્વર દલપતરામ ભૂતપ્રેતને માનતા ન હતા; અને એમના દીર્ઘજીવનમાં ભૂતપિશાચને માનવાને એમને એક પણ કારણ મળ્યું

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ન હતું. હાલના કરતાં એમના વખતમાં પ્રજા વધારે વહેમી હતી; તેથી વારંવાર ભૂતપિશાચ ધૂણ્યાના કે તેણે તોફાન કર્યાંના દાખલા ઘણા બનતા. આવો કોઇ બનાવ બને છે, એવું તેઓ જાણતા કે તુર્ત પોતે જ્યાં હોય ત્યાંથી ઉઠીને એકદમ તે બનાવને ઠેકાણે જતા અને ભૂતપિશાચના તોફાનનું મૂળ ખોળી કાઢતા. આ પ્રમાણે તેમણે બહુ વાર કર્યું હતું, અને પોતાના એ સંબંધી અનુભવો એમણે અનેક વાર જનસમુદાયના જાણવા માટે પ્રસિદ્ધ કર્યા હતા. ભૂતના વહેમથી ઘણા વહેમી લોકો દુઃખી થાય છે, એવું જ્યારે એમણે જોયું ત્યારે લોકોનું એ દુઃખ ઓછું થવા અર્થે તેમણે તેને દૂર કરવાનો શ્રમ આદર્યો હતો. આવા શ્રમ ઉપરથી તેમની જનસમુદાય પ્રત્યેની સારી લાગણી સમજાય છે.

તેઓ જ્યોતિષશાસ્ત્રના 'ફળાદેશ' નામના ભાગને માનતા ન હતા, તેમ થવાનાં કેટલાંક કારણો હતાં. થોડું ભણેલા રખડાઉ જોષીઓ સાહેબ લોકોના મુકામ સુધી પહોંચી સાચા જૂઠા લોચા વાળે, તેમાંનું ઘણુંખરૂં ખરૂં ન પડે, અને એક મહિનામાં બનવાનું કહ્યું હોય તે બીજા મહિનામાં બને, તેથી એક તો તે લોકોની આસ્થા મૂળમાં હોય નહિ એટલે પછી બેસવા પણ પામે નહિ. આવા બનાવો કવીશ્વર દલપતરામના જોવામાં આવેલા; અને મૂળમાં ફળાદેશના પાકા અભ્યાસવાળા જોષીઓ ઓછા હોવાથી તથા પોતાને પણ તેનો સારો અને પાકો અનુભવ ન આવ્યાથી એ ભાગ માનવાનું એમણે બંધ કરેલું, અને જનસમુદાય ઉદ્યમી રહે એ જ ઠીક છે એમ સમજીને એમણે એ ફળાદેશના ભાગની અવગણના કરેલી. તેઓ ભૂતને ન માને અને ફળાદેશને ન માને, તેથી કાંઇ વ્યાખ્યા પ્રમાણે એમને 'સુધારક' કહી શકાય નહિ. કવીશ્વર દલપતરામને એકલો 'સુધારક' શબ્દ લગાડવામાં જે વાંધો લેવાનું કેટલાકને કારણ મળે છે તેમાં 'સુધારક' શબ્દનો વાંક નથી, પણ ઉછાં-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

છળા સુધારકોએ એ શબ્દને જે વરવો વેપ કે વિચિત્ર અર્થ આપ્યો છે તેની એ પીડા છે. વિધવાઓએ પુનર્લગ્ન કરવાં જોઇએ, ગમે તે ન્યાતજાતના માણસ સાથે ગમે તે પ્રકારનો વ્યવહાર રાખવો જોઇએ, ન્યાતનાં તમામ બંધારણો તોડી નાખવાં જોઇએઃ એવે પ્રકારે સઘળો ઉપદેશ વારંવાર આપવો, એ માર્ગે જ સતત અભિપ્રાય આપતા રહેવું, અને એવું વર્તન રાખનારને સારી રીતભાતના ગૃહસ્થ ગણવા, એમાં જ સુધારાનો સમાવેશ જો થઇ જતો હોય તો માનપૂર્વક કહેવું પડે છે કે, એને 'સુધારો' શબ્દ લાગુ પડતો નથી. એ તો એક સ્વરૂપનો ક્ષય કરીને બીજું સ્વરૂપ લાવવાનો માર્ગ હોવાથી એ સુધારો કહેવાય નહિ. સુધારો એનું નામ છે કે, મૂળ સ્વરૂપમાં કાળક્રમે જે બગાડ દાખલ થયો હોય તે બગાડને દૂર કરવો, અને તે બગાડને ઠેકાણે શુદ્ધ સ્વરૂપ મુકી આપવું. આમ જો થયું હોત તો સુધારો–ખરો સુધારો ક્યારનો એ થઇ ગયો હોત, અને પ્રજા તેનાં મીઠાં ફળો અત્યારે ચાખતી હોત. પણ ભારતવર્ષના કમનસીબે સારૂં પામવાની આશા નષ્ટ થઇ નરસું પામવા જેવો સુધારો દાખલ થયો, અને જૂનાનવા વચ્ચે શરૂઆતથી જ જુદાપણું આવી ગયું. ન્યાતનાં બંધારણ તોડી નાખવા વગેરે માટે પ્રયત્ન કરનાર સુધારક જો પાછળથી વિચાર ફેરવી ન્યાતમાં ખરો સુધારો કરવા ઇચ્છા બતાવે તો કોઇને તેના પર વિશ્વાસ આવે નહિ, અને પછી કાંઇ કાર્ય બને નહિ. કાળ, રાજ્ય, અને શિક્ષણ હોય તે પ્રમાણે ફેરફાર એની મેળે જ થયાં કરે, તેમાં કોઇના પુરૂષાર્થને યશ આપવાનું રહેતું નથી; કેમ કે એ દેશકાળના બળથી બને છે. 'ગૂજરાત શાળાપત્ર'ના વિદ્વાન્ તંત્રી નવલરામ લક્ષ્મીરામે એક વાર કહ્યું છે કેઃ—

" દલપતરામ ને દુર્ગારામનો સુધારો ધીરો, દેશકાળને અનુસરતો, યોગ્ય શૈલીનો, દેશદાઝનો, ને અભિમાન ખાતર નહિ. બીજામાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જુવાનીઆ દાખલ થયા અથવા કર્યા તે દુનિયાથી અજ્ઞાન, દેશી વિદ્યાથી અજાણ્યા, અભિમાનની મૂર્તિ: એના બે ફાંટા:—

૧ અમદાવાદી—ટાહેલાંખોર, નીતિ પણ ખરી ને ડોળ પણ ખરો. ગૂજરાતી સારૂં ભણેલા, પણ કુવાના દેડકા-ખંધા.

૨ સુરતી, ભરૂચી, સ્વચ્છંદી, નીતિનો બંધ કે લાજ નહિ. સાધારણ ઇંગ્રેજી ભણેલા, રસલીન, પ્રેમાળ, ઇર્ષ્યાખોર, પતરાજી, × × × છાકટાપણું, પોશાકની વિચિત્રતા.

"બંનેએ ધર્મખંડન શરૂ કર્યું. મદ્યપાન એ Baptism (ધર્મ-સંસ્કરણ) થયું. સુધારાની આબરૂ ખોઇ; દારૂડીયો સુધારો કહેવાયો. જૂના લોક કકડાવીને સામા થયા, અને જાણ્યું કે આ તો દુશ્મનો જ ઉભા થયા છે. આ ખરાબી એવી થઇ કે તેનો બદલો વળી શકાવાનો નથી. દલપતરામ જેવાનો હાથ હોત તો આમ થાત નહિ. ધર્મોદ્ધરણ ને સુધારો, એ બે નોખા વિષય છે. ન્યાતવરા ઓછા કરાવવા તેમાં ધર્મપર હુમલો શું કરવા જોઇએ?"

ઉપરની હકીકતમાં અમદાવદી અને સુરતી સુધારકો સંબંધે જે ટીકા છે તે સાથે હું સંમત નથી; પણ સુધારો કેવી રીતે થવો જોઇતો હતો અને કેવી રીતે તેનો આરંભ થયો અને કવીશ્વર દલપતરામ કેવા સુધારક હતા તે બીજા વિદ્વાન્ ગૃહસ્થના શબ્દોમાં જ વાચક આગળ મુકવાથી હું દોષથી અલિપ્ત રહેવા પામું અને ખરી વસ્તુ સ્થિતિ વાચકને ચિત્રવત્ જણાય, તેથી ઉપરનો ઉતારો આપ્યો છે. સારાંશ એ છે કે, કવીશ્વર દલપતરામ જેવા સુધારકને પગલે ચાલવાને યુવાન સુધારક વર્ગે ઇચ્છા રાખી હોત અને વિલાયતનો યુવાન વર્ગ રાજદ્વારી કાર્યમાં જેમ એક સ્થિતિપ્રજ્ઞને પોતાનો આગેવાન ગણી વિવેકથી વર્તે છે તેમ કવીશ્વર દલપતરામની

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સહાયમાં રહ્યા હોત તો અત્યારે ગૂજરાતમાં સુધારાએ સારાં ફળ આપ્યા હોત. કવીશ્વર દલપતરામે મને એક વખત કહ્યું હતું કે, ગૂજરાતમાંથી પહેલવહેલા રા. રા. મહીપતરામને વિલાયત મોકલ્યા તેને બદલે મને મોકલ્યો હોત તો વિલાયત જનારને જ્ઞાતિ બહાર મુકવાની રીત જે ગૂજરાતમાં પ્રચલિત થવા પામી તે થવા પામત નહિ. આ તેમનું કહેવું કદાચ ભૂલભરેલી ગણત્રીવાળું હશે, પણ તેઓ જે ડાવકાશથી કાર્ય કરવાની પદ્ધતિ રાખતા હતા તે જોતાં એ પ્રમાણે કહેવાની હિંમત કરવાનો તેમને હક્ક હતો. કવીશ્વર અંગ્રેજી ભણેલા નહતા, એટલે વિલાયત જવાને તેઓ તૈયાર થાય નહિ અથવા તેમને મોકલી પણ શકાય નહિ, અને રા. સા. મહીપતરામને બદલે પોતાને મોકલવાની તેઓ ઇચ્છા કરે નહિ. છતાં તેમણે જે શબ્દો કહ્યા હતા તે કાર્ય કરવાની પોતાની પદ્ધતિ જે બીજાઓથી જુદી પડતી હતી અને જે પોતે નિશ્ચિત અને પ્રમાણુ કરી હતી તે પદ્ધતિનો મારા પ્રત્યે ફક્ત ઉપદેશ જ હતો.

## ધર્મવિચાર.

કવિ નર્મદાશંકરે ઉત્તર અવસ્થામાં પોતાના વિચારો ફેરવી પ્રાયશ્ચિત્તરૂપે પુસ્તકના આકારમાં **ધર્મવિચાર** પ્રસિદ્ધ કરાવ્યા. કવીશ્વર દલપતરામે પોતાના વિચારો ફેરવ્યા નથી અને પ્રસિદ્ધ પણ કરાવ્યા નથી. તેઓ સ્વામિનારાયણના સંપ્રદાયમાં હતા એમ પાછળ કહેવામાં આવેલું છે. મંદિરની પાસે જ પોતાનું ઘર બાંધી દરરોજ સાંજ સવાર મંદિરમાં જઇ પ્રભુના નામનો તેઓ જપ કરતા અને હાથમાં માળા રાખતા, સાધુસંતોને પગે લાગતા, ગુરૂને ચરણે પડતા અને મંદિરમાં આરતીનાં દર્શન કરતા. આ દરરોજનો ક્રમ હતો. તેમનો ભાલપ્રદેશ કોઇ દિવસ દૂરથી દેખાય એવા મોટા તિલક સિવાયનો શૂન્ય જણાયો નથી. અમદાવાદમાં હોય કે બીજા ગામમાં જવું પડયું હોય—ગમે ત્યાં હોય—પણ ત્યાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પોતાના પ્રભુના મંદિર સિવાય એમને ગોઠતું નહિ. કોઇ દિવસ અમ-દાવાદની ' પ્રાર્થનાસમાજ 'માં જઈ પ્રભુની પ્રાર્થના કરી હશે, પણ ઘેર આવીને મંદિરનાં દર્શન લીધા વિના રહ્યા નથી. ભોળાનાથભાઇએ ઈશ્વર–પ્રાર્થનાનાં રચેલાં પુસ્તકો એવાં સારાં છે કે, ગમે તે ધર્મનો માણસ એ પુસ્તકોવડે પોતાના પ્રભુની પ્રાર્થના કરે તો બાધ આવે નહિ; તેથી અમદાવાદમાં ગિરણી( મિલ )ના ઉદ્યોગનો પાયો નાખનાર કૈલાસવાસી રણછોડલાલ છોટાલાલ પણ વારંવાર પ્રાર્થનાસમાજમાં હાજર રહી શાંતિ પામતા હોય એમ જણાતું હતું.

કવીશ્વર દલપતરામ નિયમિત રીતે સ્વામિનારાયણની ભક્તિ કરતા હતા છતાં તેમના મનમાં ધર્મ સંબંધી અને ઇશ્વર સંબંધી વિચારો કેટલોક વખત ઘોળાયા કરતા હતા, અને અનેક પ્રકારના ઉદ્યોગમાં રહેવાને લીધે એ વિચારોને કોઇ વિશિષ્ટ રૂપે પ્રકટ થવાને અવકાશ મળ્યો ન હતો. ભારતવર્ષના તત્ત્વજ્ઞાનમાં જો કે સૂત્રકાર વ્યાસનાં સૂત્રો તો એક જ પ્રકારના તત્ત્વજ્ઞાનને ઉદ્દેશીને રચાયાં છે, તો પણ જુદા જુદા આચાર્યોએ તે સૂત્રોનો અર્થ પોતાને અનુકૂળ રીતે ખેંચ્યો છે અને ષડ્દર્શનો પણ મતભેદ બતાવે છે, અને તેથી ષડ્દર્શનના અભ્યાસકો ધર્મસંબંધી બાબતમાં એક નિર્ણય ઉપર આવ્યા હોય એ અભ્યાસથી બને; પણ જેમણે એવડો શ્રમ એ બાબતમાં લીધો ન હોય અને જેમની બુદ્ધિ તો જાગૃત હોય તેમને ધર્મ સંબંધી વિચારોના વમળમાં પડ્યા વગર ચાલતું નથી. કવીશ્વર દલપતરામને ષડ્દર્શનના ઊંડાણમાં ઉત-રવાને વખત ન હતો, અને તેમને અંગ્રેજ ગૃહસ્થો તથા સુધારક મિત્રોની સોબત હતી તેથી વખતોવખત તેઓ ધર્મસંબંધી વિચારના વમ-ળમાં પડતા. પોતાના નિત્યનિયમને બાધ આવવા ન દેતાં તેઓ વિચારમાં પડતા કે, પ્રભુનો ખરો માર્ગ કયો હશે ! રવિવારે પ્રાર્થના કરનારા પ્રાર્થનાસમાજીઓ અને ખ્રિસ્તી લોક પ્રભુના ખરા માર્ગમાં હશે કે અમે સ્વામિનારાયણવાળા જ પ્રભુના અક્ષરધામને પહોંચીશું !



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સુખદુઃખ તો બધે સામાન્ય પ્રવર્તે છે. તે સુખદુઃખ ભોગવવાની રૂઢમાં ભેદ જણાય છે, પણ તે તો મન અને શ્રદ્ધાનું કારણ છે. એક દુઃખથી દુઃખી થાય છે; બીજો તેને ઇશ્વરની ઇચ્છા માની દુઃખનો ભાર ઓછો કરે છે. આ પ્રમાણે અનેક વિચારો તેમને એટલે સુધી આવ્યા કે, તેમને તેમાં કાં તો સારા સનાતન ધર્મી થઇ જવાય અથવા બીજે છેડે કેવળ નાસ્તિક થઇ જવાય એવું દેખાયું હશે. એમ તેમની વાતચીત ઉપરથી સમજાતું હતું. તેમણે રચેલી કવિતામાંથી પણ આ વાત સમજાય છે. ઇશ્વર સંબંધી તથા ધર્મ સંબંધી એમણે ઘણી કવિતાઓ રચેલી છે તેમાં--ઇશ્વર હશે કે નહિ હોય, એવા સંશયગ્રસ્ત લોકોને તેઓ કહે છે કે,

“ તેમ જ સંશય હોય પણ, ધરવો રૂડો ધર્મ;
આ લોકે પરલોકમાં ધર્મ થકી સુખ પર્મ. ”

એટલે સંશયને દૂર કરીને सुखं च न विना धर्मात्तस्माद्धर्म परोभवेत् । એવો પ્રાચીન ઉપદેશ તેમણે સંશયગ્રસ્ત લોકોને આપ્યો છે, અને તેનું કારણ એ કે, તેઓ સંશયગ્રસ્ત સ્થિતિ સુધીનો વિચાર કરી ચૂકાતે નિર્ણય પર આવ્યા હતા. પોતે ષડ્દર્શનના ઊંડાણમાં ઉતર્યા નહિ અને વ્યાસસૂત્ર ઉપરનાં ભાષ્ય ભણી શકયા નહિ, અને બીજા ઉદ્યોગોમાં રોકાયેલા રહ્યા તેથી ઇશ્વરની પ્રાર્થના કરતાં તેઓ વૈતાલીય છંદમાં કહે છે કેઃ—

“ ન પડયો શુભ માર્ગશોધમાં,
ન પડયો હું બહુ જ્ઞાનબોધમાં;
અવળી ગતિ નિત્ય આચરી,
હરજે કલેશ હમેશ હે હરિ. ”

પછી સનાતન વિચારોની મનમાં સ્થિરતા થતાં અમૃતધ્વનિ છંદમાં તેઓ ઇશ્વરની સ્તુતિ કરતાં કહે છે કેઃ—

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

" તુજ મત ધરશે, કૃત શુભ કરશે,
તે ભવ તરશે, ફરી નહિ મરશે;
નહિ અવતરશે, સ્થિર થૈ ઠરશે,
દિલ નહિ ડરશે સઉ સુખ ભરશે."

શ્રી સહજાનંદ સ્વામીને શરણે રહેવાનો પોતાનો પ્રથમનો જ નિશ્ચય તેઓ કાયમ કરે છે ને સેવ્યસેવક ભાવથી પ્રભુનું સ્તોત્ર ગાઈ છેવટ શાર્દૂલવિક્રીડિત વૃત્તમાં કહે છે કેઃ—

" ધામી અક્ષર ધામના હરિ બહુનામી મળ્યો આ ભવે;
વામી છે ભવવેદના હરખથી હામી ભરૂં છું હવે."

કવીશ્વર દલપતરામ આ પ્રમાણે છેવટ સુધી સ્વામિનારાયણને શરણે રહ્યા છે અને તેમણે સેવ્યસેવકભાવે ઇશ્વરની ભક્તિ હંમેશ કરી છે, તો પણ વેદાન્તના અંગના વિશ્વરૂપદર્શનની પેઠે તેઓ ઇશ્વરને બહુરૂપે જુવે છે અને તેમની બ્રાહ્મણ રૂપે, ક્ષત્રિય રૂપે, વાણિયા રૂપે, કણબી રૂપે, માળીરૂપે, કુંભારરૂપે, એમ જુદી જુદી રીતે ઇશ્વરની સ્તુતિ કરે છેઃ—

" સર્વથી પ્રથમ જેણે સૃષ્ટિમાં અનાજ વાવ્યાં,
જેના ખેતરનું અન્ન જુક્તિથી હું જમું છું;
ઉપજાવે શેલડીને સ્વાદિષ્ટ સાકર ખાંડ,
ભોજન કરીને હું સદૈવ સુખે ભમું છું;
કરે છે કપાસ પેદા કાપડ બને છે જેનાં,
સારાં સજી શણગાર રંગભર રમું છું;
કરે છે ખેતીનું કામ કહે દલપતરામ,
એવા એક કણબીને નિત્યનિત્ય નમું છું."

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવીશ્વર દલપતરામને ધર્મ સંબંધી તકરારો ગમતી નહિ. જગતમાં અનેક ધર્મોની જરૂર હોવાથી તે થયેલા છે એમ તેઓ માનતા. માત્ર તેઓ નાસ્તિકની સંગતિથી ડરતા અને તેથી પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે કે:—

"સુખથી નિત્યે માગીએ પ્રભુને કરી પ્રણામ,
પ્રસંગ નાસ્તિક જનતણો થશો ન કોઈ ઠામ."

વળી તેઓ ધર્મવિચાર જણાવતાં લખે છે કે:—

"ધર્મવિના ધરણી વિષે રહે ન નીતિ લેશ,
જુલમ વધે જગમાં ઘણો વધે કોટિધા કલેશ.
ચોરી જારી જૂઠ વળી, પરને દેવું દુઃખ,
એનું નામ અધર્મ છે, સમજી પામો સુખ.
પરોપકાર સુધર્મ છે, સુધર્મ બીજું સત્ય;
જગમાં એવા ધર્મની અતિશે દિસે અગત્ય.
ધર્મ નિયમ પાળ્યા વિના પ્રભુ ભજવા તે વ્યર્થ,
ઓસડ સેવ્યે શું થશે, પળાય નહિ જો પથ્ય."

આ ઉપરથી જણાશે કે, ધર્મને કેવળ હરિનું નામ લેવામાં એમણે ગણ્યો ન હતો.

તેમનાં પત્નીને અંતકાળનો મંદવાડ આવ્યો ત્યારે સહજાનંદ સ્વામી અનેક સાધુઓને સાથે લઇને પોતાને તેડવા આવ્યા છે એવી હકીકત તેમણે કવીશ્વર દલપતરામને વિદિત કરી હતી અને પછી દેહ છોડયો હતો. આ ઉપરથી સમજાશે કે, સ્વામિનારાયણનો સંપ્રદાય એ જ એમના ગૃહધર્મની એમનાં વખતમાં પરિસીમા હતી.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



"સ્વર્ગે અને નર્કે કોણ જશે," "ચતુર્ધા મુક્તિ," અને "સૌનો ઇશ્વર એક છે" વગેરે તેમના કવિતાઓ વાંચવા જેવી છે. કચ્છ-ગરબાવળીમાંની "ઇશ્વરની માયા વિષે"ની ગરબીઓ એમના મનનું મંથન બતાવે છે. ઇશ્વર સંબંધી અને ધર્મ સંબંધી તથા સ્વામિ-નારાયણના સંપ્રદાયને અંગે તેમનાથી લખાયેલી કવિતા ઘણી જ છે, અને તે બતાવે છે કે, તે એક પાકા આસ્તિક અને ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે એવા ગૃહસ્થ હતા.

જૂના વખતમાં એટલે આજથી પોણોસો વર્ષ ઉપર નવી કેળવણી વિસ્તરી ન હતી અને અંગ્રેજી ભણવાની નિશાળો તથા મહાપાઠશાળાની ગૂજરાતમાં લોકને પૂરી ખબર પણ ન હતી. તે વખતે સુધારાની બૂમ ન હતી, અને નાસ્તિક તો કોઇ ભાગ્યે જ મળતા. અંગ્રેજી કેળવણીનો વિસ્તાર વધતો ગયો તેમ તેમ ધર્મભાવના ઓછી થતી માલૂમ પડી, અને પ્રાચીન ધર્મશ્રદ્ધાને ઠેકાણે તર્ક અથવા બુદ્ધિવાદે જગ્યા લીધી. આ બધી જાતના પવનનો અનુભવ અને તેની અસર કવીશ્વર દલપતરામને થયાં છતાં અને તે સંબંધી વિચારોમાં મન રોકાયું છતાં તેઓ પોતાનો એકવિચાર, પૃથ્વી જેમ પોતાની ધરી ઉપર ફરવાનું ચાલુ રાખી સૂર્યની આસપાસ ફરવાનું કામ વગર ચૂકે ચાલુ રાખે છે તેમ, હંમેશ ચાલુ રાખી શક્યા અને શ્રી સહજાનંદ સ્વામીને શરણે છેવટ સુધી રહ્યા એ તેમના નિશ્ચયની દૃઢતા સૂચવે છે. પોતાથી ધર્મના ઊંડાણમાં જવાયું ન હતું, અને ધર્મ સંબંધી સભાઓમાં તે થોડું જતા હતા અને જ્યારે જાય ત્યારે પણ માત્ર ત્રાહિત પ્રેક્ષક તરીકે જાય, તેમ છતાં જ્યારે ધર્મ સંબંધી સૂક્ષ્મ બાબતો અને બારીક દલીલો કોઇ બતાવતા ત્યારે તેઓ પ્રસન્ન થતા. એક વખત જૂનાગઢથી આવતાં કવીશ્વર દલપતરામે રાજકોટમાં મુકામ કરેલો. કવીશ્વર પોતે જે ઉતર્યા હતા, તે રાજકોટમાં આઝમ મણીશંકર

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જટાશંકર ફીકાણી જેઓ ઘણા અનુભવી છે તેમનો સમાગમ થયો અને તેમની સાથે વાતચીત કરતાં કેટલાક સંશય મટયા. આ ઉપરથી ખુશ થઇ તેમણે તેમના સંબંધમાં નીચેના સવૈયો કહ્યોઃ—

"વેદ તણા બહુ ભેદ વિચક્ષણ,
લક્ષણ શુદ્ધ ચિત્તે ચતુરાઇ;
સંશય ટાળી કરે ગતસંશય,
હંસ જથા જળ દૂધ જુદાઈ;
સ્વાત્મક જ્ઞાન તથા પરમાત્મક,
તે ત્રિગુણાત્મકના ગુણ ગાઇ;
ભાંગી શકે ભ્રમ ભાવ ભયંકર,
શંકર કે મણીશંકર ભાઇ."

આ પ્રમાણે એમના ગંભીર મનના ઊંડાણમાં રહેલા નિશ્ચયના ઉપરના ભાગમાં જે સંશયો હતા તે સંશયો રાજકોટમાં મણીશંકર ભાઇએ દૂર કરેલા અને તેથી તેમણે પ્રસન્નતા બતાવેલી. આ સંશયો સુધારક અને વિદેશી મિત્રોની સંગતિથી ઉત્પન્ન થવા પામેલા તે દૂર થઇ. અંતરનો નિશ્ચય કાયમ રહ્યો કેઃ—

एष निष्कंटकः पंथा यत्र संपूज्यते हरिः।

## કાવ્યલેખન.

કવીશ્વર દલપતરામની કવિતાની પદ્ધતિ અને તેના ગુણો વગેરે વિષે આપણે પાછળ જોયું છે. હવે આપણે તેમના કાવ્યલેખન તરફ દૃષ્ટિ કરીએ. એમની કવિતા હંમેશ ઉત્સાહથી આરંભાતી, અને તે પૂરી થતાં સુધી તેમનો ઉત્સાહ જેવો ને તેવો કાયમ રહેતો. તેઓ કાંઇ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વિષયમાં તપી જઇને નહિ, પણ તે વિષયનો મનમાં પૂરો વિચાર કરીને, શાંત મનથી, કોઈ જાતના આવેશથી દોરવાયા વગર લખે છે. તેમની કવિતામાંથી પાંચ વર્ષ પછી પાંચ શબ્દો કાઢી બીજા નવા શબ્દો નાખવા પડે એવી રીતે તેઓ કાંઇ લખતા નથી. તેઓ જે કાંઇ લખે છે તે નિશ્ચયથી, બુદ્ધિપૂર્વક, પૂરતો વિચાર કરીને. તે વિષયમાં પોતાના વિચારો જે કાંઇ બહાર આપવા જેવા હોય તે બધા તેઓ અનુક્રમે પૂરા બતાવે છે. મનની શાંતિ જાળવીને તે પોતાને એકલાને માટે નહિ, પણ પોતાની પ્રસન્નતા સાથે બીજા સર્વની પ્રસન્નતા માટે કવિતા લખે છે, અને વાજબી રીતે પોતાનું મન પ્રસન્ન થાય તો બીજાનાં મન પ્રસન્ન થશે એમ માનવામાં વિજય પામે છે. પોતાના મનના ફાંકા પ્રમાણે નહિ, પણ વ્યવહારમાં વાસ્તવિક શું બને છે, શું બન્યું છે, અને શું ખરેખર બની શકે છે તે ઉપર જ તેઓ પોતાની કવિતાનું નિશાન બાંધે છે. પ્રેમાનંદ અને શામળની પેઠે વહેમથી અથવા અલૌકિક વાતોથી પોતાની કવિતાને દૂર ન રાખવાનું એમણે નવા જમાનામાં ડહાપણ ભરેલું માન્યું નથી. કવીશ્વર દલપતરામ, દલપતરામશાઇ કવિતા લખે છે, પ્રેમાનંદ જેવી લખે છે, શામળ જેવી લખે છે, દયારામ જેવી લખે છે અને પોતાના સાંપ્રદાયિક કવિઓની છાયાને પણ અનુસરે છે; પણ નર્મદાશંકરની કવિતા જેવી કવિતા તેઓ લખતા નથી. કવિતાના લેખનનો માર્ગ પૃથ્વીથી સ્વર્ગ સુધીનો સર્વેએ જોયેલો અથવા કબૂલેલો તેઓ ગ્રહણ કરે છે, અને ત્યાં સુધીના-ગુપ્ત વ્યવહારો સિવાયના-સર્વ વ્યવહારોમાં તેઓ પોતાનું કૌશલ, ચાતુર્ય અને કાવ્યસામર્થ્ય બતાવી, શ્રોતાને નિર્દોષ રાખી, પોતે નિર્દોષ રહી, સામાની બુદ્ધિ અને જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની સાથે તેના મનને ખીલવે છે, અને પોતે પોતાની શક્તિને હંમેશ સતેજ રાખે છે. પોતાની કવિતાને કોઇ મુકરર રસોમાં તેઓ રાખી મુકતા નથી; પણ જે વો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પ્રસંગ હોય તે પ્રસંગને છાજતા હરકોઇ રસમાં તેઓ કવિતાને કાબુમાં રાખીને છોડે છે. કોઇ સ્થળે માનસિક અકસ્માત્ થવા ન પામે એટલા માટે સર્વ તોફાની તરંગો અને ભાવોને-વધારે લાભ થવા જેવું હોય તો પણ-દૂર રાખીને-થોડા લાભથી સંતોષ પામી-સર્વજન સાથે એકાત્મભાવ રાખી કાવ્યલેખનના માર્ગમાં તેઓ વિચરે છે. ધનનો લાભ, મિત્રનો સંતોષ, પોતાનું કર્તવ્ય અને પરોપકારવૃત્તિ, એ ચાર વાનાં એમના કાવ્યલેખનના ઉત્સાહનાં ઉત્તેજક નીવડયાં છે; પછી એ ચારે વાનાં પૂરતા પ્રમાણમાં હોય કે નહિ. એકવાર જે માર્ગે જવાનું શરૂ કર્યું તે માર્ગ ઉપર તેઓ પૂરા ઉત્સાહથી પૂરતાં સાધન સાથે જ વિચરતા રહે છે. રસની સાથે માધુર્ય અને ચાતુર્યને સામીલ રાખી તેઓ કાવ્યલેખનના આખા માર્ગમાં પોતાને જોઇતો પ્રકાશ મેળવે છે, અને એ પ્રકાશમાં જ તેઓ બીજાઓને પોતાની કૃતિ બતાવી આપે છે. તેઓ પોતાની કવિતાનો ઉદ્દેશ દેશની રાજકીય કે સાંસારિક ઉન્નતિ માટે જેટલો સમજે છે તે કરતાં વધારે, વિદ્યા અને સુસંગતિ દ્વારા, માનસિક ઉન્નતિના માર્ગો સદ્ગુણોની ખીલવણી વડે ખુલ્લા કરવાનો હોય એમ માને છે. કાવ્યાનંદવિનોદ સર્વને સરખો મળે એવી ઇચ્છાવડે પ્રેરાયેલી એમની કવિતા વિનોદ, હાસ્ય, આનંદ, કટાક્ષ અને ઉપદેશ કાવકી રીતે અને માર્મિક રીતે આપે છે. દર્દ, મસ્તી અને પ્રેમથી લખેલી કવિતાને ચોટેલ દર્દ, મસ્તી અને પ્રેમશબ્દોને, તે શબ્દો ત્યાં ચોટેલા હોય ત્યાં સુધી ભાષા બહાર ગણનારા કવીશ્વર દલપતરામની કવિતા, સર્વાંગે સુંદર, રસવાળી પણ મર્યાદાશીળ, અલંકારોથી શોભતી, શોભાભરેલી રીતે પદન્યાસ કરનારી, સામાને પોતાના તેજથી આંજનારી, દુષ્ટાને વિકાર ન કરતાં નીતિનું ભાન કરાવનારી અને એકથી હજારો સુધીની સંખ્યાનાં સજ્જનોને પોષતી, પ્રસન્ન કરતી અને સન્માર્ગ સૂચવતી, એક વરદાન આપનાર દેવીની પેઠે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગુર્જર પ્રદેશમાં પ્રતિષ્ઠાને પામી છે; અને જે તેની ભક્તિ રાખશે, જે તેના ઉપાસક થશે અને જે તેની યાત્રાએ જશે તેમના હિતમાં એ હંમેશ વૃદ્ધિ જ કરશે. એ કાવ્યદેવીના મંદિરમાં ઈશ્વરના ગુણોનું ગાન થાય છે, કુદરતના દેખાવો-સૃષ્ટિ સૌંદર્ય-નાં ચિત્રો જોવા મળે છે, સદ્‌ગુણોનો બોધ થાય છે, આખ્યાનો વંચાય છે, દેશની ઉન્નતિના ઉપાયો બતાવવામાં આવે છે, અને લગ્નનાં ગીત અને આનંદના ગરબા ગવાય છે. સર્વ ઋતુનો મહિમા ત્યાં જણાય છે, અને ધર્મ સંબંધી અનેક કવિતાઓ ત્યાં ગવાય છે.

કવીશ્વર દલપતરામની કવિતાનો જથો ઘણો મોટો છે. એમનાં ‘દલપતકાવ્ય’માં જેટલી કવિતા છે તે કરતાં વધારે કવિતા એમણે ધર્મ અર્થે અથવા સ્વામિનારાયણ સંપ્રદાયને અર્થે લખી હતી અને લખી આપી હતી. વિદ્યાને અર્થે ધન મેળવવાને એમણે અનેક ગૃહસ્થોને કવિતાવડે પ્રસન્ન કર્યા હતા. ‘બુદ્ધિપ્રકાશ’ માસિક ચલાવતાં અનેક પ્રકારની કવિતા લખવાની તેમને જરૂર પડી હતી. ફારબસ જેવા પરમસ્નેહીને પ્રસન્ન કરવા અને તેનું નામ રાખવા ‘ફારબસ વિલાસ’ લખ્યો હતો. ફારબસ મિત્રનો સ્વર્ગવાસ થતાં લખેલો ‘ફારબસ વિરહ,’ વિલાપ કરવામાં પણ વિજય પામી શક્યો છે. ‘વેનચરિત્ર’માં અનેક રસોનું પોષણ એવી રીતે કર્યું છે કે, તેથી તે પુસ્તક સર્વાંગે સુંદર થવા પામ્યું છે, અને એમ કહેવું પડે છે કે, કવીશ્વર દલપતરામને કોઈએ આવાં બીજાં આખ્યાનો લખવા અથવા રઘુવંશ જેવું એકાદ કાવ્ય લખવા ખાસ રોકયા હોત તો કેવું સારૂં થાત! તો પણ એમણે જેટલું કાર્ય કર્યું છે તેટલું જરા પણ ઓછું નથી. આખી જીંદગી ઉદ્યોગમાં જ રહીને એમણે કાવ્યલેખનના કાર્યમાં પોતાનો પૂરતો વખત રોકયો હતો. વિદ્યાનાં, વ્યવહારનાં, નોકરીનાં અને પોતાના ધર્મનાં કાર્યો કરતાં કાવ્યલેખનનું કાર્ય એમણે બાજુ ઉપર મુકી દીધું ન હતું

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કાવ્યલેખને જ એમની ઉન્નતિ કરી હતી અને કીર્તિ વધારી હતી. જો કવીશ્વર દલપતરામ જે સમયમાં તેઓ થયા છે તે સમયમાં ન થયા હોત તો ગૂજરાતી ભાષાની અત્યારની સ્થિતિમાં કેટલું ઊણાપણું રહ્યું હોત તે સુજ્ઞ વાચકો જ વિચારી લેશે ! આવા એક ઠાવકા, વિચારશીળ, દીર્ઘદર્શી, નીતિમાન, ભાવિક અને ચાતુર્યપૂર્ણ કવિની, જે કાળમાં તેઓ ઉત્પન્ન થયા તે કાળમાં જરૂર હતી અને તે જરૂર પૂરી પાડવામાં પ્રભુએ પરમ ઉદારતા જ બતાવી છે. એમની કવિતા તે એમના પોતાના સમયના ઇતિહાસ જેવી છે, અને એમનો જન્મ ગૂજરાતની નવી ઘટનાના આરંભના કાર્યોમાં ઉપયોગી થવા માટે જ થયો હોય એમ લાગે છે. એવો જન્મ સાંકેતિક જન્મ કહેવાય છે. કોઇ સમયના નોંધી રાખવા જેવા ફેરફાર વખતે એવા પુરૂષનો જન્મ થાય છે. સૌરાષ્ટ્ર અને ગુર્જરરાષ્ટ્રની સરહદોના મેળાપને ઠેકાણે ભોગવતી નદીને કાંઠે, બંને બાજુએ ચાલતી ભાષાઉપર એકી વખતે નજર કરી શકાય એવે ઠેકાણે આ પુરૂષનો જન્મ આપવામાં પરમેશ્વરે સૂક્ષ્મદર્શીઓને પોતાના ચમત્કારનાં દર્શન કરાવ્યાં છે. સામાન્ય માણસમાં વિશેષપણાનાં લક્ષણોનું આરોપણ વિશેષ કાર્યને અર્થે જ થયું હોય છે, અને વિશેષ કાર્યની સિદ્ધિને અર્થે જ સાંકેતિક જન્મ પામનારને સહાયક મિત્રો અને અનુકૂળ સંજોગોનો યોગ પ્રભુ કરી આપે છે. કવીશ્વર દલપતરામના જીવનને આ માર્ગે જોવાનું પોષાય એવો સમય હાલ ઓછો પ્રવર્તે છે, અને તેથી કેવળ લૌકિક રીતે જ અત્યાર સુધી આપણે તેમનું જીવન જોયું છે. તો પણ આવતા પ્રકરણમાં જો આ લૌકિક મર્યાદાનું કાંઇક ઉલ્લંઘન થયું હોય તો તે વિનોદને અર્થે છે, એમ માની તેમાંની વસ્તુ જાણી લેવા વિવેકી વાચકો તેનો અનાદર નહિ કરે એવી આશા રાખી છે.

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવીશ્વર દલપતરામની કવિતા વિષે ઉપર જે વિચારો જણાવ્યા છે તે વિચારોની પુષ્ટિમાં જો કોઇ બીજા વિદ્વાન્ ગૃહસ્થનો અભિપ્રાય અત્રે નોંધવામાં આવે તો તે વિશેષ વજનદાર ગણાશે એમ જાણી કવીશ્વર દલપતરામના પ્રતિપક્ષી ગણાતા કવિ નર્મદના મિત્ર, દલપતરામ વિષે પ્રથમ દર્શને ઉલટો અભિપ્રાય બાંધી પાછળથી નર્મકવિતાની પ્રસ્તાવના લખતાં દલપતરામ યાદ આવી જતાં તેમને ધનસાદ્ આપવાને તત્પર થનાર વિદ્વાન્ નવલરામનો મત આ નીચે નોંધ્યો છે. તેઓ લખે છે કેઃ—

" દલપતરામની કવિતા શાંત બુદ્ધિની, વ્યવહારમાં કુશળ, ચતુરાઇની ભરી અને સભારંજની છે. એ નવે રસમાં પ્રસંગોપાત્ર વિચરે છે, પણ તે શાંતિ અને વિવેકની સાથે. વ્યવહારની મર્યાદા એ જ આ કવિતામાં રસના સંભવાસંભવની મર્યાદા છે. કોઇ પણ રસની મસ્તી એ આ કવિતાને મન ગાંડાઇ છે. સંસારનું શાંત બુદ્ધિથી અવલોકન કરવું અને તેમાંથી વ્યવહારોપયોગી બોધ લેવો, એ દલપતશૈલીને સૌથી વધારે રૂચિકર છે. એ શૈલી જાતે દર્દથી મુક્ત હોવાને લીધે બે ઘડી નવરાશની વેળાએ વિનોદ કરવો એમાં જ મોટું સુખ માણે છે. ઠાવકું હાસ્ય ( Humour ), મર્માળાં કટાક્ષ ( wit ), વાણીની મીઠાશ, અને રચનામાં વિવિધ પ્રકારનાં ચાતુર્ય, એ વડે દલપત શૈલીનાં શાંત ને સુખબોધક વર્ણનો ઝગઝગી રહ્યાં છે. દલપતરામની ચોટ સદા સભાનાં મનનું રંજન કરવા ઉપર જ રહેલી હોય છે, અને તેમાં તે બરાબર ફતેહ પામે છે; કેમ કે, શ્રોતાના મનમાં ઉતરીને તેને કેમ લાગે છે તે જોવાની શક્તિ આ કવિતામાં છે. "

નર્મદશૈલીના ઉપાસક વિદ્વાન નવલરામનો ઉપર પ્રમાણે અભિપ્રાય બંધાયો હતો. દલપતશૈલીના ઉપાસકનો અભિપ્રાય જો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એથી એ ડગલાં આગળ જાય તો તેમાં કાંઇ પક્ષપાત કે અતિશયોક્તિ થઇ છે એમ સમજવા જેવું નથી; કેમ કે જે જેનો ઉપાસક હોય તેને તેમાં વધારે દૈવત દેખાય અને ખરો મર્મ તેને જ સમજાય. કવિઓ, લેખકો અને પત્રકારો જો પ્રજાને માટે જ કાર્ય કરનારા હોય અને પોતાના ઉપરની જવાબદારી સમજનાર હોય તો તેઓ પક્ષપાત, અતિશયોક્તિ અને ભેદભાવ વગરના જ હોય છે; કદાચ તે પરના અલ્પદોષને હિસાબમાં ન લે, તો પણ પ્રજાની ઉન્નતિનાં સાધક-સત્ય અને ન્યાય-ની તુલા તો તે સાચવે જ.

## કાવ્યકૃતિમાંના કાંઇક ઉતારા.

કવીશ્વર દલપતરામભાઇએ ગૂજરાતી ભાષામાં કરેલી કવિતાનો જથો જો કે મોટો છે, તો પણ તેમાંનો ધર્મસંબંધી એમની કવિતાઓનો ભાગ સામાન્ય પ્રજાના ઉપયોગમાં આવી શકે નહિ, એ સ્વાભાવિક છે. તેમ છતાં જેમનાથી બની શકે તેમણે તે ભાગ પણ મેળવીને જોવા જેવો છે; કેમ કે, ઘણી પાકી વયે તે કવિતાનો મોટો ભાગ લખાયેલો હોવાથી તે દલપતકૃતિ તરીકે જે ભાવ ધરાવે છે તે ભાવ તેમાં પૂર્ણ રીતે આવેલો છે. સંસ્કૃત ભાષામાં શબ્દલાઘવ સરળ રીતે અને સહજમાં જેવી રીતે આવે છે તેવી રીતે શબ્દલાઘવ ગૂજરાતી ભાષામાં આવી શકતું નથી. આ વાત સંસ્કૃત કવિતાનું સમશ્લોકી ગૂજરાતી ભાષાન્તર કરનાર વિદ્વાનને કહેવી પડે એવી નથી. સંસ્કૃત એક શ્લોકનું ગૂજરાતી એક જ શ્લોકમાં ભાષાન્તર કરવું હોય તો તેમાં દરેક સંસ્કૃત શબ્દનો ગૂઢાર્થ આવી શકતો નથી; અને આવવા પામે તો કોઇક શબ્દ આખો બાકી રહી જવા પામે છે અથવા કોઇક બીજી ખામી આવી જાય છે. આ કારણથી એવાં ભાષાન્તરોમાં કેટલીક વાર એક શ્લોકને બદલે બે શ્લોક ગૂજરાતીમાં લખાયાના દાખલા બનેલા છે. સંસ્કૃત ભાષામાં સમાગરચનાના અને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

શબ્દશકિતના સાધનને લીધે થોડા શબ્દોમાં જે અર્થ આવી શકે છે તેવો અર્થ ગૂજરાતી ભાષામાં થોડા શબ્દોમાં સહજ આવી શકતો નથી. સંસ્કૃત ભાષામાંના સમાસ જેવા સમાસ ગૂજરાતી ભાષામાં કરવા જતાં કેવળ વિદ્વાનોના ઉપયોગની જ કવિતા બનવા પામે છે. કવીશ્વર દલપતરામ તેટલા માટે સમાસનો ઉપયોગ કરતા ન હતા; અને સમુદ્રવર્ણન કે વનવર્ણન કરવામાં સંસ્કૃત ભાષામાં બે શ્લોકમાં જેટલો ભાવ આવે તેટલો ભાવ એઓ બાર શ્લોક લખીને લાવતા. આમ તેમને સકારણ જ કરવું પડતું. માઘ પંડિત 'શિશુપાલ-વધ'માં લખે છે કે,

" सस्मार वारणपतिः परिवीतनिद्रं

इच्छाविहारवनवासमहोत्सवानाम् "

આનું ગૂજરાતી ભાષામાં સરલ ભાષાન્તર એક જ વસંતતિલકાવૃત્તમાં બે લીંટીમાં કરવામાં આવે તો આ સંસ્કૃત બે લીંટીમાં જેવો અને જેટલો ભાવ રહ્યો છે તેટલો તેમાં ભાગ્યે જ આવશે. આ કારણથી કવીશ્વરની કવિતામાંની એક ટુંક ઉતારી બતાવીએ તો તેમાં, અને આખી કવિતા વાંચીએ તો તેમાં મોટું અંતર પડે છે; તો પણ કેટલીક પરચુરણ કવિતામાંથી થોડી થોડી લીંટીઓ નીચે બતાવી છે તેથી સુજ્ઞ વાચકોને દલપતકૃતિનો ખ્યાલ આવવા પામશે એવી આશા રાખી છે.

એમણે ઘણા પ્રબંધ રચ્યા છે, એમ પાછળ એક પ્રકરણમાં કહ્યું છે; તેમાંથી થોડાંકનાં નામ અત્રે આપ્યાં છે; સ્વસ્તિકપ્રબંધ, છત્રપ્રબંધ, કદળીપ્રબંધ, કપાટપ્રબંધ, ત્રિશુલપ્રબંધ, સમુદ્રપ્રબંધ, નાગ-પાશપ્રબંધ, ચોકીપ્રબંધ, ધનુષપ્રબંધ, ચક્રપ્રબંધ, વૃક્ષપ્રબંધ અને સર્વતોભદ્રપ્રબંધ.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

દૃષ્ટાંત તરીકે દર્પણપ્રબંધ તથા કપાટપ્રબંધ.

દોહરો.

વાર વાર કરતાર સ્મર, શિર પર કર ધરનાર;
સાર સાર ભરનાર ઉર પરહર પરદરકાર.

કપાટ.

| | | |
|---|---|---|
| વા... | ...ર... | ...સા |
| વા... | ...ર... | ...સા |
| ક... | ..ર... | ...ભ |
| તા... | . ર... | ...ના |
| સ્મ... | ...ર... | ...ઉ |
| શિ... | ...ર... | ...પ |
| પ... | ...ર... | ...હ |
| ક... | ...ર... | ...પ |
| ધ... | ...ર... | ...દ |
| ના... | ...ર... | ...કા |

'ચંદ્રોદય' વિષેની કવિતામાંથી ઉપજાતિવૃત્તઃ—

" શશાંકમાં શ્યામળ ડાઘ જોઇ,
કહે વિચારી કવિરાજ કોઇ;
આદર્શ જેવો શશિસ્વચ્છ એ છે,
તેમાં ભૂમિનું પ્રતિબિંબ તે છે.
બીજો કહે છે નભપત્ર આ છે,
તારા નહીં અક્ષર તે લખ્યા છે;

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

મહોર ઇન્દુપ્રભુની પવિત્ર
તેમાં મૃગાકાર વિચિત્ર ચિત્ર;
ત્રીજો કહે મંથિત સિન્ધુ જ્યારે,
હતો શશી સાગર મધ્ય ત્યારે;
જે ઘાવ મંથાચળથી થયેલા,
આ ડાઘ તેના શશીમાં રહેલા.
ચોથો કહે છે ક્ષયરોગ એને,
વધે ઘટે છે તનરોગ તેને;
તે ટાળવા કાજ ઉપાય કીધા,
આ કોઈ વૈદ્દે ઉર ડામ દીધા. "

જનસ્વભાવ વિષેની કવિતામાંથી નટ પ્રત્યે કથનઃ-

દુમિલા છંદ.

" સુણુ રે નટ શુદ્ધ શિખામણુ સારિ,
કૃપાથિ તને સમજાવું કથી;
શિર સાત ઘડા ધરિ બાળક બે લઇ,
દોર ચઢી ઉતર્યો દુઃખથી;
કરિ ક્રોડ કળા દલપત કહે,
ખુબ ખેલ કરીશ મરીશ મથી;
ન બહુ કથવા નિરધાર કર્યો,
નર તે તુજને બદનાર નથી. "

ક્રોધ સંબંધી કવિતામાંથી બે દોહરાઃ-

" યોગ્ય રિતે ઉપયોગથી દુર્ગુણ પણ વખણાય;
કરિયે ક્રોધ અસત્ય પર તો તે ગુણ કહેવાય.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

છેક તિવ્રતા જે તજે, નરમાં તે ન ગણાય,
શશિ શીતળ શ્યામાતણા વદન તુલ્ય વખણાય,
મગજ જેહનું પવનવશ, તેનો શો વિશ્વાસ;
પવન કદી વૃષ્ટિ કરે કદી વૃષ્ટિનો નાશ. ”

અરસિકે કવિત્વનિવેદન વિષે ઇંદ્રવિજય છંદઃ–

“ સુંદર તો પણ શા ઉપયોગનિ,
અંધની આગળ આરશી લાવ્યો;
જો ગજરાજ દિસે અતિ ઉત્તમ,
નિર્ધનને ઉપયોગ ન આવ્યો;

મર્કટ કંઠ ધર્યો મણિહાર
પ્રહાર ગણી અતિદૂર ઉડાવ્યો;
કાવ્યકળા કહી મૂરખ પાસ,
બધીરની આગળ શંખ બજાવ્યો. ”

કવિઓની વૃદ્ધિ વિષેની કવિતામાંથી દુમિલા છંદઃ–

“ વરતાય નહીં સતી સર્વ સમે
વરતાય સતી અતિ સંકટમાં;
રણભૂમિ ભયાનકમાં જ જણાય
સમર્થપણું નર સુભટમાં;
સજિ નાટક જ્યાં શુભ નાચ કરાય
કળાય કળા નિરખી નટમાં;
કવિ તો બહુ છે દલપત્ત કહે,
સમજાય કવિત્વ સભાતટમાં. ”

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પરોઢિયા વિષેની કવિતામાંથી—

## ઉપજાતિ વૃત્ત.

" ઘંટી તણા ઘોષ ઘણાક થાય;
દાણા પડ્યા એ પડમાં દળાય;
આકાશ પૃથ્વી પડ બે પ્રમાણો,
જીવો પડ્યા તેમ દળાય જાણો. "

× × × ×

" પરોઢિયે ઝાકળ તો પડે છે;
ભીનાં થયેલાં તરૂ તે વડે છે;
જાણે નિશાસુંદરિ છાંડિ ધીર,
કોઈ ધરાવે નિજ નેણ નીર. "

કિરણોદય નામની કવિતામાંથી—

## ઉપજાતિવૃત્ત.

" આવ્યો સવાઆઠ મિનીટમાં તો,
પ્રકાશ પૃથ્વી પડમાંહિ ધાતો,
પીળો રૂડો રંગ દિધો ચઢાવી,
સુવર્ણથી જેમ મહી મઢાવી. "

" જે ઓસનાં બિન્દુ અનેક પત્રે,
પડયાં હતાં તે ન જણાય અત્રે;
પ્રખ્યાત છે ભાસ્કર હંસ પોતે,
મોતી ગણી ભક્ષ કરી ગયો તે. "



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગ્રીષ્મઋતુના વર્ણનમાંથી—

### વસંતતિલકાવૃત્ત.

“ ક્રોધી બની ઉદધિ તો બહુ બૂમ પાડે,
ઘોંઘાટ સાથ તટ હાથ જુઓ પછાડે;
ક્રોધીપણું ઉદધિનું અતિ ઓળખાતું,
જો વિશ્વ આજ અતિ રૌદ્રરસે છવાયું. ”

* * * *

“ જે સિંધુ નાવ નિજ ઉપર તારનારો,
તે ક્રોધિ થૈ અધિક આજ થયો અકારો;
વિશ્વાસ આજ નિધિનો નહિ નાવ આણે,
ક્રોધિ કદાપિ નિજનું પરનું ન જાણે. ”

* * * *

“ પાણી તપે નદિતણું અદકું ઉનાળે,
કૂવાનું નીર અતિ શીતળ એ જ કાળે;
તે જેમ દંપતિ પરસ્પર વેણ સાંખે,
જો એક જાય તપિ તો બીજું શાંતિ રાખે. ”

ગ્રીષ્મઋતુના વર્ણનમાંથી ઉંચે લટકતા પંખા વિષે—

### મનહરછંદ.

“ સીતા માટે સંગરામ રામના રિપુથી કર્યો,
જટાયુની જ્યાં અવધ આવી રહી આયુની;
પાંખો તોડી પાપીએ આકાશમાં ઉડાડી દીધી,
તે ફરે છે પ્રકૃતિ સુધારવા પરાયુની;

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ભાગ્યશાળી ભોગીના ભવનમાં ભરાઇ ભાઈ,
તાપ ટાળે વારે વારે કરે વૃષ્ટિ વાયુની;
એ જ દિસે છે આ ઠામ કહે દલપતરામ,
પંખવો નથી આ પાંખ જુઓ રે જટાયુની. ”

શરદ્ઋતુના વર્ણનમાંથી—

## માલિનીવૃત્ત.

“ નભપર વિલસે છે વાદળાં શ્વેત કેવાં,
હિમગિરિ શિખરો તે શોભતાં હોય જેવાં;
કદિ કદિ રવિ તેમાં ગુપ્ત થૈને જણાય,
મિત ધન અતિ દાતા જેમ દેતાં લજાય. ”

* * * *

“ કુમુદ કમળ સાથે જન્મીને ઉચ્છરે છે,
પણ શશિ રવિ સાથે સ્નેહ જૂદા કરે છે;
જનક જનનિ એકે તોય જૂદા સ્વભાવ,
વિબુધ જન વિલોકો ઇશ્વરી એ બનાવ. ”

શરદ્ઋતુના વર્ણનમાંથી ભ્રાંતાપન્હુતિ અલંકાર—

## દુમીલા છંદ.

“ જો સખિ, આ ચપળા ચમકે,
ચપળા નહિ, શસ્ત્રતણી ચમકારી;
વાદળવૃંદ ધર્યાં ધરણી પર,
ના સખિ છે ગજ જો નિરધારી;

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સોર કરે સુણુ દાદુર મોર,
નહિ સખી સોર કરે નરનારી;
જો પરજન્ય, ચડયો દલપત્ત,
નહિ પરજન્ય, નરેશની સ્વારી. ”

પ્રભુપ્રાર્થનામાંથી—

## છપય છંદ.

“ અશરણુશરણુ અનંત, સંતજન સંતત સેવે;
ભયભંજન ભગવંત, અંત દુર્લભ પદ દેવે;
કષ્ટહરણુ સુખકરણુ તરણુ તારણુ જગકારણુ,
અતિ ઉત્તમ આચરણુ શરણુ જનકાજ સુધારણુ;
પ્રતિદિન જગપાળ કૃપાળ પ્રભુ કાળવ્યાળ વિખઝાળહર;
વદિ દીન વાણિ દલપત્ત કહે, જય જય જગજંજાળહર. ”

પ્રભુ ભજવાના ઉપદેશમાંથી—

## ચંદ્રાવળા છંદ.

“ પ્રભુ ભજિયે તજિયે મન મમતા સજિયે કારજ શુદ્ધ;
સકળ કળાનો સાર સમજિયે તજિયે વચન વિરૂદ્ધ;
તજિયે વચન વિરૂદ્ધ વિચારી,
અમૃત સમાન વચન ઉચ્ચારી;
દલપતરામ કહે સજિ શમતા,
પ્રભુ ભજિયે તજિયે મન મમતા.
કીર્તિ વધે તેવાં કૃત કરિયે, ડરિયે દેખી દોષ;
ભલી શિખામણુ ભીતર ભરિયે, હૃદય ન ધરિયે રોષ;

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

હૃદય ન ધરિયે રોષ કદાપિ,
કઠિન કથન કો કહે તથાપિ;
દલપતરામ કહે દિલ ડરિયે,
કીર્તિ વધે તેવાં કૃત કરિયે. ”

ગુર્જરી વાણી વિલાપમાંથી—

**શરૂઆતના ઈંદ્રવિજય છંદ.**

“ જો પ્રભુ થાય મહામતિ પ્રેરક,
પંથ પલાણિયે પાવક પાણી;
પક્ષિનિ પાંખ પહોંચી શકે નહીં,
વીજળી વેગ ચલાવિયે વાણી;
જેની કૃપા થકી જંગલી જે જન,
યંત્રની યુક્તિ યથારથ જાણી;
તેની કૃપાથી કહે દલપત,
કરૂં કવિતા ચિત્ત હિંમત આણી. ”

× × × ×

તિક્ષણ બુદ્ધિ વિચક્ષણા નથિ,
સ્થૂળમતિ વળી મૂળથી થોડી;
અક્ષર એક વિવેક નથી,
કહું છું અતિ છેક અહંપદ છોડી;
હિમ્મતથી મહા કિંમતની,
રચના રચવા રસથી રૂચિ જોડી;
વંદન વિશ્વપતિપદપદ્મ,
કરૂં દલપત્ત કહે કર જોડી. ”

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

મુંબઇની લાડની વાડીને આશીષ આપેલી તે—

## ઇંદ્રાવજય.

" વાસ કરી વસુમાસ વસ્યો,
તુજ પાસ અને મુજ આશ પમાડી;
સર્વ મનોરથ સિદ્ધ થયા,
મુજ નેત્ર તણી પણ પીડ મટાડી;

કામદુધા કહું કે તુજને કહું,
કલ્પતરૂ તણું ઝુંડ કે ઝાડી;
આશિષ દે તુજને દલપત્ત,
થજે વડિ લાયક લાડની વાડી."

જનસ્વભાવ વિષે કવિતામાંથી—

## ઇંદ્રવિજય છંદ.

" શ્વાન ભસે ગજરાજ ગણે નહિ,
જ્ઞાનિ ગણે ન અજ્ઞાનિની ગાળો;
જાય જવાસો સુકાઇ સુણી ઘન,
દુષ્ટ સુણી પરકીર્તિ દુખાળો;

હંસ સમીપ સદૈવ વસે પણ,
કાગ કદાપિ મટે નહિ કાળો;
સજ્જન સંગ થકી દલપત્ત,
સુલક્ષણ લે ન કુલક્ષણવાળો."

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જનસ્વભાવ વિષે કવિતામાંથી સત્ય વિષે—સહોક્તિ અલંકાર—

### મનહર છંદ.

" કુળનું કંગાળપણું જાય છે કુસંગ સાથે,
સંપ સાથે સમૃદ્ધિ સદા વિદાય થાય છે;
સિદ્ધિ અને બુદ્ધિ બંને આવે છે ઉદ્યોગ સાથે,
આળસ સંઘાતે તો દરિદ્રતા દેખાય છે;
કંજુસાઇ સાથે સદા ઉપજે છે અપજશ,
જશ તો ઉદારતાની સાથે વધી જાય છે;
જૂઠ સાથે અવિશ્વાસ આવે દલપત્ત કહે,
સત્ય સાથે શાહુકારી બહુધા બંધાય છે. "

### ઇંદ્રવિજય.

" સત્ય બધાં સુખનું શુભ સાધન,
સત્ય વિના કહેવાય કુધારો;
સત્ય થકી દલપત્ત કહે,
થિરધારપણું વ્યવહારનું ધારો;
સત્ય ગયા પછિ સૃષ્ટિ વિષે,
અતિ સંકટનો નહિ અલ્પ ઉધારો;
સત્ય સમસ્ત સુધારણ મૂળ,
અસત્યથી અસ્ત સમસ્ત સુધારો. "

એક ઉદ્યાનના વર્ણનમાંથી—

### મનહર છંદ.

" બન્યો છે આ બાગ કે ના ભાગ યજ્ઞ ભૂમિનો છે,
વેદી છે વિશાળ કે આ ક્યારાનો આકાર છે;

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કદળીનાં ઝાડ કે કરેલા પેલા યજ્ઞથંભ,
પનાદાર પાંદડાં કે પતાકાની હાર છે;
નીરની આ નીક કે ઘી નામવાની નાળિકા છે,
તરૂ ઝુકી રહ્યાં કે આ તોરણુ તૈયાર છે;
કાન ધરી સાંભળો આ કહે દલપતરામ,
પક્ષિનો પોકાર ચાર વેદનો ઉચ્ચાર છે. ”

આ સિવાય બીજી છૂટક છૂટક ઘણી કવિતાઓ આપી શકાય; પણુ સ્થળ અને કાળનો અવકાશ અને પ્રસ્તુત લેખરચનામાં વિવેક જેટલું કરવા દે તેટલાથી સંતોષ રાખવો પડે છે. કવીશ્વર દલપતરામે કવિતામાં ઘણાં ભાષણો સુરત, અમદાવાદ વગેરે સ્થળે આપેલાં તેમાંથી સારો બોધ પ્રાપ્ત કરી શકાય છે. વળી એમણે લખેલાં ફારબસ વિલાસ, ફારબસ વિરહ અને વેનચરિત્ર ઘણાં વાંચવા જેવાં છે; અને એ ત્રણે એવાં અસરકારક છે કે, કવિતાના સહૃદય વાચકને તેનો હંમેશ સંગ્રહ કરવાનું મન થાય. એમાંના થોડા થોડા ઉતારા આપવાથી જો કે તે કૃતિઓનો કાંઇક ખ્યાલ આવે; પણ તે પુસ્તકો પૂર્વાપર સંબંધ સાથે વાંચવાથી જ પૂરતો સંતોષ થવા જેવું હોવાથી વાચકોને તે વાંચવાની ભલામણ કરી હું વિરમું છું.

## અંતિમ પ્રકરણુ.

કવીશ્વર દલપતરામના જીવનચરિત્રનું ઉપસંહાર રૂપે આ અંતિમ પ્રકરણુ હોવાથી અને તેમાં અનેક વિષયો ઉપર એકંદર હકીકત આવવા જેવી હોવાથી આખા લેખની બાબતોમાંથી કાંઇ કાંઇ ઉલ્લેખ પુનઃ આવે તો તેને પુનરૂક્તિ ન ગણતાં, આખા જીવન સાથે ગુંથાયેલી પ્રકીર્ણ હકીકતોનું આ એકીકરણ છે એમ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સમજવા સુજ્ઞ વાચકોને વિનંતિ છે. વળી ઉપસંહારનું લક્ષણ જોતાં એ પ્રમાણે થવું યોગ્ય પણ છે; અને શિષ્ટજનોની પરિપાટી પણ એવી છે.

કવીશ્વર દલપતરામની ઉત્તર અવસ્થા સ્વામિનારાયણ સંપ્રદાય સંબંધી કવિતા કરવામાં ઘણીખરી રોકાઇ હતી. વડતાલ અને ગઢડામાં ઘણુંખરૂં એમને જવું આવવું પડતું. સંપ્રદાય તરફથી એમનું સન્માન પણ સારૂં થતું.

એમના શિષ્યોમાં બુલાખીરામ ચકુભાઇ મુખ્ય હતો, અને તે જીવવા પામ્યો હોત તો, અત્યારે ગૂજરાતના મુખ્ય કવિની પદવી કદાચ ભોગવતો હોત. બીજા શિષ્યમાં રણછોડભાઇ ગલુરામ હતા. એમની કવિતા પણ સારી ગણાય છે. નડીઆદના બાલાશંકર ઉલ્લાસરામ પણ એમની પાસેથી થોડું શીખી ગયેલા. બે શિષ્યો વ્રજભાષાની કવિતા શીખી રાજારજવાડામાં ફરતા તેમનાં નામ હું વીસરી ગયો છું ( ઘણું કરીને, ગિરધર અને રણછોડ ).

માનસિક શ્રમ એમના દીર્ઘજીવન સાથે યોજાયલો હતો, અને એમનું શરીર નીરોગી હતું તેથી મનદ્વારાએ એમના શરીરમાં રોગ-સંચાર થયો. પક્ષાઘાત જેવા દર્દે એમના શરીરને ૭૭ વર્ષ પછી ઘેરી લીધું. શરીરનાં જુદાં જુદાં અંગોમાં બેહેરપણું અને જિહ્વાનો સંકોચ શરૂ થયો. તેઓ કહેવા લાગ્યા કે, “ જમના જાસુસ તરીકે આ પક્ષાઘાત આવ્યો છે, ” અને આ તેમના શબ્દો સાચા પડયા. પક્ષાઘાતમાં સપડાયા પહેલાં તેઓએ સર્વ બાબતોમાંથી પોતાનું મન ખેંચી લીધું હતું અને મરણ પહેલાંની વારી પણ માગી લીધી હતી કેઃ—

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

# માફી માગવાનું પદ.

## જાય છે જગત્ ચાલ્યું રે—એ રાગ.

માનવીઓ માત્ર પાસે રે, હું માફી માગું—ટેક.
કદાપિ હું કટુ વાણી જીભે નથી બોલ્યો જાણી;
તોય હોય ઉચ્ચરાણી રે, હું માફી માગું. ૧
દીલમાં મેં કદી દ્વેષ, લીધો નથી લવલેશ;
રખે રોષ રાખો રેશ રે, હું માફી માગું. ૨
હીંદુ કે મુસલમાન, પારસી કે ક્રીશ્ચીઆન;
સહુ છો સગા સમાન રે, હું માફી માગું. ૩
ધર્મ જૂદા જૂદા ધારી, નિંદા નથી મેં ઉચ્ચારી;
ભાસે કદી ભૂલ મારી રે, હું માફી માગું. ૪
કોઇ મારા સામો થયો, તેના બોલ સાંખી રહ્યો;
કદી બોલ સામો કહ્યો રે, હું માફી માગું. ૫
દાસ સૌના દાસ તણો, દુર્ગુણી હું દીસું ઘણો;
તોય મને મિત્ર ગણો રે, હું માફી માગું. ૬
કોઇનું મેં ટાણે કોય, દીલડું દુખાવ્યું હોય;
તજો તેહ રીસ તોય રે, હું માફી માગું. ૭
સંસારમાં સૌ છે સારા, નથી કોઇએ નઠારા;
સૌને માની મિત્ર મારા રે, હું માફી માગું. ૮
સુણો સર્વ નરનારી, સહુ છો સહાયકારી;
આપનો હું છું આભારી રે, હું માફી માગું. ૯

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પકડી પ્રીતિની પેર, નથી મેં વસાવ્યું વેર;
માટે સર્વે રાખો મહેર રે, હું માફી માગું. ૧૦

જનો મને વૃદ્ધ જાણી, દીલડામાં દયા આણી;
સુણો આ વિનય વાણી રે, હું માફી માગું. ૧૧

અતિ નમ્રતાથી આમ, પ્રેરથી કરી પ્રણામ;
દાખે દલપતરામ રે, હું માફી માગું. ૧૨

આ માફીનું પદ વાંચીને, પ્રિય વાચક, કવીશ્વર દલપતરામના નિર્મળ હૃદયની ઝાંખી જો તને થશે તો હૃદયવાળા ( સહૃદય ) જનોમાં તારી ગણના કરી લેજે. સહેલા શબ્દોમાં અને મીઠી વાણીમાં પોતાની માગણી કેવા વિનયથી તેઓ કરે છે! એમના મનના સ્વરૂપની રૂપરેખા વિષે પાછળ જે કહ્યું છે તે જો આ પદ વાંચતી વખતે સ્મરણમાં આવશે તો તે ઉપકારક થશે.

શ્રી કૃષ્ણના અવતારની સમાપ્તિ વેળાએ અનેક ઉત્પાતો થવા માંડયા હતા અને તેથી ચારે બાજુએ ભય ઉત્પન્ન થયો હતો. તે જ પ્રમાણે કવીશ્વર દલપતરામ જેવા સાંકેતિક અવતારવાળા પુરૂષનો અવસાનસમય નજીક આવતો ગયો તેમ તેમ ગૂજરાતના આ ભાગમાં અનેક ઉપદ્રવો અને ઉત્પાતો શરૂ થયા. ગ્રંથિક સંનિપાતનો નવો રોગ ઉત્પન્ન થયો, અને લોકો ઘરબાર તજી વનમાં રહેવા લાગ્યા. લોકો મુસાફરી પણ સુખથી કરી શકે નહિ. આણંદમાં આગગાડીના મથક ઉપર આઠ દહાડાનું રોકાણ થતું. આવા ઉત્પાતોથી ગૂજરાત ગુંચવાઈ ગયું હતું, અને વસંત ઋતુમાં પોતે આખી ઉમ્મરમાં દીઠો ન હતો એવો અનિષ્ટ ફેરફાર દેશમાં શરૂ થયો ત્યારે વૃદ્ધાવસ્થાએ જીર્ણ થયેલા શરીરને તારીખ ૨૫ માર્ચ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સન ૧૮૯૮ ને દિવસે આ લોકમાં છોડી પ્રભુનું અક્ષરધામ જ્યાંથી "यं प्राप्य न निवर्तन्ते तद्धामंपरमं मम" એમાં તેમણે પાછા આવવું પણ નથી એમ ધારી નિવાસ કર્યો.

તે દિવસે આખા અમદાવાદમાં લોકોએ શોક કર્યો. આ સમાચાર આખા ઇલાકામાં ફેલાયા અને જ્યાં ત્યાં શોક પ્રદર્શિત થયો, અને એક અવાજે પ્રભુને માગણી થઇ કે,—

કરૂણામય કીર્તિમાનને,
શુભ સાયુજ્ય ગતિ તું આપજે;
પ્રભુ અક્ષરધામના ધણી,
દિલ ચાહી દલપત્તરામને.

આ પ્રમાણે પવિત્ર જીવનનું પવિત્ર વૃત્તાંત વાંચીને પવિત્ર થયા પછી ગૂજરાતની આપણે કૃતજ્ઞ પ્રજા હવે અનેક રીતે તેમનું સ્મરણ કરવામાં રોકાઇએ તો તેમાં જ આપણી આર્યતા છે. આ સ્મરણ એમના આખા જીવન સાથે સંબંધ ધરાવતી, એમના બાળપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીમાં બનેલી હકીકતો ઉપરથી આપણે કરવાનું છે. આપણા લોકો પ્રાચીન કાળથી ત્રણ વસ્તુને દુર્લભ માને છે. તે ત્રણ વસ્તુ તે મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરૂષનો સંશ્રય. એમાંથી મનુષ્યત્વ અને મુમુક્ષત્વ એ બે વસ્તુઓનો આ પ્રકરણના લેખ સાથે સંબંધ નથી. મહાપુરૂષનો સંશ્રય (સમાગમ) એ આ લેખના ઉદ્દેશા પૈકી એક ઉદ્દેશ હોવાથી તે વિષે બે અક્ષર અત્રે લખ્યા છે. કવીશ્વર દલપતરામનું જીવનચરિત્ર વાંચવાની ગૂજરાતની પ્રજાની ઇચ્છા છે; તેમના સંબંધી કાંઇ પણ લેખ હોય તે સ્વીકારવાને વર્તમાનપત્રો અને માસિકો તૈયાર છે. ગયા જાન્યુઆરી ૧૯૨૦ માસમાં એમનો જન્મ થયાને ૧૦૦ વર્ષ પૂરાં થયાં તે વખતે ઇલાકાનાં કેટલાંક

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નગરોમાં એમની જયંતી નિમિત્તે મેળાવડા થયા હતા. આ બધું બતાવી આપે છે કે, એ કોઇ સામાન્ય પુરૂષ નહતા, પણ એમનામાં કાંઇ વિશેષપણું હતું, અને એ વિશેષપણું એમને સામાન્ય જનપણામાંથી જુદા પાડે છે, અને આમ જુદા પાડવાનું કારણ વિશેષત્વ હોવાથી આપણે એમને મોટા પુરૂષ અર્થાત્ મહાપુરૂષ તરીકે સ્વીકારવા જોઇએ. હવે જો તેઓ મહાપુરૂષ છે તો તેમનો સમાગમ કરવો એ દુર્લભ વસ્તુની પ્રાપ્તિ છે, અને એ દુર્લભ વસ્તુની પ્રાપ્તિનો માર્ગ મળતાં તેનો લાભ ન લેવો એ પ્રમાદ છે; અને પ્રમાદ અધોગતિનું કારણ થાય છે. આવું હોઇને સમાગમ શી રીતે કરવો એ પ્રશ્ન આપણી સામે આવે છે. એમનું અસ્તિત્વ જગત્માં આજે એવી રીતનું નથી કે જેથી આપણે તેમની સમીપમાં જઇ તેમના સમાગમનો લાભ પામીએ. કદાચ એમના શરીરનું અસ્તિત્વ હોય, પણ પક્ષાઘાતથી અને જિહ્વાના સંકોચથી તેઓ પોતાના સમાગમનો યથેષ્ટ લાભ આપણને આપી ન શકે; તેથી શરીરનું અસ્તિત્વ એ એમના સમાગમનો મુખ્ય માર્ગ નથી. એમના જેવા જ શરીરવાળા પૃથ્વી ઉપર કેટલાક મળી આવે; પણ તેમનો આપણે ઉપયોગ નથી. આવાં અનેક કારણોથી તેમના સમાગમનો લાભ લેવાનો જે એક માર્ગ છે તે તેમના વિચારોનું, તેમની કવિતાનું અને તેમના જીવનચરિત્રનું વાચન છે અને તેમના ગુણોનું અને કાર્યોનું સ્મરણ છે. પ્રાચીન કાળથી માંડીને આજસુધી થયેલા મહાપુરૂષોનો સમાગમ તેમની માનસિક પ્રવૃત્તિઓનાં જે ફળ જગત્માં મળતાં હોય તે દ્વારાએ કરી શકાય છે. આ કારણથી આ પ્રકરણમાં અનેક પ્રકારે તેમનું સ્મરણ થાય એવા પ્રસંગો નોંધવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



# ધાર્મિક જીવનના ચમત્કારો અને સહવાસજન્ય સ્મરણો.

આજે ત્રેવીશ વર્ષ જેટલી લાંબી મુદ્દત થઇ જેમના પવિત્ર દેહનાં દર્શન સર્વભક્ષી કાળે બંધ કરાવ્યાં છે તેમ છતાં, જેમના હૃદયનાં દર્શન હજી સહવાસ કરનારાઓને વખતોવખત થયાં કરે છે તે કવીશ્વર દલપતરામના ધર્મબુદ્ધિમય ચારિત્ર્યના ચમત્કારો અને તેમનાં સહવાસજન્ય સ્મરણો ગુર્જર પ્રજા આગળ મુકવાની મને આજે તક મળી છે.

એમનું જીવનચરિત્ર વાંચતાં આ જગતનો કોઇ નિયામક છે એવી પ્રતીતિ થાય છે. જો તેમના જીવનચરિત્રને સાત્વિક બુદ્ધિથી બારીક રીતે અવલોકીએ તો તેમાંથી કેટલાક ચમત્કારો પણ જાણવા અને જોવા મળે છે. પાછલા પ્રકરણમાં આપણે જોયું છે તેમ તેમનો જન્મ સાંકેતિક હતો. મુકરર ફેરફાર જનસમાજમાં કરવાનો હોય ત્યારે એવા પુરૂષનો જન્મ થાય છે, એ એમના જીવનચરિત્રનો પહેલો ચમત્કાર છે. મહાપુરૂષના અવસાન વખતે અનેક અનેક ઉત્પાતો થાય છે તેવા ઉત્પાત એમના અવસાન વખતે રોગ અને દુષ્કાળના રૂપમાં થવા માંડયા અને લોકોને ઘર તજી વનમાં જવાનું થયું. એ બધું કોઇ પ્રકારનો ચમત્કાર જ સૂચવે છે. વડોદરામાં મુકેલી વિદ્યાવૃદ્ધિની વાસનાજાળ અને સરકારી નોકરી છોડયાનો બદલો પ્રભુ એમના વારસોને આપે છે એ બધા ચમત્કારો જ છે.

**એમનો વિદ્યાભ્યાસ**

એમના બાળપણના વખતમાં સરકારી શાળાઓ ન હતી. ભોગાવા નદીને તીરે **વઢવાણ** શહેરમાંની એક એવી ગામઠી નિશાળમાં તેમણે શિક્ષણ લીધું હતું કે જે નિશાળમાંથી બોડિયા

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અક્ષરનું લખાણ લખતાં આવડતાં સુધીનો અભ્યાસ કરી કેટલાક છોકરાઓ કૃતાર્થ થઇ ઉઠી જતા, અને હાલ પ્રવેશક (મેટ્રીકયુલેશન)ની પરીક્ષામાં પાસ થતાં જેટલો આનંદ થાય છે તેટલો આનંદ તેઓ તે વખતે પામતા. એ બોડિયા અક્ષર લખવામાં પારંગત થયેલા કેટલાક વણિક વિદ્યાર્થીઓ ઘી અને રૂ જેવા એકાક્ષરી શબ્દો ખાસ શીખી લેતા અને એક અક્ષરમાં જ સમાઇ રહેતા આખા શબ્દના નાના સ્વરૂપને તેઓ યોગ્ય માનતા ન હોય તેથી, અથવા ઘી અને રૂ જેવી દરરોજની ઉપયોગી, મોંઘી અને વેપારની અગત્યની જણસોને એક અક્ષરમાં જ લખી નાખવી એ ન્યાયનું નહિ લાગવાથી, કે પછી કોણ જાણે ચોપડામાં નામું લખતાં લાંબી લીટીમા એક અક્ષર લખવાથી ચોપડાનું લખાણ વિરૂપ જણાવાના ભયથી તેઓ ઘીને બદલે ઘીઇ અને રૂને બદલે રૂઉ એમ લખતા. વારનાં નામ પણ કાગળ, પત્ર અને ચોપડામાં લખવા માટે રવેઉ, ગરેઉ વગેરે બરાબર શીખી જતા. શું કોઇ કલ્પના કરશે કે; આવી નિશાળમાં શીખેલો એક બ્રાહ્મણ ગૂજરાતની ૭૦ લાખ પ્રજાની વાંચનમાળાની ગુંથણીમાં અનન્યનો ભાવ ભજવશે ? ના, નહિ જ કરે. પણ કવિ દલપતરામની બાબતમાં તો જો કોઇએ તેવી કલ્પના કરી હોત તો તે સાર્થક થઇ પડત. શું આ ચમત્કાર નથી ? છે જ. એક કાર્યનું જે સ્વાભાવિક પરિણામ કલ્પી શકાય તેથી વિપરીત રીતે જ્યારે ન્યૂનાધિક દરજ્જાનું પરિણામ આવે ત્યારે એને ચમત્કાર કહ્યા સિવાય કેમ ચાલે ? ભાષ્યકાર શંકરાચાર્યે નાની વયમાં ઘણો ઉત્તમ અભ્યાસ કર્યો હતો તેટલી નાની વયમાં તેવો અભ્યાસ થવો સ્વાભાવિક હોય એવો જગતને અનુભવ નથી; માટે તેમનું જીવન જેમ ચમત્કારવાળું ગણાય છે તેમ કવીશ્વર દલપતરામનું જીવન આ સંબંધે કોઇ જુદા દરજ્જાનો ચમત્કાર જ કરી બતાવે છે એમ માનવું પડશે. એમની ગામઠી નિશાળમાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જૂના વખતની જોડણી પ્રમાણે વ્યાવહારિક શિક્ષણ અપાતું હતું; પણ તેટલું શિક્ષણ લેતાં સુધી નિશાળમાં ચાલુ રહેનારા ઘણા થોડા વિદ્યાર્થીઓ હતા. ઉપર ભાષ્યકારના વિદ્યાભ્યાસને માટે તેમનું ચરિત્ર વાંચતાં જેમ આપણને ચમત્કાર લાગે છે તેમ કવિ દલપતરામને માટે પણ માનવું પડે છે; કેમકે જૂના વખતના શીખેલા વૃદ્ધો (જે હવે હયાતીમાં ઘણા થોડા છે) જ્યારે એક સાધારણ જોડણીમાં કાગળ લખવાને અસમર્થ થાય છે ત્યારે કવિ દલપતરામ તો હાલની શિક્ષણ પામેલી ગુર્જરપ્રજાના ગુરૂમંડળમાં બેસવા પામ્યા છે. એમનામાં કેટલીક નૈસર્ગિક વિદ્યા અને સહૃદયતા હતી, અને તેથી જ તેઓ ગુર્જરપ્રજાના ગુરૂ તરીકે અને એક ઉત્તમ કવિ તરીકે ઝળકી નીકળ્યા હતા.

પ્રાજ્ઞ અને જડ, એવા બે પ્રકારના વિદ્યાર્થીઓ હોય છે. તેમાં પ્રાજ્ઞ વિદ્યાર્થી ગુરૂની મહેનત સફળ કરે છે અને જડ વિદ્યાર્થી ગુરૂના શ્રમ ઉપર પાણી ફેરવે છે. આ બે પ્રકારમાં તત્ત્વદર્શીઓને કંઇક સમજવા જેવું હોય તો તેઓ જાણે; તો પણ એ બે પ્રકારમાં કાંઈ ચમત્કાર તો નથી જ; કેમકે ગુરૂના શ્રમનું સફળ થવું કે નિષ્ફળ થવું તે પાત્ર ઉપર અને પ્રયત્નોના પ્રકાર ઉપર આધાર રાખે છે. પણ ચમત્કાર તો જ્યારે ગુરૂના શ્રમ વગર વિદ્યાર્થી વિદ્યા પામી જાય ત્યારે જ કહેવાય છે. ભાષ્યકાર અને દલપતરામની બાબતમાં તેમ જ થયું છે, અને તેથી તેમનું જીવન સાધારણ માનવીનું જીવન ન હતું એમ સ્પષ્ટ જણાય છે. કોઇ અમુક પ્રકારની પરસ્થિતિમાં અમુક પુરૂષનો જન્મ થાય છે તેવું તેમનું જીવન હતું. ગૂજરાતને એમના જેવા એક પુરૂષની એમના કાળમાં જરૂર હતી માટે જ એમનો જન્મ થયો હતો, અને તેથી જ તેઓ ગમે તેવી નિશાળમાં ભણ્યા છતાં અને ગમે તેવા ગુરૂને હાથે શિક્ષણ લીધા છતાં ગૂજરાતના ગુરૂની મંડળીમાં પોતાનું સ્થાન લેવા

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પામ્યા હતા. એમનું જીવન એક સાંકેતિક જીવન હતું, એમ માનવામાં ઉપરની હકીકત વાંચ્યા પછી શંકા રાખવી તે જાણી જોઇને પોતાનો વાંક નોંધાવવા માટે આજીજી કરવા જેવું છે. પૂર્વજન્મના કોઇ બળવાન્ વિદ્યાના સંસ્કારોએ તેમને આ જન્મ વિદ્યા સુલભ કરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો તે વિદ્યા તેમને સ્વતઃસિદ્ધ જેવી થઇ હતી. વળી હાલ ૨૪–૨૫ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરીને ઉચ્ચ પદ પામેલા વિદ્વાનને માત્ર વિદ્યા મેળવવાથી જ જે માનસિક સુખનો લાભ તથા હૃદયનું મોટાપણું પ્રાપ્ત થાય છે તે તેમને નાનપણમાં જ મળ્યાં હતાં. તે વખતે તેમની ગૃહસ્થિતિ માત્ર પ્રતિકૂળ હતી, તે આપણે આગળ જોઇશું. પણ વિદ્યાનું આ પરિણામી ફળ જો તેમને નાની ઉમ્મરમાં મળ્યું હતું તો તેમને વિદ્યા સ્વતઃસિદ્ધ જેવી હતી એમ જે ઉપર કહ્યું છે તેમાં કાંઇ દોષ જોવાનો રહેતો જ નથી. પૂર્વજન્મની વિદ્યાના બળવાન્ સંસ્કારોએ તેમને આ જન્મે વિદ્યા મેળવતાં ઘણી સહેલાઇ કરી આપી હતી એમ જો તમે માનશો તો તેમાં પણ ખોટું નથી. એક ઠેકાણે કહેલું છે કેઃ—

गतेपि वयसि ग्राह्या विद्या सर्वात्मना बुद्धैः ।
यद्यपिस्यान्न फलदा सुलभा साऽन्य जन्मनि ॥

“ ઉમ્મર વધી ગઇ હોય તો પણ તે વખતે ડાહ્યા પુરૂષોએ કાળજીથી વિદ્યા ગ્રાહ્ય કરવી; કેમકે જો તે પ્રાપ્ત કરેલી વિદ્યા કદાપિ તે વયમાં કામ નહિ લાગે અથવા ઉપયોગી નહિ થાય, અથવા તે મેળવવાથી થવાનો ફાયદો નહિ થાય તોપણ તે બીજા જન્મમાં સુલભ તો થશે.”



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આ વચનમાં જો સત્ય છે એમ તમે માનો તો જરૂર તમે નિશ્ચય કરજો કે, કવિ દલપતરામને વિદ્યા અને કવિત્વ પ્રાપ્ત થયાં હતાં તેની સાથે તેમના પૂર્વજન્મને સંબંધ હતો; અને તેવો સંબંધ જોવામાં આવે તો તેને જ આપણે ચમત્કાર કહીશું.

**વેદનો અભ્યાસ.**

કવિ દલપતરામના પિતા ડાહ્યાભાઇ ત્રવાડી એક પવિત્ર પુરૂષ હતા. બ્રાહ્મણના ધર્મો (ફરજો) તે સંપૂર્ણ પાળતા; અને જો કે તેમની ઘણી ગરીબ અવસ્થા હતી તો પણ પોતાના બ્રાહ્મણના કામ ઉપરાંત બીજા કામમાં ધનને અર્થે તેમણે મન ઘાલ્યું ન હતું. તેમણે ઉત્તરાવસ્થામાં સંન્યાસ લીધો હતો. તેમણે કવિ દલપતરામને શ્રી કૃષ્ણચંદ્રની વિભૂતિરૂપ સામવેદનો ઘર આગળ અભ્યાસ કરાવ્યો હતો. બ્રાહ્મણે અવશ્ય કરવા જેવાં સંધ્યા અને ઇશ્વરપૂજન કવિ દલપતરામ બાળપણથી શીખ્યા હતા. આગળ ઉપર વ્યવસાયમાં આવીને સંધ્યા જરા ટુંકી કરી હતી, અને સ્વામિનારાયણનો સંપ્રદાય સ્વીકાર્યાથી ઇશ્વિરપૂજનના પ્રકારમાં ફેર પડયો હતો, તોપણ ઉપર કહ્યા પ્રમાણે બ્રાહ્મણનું નિત્યકર્મ તેઓ હમેશ કરતા. અત્રે યાદ રાખવાની જરૂર છે કે, તેમણે કરેલા વેદના અભ્યાસનો કાંઇ ઉપયોગ તેમના વ્યવસાયના વખતમાં રહ્યો ન હતો. આ પ્રમાણે જે વિદ્યાનો ઉપયોગ કરવાનો પ્રસંગ મળતા નથી તે વિદ્યા કાળે કરીને જતી રહે છે, અને આ પ્રમાણે વિદ્યા જવાને મનુષ્યની મગજશક્તિ પ્રમાણે ૧૦–૨૦–૩૦–૪૦ કે ૫૦ વર્ષ પૂરતાં થાય છે.

પણ આ પુરૂષની શકિત કાંઇક જુદી જ હતી. એ શકિતના ચમત્કારનો એક દાખલો અત્રે આપવાને બની આવે છે તે ઉપરથી જણાશે કે, ‘વિદ્યા અભ્યાસથી રહે છે’ એ કહેવતરૂપ થએલા અનુ-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ભવને પણ આવા સાંકેતિક જન્મ પામનારા પુરૂષો કોઇ વાર વિપરીત કરી બતાવે છે. વિદ્યા અભ્યાસ વગર રહેતી નથી, એવો અનુભવ તો સર્વને થયો જ હશે. વળી અત્રે યાદ રાખવાની જરૂર છે કે, કવીશ્વરે જે વેદનો અભ્યાસ કરેલો તે દશબાર વર્ષની ઉમ્મરમાં જ કરેલો હતો, અને ઉપર કહેવામાં આવ્યું છે તેમ તે અભ્યાસ છૂટયો તે છૂટયો; કોઇ દિવસ તેનો ઉપયોગ રહ્યો ન હતો.

પણ જ્યારે આ અભ્યાસને પૂરાં સાઠેક વર્ષ થવા આવ્યાં હતાં ત્યારે તેઓ ઘેલો (ઉન્મત્ત ગંગા) નદીને કિનારે આવેલા ગઢડા (દુર્ગપુર) નામના કાઠીઆવાડમાં આવેલા ગામે ગયા હતા, અને ત્યાં સ્વામિનારાયણના મંદિરમાં ઉતર્યા હતા. તેવામાં શ્રાવણ માસ ઉતરીને ભાદ્રપદ માસ બેઠો. એ મહિનાની શુદ્ધ પંચમી ઋષિ-પંચમી કહેવાય છે. તે દિવસે સામવેદી બ્રાહ્મણો જનોઇ બદલે છે અને ઋષિતર્પણ તથા તેના અંગનું બીજું વૈદિક ધર્મકાર્ય કરે છે. ગઢડામાં શ્રીમાળી બ્રાહ્મણનાં થોડાંક ઘર છે, તથા બહાર ગામથી પણ તીર્થનું ગામ જાણીને કોઇ બ્રાહ્મણો ગઢડે આવેલા. ગામમાંથી એક બે બ્રાહ્મણોએ આવીને કવિ દલપતરામને જનોઇ પહેરવા માટે ઘેલો ઉપર પધારવા આમંત્રણ કર્યું તે તેમણે સ્વીકાર્યું; કેમ કે વૈદિક કર્મમાં તેમની શ્રદ્ધા સારી હતી અને બ્રાહ્મણ તરીકે તે કાર્યમાં બીજા જ્ઞાતિભાઇઓની સાથે સામીલ થવામાં તેમણે તો ઉત્સવ જ માન્યો હતો. આમંત્રણ આગલે દિવસે થયાં હતાં, અને બીજે દિવસે સવારના નવ અને દશ વાગ્યાના સુમારમાં શ્રીમાળી બ્રાહ્મણો જે ઘણું કરીને સામવેદી જ હોય છે તેઓ ઘેલો નદીના તીર ઉપર એકઠા થવા માંડયા. બીજી જ્ઞાતિના બ્રાહ્મણોને (જેમની ઇચ્છા હોય તેમને) પણ એ મંડળીમાં જનોઇ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પહેરવા સામીલ થવા છૂટ હતી. કવિ દલપતરામ પણ વખતસર ત્યાં ગયા; અને એમ સઘળાઓ આવી ગયા એટલે નદીના તીર ઉપર રેતીમાં બ્રહ્મપંક્તિ બેઠી, અને આચાર્યે પુસ્તક કાઢી વિધિપૂર્વક આ વાર્ષિક સંસ્કારના કામનો આરંભ કર્યો. નદીકિનારે ઉઘાડી જગ્યામાં અને ભગવાન્ સૂર્યના ખાસ સન્મુખ આ કાર્ય શરૂ થયું; પણ પૂરો અર્ધો કલાક થયો નહિ હોય એટલામાં તો કુદરતે પાસું બદલ્યું. સૂર્યનારાયણ અને ઘેલોના કિનારા વચ્ચે અને કિનારા ઉપર વાદળાં આવી ઉભાં, અને ધીમે ધીમે વરસાદના છાંટા પડવા લાગ્યા. વરસાદ જો કે એટલો બધો ન હતો કે, બ્રાહ્મણોને ત્યાંથી નાસી જવું પડે; પણ વિધિપૂર્વક કાર્ય કરાવનાર આચાર્યની પોથીનાં પાનાં પાણીથી ભીંજાવા લાગ્યાથી તે તેમણે વાંચવાં બંધ કર્યાં અને ભૂંગળામાં ઘાલ્યાં. કાર્ય બંધ પડ્યું, અને વખત નકામો જવા લાગ્યો. કવિ દલપતરામ સિવાય સૌ એકબીજાની સામે જોવા લાગ્યા; કેમ કે, એમને તો જોવાને કારણે ન હતું અને સાધને ન હતું. આ વખતે કોઇ એવા પુરૂષની જરૂર હતી કે જે વગર પુસ્તકે આગળ કામ ચલાવે. આવા પુરૂષ તે પંક્તિમાં હતા. કવિ દલપતરામે કામ બંધ પડેલું જાણી, અને હવે વરસાદના ચાલુ છાંટામાં પુસ્તક કાઢી શકાય એવું નથી એમ સમજવામાં આવ્યાથી, કામ અધુરૂં રહી અટકેલું ત્યાંથી આગળ ચલાવવાની પોતાને પરવાનગી મળવા આચાર્યને વિનંતિ કરી. આચાર્ય સાથે આખી બ્રાહ્મણમંડળીએ તેમાં ખુશીથી સંમતિ આપી, એટલે તેમણે મોઢેથી એક પણ અક્ષરની ભૂલ ખાધા સિવાય સઘળું કામ કરાવ્યું. આથી બ્રહ્મમંડળ અતિ પ્રસન્ન થયું. આટલી મોટી ઉમ્મરે અને આટલાં બધાં વર્ષ વીત્યા પછી એકે એક અક્ષર આપણે ભૂલી જઇએ, પણ આ પુરૂષે તો તે વખતે ગજબ જ કર્યો. આ પ્રમાણે થવાના બનાવ અસાધારણ જ ગણાય છે, અને તેથી કવિ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

દલપતરામની ધર્મબુદ્ધિને ધન્યવાદ આપતાં આપણે આ ચમત્કારથી ચકિત થઈએ તો તેમાં આશ્ચર્ય જેવું નથી. અર્ધ સમજી ગોખેલાં કૌમુદીનાં સૂત્રો કાળક્રમે અભ્યાસ વગર ઉડી જાય છે; કવિતાની લીટીઓ અભ્યાસ છૂટયા પછી એક બે વરસમાં જ આપણે ભૂલવા માંડીએ છીએ; પણ વિશેષ રીતના અર્થ સમજ્યા વગર કરેલા આ અભ્યાસનાં સઘળાં પાનાં ૬૦ વર્ષ વીતી ગયા પછી અક્ષરશઃ યાદ રાખવાં એ કામ જો કે દલપતરામ જેવા માનવીથી જ બન્યું છે, તો પણ તે માનવીનું કામ નથી એમ હાલના પુસ્તકમાં વિદ્યા સમજી રાખવાના કાળમાં આપણે કહીએ તો તે વખતે ચાલ્યું પણ જાય.

* "કવિવર દલપતરામની સરલ પદ્ધતિ સર્વને વિદિત છે. એ વાત હવે મ્હારે કહેવાને બાકી રહી નથી. સામાન્ય રીતે જોતાં ત્હેમના બાળચરિત્રાનુભવીઓની સહવાસજન્ય લીલા તથા તેમાંથી સ્મરણમાં રહેલાં વૃત્તાંતો જાણવાં એ ખરેખર હર્ષ પમાડનાર છે.

"એક વખત મ્હેં બુદ્ધિપ્રકાશમાં વાંચ્યું હતું કે, કવીશ્વરનો બાલ્યકાલ ઉમરાળામાં વ્યતીત થયો છે. બીજે વખતે ભૂલ સુધારવામાં આવી, અને "ઉમરાળા" ને બદલે "બરવાળા" વાંચવું એમ નિશ્ચયપૂર્વક કહેવામાં આવ્યું; પણ તે "બરવાળા" કયા અને કયાં આવ્યા, તે જાણવા કુતૂહલ ઉત્પન્ન થયું. કારણ બરવાળા કાઠિયાવાડમાં જ એ ત્રણ ચાર છે. મ્હારૂં વતન પણ બરવાળા છે. તપાસ કરતાં જાણવામાં આવ્યું કે, મ્હારૂં વતન બરવાળા તે જ કવિવરના બાલ્યસમયનું રમણીય સ્થળ હતું.

* આ અવતરણમાં આપેલો ભાગ "મઠડાકર નાગર" એ સંજ્ઞાવાળા ગૃહસ્થે બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ કરાવ્યો હતો તે અત્રે ઉતારી લીધો છે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

"કવિવરનું આંહી મોસાળ હતું. નથ્થુશંકર ઓઝા ત્હેમના મામા થતા હતા, અને ઘણો વખત તેઓ મોસાળમાં રહેલા એ વાત પણ રા. કાશીશંકરના મતને મળતી આવે છે. મ્હારા બાપના મ્હોટા કાકા પંડયા મહાશંકર મોરારજીના બાળમિત્ર હતા, અને ગામની નિશાળે ભણવા પણ સાથે જતા આવતા, અને ગામની થડમાં જ ઉતાવળી નદી બારે માસ વહેતી હતી, ત્હેના વડનમાં હંમેશાં નિશાળેથી છૂટી ન્હાવા જતા. તેઓ નજીક નજીકમાં રહેતા હોવાથી બને બ્રાહ્મણુની સમાનતાથી મિત્રાઇમાં વધતા ગયા. આંબલીના મીઠા કાતરા ખાવા પણ આવતા. હાલ તે આંબલી અમારા આંગણામાં છે.આંબલી 'ગળી આંબલી'ના નામથી આજ પણ ઓળખાય છે.

" ન્હાનપણથી જ કવિની કવિતાશકિતમાં અંકુરો ફુટતા હતા તે આ સ્થિતિમાં પણ જોવામાં આવતા. રમતગમતમાં, ભણવા ગણવામાં, વાંચવા લખવામાં, બોલવા ચાલવામાં એ શકિત દેખાઇ આવતી હતી, અને કાંઇક રસિક વિચિત્રપણું પણ જોવામાં આવતું. જે શકિતઓએ આગળ જતાં સુવાસમય થઇ દશે દિશામાં મ્હેંકાટ પરમાવી મૂકયો, ત્હેનાં બીજારોપણની શરૂઆત આંહીંથી થઇ એમ કહીએ તો તે સંભવિત છે.

" વિદ્યાભ્યાસમાં ચપળતા સારી હતી. તે તેમના સહવાસીઓના કહેવાથી જાણવામાં આવે છે. નવા નવા ખૂટ્ટા તેઓ ઉભા કરતા અને ઘણા તેથી આનંદ પામતા. ભણતરના વિષયો આજના જેટલા તે સમયે હતા નહીં. બાળકો પર બોજો ઓછો હોવાથી જે થોડા વિષયો શીખવાતા તે બહુ સારી રીતે અને પાકા શીખવાતા. બાલ્યકાળ છૂટનો છે; અને ભણતરની બેડીમાં જકડી લેવામાં જેમ બને તેમ બન્ધન ઓછાં હતાં. તેથી હૃદયનો-શરીરનો મનનો અને બુદ્ધિનો વિકાસ થવાનો અવકાશ સારો રહેતો.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

"સમવયસ્ક મિત્રોમાં કવીશ્વર દલપતરામની બુદ્ધિ સારૂં કામ કરતી હતી, અને ત્યાંથી આગળ મ્હોટી ઉમ્મરનાં માણસોમાં પણ તે વિનોદ ફેલાતો. પછી તો મ્હોટી ઉમ્મરનાં માણસોમાં પણ તેમને લઇ જવામાં આવતા, અને કાંઇ પણ બોલાવવામાં આવતું, અથવા કાંઇ બોલવાની બાબતનું સૂચન થતું. તુરત જ તે ઉત્તર આપવાથી નવા નવા પ્રશ્નો ને તેના જવાબ થતા, અને બુદ્ધિનાં વખાણુ કરવામાં આવતાં.

"આ ગામ લીંબડી દરબારના પ્રખ્યાત કારભારી વેલાશાના નામથી ઓળખાય છે. વેલાશાએ પૈસા કરતાં કીર્તિને વધારે વહાલી ગણી હતી, પંડે પરાક્રમી બહાદુર લડવૈયો અને મ્હોમાર માણસ હોવાથી દરબારમાં ઘણો આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો, અને રાજ્યની ઉપજનિપજ વધારી આપી હતી. તેમના મરણ પછી તેમના પુત્ર મોરારભાઇને કારભાર મળેલ નહીં તેથી તેઓ ઘણો ભાગ બરવાળામાં જ રહેતા; અને સમયના પ્રમાણમાં ઘરખોરડાં સાધારણ હતાં. પણ દરબારની ડેલીના નામથી ઘર ગણતરીનું હતું. મોહોરારભાઇને ગામમાં સૌ 'બાપો' એ નામથી બોલાવતા હતા. તેમને આ નથુશંકરના ભાણેજ જોડકડાં જોડે છે એ જાણવામાં આવતાં તેમને ત્યાં લઇ જવામાં આવ્યા, અને કાંઇક જોડવાનું કહ્યું. ત્હેમના તે સમયના સ્વભાવ પ્રમાણે જોડયું કે—

બરવાળું બાપાનું ગામ, ધાન્ય ન મળે ખાવા;
પો'ર દી ચડયે ઉઠી સર્વે જાય નદીએ ન્હાવા.

"બધા ખુશી થયા. પણ ધાન ન મળે ખાવાનું કહ્યું તેથી કેટલાકને જરા ખોટું લાગ્યું. તેમને સમજાવવામાં આવ્યું કે, આવું ન કહેવાય; જરા સારૂં કહેવું જોઇએ. પણ બરવાળાની સ્થિતિ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આવી જ હતી. તેમાં કાંઇ ખોટું કીધું નથી એમ લાગ્યું. બાળક-અવસ્થા આવી જ હોય છે.

“બીજી વખત ઘેલાશાના ભત્રીજા લાલચંદભાઇ પાસે લઇ જવામાં આવ્યા. તેમના એ ગોર હતા. કાંઇ બોલવાનું કહ્યું તેથી બોલ્યા કે—

પાદર નદી પરમાંથી, દયા ધરમનું તાળું,
સારૂં માણુસ કોય મળે ના, એ બાપાનું બરવાળું.

“ પ્રાસનું કામ ન્હાનપણુમાંથી કરતા જણાય છે. ઝડઝમક પણ સ્વાભાવિક આવી જ જાય છે. અજાણતાં પણ કવિપણું જળવાઇ જાય છે.

“ વળી નદીમાં મોરભાઇએ બે પીંપરો નંખાવી ઉછેરી હતી, તેની પણ કવિતા કવિ શ્રી દલપતરામે કરેલી કહેવાય છે, અને તેમાં પણ “ બડી પીંપર એ બાપાની ” એમ આવતું. પણ તે બરાબર પુરેપુરૂં મેળવી શકાયું નથી. પાછળથી એ કવિતા લીંબડી ઠાકોર સાહેબે કવિવરને તેડાવેલા તે વખતે, એક ત્યાંની ગંજાવર પીંપરની કવિતા કરવાનું કોઇએ કહેલું તે સમયે પણ ઉપરના જ શબ્દોને લગભગ મળતું સ્વરૂપ આવે છે. બાલ્યકાળની એ ચાર લીટીઓ અને વિચારોની હદ બહુ સંકુચિત હોય એમાં નવાઇ નથી. પણ જ્યારે તેમાં મહત્તા ઉમેરવામાં આવી, ત્યારે આનંદકારક કૃતિ ઉત્પન્ન થઇ આવે, એ દેખીતું જ છે; પણ તે કવિતાનું મૂળ કે બીજાંકુર એ હતું એમ કહીએ તો તેમાં જરાય ખોટું નથી. ‘ એક સતી વર સાતને, ઇચ્છતી’તી તે વાર,’ વગેરે લીટીઓ પણ આંહીંથી જ ઉત્પન્ન થયેલી હોય એમ જણાય છે, પણ ચોક્કસપણે કહી શકાય નહીં. તેઓ એક જ વખત આ ગામમાં આવી ગયેલા કે વધારે વખત આવેલા એ હકીકત બરાબર મળી શકતી નથી. પણ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કેટલાક પ્રસંગો જોતાં એમ ખાત્રી થાય છે કે, તેઓ એકથી વધારે વખત આવેલા છે. ત્હેમનો રચેલો "અંગઉધારનો ઝઘડો" આ સ્થળે રચાયો હોય એમ દેખાઇ આવે છે. એ ત્હેમના ખરેખર નિરીક્ષણદૃષ્ટિના પ્રભાવનું પ્રકટીકરણ છે. એક સામાન્ય બાબતને પણ રૂપરંગથી પૂરવાનું કામ તેઓ બહુ સારી રીતે કરી શક્યા છે. આ વખતે ત્હેમની અવસ્થા લગભગ સત્તર અરાઢ વર્ષથી વધારે નહીં હોય. એ વખતની લખેલી એક પ્રત અમારા કાકાના ઘરમાં છે; અને એ કવિવરના પોતાના જ અક્ષરો છે, એમ કહે છે.

"એમના મામાની પડોશમાં એક કજીયાબાઇ રહેતી હતી. તેનું નામ તો બીજું હતું, પણ તેના સ્વભાવ પ્રમાણે જ્યારે ને ત્યારે કજીઓ કરવા ચૂકતી નહીં. કવિવરે એ જોયેલું અને ઉદ્દગારો નીકળ્યા કે–"ભાઇઓ જેની ભારજા ભુંડી, અન્તર તેને આપદા ઉંડી." પછી આવા કજીયા અને કંકાસ ઘણે ઠેકાણે જોયેલા, અને તે બધાને એક આકારમાં ગોઠવ્યાથી એ ગરબી ઉત્પન્ન થઇ હોય એ સંભવિત છે. એ જ પ્રમાણે–"કેફી સૈયર જેનો કંથડો, તેનાં પૂરણ પાપ" તથા "જુગટું છે તે દુર્ગુણ જાણ, ઘણા લોકને થાય જ હાણ" અને "ભમેલ જાણી ભુત છે, પિતા કહે કપૂત છે" એ વગેરે આહીંના નમૂના હોય એમ જણાય છે; કેમકે એ વખતે આ ગામમાં જુગટાની રમત પૂર જોશમાં હતી. ગામને ફરતો મજબૂત કિલ્લો છે; અને સો સો હાથને અંતરે ચોરસ અને ગોળાકાર કોઠા ગોઠવેલા છે, અને ત્યાં જુગટું રમવાની બહુ સારી સુગમતા થઇ પડતી. હજુ પણ ભીમ અગ્યારસ અને જન્માષ્ટમીના અને આડા દિવસોમાં પણ જુગટાંના અભ્યાસીઓ ત્યાં જુગાર ખેલવા જાય છે.

"જુગટાને અને કેફને વિજળી અને ગડગડાટના જેવો સંબંધ છે. જુગટું હોય ત્યાં કેફ પણ હોય, અને તે ઉપરથી એ બંને કવિ-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તાઓનાં બીજારોપણ આંહીં થયાં હોય તો તેની ના ન કહી શકાય. પણ તે વખતની પ્રસિદ્ધિ ગુપ્તા રહી હોય એમ જણાય છે, અથવા તો એ બાબત ઉપર લોકોએ ઝાઝું ધ્યાન નહીં આપેલું હોય એમ લાગે છે. સારા સારા માણસો પણ જુગટું અને કેફમાં સપડાઇ ગયેલા હોય તેઓને પોતાની નિન્દાજનક કવિતા સાંભળવી પણ કેમ ગમે?

"ગમે તેમ હોય, પણ કવિવરની એ સાદી, સરલ અને રંજનકારી કવિતાઓનો સમારંભ આ સ્થળથી થયેલો માની શકાય છે. પછી તો તેનો વિસ્તાર, સુવાસ અને રસ ગમે ત્યાં વૃદ્ધિ પામ્યો હોય; એ વાતની આપણે તજવીજ કરી શકતા નથી. પણ ઘણું કરીને ત્હેમના પોતાના જ વતનમાં "વર્ધમાન" પુરીમાં તે ગામના નામ પ્રમાણે વૃદ્ધિ પામે તો તે બનવા જોગ છે; અને પછીના યોગથી તો સર્વવિદિત છે. એટલે આ લેખ આટલેથી બંધ કરૂં છું."

ઇશ્વરના સૃષ્ટિરૂપ નાટકનો સંવત્ ૧૯૦૦ પહેલાંનો છેલ્લો પડદો ઉઘડ્યો તે વેળાએ ગૂજરાત તરફ દૃષ્ટિ ફેંકતાં ત્રણ દેખાવ નજરે પડે છે. એક બાજુએ પ્રજાને આશ્ચર્યચકિત કરનારી નવીન રાજનીતિથી નામદાર બ્રિટિશ સરકારે રાજ્યઅમલ શરૂ કર્યો હતો, બીજી બાજુએ સહજાનંદ નામના એક યોગી અને અંશાવતારી પુરુષે અયોધ્યા તરફથી આવીને ગૂજરાતકાઠિયાવાડમાં સ્વામિનારાયણ નામનો નવીન સંપ્રદાય સ્થાપવા માંડ્યો હતો; અને ત્રીજો દેખાવ તરતના જનોઇ દીધેલા એક તેજસ્વી બ્રાહ્મણ બાળકનો હતો. આ ત્રણ દેખાવ સિવાય બીજો એક પણ દેખાવ તે વખતે જોવા લાયક ન હતો. આ ત્રણ દેખાવના અંગનાં પાત્રો તો હજી પાછળ નેપથ્યમાં સજ્જ થતાં હતાં. પણ તે સર્વનું આપણે અત્યારે કામ નથી. ઉપલા ત્રણ દેખાવમાંના પહેલા બે દેખાવના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કાર્યનો વિસ્તાર વાચન સાથે જ વાચકને પ્રત્યક્ષ થાય છે. ત્રીજો દેખાવ તે આપણા કવીશ્વર દલપતરામનો છે, અને તેમના કાર્યનો વિસ્તાર આપણે આગળ જોયો છે. અત્યારે તો મારે તમને ચમત્કાર બતાવવો છે. અત્યારે મારે તમને ઝગઝગતું અજવાળું બતાવવું નથી, પણ ઘણા તેજવાળો એક દીવો જ બતાવવો છે. દલપતરામે શું કર્યું તે અત્રે અત્યારે બતાવવું નથી. પણ તે કોણ હતા, કેમ હતા અને કેવા હતા તે બતાવવું છે; અને તે બતાવવાનું મંગલ ઇશ્વરના મંગલ નામની સાથે જ આ પરિચ્છેદના આરંભમાં કરેલું છે.

ત્રીજા દેખાવવાળા બ્રાહ્મણ બાળકને જે કામ કરવાનું હતું તે કામમાં **સહાય** અને **શિક્ષણ રૂપ** પહેલા બે દેખાવો હતા. સાંકેતિક પુરૂષના જન્મને જ આવા સંજોગો હોય છે. ભગવાન્ શંકરાચાર્યના જન્મ પહેલાં જ કુમારિલ ભટ્ટ આદિનો જન્મ થયો હતો. રામના જન્મના પ્રસંગોમાં જ નળ, નીલ, જાંબુવાન અને હનુમાન આદિનો જન્મ થયો હતો. ઉપર કહ્યા પ્રમાણે, **સહાય** રૂપ અને **શિક્ષણ** રૂપ થનારા એ સંજોગો વચ્ચે કવીશ્વર દલપતરામનો જન્મ થયો હતો. આ **સહાય** અને **શિક્ષણ**ના સંજોગોનો સંબંધ તેમને કેવો હતો તે જુવો. નવી શિક્ષણપદ્ધતિની સ્થાપના અને હાલના સાહિત્યના ભંડોળનો પાયો તેમને હાથે જ નંખાયો; અને ઉત્તરોત્તર નામદાર બ્રિટિશ સરકાર સાથે એમનો સંબંધ એટલો દૃઢ થયો કે, છેવટે તેમના ઉપર સી. આઇ. ઇ. નો ચાંદ કાંઇ પણ તજવીજ સિવાય અણચિંતવ્યો આવી પહોંચ્યો. ગુર્જર પ્રજાની જીભને ટેરવે ચોંટી રહેનારી સાહિત્યસામગ્રી સરકારે કવીશ્વર દલપતરામ પાસે જ તૈયાર કરાવી અને પીરસાવી. ગૂજરાતી ભાષામાં અક્ષરવૃત્તોવાળી ઉત્તમ કવિતા એમણે જથાબંધ બનાવી અને ઉતાવળે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પ્રસરાવી જો એમ ન થયું હોત તો ગૂજરાતની પ્રજા ગરબીઓ, ઠુમરીઓ અને દોહરાચોપાઇની પેલી પાસ કેટલે અંશે જઇ શકત, એ કહી શકાતું નથી. અર્ધી રાતમાં અમદાવાદથી મુંબઇ જવાય, અને અર્ધા કલાકમાં મુંબઇ પ્રશ્ન પૂછી અમદાવાદમાં ઉત્તર મેળવી શકાય. પણ તે જ વખતે વિશાળ શહેરની સુંદર સડકો ઉપર આવેલી રળીઆમણી અને રોણકદાર હવેલીઓમાં જાતજાતનાં સુશોભિત વસ્ત્રોમાં સજ્જ થયેલાં પ્રજાજન ઠુમરી, લાવણી, ગરબી અને દોહરાચોપાઇ જેવા ગ્રામ્ય રાહો વડે જ આનંદ મેળવતાં રહ્યા હોય તે શું સમયને બંધએસતું ગણાશે ? નહિ જ. સહૃદય અને સુશિક્ષિત જનોને માટે સંસ્કૃત વૃત્તોનું અવતરણ ગૂજરાતી ભાષામાં સારી રીતે અને ઉતાવળે થવાની જરૂર હતી જ; અને તે કામ કવીશ્વર દલપતરામને હાથે જ થવા પામ્યું છે. સૌને સમજ પડે એવું સરળ પિંગળ ગૂજરાતી ભાષામાં એમણે જ પ્રસરાવ્યું. ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીની સ્થાપના અને તેનો વહીવટ એમને હાથે જ શરૂ થયાં. સુરત, વિરમગામ, વડોદરા, ધંધુકા. ભાવનગર, ધોળકા, ઇડર, કટોસણ, દાંતા, સાદરા અને અમદાવાદ વગેરે અનેક ઠેકાણે વિદ્યાની વૃદ્ધિ અને તેનાં સાધનના વિસ્તાર માટે રાજાપ્રજાને જાગૃત કરવાનું કામ એમણે જ કર્યું. રાજવિદ્યાભ્યાસના એમના ભાષણની અસર અને ચર્ચાને પરિણામે રાજકુમાર મહાપાઠશાળા અને તાલુકદારી ગરાસિયા શાળા વિગેરે અનેક સંસ્થાઓ સ્થપાઇ ! વિદ્યાને માટે એમણે જ રાજાપ્રજા પાસેથી હજારોની રકમો મેળવી તેનો સદુપયોગ કરાવ્યો. વિદ્યાના વધારા માટે એમણે જેટલી જાતમહેનત પોતાનાં ચાલુ કામ ઉપરાંત કરી છે તેટલી મહેનત, હું કહેવાને ખુશીથી આગળ આવું છું કે, હજી સુધી બહુ થોડાએ જ કરી છે. માનચાંદની આશાએ ઢોણગી કરનારા હતા અને છે; ધંધાને અંગે સાહિત્યના ગ્રંથો પ્રગટ કરનારા હતા અને છે; રૈયતને પૈસે રૈયતને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ભણાવનારા હતા અને છે; અને કેવળ પરોપકારબુદ્ધિથી કે કીર્તિને અર્થે લખનારા અને કવિતા કરનારા હતા અને છે; પણ દલપતરામના જેટલી જાતમહેનત, પોતાના ચાલુ કામ ઉપરાંત વિદ્યાને અર્થે કરનારા, વિદ્યાદાનની બીજાને માટે ભિક્ષા માગનારા, અને ગામોગામ ફરી ધાંટા તોડનારા પહેલાં વિરલ જ હતા અને આજે પણ થોડા છે. પ્રસન્ન થયેલા લોકો એમને ઇનામ આપવા તૈયાર થતા ત્યારે તેઓ ઇનામમાં નિશાળ અને પુસ્તકશાળાની સ્થાપના માગી લેતા. વડોદરામાં કૈલાસવાસી શ્રીમંત ખંડેરાવ મહારાજાએ પ્રસન્ન થઇ ઇનામ આપવાની ઇચ્છા જણાવી ત્યારે એમણે માગ્યું કે, રાજ્યમાં ગામેગામ નિશાળો અને પુસ્તકશાળાઓ સ્થાપો. આ તો એક દાખલો છે. પણ શું તમને આ ઉપરથી એમ નથી જણાતું કે, દલપતરામનો જન્મ આ સિવાય બીજા કામને માટે ન હતો ?

પણ તેમને આ મહત્કાર્યમાં નામદાર બ્રિટિશ સરકારનું રાજ્ય જ **સહાય** રૂપ હતું. આ **સહાય** રૂપ સંજોગ એ દૈવી સંજોગ હતો. આ **સહાય** રૂપ સંજોગ ન હોત ને દલપતરામ હોત તો તે દલપતરામ કામના ન હતા, અને દલપતરામ ન હોત ને સહાય રૂપ સંજોગ હોત તો સહાય રૂપ સંજોગનો આવો ઉપયોગ ન થાત. એ તો પછી ચકકરે ચઢેલો માટીનો ગોળો ઘડો કે ઘાડવો થઇ જાત કે ગોળો એ રહી જાત. મારા શ્રદ્ધાળુ મિત્રોને હવે ખાત્રી થશે કે, કવીશ્વર દલપતરામનો જન્મ એ, જંગલમાં ખીલીને ખરી જનારા ગુલાબના ફૂલ જેવો ન હતો, પણ પતિત પાવની ગંગાને તીરે વિશ્વનાથના ભાલચંદ્રની સાથે શોભનારા રળીઆમણા સ્થળકમળ જેવો હતો. જો કવીશ્વરના જન્મનો દૈવી સંજોગ યોજાયો ન હોત તો ગૂજરાતના સાહિત્યની અત્યારની સ્થિતિ ભીષ્મ વગરના ભારત જેવી અને વીણાનાદ વગરના નારદ જેવી થઇ રહી હોત.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અત્રે કોઇને શંકા થશે કે, કવીશ્વર દલપતરામે પોતાના વખતના સંજોગોને અનુકૂળ થઇ પોતાનું કાર્ય સાધી લીધું તેમાં દૈવી સંજોગ જેવું કંઇ ગણવા જેવું નથી. પણ આવી શંકા કરવી એ ઇશ્વરપૂજનને મૂર્તિપૂજન માનવા જેવું ઉતરતા વિચારનું અનુકરણ કર્યું જ ગણાય, અને ચઢતા વિચારને માર્ગે વિચરવાનો માર્ગ છતાં આવા ઉતરતા વિચારને માર્ગે જવું એ, બુદ્ધિમાનને બાજુએ ખસેડીને મૂર્ખ-શિરોમણી ઉપર પ્રધાનમંત્રીકળશ ઢોળવા જેવું થાય. એક માણસ તમારા આગળ આવીને તમને કોઇ વાત કહે તે તમે સાચી પણ માની શકો અને જૂઠી પણ માની શકો. આમ જ્યારે એમાંથી ગમે તે પ્રકારની તે વાત માનવાને તમને અખત્યાર કે વિશ્વાસ આવતો હોય ત્યારે તમે તે વાતને જૂઠી માનો તે કરતાં સાચી માનો એ જ શ્રેયસ્કર છે. હું કહું છું કે, આ દૈવી સંજોગ છે. તમે કહો છો કે, સમયનો સદુપયોગ તેમણે કરી લીધો છે. તમે જો તેને દૈવી સંજોગ માનો તો તે ઇષ્ટ છે, અને સમયનો સદુપયોગ માનો તો તે પણ મને તો ઇષ્ટ છે; તમને જરા થોડો લાભ છે. મને ઇષ્ટ એટલા માટે છે કે, સમયનો સદુપયોગ અસાધારણ શ્રમ અને બુદ્ધિથી કરી સમાજનું વાતાવરણ ફેરવવાને શકિતમાન થવું એને જ અમે દૈવી સંજોગ માનીએ છીએ. આ દૈવી સંજોગ છે એવો ઇશ્વરે પત્ર મોકલ્યો નથી અથવા નગારૂં વગાડીને જાહેર કર્યું નથી; પણ અંતઃકરણને જે વાતની સત્ય પ્રતીતિ થઇ છે–ધડધડિત પ્રતીતિ થઇ છે–સ્પષ્ટ પ્રતીતિ થઇ છે તે વાત મારા મિત્રો આગળ કહેવાનું હું હાલ ટાળી શકતો નથી.

તે વખતે કેળવણી વગરના અંધકારમાં કાઠિયાવાડના એ ગામમાં પ્રકટ થયેલા એક તેજસ્વી દીવાએ આખા ગૂજરાતમાં સરકારની સહાયતાથી પોતાનો ઉજાસ પ્રસરાવ્યો એને તમે જો દૈવી સંજોગ માનવાની ના પાડો તો આ પૃથ્વીને થયેલો સૂર્યનો સંજોગ પણ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

દૈવી હોવાની ના પાડવાને હું તૈયાર કેમ ન થાઉં ? તમે જો આ બીજી વાતને દૈવી સંજોગ ગણતા હો તો પહેલી વાતને પણ દૈવી સંજોગ માનશો તો જ તેમાં અર્થ રહેશે. એકને એક રીતે અને બીજાને બીજી રીતે કહેવા જતાં અર્થ વગરનું થઈ જશે. પણ આચારના અને આચારે કરીને થયેલા વિચારના ઊણાપણાએ પ્રજાને અત્યારે અસંતોષની અને અશ્રદ્ધાની સ્થિતિમાં આણી મુકી છે તેવા વખતમાં કોઈને દૈવ **દૈવી** અને **દૈવી સંજોગ** જેવા શબ્દો જ **વહેમ** શબ્દના પર્યાય જેવા જણાય તો તેમાં મારો ઉપાય નથી. અસાધ્ય રોગ ઉપર ઔષધ ચાલતું જ નથી. પણ જે મિત્રો હજી એ શબ્દો ઉપર ભાવ રાખે છે તેમને જ આ વાત ઉપકારક જાણી કહી છે. સૌરાષ્ટ્રના એક પવિત્ર બ્રાહ્મણનો પુત્ર, નવા શિક્ષણ વગરનો, અંગ્રેજી વિદ્યાના ગંધ વગરનો અને વગવસીલા વગરનો છતાં, વિધર્મી અને વિદેશી નવી સરકારની સહાયતા પામી દીર્ઘ કાળ સુધી પ્રજા ઉપર મોટી અસર કરનારો થાય એ સહાયતાના સંજોગને જો દૈવી સંજોગના વર્ગમાં ગણાશે, તો તે સ્પષ્ટ રીતે એક દૈવી ચમત્કાર છે એમ તમને જણાશે, અને દૈવી ગોઠવણો હોય છે તેનો તમને કંઈક ખ્યાલ આવશે. જો તમે આને દૈવી સંજોગ ન ગણતાં સમયનો સદુપયોગ કરવાની કુશળતા ગણશો તો તે એક મોટો વ્યાવહારિક ચમત્કાર માનવો પડશે; કેમકે સંબંધ ન થવા જેવી પ્રથમદર્શન સ્થિતિ છતાં સંબંધ થવા પામે છે, માનચાંદની પરાકાષ્ઠા સુધી તે સંબંધ વધવા પામે છે અને તેના પરિણામે ગૂજરાતકાઠિયાવાડ ઉપર મોટી અસર થવા પામે છે. એટલે ગમે તે પ્રકારનો ચમત્કાર માન્યા સિવાય મારા પ્રિય વાચકને છૂટકો નથી. પવિત્ર આચારવિચારવાળા અને પવિત્ર આચારવિચાર તરફ માન ધરાવનારા મિત્રો આને દૈવી ચમત્કાર માનશે જ, અને આચાર-વિચારનો મોરકૂટો થવા દેનારા મિત્રો એને વ્યાવહારિક ચમત્કાર

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગણુશે. પહેલી રીતે માનેલો ચમત્કાર પારમાર્થિક ઉન્નતિને મદદગાર થશે, અને બીજી રીતે માનેલો ચમત્કાર ઐહિક ઉન્નતિનો પોષક થશે.

પણ ગમે તે પ્રકારનો ચમત્કાર કવીશ્વર દલપતરામને હાથે જ કેમ થવા પામ્યો ? તે પ્રશ્ન હવે ક્ષણ વાર આપણી આગળ આવે છે. તેમની સમાન વયના ઘણા પુરૂષો તે વખતે હોવા છતાં આ ભાવ એમને હાથે જ કેમ ભજવાયો ? એ પ્રશ્ન સહજ પ્રાપ્ત થાય છે. પણ એનો ઉત્તર આપણે સંક્ષેપમાં સમજીશું. લોકોપકાર કરવાની દૃઢ બુદ્ધિ, અસાધારણ સહૃદયતા, નિરંતર વિદ્યાભ્યાસંગ, વર્ણધર્મ ઉપર દૃઢ આસ્થા, અને પોતાની ધાર્મિક ફરજો અદા કરવાની અસાધારણ ઉત્કંઠા : એ બળવાન્ સંસ્કારોએ કવીશ્વરના સ્થાપિત નિયમોને અનુસરીને આ મહત્કાર્ય કરાવ્યું છે. સંસ્કારોએ જ એમની ભવિતવ્યતા ઉત્પન્ન કરી હતી; અને આ સંસ્કારોને ઉત્પન્ન કરનાર સાધનોએ એમના પુણ્યતરૂને ફળ આણ્યાં હતાં.

सा सा संपद्यते बुद्धिः सा मतिः सा च भावना ।
सहायास्तादृशा एव यादृशी भवितव्यता ॥

" જેવી ભવિતવ્યતા હોય તેવી બુદ્ધિ થાય છે; જેવી મતિ સૂઝે છે તેવી ભાવના ઉત્પન્ન થાય છે અને તેવા સહાય કરનારા આવી મળે છે." આ પ્રમાણ આપણે એમની ભવિતવ્યતાને લાગુ કરીશું, અને એમના પુણ્યતરૂને માટે નીચેનું પ્રાચીન વચન ઉચ્ચારીશું કેઃ—

नृपकुले गुरुता विमलं यशो ।
भवति पुण्यतरोः फलमीदृशम् ॥

" રાજદરબારમાં ગુરૂતા ને યોગ્ય સન્માન અને વિમળ યશનો લોકમાં વિસ્તાર, એવા પ્રકારનાં ફળ પુણ્યતરૂને આવે છે."

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

**શિક્ષણરૂપ સંજોગ.**

ઇશ્વરના અંશાવતારો વખતોવખત થાય છે, એવું શ્રીમદ્ ભગવદ્‌ગીતાના વાંચનારને સમજાવવાની જરૂર નથી. ખ્રિસ્તીઓ, યાહુદીઓ, જરથોસ્તીઓ, મુસલમાનો, ચીનાઓ, તિબેટવાસીઓ, જાપાનીઓ વગેરે પૃથ્વીની જુદી જુદી પ્રજાઓ ઇશ્વરના અવતારને અથવા પયગંબરને માને છે. પણ જો આપણે હિંદુઓ તેવું માનવામાં પાછળ પડતા જઇએ તો પૃથ્વી સિવાયના અન્ય કોઇ પ્રદેશમાં વસવા લાયક આપણે થતા જઇએ છીએ, એમ માનવા સિવાય બીજું અનુમાન થઇ શકતું નથી. સંપૂર્ણ કળાવાળો શ્રી કૃષ્ણના અવતાર જેવો અવતાર તો એક યુગમાં એકાદ બે વખત થાય છે; પણ અંશાવતારો વધારે હોય છે. કૃષ્ણ, બુદ્ધ અને ભગવાન્-ભાષ્યકારની પછી ભારતવર્ષમાં જે અવતારો થયા તે ઘણું કરીને અંશાવતારો જ હતા, અને તે મુકરર હેતુ સિદ્ધ કરવાને થયા હતા. આ હેતુઓ શા હતા અને એવા અંશાવતારો કયાં હતા, તે વાતમાં અત્રે ઉતરવાનું બંધ રાખી આપણે આગળ ચાલીશું. કલિયુગના ભરતખંડને પશ્ચિમનો પવન લાગવા માંડવાની શરૂઆતમા, કનકના અને કામિનીના ભયંકર પાશમાં સપડાવુ યોગ્ય નથી અને હાનિકારક છે, એવું ભારતવર્ષની વસ્તિના પશ્ચિમ ભાગને દેખાડવાને, અને કેટલાક જીવોને એ રીતે ધર્મબંધનમાં બાંધી તેમને અને તેમના વંશજોને પશ્ચિમના બંધનકારક અને પરિણામે દુઃખકારક પવનની અસર થવામાં બનતી હરકત નાખવાને સ્વામિનારાયણનો અવતાર થયો હતો. ગૂજરાત, કચ્છ, કાઠિયાવાડ અને દક્ષિણ સુધી એ સંપ્રદાય લંબાયો છે, અને મુંબઇ ઇલાકો જ મુખ્યતઃ તેની કાર્યભૂમિ થઇ છે. હજારો પુરૂષોએ એ સંપ્રદાય સાથે પોતાનો સંબંધ બાંધ્યો છે, અને સેંકડો લોકોએ દર વર્ષે કંચનકામિનીનો સંબંધ છોડી કેવળ ઇશ્વરપરાયણતા અંગીકૃત કરી છે.



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પ્રથમ કહ્યું છે તેમ બીજો દેખાવ તે આ સંપ્રદાયના સ્થાપકનો હતો. સહજાનંદે કરેલા ચમત્કારો થોડા નથી. સામાન્ય માણસોથી તેમાંનું કશુંએ બની શકે તેવું નથી. મુંબઇના એક હાકેમ અને સહજાનંદની મુલાકાત રાજકોટ મુકામે થઇ હતી, અને સહજાનંદના યોગપ્રભાવથી સર્વ આશ્ચર્ય પામ્યા હતા. જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર. કેટલાક અવતારોની બાબતમાં થયું છે તેમ તેમનું આયુષ્ય લાંબું ન હતું; પણ તેટલા સમયમાં તેમણે જે કાર્ય આ ઇલાકામાં કર્યું છે તે થોડું નથી. બ્રાહ્મણોનું તેઓ સન્માન કરતા; પણ તેમની નજર ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના ઉદ્ધાર તરફ વધારે હતી. આમ છતાં અનેક બ્રાહ્મણોએ તેમના સંપ્રદાયમાં સામીલ થવું યોગ્ય ધાર્યું હતું. એમના બ્રહ્મચારીવર્ગમાં માત્ર બ્રાહ્મણો જ દાખલ થઇ શકે છે. બ્રાહ્મણ બ્રહ્મચારીઓએ એ સંપ્રદાયના શાસ્ત્રીઓનું, દેવપૂજનનું અને રસોડાનું કામ સ્વીકારેલું છે. કેટલાક બ્રાહ્મણો એ સંપ્રદાયના ટેકા રૂપ હતા. શાસ્ત્રી દીનાનાથે આ સંપ્રદાયને શરૂઆતમાં સારો ટેકો આપ્યો હતો, અને ખરૂં કહીએ તો સહજાનંદના તે અંગત મિત્ર જેવા હતા.

કવીશ્વર દલપતરામ આઠ–નવ વર્ષની ઉમ્મરે ન્યાતમેળાવાર્મા વઢવાણના બીજા બ્રાહ્મણો સાથે ગઢડે ગયા હતા. પિતા ડાહ્યાભાઇ ત્રવાડી પણ ઘણું કરીને સાથે હતા. સહજાનંદ ગૂજરાત તરફથી આવી આજે ગામમાં પધારે છે, એવી વાત ગામમાં ચાલી, અને તેમને ગામમાં આવતા જોવાને લોક ગામના રસ્તામાં એકઠા થવા અને ગોઠવાવા લાગ્યા. ન્યાતમેળાવામાં આવેલા બ્રાહ્મણો જોડે કવીશ્વર દલપતરામ પણ એક દુકાનને ઓટલે જોવાને બેઠા. તે વખતે તરત જ સાંજ મટીને રાત પડી હતી. સહજાનંદની સ્વારી એટલામાં આવી. સર્વેને તેમનાં દર્શન થયાં. સ્વારી મંદિર-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગઢમાં ચાલી ગઇ અને વિશ્વિકૃત પૂર્વસંકેત પ્રમાણે દલપતરામના બાલહૃદયમાં વિદ્યાચમત્કાર કરતી ગઇ.

આ પ્રમાણે થયેલા ચમત્કારનું પરિણામ વખત જતાં બહાર જણાયું. કવીશ્વર દલપતરામ યોગ્ય વયમાં આવ્યા પછી આ સંપ્રદાયમાં નિશ્ચયપૂર્વક જોડાયા. તેમનું આ કાર્ય તેમના સગા-સંબંધીઓમાંના કેટલાકને ગમ્યું નહિ. તેમણે તેમને તે સંપ્રદાયમાં જતાં અટકાવવાને, અને ગયા પછી પણ તેમને પાછા ખેંચી લેવાને ઘણા પ્રયત્નો કર્યા; પણ જેનું નિર્માણ થયેલું તેમાં ફરક શી રીતે પડે? તેમના ચરિત્ર અને ચારિત્ર્યનું બંધારણ લોકસેવાને અર્થે નમૂનેદાર તૈયાર થયું હતું તેમાં આ સંપ્રદાયનો સંજોગ ન થયો હોત, તો જે નીતિની પરાકાષ્ઠા એમના જીવનમાં નમૂના રૂપ થઇ છે તેમાં ફરક પડત, અથવા સ્પષ્ટ લાલ રંગને બદલે ગુલાબી રંગ ચઢી આવવા જેવું પણ થાત.

રામાવતાર કે કૃષ્ણાવતારના સમયમાં જન્મ થતાં રામ કે કૃષ્ણનાં દર્શન ન થવા પામે એ ઠીક ન લાગે. કવીશ્વર દલપતરામને નાની વયમાં ગઢડે જવાનો પ્રસંગ ન આવ્યો હોત તો સહજાનંદનાં પ્રત્યક્ષ દર્શનનો તેમને બીજો પ્રસંગ ન મળત. જે પુરૂષોએ સહજાનંદનાં દર્શન કર્યાં હોય તે પુરૂષો તે સંપ્રદાયમાં પૂજનીય ગણાય છે તે પ્રમાણે કવીશ્વર દલપતરામ તરફ આ કારણને લીધે પણ સંપ્રદાયજનોનો પૂજ્યભાવ હતો. આજે પણ સન ૧૮૫૬–૫૭ ના બળવા વેળાના જે લશ્કરીઓ હયાત હોય છે તેમના તરફ અંગ્રેજો માનથી જુવે છે, તેમ દલપતરામ તરફ તેમના સંપ્રદાયના લોક માનથી જોતા અને તેમનો સત્કાર કરતા.

કવીશ્વર દલપતરામે આ સંપ્રદાયના સંબંધમાં આવીને પોતાના જીવનને નીતિ પરત્વે ઉચ્ચતમ બનાવ્યું તેમાં એમને પોતાને

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તો લાભ હતો જ; પણ તે ઉપરાંત તે લાભ આખી ગૂજરાતી પ્રજાને મળ્યો. વૈરાગ્ય જેવી અભય વસ્તુ જે સંપ્રદાયમાં મુખ્ય મનાઇ હોય તે સંપ્રદાયમાં નીતિ ઉચ્ચતર ગતિ પામતી રહે તેમાં નવાઇ નથી. એકાદ અપવાદ મૂળ નિયમને બાધકાર થતો નથી તેમ આ વિષયમાં સમજવું. "**જાઓ સુવાને ઉલટે ઉસંગે**" જેવી મનોવિકારની ઉત્તેજક લીટીઓ એમણે લખી નથી તેથી, બીજાએ લખી તે ભૂલ કરી છે એમ મનાવવાને મને કારણ નથી; પણ કવીશ્વર દલપતરામ એવા લખાણને કેવળ નાપસંદ કરતા તે જ અત્રે જણાવવાનો મારો ઉદ્દેશ છે. 'કુસુમમાળા' અને 'સરસ્વતીચંદ્ર' એમણે મારી પાસ મંગાવીને થોડુંક વંચાવી બંધ કરાવ્યાં હતાં. 'કુસુમમાળા' તો એમને ઘણું કરીને ભેટ મળી હતી, અને બીજું પુસ્તક ગૂ. વ. સોસાઈટીની કચેરીમાંથી મંગાવ્યું હતું. કુસુમમાળામાંનાં કુસુમોમાં એમને શું સમજાયું તેની મને સમજ પડી નહિ. પણ બીજા પુસ્તકમાં જવનિકાના છેદનવાળું પ્રકરણ એમણે પ્રથમ વંચાવવા માંડી, અલકકિશોરીની નજર બગડ્યાની હકીકત વંચાવા માંડતાં થોડી જ વારમાં તે બંધ કરાવ્યું. તે ઉપરથી એમ લાગે છે કે, એ પ્રકરણ સર્વને વાંચવાની છૂટ રાખવાની બાબતમાં તેઓ જુદો મત ધરાવતા હોવા જોઇએ. મતલબ કે, એમના મનમાં જે વિચારો અને ભાવનાઓ હતાં તે બધાંનું મૂળ વૈરાગ્ય હતું. તેઓ પાકા સંસારી હતા, તોપણ વૈરાગ્યનદીમાં તરતી સંસારહોડીમાં જાણે કે વસતા હતા. નીતિસ્ખલનનો લેશ પણ પ્રસંગ એમને મતે અક્ષમ્ય હતો; અને ગમે તેવા ઉચ્ચાશયવાળા લેખમાં પણ જુદા અધિકાર પરત્વે જુદી જુદી અસર થવાનો સંભવ જણાય તો તે પણ તેમને બહુ વિચારનો વિષય થઇ પડતો, અને એવા લેખ સાર્વજનિક ઉપયોગના લેખોમાંથી બાતલ થવા યોગ્ય તેઓ ગણતા.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગમે તેમ હોય; પણ આખી પ્રજાના શિક્ષાગુરૂના સ્થાનને માટે ખચિત જ આવા પુરૂષો જોઇએ. "સોનો સાળો, સોનો સસરો છે દ્વિજ દલપતરામ" એવું આજે છાતી ઠોકીને બોલી શકનાર સંસારી કોણ છે ? કોઇ હોય તો તે ઘણું જીવો. પણ 'સાળો' શબ્દ સાંભળતામાં જ સળગી ઉઠનારા અનેક છે; પણ શબ્દાર્થને યોગ્ય ઘટનાથી ઘટાવી પોતાના નીતિમય મનોબળને જાળવનાર દલપતરામ જેવા કોઇ વિરલા જ હોય છે. જેમના સહવાસથી, જેમની વાતથી, જેમનાં વસ્ત્રોથી અને જેમના વેષથી સામા આદમીની નીતિના સ્થિર મનોબળને ચંચળ થવાનો સંભવ હોય તેનાં તે સહવાસ, તે વાત, તે વસ્ત્રો અને તે વેષ જગતને નુકસાનકારક નીવડે છે. આ નુકસાન કરોડો રૂપીઆના નુકસાન કરતાં પણ વધારે નાશકારક છે. પણ જ્યારે કોઈ લેખ કે કવિતા ચંચળતા ઉત્પન્ન કરતાં હોય ત્યારે તો તે પ્રજાઓની પ્રજાઓને પણ હાનિકારક નીવડે છે, અને સત્પુરૂષો તેવા લેખને અને તેવી કવિતાને નવ ગજના નમસ્કાર કરે છે. દલપતરામ આ વાતને સારી પેઠે જાણતા હતા. એક લીટી પણ એમણે એવી નથી લખી કે જેણે નીતિનું પોષકપણું ગુમાવ્યું હોય. તે કોઇ મસ્ત કવિ ન હતા, પણ ગંભીર હતા. એમની લાગણીઓ ઘણી બળવાન્ હતી, પણ લગામ હાથમાં હતી. ગૂજરાતનાં ગુરૂમંડળમાં એવા જ પુરૂષની જરૂર હતી. નીતિ સંબંધે જે પોતાની ઉંચામાં ઉંચી સ્થિતિ ટકાવી શકે, અને જે કોઇ સહવાસમાં આવે, ને જેની જોડે વાત થાય તે સર્વ પોતાના નીતિમય મનોબળને વધારે સ્થિર ટકાવી શકવાના સંસ્કાર પામે એવા પુરૂષો જ શિક્ષાગુરૂના સ્થાનને યોગ્ય હોય છેઃ—

जितेन्द्रियः शुचिर्दक्षः सदाचारसमन्वितः

એવું ગુરૂનાં લક્ષણોમાં ગણાવેલું છે. આ યોગ્યતા પ્રાપ્ત થવામાં તેમણે સ્વીકારેલો નવો સંપ્રદાય સાધન રૂપ થયો હોય

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એમ માનવું જ પડે છે. ઉત્તરઅવસ્થામાં એમણે 'શ્રી હરિલીલામૃત' નામનું એક મોટું પુસ્તક સંપ્રદાયને માટે લખ્યું છે તે રાજકોટમાં છપાયાની વાત સાંભળી છે.

ગુરૂસ્થાનને યોગ્ય પાત્રતા પ્રાપ્ત કરાવવામાં આ સંપ્રદાય એમને મદદગાર થયો છે એમ આપણે જોયું. પાત્રતા પ્રાપ્ત થવામાં મુખ્ય સાધન શિક્ષણ છે; અને આ શિક્ષણ ધર્મનું, નીતિનું અને વિદ્યાનું તથા કળાકૌશલ્યનું હોઇ શકે. એ ઉપરથી માણસનું ચારિત્ર્ય બંધાય છે. આમાંનું જે કંઇ દલપતરામને પ્રાપ્ત હતું તે આ સંપ્રદાયમાંથી જ એમણે મેળવ્યું હતું. એ સંપ્રદાયમાં આચાર્ય અથવા ગુરૂની ગાદી ઉપર આવનાર ગૃહસ્થાશ્રમી હોય છે એ વાત એમને જરા વિષમ લાગતી હતી, અને તે માનેલી વિષમતા વાજબી જ હતી એમ આપણામાંના ઘણાએ, એ સંપ્રદાય તરફ કોઇ જાતનું દુર્મન ન છતાં ખેદ સાથે જોયું છે. હજારો સાધુ-સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ જેમનાં ચરણકમળ આગળ મસ્તક નમાવે તે ગુરૂસ્થાનાપન્ન પુરૂષો ગૃહસ્થાશ્રમી હોય તો, વરાળ ન આપેલાં અઢાર વરાલયંત્રોની એક લાંબી આગગાડીને એક નાની ગંત્રી (મોટર) વડે ઘસડાવવા જેવું છે. પણ આ વિષમતા તેઓ જાહેર રીતે કોઇને જણાવતા ન હતા. પાણી પીને પછી ન્યાત પૂછવાની રીત કોઇ પસંદ કરતું નથી; તેમ જ સર્વ વાતે સંપૂર્ણ તાત્રાળો કોઇ પણ સંપ્રદાય હોઇ શકતો નથી; કેમકે સંપ્રદાયનું ઉત્પન્ન થવું કોઈ મુકરર ઉદ્દેશને અનુસરીને હોય છે. કવીશ્વર દલપતરામે આ સંબંધમાં એક વખતે કહ્યું હતું કે, સહજાનંદ પોતે ત્યાગી હતા અને સંપ્રદાયના ધર્મોમાં શ્રેષ્ઠ અને શિષ્ટ ત્યાગી પુરૂષો જ તેમણે સ્થાપેલી એ ગાદીઓ ઉપર હમેશ આવે એવો નિયમ સ્થાપિત કરવા તેમનો પાકો વિચાર હતો, અને તે માટે કોઇ બ્રાહ્મણ સાધુઓને તેમણે મનમાં ધારી રાખ્યા હતા. પણ અયોધ્યા

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ



તરફના છપાઇઆ ગામમાંના પોતાના કુટુંબી જનોના હકક પૂર્ણ દબાણ સાથે આગળ આવવાથી ગૃહસ્થગુરૂની પરંપરાની પદ્ધતિ ચાલુ થઇ ગઇ. માત્ર એટલું એમાં ઠરાવવામાં આવ્યું છે કે, આચાર્યનો પુત્ર ગુરૂસ્થાનને યોગ્ય વિદ્વાન્ ન હોય તો તેને ગાદી ન આપતાં પિત્રાઇ કે ગોત્રીમાં જે યોગ્ય પુરૂષ જણાય તેને ગાદી આપવી.

તોપણ કવીશ્વર દલપતરામની શ્રદ્ધા ઉપર તે વાતની કંઇ અસર થવા પામી ન હતી. તેઓ દરરોજ સવારે ને સાંજે, દિવસમાં બે વખત, આંખો ન હતી ત્યારે પણ જ્યાં સુધી શરીરે કબૂલ કર્યું ત્યાં સુધી, નિયમપૂર્વક મંદિરે જતા, દેવદર્શન કરતા, જૂના સાધુઓને અતિ વિનયપૂર્વક નમતા, આચાર્યના ચરણનો સ્પર્શ કરતા, મંદિર પાસે અથવા મંદિરમાં જ હંમેશ મુકામ ઇચ્છતા અને સ્નાન કરતા કે તે પછી કોઇવાર ભણતા જણાતા કેઃ—

भव संभव भीति भेदनं
सुख संपत्करुणा निकेतनम् ।

व्रतदान तपः क्रिया फलं
सहजानंद गुरुं भजे सदा ॥

કાઠિયાવાડના મૂળી નામના ગામમાં સ્વામિનારાયણનું ધામ છે ત્યાં સ્વામી દેવાનંદ નામના સાધુકવિ રહેતા હતા. કવીશ્વર દલપતરામને તેમનો સમાગમ થયો. કાવ્યશાસ્ત્રના કેટલાક ગ્રંથો તેઓ દેવાનંદ સ્વામી પાસે શીખ્યા. દેવાનંદે ભક્તિ અને વૈરાગ્ય ઉપર અનેક કવિતાઓ લખી છે અને તે આજે ગૂજરાતકાઠિયાવાડમાં ગવાય છે. એ પંથનો ન હોય તે પણ તેને હોંસથી ગાય છે દેવાનંદે દલપતરામની કવિતાશક્તિથી પ્રસન્ન થઇ આશીર્વાદ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

આપ્યો છે, અને દલપતરામે તેમને હંમેશ ગુરૂ ભાવથી યાદ કર્યા છે. દલપતરામ લોકની પારમાર્થિક અને વ્યવહારિક ધર્મોન્નતિ અર્થે પારમાર્થિક માર્ગમાં વિચરતા. આ પ્રમાણે દલપતરામે સ્વામિનારાયણનો સંજોગ પામીને ચારિત્ર્યનું બંધારણ અને શિક્ષણ મેળવ્યું. આ સંપ્રદાયનો સંજોગ એમના જીવન સાથે જોડાયો છે. પણ વાંચક મિત્રે ! તમે દલપતરામની કવિતાઓ તો થોડી ઘણી વાંચી હશે, પણ દેવાનંદની કવિતાનો પરિચય કદાચ જો વિસ્મૃત થયો હોય તો તે યાદ કરવાનો અત્રે ઘણે દિવસે જે પ્રસંગ મળ્યા છે તે આપણે તેમની ચાર પાંચ લીટીઓ વાંચીને ટુંકામાં પણ ઉજવ્યા વિના ખાલી જવા દેવો ઠીક નહિ.—

“ તારા મનમાં જાણે છે મરવું નથી રે.
એવો નિશ્ચે કર્યો નિરધાર; તેમાં ભૂલી ગયો ભગવાનને રે.
ધન દોલત નારી ને ઘણા દીકરા રે,
ખેતી વાડી ઘોડા ને ઘરબાર; તેમાં ભૂલી ગયો ભગવાનને રે.
મેડી મંદિર જરૂખાં ને માળીયાં રે,
સુખદાયક સોનેરી સેજ; તેમાં ભૂલી ગયો ભગવાનને રે.
ગાદી તકીયા ને ગાલમસૂરીયાં રે,
અતિ આડ કરે છે એજ; તેમાં ભૂલી ગયો ભગવાનને રે.

* * * *

દેવાનંદના વહાલાને વિસરી ગયો રે,
ત્હારે ગળે પડયો જમ ફંદ; તેમાં ભૂલી ગયો ભગવાનને રે.”

આ દેવાનંદની કવિતાની દિશામાં જ દલપતરામની કવિતા જરા જુદો વેષ ધારી જતી જણાય છે, એનું રહસ્ય અધિ-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કારી જનો જ ઓળખી શકે છે. દલપતરામે જૂની વાંચનમાળામાં દેવાનંદની એક કવિતા દાખલ કરાવી છે.

આ પ્રમાણે કવીશ્વર દલપતરામના આખા જીવનની સાથે જોડાયેલા સ્વામિનારાયણના શિક્ષણ રૂપ સંજોગને તમે કેવો સંજોગ કહેશો ? જો એને વ્યાવહારિક સંજોગ કહેશો તો તેવું પણ નથી; કેમકે વ્યાવહારિક સંજોગો ક્ષણિક હોય છે અને તેની અસર ચિરસ્થાયી હોતી નથી. અહીં તો આઠ વર્ષનો કે નવ વર્ષની વયે આ સંજોગનું પ્રત્યક્ષ આન્તરોપણ થાય છે, અને પાંસઠમા વર્ષ પછી હરિલીલામૃતનો સાગર જેવો ગ્રંથ રચવામાં રોકાયેલા જણાય છે. એ પ્રમાણે આ સંજોગ ચિરસ્થાયી અને લાભદાયી થાય છે. પરિવર્તનશીલતાવાળી માયાનું ચંચલત્વ આ સંજોગમાં નથી જણાતું, પણ હમેશ એક રૂપતાવાળું કોઇ બીજું સંમેલન થયેલું એમાં પ્રત્યક્ષ જણાય છે. એકરૂપતા ઇશ્વરના ધર્મોમાં હોય છે. આ કારણોને લીધે આ સંજોગને આપણે દૈવી સંજોગ કહેવો પડે છે; અને દૈવી સંજોગનું હોવાપણું એ અનેક ચમત્કારોનું વાસસ્થાન છે.

**બાળપણમાં ગરીબાઇનો અનુભવ.**

સંવત્ ૧૯૦૦ પહેલાંના છેલ્લા પડદા પાછળના બે દેખાવનો સંબંધ અને તેના અંગના ચમત્કારો ઉપર બતાવવામાં આવ્યા છે. હવે વાંચકોએ ત્રીજા દેખાવ તરફ નજર કરવાની છે. એ ત્રીજા દેખાવમાં કવીશ્વર દલપતરામનું બાલસ્વરૂપ દેખાય છે. જાણે કૈલાસ શિખરથી ચાલી આવેલો ગણબાળક હોય અથવા જાણે પ્રાચીન કાળથી સુરક્ષિત રહેતા કોઇ રમણીય તપોવનમાંથીઆવેલો ઋષિકુમાર હોય એવો, જેનું ભવ્ય લલાટ બ્રહ્મતેજથી ઝગઝગી રહ્યું છે એવો, કવીશ્વર દલપતરામના બાલસ્વરૂપનો દેખાવ જે સૂક્ષ્મદર્શીએ જોયો હશે તેના જ હૃદયને તે દેખાવનો ખરો મહિમા સમજાયો હશે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પણ તે પ્રાચીનકાળના ઋષિકુમારો જેવી સ્થિતિ અત્યારે રહી ન હતી. કવીશ્વર દલપતરામનાં માતા પિતાની સ્થિતિ હાલના વિચિત્ર વ્યવહારો અને જરૂરીઆતોને લીધે તથા દિન પ્રતિદિન બ્રાહ્મણોની ઓછી થતી જતી કદર અને દરકારને લીધે સંપત્તિની બાબતમાં કોઈ રીતે સંતોષકારક ન હતી. વેદ ભણેલા બ્રાહ્મણનો ખપ કવચિત્ જ પડે એટલે કવચિત્ જ લાભ; પણ કોઇ રીતે તેમના દિવસ નિર્ગમન થતા. ભગવાન્ સૂર્યનારાયણ થોડી ક્ષણનો પણ વિસામો લેવાની ટેવવાળા હોત તો દિવસ નિર્ગમન વધારે કઠિન થાત; પણ સદ્‌ભાગ્યે તેવું નથી એ જ સંતોષ અને દિલાસો છે. ઘણું કરીને વસિષ્ઠ ઋષિ રામને કહે છે કેઃ—

धनं सञ्चय काकुत्स्थ धनमूलमिदं जगत्
अन्तरं नैव पश्यामि निर्धनस्य मृतस्यच ॥

" હે કાકુત્સ્થ, ધનનો સંચય કરો કેમકે આ જગતનું મૂળ જ ધન છે: કારણ કે નિર્ધનાવસ્થા અને જીવરહિતપણું એ બે વચ્ચે હું કશો ફરક જોતો નથી." કવીશ્વર દલપતરામના પિતાને આવું કષ્ટ કેટલીક વાર અનુભવવું પડતું. હાથમાં લાંબો કાગળ લઇને બાકી બતાવતો વાણિયો જ્યારે ઘર આગળ ઉઘરાણીએ આવતો ત્યારે તેઓ અનેક રીતે તેને સમજાવીને અથવા વાયદો કરીને પ્રમાણિકપણે તેનું નિવારણ કરતા. પણ વાયદા પ્રમાણે બાકીનો પૂરો નિકાલ ન થવાથી વાણિયો જ્યારે ઉગ્રસ્વરૂપ થઇ ઘર સામે આવતો જણાતો ત્યારે તો તેના દેખાવનું દુઃખ કોપાયમાન થઇ સામે આવતા યમદૂતના દેખાવના દુઃખ કરતાં કોઇ રીતે ઉતરતું જણાતું નહિ. આવા દુઃખના તાત્કાલિક નિવારણને અર્થે તેઓ કોઇ કોઇ વાર આસપાસનાં ગામડાઓ તરફ ચાલી જતા અને સાંજ પડયા પછી ઘેર આવવા નિકળતા. દ્રોણાચાર્યની આર્થિક સ્થિતિ એક વખતે આવી જ હતી.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સાથે રમનાર બીજા છોકરાઓને દૂધ પીતા જોઇ દ્રોણપુત્ર અશ્વત્થામાએ દૂધ ખાવા ઘરમાં હઠ કરેલી ત્યારે તેમની માતાએ લોટમાં પાણી મેળવીને પીવા આપેલું. આ વિષયમાં ડાહ્યાભાઇની સ્થિતિ દ્રોણાચાર્ય કરતાં, અને દલપતરામની સ્થિતિ અશ્વત્થામા કરતાં કોઇ રીતે ચઢતી એ ન હતી તેમ ઉતરાતી એ ન હતી. અશ્વત્થામાએ અમર કાયા મેળવી અમરપણું લીધું છે, અને દલપતરામે પોતાની કવિતાઓમાં જીવ મુકી પોતાને અમર કરી લીધા છે. બાકી બાળપણામાં ગરીબાઇનો અનુભવ કેટલાક વખત સુધી બંનેનો સરખો. જરા ઉલટા સુલટી બાબત એટલી જ છે કે, ત્યાં પિતા દ્રોણાચાર્ય સારી સ્થિતિમાં આવે છે અને અહીં પુત્ર દલપતરામ સારી સ્થિતિમાં આવે છે, એટલે, ત્યાં પિતા સંપત્તિમાન્ થાય છે, અને અહીં પુત્ર સંપત્તિમાન્ થાય છે. ત્યાં અશ્વત્થામાના પિતા રાજપુત્રશાળામાં શિક્ષાગુરૂ થાય છે, અહીં દલપતરામના પુત્ર રાજપુત્રશાળામાં શિક્ષાગુરૂ થયા છે. આટલી ઉલટા સુલટી બાબતો મારા પ્રિય વાચકો આગળ રજુ કરતાં મને પરમ સંતોષ થાય છે; પણ દલપતરામની બાળપણની ગરીબાઈ પાછી યાદ આવવાથી એ સંતોષ લય પામી જાય છે.

આગળ હું કહી ગયો છું કે, દલપતરામ આઠનવ વર્ષની ઉમ્મરે ગઢડે ન્યાતમેળાવામાં ગયા હતા. અત્રે તે વાત યાદ કરાવતાં મારે જણાવવાનું જોઈએ કે, વઢવાણથી ગઢડા નજીકમાં નથી. વઢવાણથી નિંગાળા સુધી હાલ આગગાડીમાં મુસાફરી કરનારને જો બે કલાક થતા હોય તો દલપતરામ બે ત્રણ દિવસ સુધી વયના પ્રમાણ પ્રમાણે નાના પગવડે જ ત્યાં ચાલીને ગયા હતા, વળી નિંગાળાથી ગઢડા ચાર પાંચ ગાઉ થતું હશે. કાઠિયાવાડમાં કેટલેક ઠેકાણે ગામ દૂરથી દેખાય છે ખરાં, પણ ત્યાં પહોંચતાં ધાર્યા કરતાં વધારે વખત લાગે છે. વળી રસ્તામાં શીતળ છાયાવાળા ઝાડની પણ છત નથી કે ઘડી તેનો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પણ લાભ લઇ શકાય. વઢવાણ અને લીમડી વચ્ચે છ સાત ગાઉના અંતરમાં ફક્ત એક પીપરનું ઝાડ હતું અથવા છે. દલપતરામે એ પીપરના ગુણ ગાતાં એકવાર કહ્યું છે કે, " બડભાગિની પીપર બાપાની. " મેળાવામાં જવાથી ફાયદો એટલો કે બે દિવસ ન્યાતમાં જમવા જવાય અને આઠ આના કે રૂપિયો દક્ષિણા મળે. આટલી ટુંકી પ્રાપ્તિમાં વાહન મેળવવાનો વિચાર પણ મસ્તકમાં આવી શકે નહિ. તો પણ કોઈનું ગાડું જતું હોય ને બ્રાહ્મણનો છોકરો જાણી ગાડામાં બે ગાઉ બેસાડે તો તે તેટલુંજ માફ. ગાડાનો રસ્તો બદલાય કે પાછા પગ સંભાળવા જોઇએ.

મિત્રો! આ ગરીબાઇની વાતમાં તમને ચમત્કાર ક્યાંથી બતાવું ? અને ન બતાવું તો ચાલુ વિષયના મથળામાં લખેલો ચમત્કાર અત્રે કોઇને સર્વથા સિદ્ધ થતો ન લાગે તો તેનું કેમ કરવું? પણ એવી ફીકર રાખવી યોગ્ય નથી; કેમકે એવી ફીકર રાખનાર શ્રી હરિ સમર્થ છે.

એમના પિતાને કાને વાત આવી કે ઉમરાળા ગામમાં ન્યાતમેળાવો છે; તેથી દક્ષિણાની આશાએ વઢવાણથી ચાલી નીકળ્યા અને લાંબી મુસાફરી પછી ઉમરાળે પહોંચ્યા. ત્યાં જતાં જ જણાયું કે, મેળાવો તો હાલ નથી, બંધ રહ્યો છે. ખરૂં હોય કે ખોટું. વઢવાણથી ઉમરાળા સુમારે ૩૨ ગાઉને છેટે સાંભળેલું બત્રીશના બમણા ચોસઠ ગાઉના ચકરાવામાં પડયા તે મિથ્યા. ૬૪ ગાઉના ૬૪ પૈસા મળવાનો ઉદ્યોગ નિષ્ફળ ગયો. આનો અર્થ શું થયો ? એકલી ગરીબાઇ નહિ; પણ ગરીબાઇની સાથે નિષ્ફળ યાતનાઓ ભોગવવી અને એ રીતે ગરીબાઇના સખ્ત દુઃખનો છેલ્લી હદ સુધીનો અનુભવ લેવા, એવુંજ કંઇક નિર્માણ સ્યેલું.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પણ આમ દુઃખનો છેલ્લી હદ સુધી અનુભવ લેવો એ ચમત્કારને વાસ્તે હોય છે. નળરાજા ઘણું દુઃખ પામ્યો શા માટે ? પેહેલાં જે સુખ હતું તે કરતાં વધારે સુખ મેળવવાને માટે હરિશ્ચંદ્ર રાજાએ દુઃખની છેલ્લી હદ દીઠી શા માટે ? પેહેલાં જે સુખ હતું તે કરતાં વધારે સુખ અને વધારે પ્રતિષ્ઠાને અર્થે. નરસિંહ મેહેતાને આઠ દિવસના ઉપવાસ થયા શા માટે ? ઇશ્વરના અલૌકિક સંબંધના સુખને અર્થે. એવા દાખલા ઇતિહાસપુરાણમાં અને ચાલુ સમયના બનતા બનાવોમાંથી અનેક જોવા જાણવાને મળી શકે એમ છે. કવીશ્વર દલપતરામે બાળપણમાં જે ગરીબાઇનું દુઃખ વેઠેલું તે દુઃખ તેમને ભવિષ્યમાં મળનાર સુખમાં વૃદ્ધિ કરનાર હતું. ગાડીને એક ઘોડો જોડાતો હોય તેને બદલે બે ઘોડા જોડાય એ કંઇ સુખમાં કે અનુકૂળતામાં ખરો વધારો નથી; કેમકે એ તો ખરચમાં વધારો કરી વધારી લીધેલી સુખની ઉપાધિ માત્ર છે. પણ પગે ચાલીને રોજ થાકી જવાતું હોય તેવામાં જો ગાડી રાખવા જેટલી સંપત્તિ આવી મળે તો તે સુખ કે અનુકૂળતા મળી કહેવાય. દલપતરામ બાળપણથી સારી સ્થિતિમાં હોત અને પછી તે સ્થિતિમાં વૃદ્ધિ થઇ હોત તો તેમને સંપત્તિનું જે સુખ મળ્યું તે કરતાં કમી દરજ્જાનું સુખ મળત. બાળપણમાં ભોગવેલી ગરીબાઇને અંતે આવેલી સારી સ્થિતિએ ખરે જ એમને સુખનો સારો અનુભવ આપ્યો હતો; એટલે એમની સ્થિતિમાં એમને ગરીબાઇ એક રીતે ઉપકારક થઇ હતી. પરીક્ષા પસાર કરવાને અથવા સુખ મેળવવાને ભોગવેલું દુખ સુખનું પરિણામ લાવે એમાં કંઇ ખાસ વિસ્મયનું કારણ નથી. સુખ ભોગવવાને દુઃખ વેઠયા વગર સુખનું આવવું એ તો વિસ્મયનું કારણ કહ્યા વગર ચાલે એવું નથી. એમને વિદ્યા તો સ્વતઃસિદ્ધ જેવી હતી એમ આગળ કહેવામાં આવ્યું છે; અને તેઓ કવિતા વગેરે પાછળ જે કંઇ અભ્યાસ વગેરેની મેહેનત લેતા તે તો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એમને મન એક મોજનું અને આનંદનું કારણ હતું; એટલે આર્થિક સ્થિતિ ઉંચી કરવાને એમણે ખાસ શ્રમ ઉદ્દેશપૂર્વક આરંભ્યો ન હતો. કવિતા તો તેમને મન સેહેલસપાટાની લાકડી જેવી હતી; એટલે દુઃખ વેઠયા વગર સુખનું મળવું એ એમના સંબધે એક ચમત્કાર જ હતો. સુખના ઉદ્દેશથી શ્રમ કરનારા નિષ્ફળ થતા હોય એવું જગતમાં ઘણીવાર જોવામાં આવે છે, ત્યારે વગર શ્રમે થતી સુખની પ્રાપ્તિને ચમત્કાર માન્યા વગર કેમ ચાલે? જો એમાં કંઈ પૂર્વજન્મનો સંબધ માનો તો પણ એમાં ચમત્કાર માનવો પડે છે, અને એવો સંબંધ ન માનો તો પણ તેને એક ચમત્કાર કહેવો પડે છે. વળી આખા જગતને દુઃખનું કારણ ગણાતી ગરીબાઇ એમનાં સુખની વૃદ્ધિને અર્થે હતી એ પણ એક બીજો ચમત્કાર છે.

ઍલેકઝાંડર કિન્લૉક ફારબસ કોઈ ગુર્જર કવિની ખોળમાં હતા તેમને અમદાવાદવાળા સ્વર્ગવાસી ભોળાનાથભાઇએ દલપતરામનું નામ આપ્યું. આ ઉપરથી ફારબસ સાહેબે માણસ મોકલી દલપતરામને અમદાવાદ તેડાવ્યા, અને કેટલીક વાતચીત પછી દલપતરામ પાસે રાખવા જેવા છે એમ એમનો નિશ્ચય થયો. આવો જોગ-સંજોગ થવો એ પણ હાલમાં અનેક વાર અરજીઓ કરીને નાઉમેદ થતા ઉમેદવારોની સ્થિતિ અને સંખ્યા જોતાં ચમત્કાર જ લાગે છે. એને કદિ આપણે અર્ધો ચમત્કાર ગણીએ તો પણ તેમાં નીચેની હકીકત ઉમેર્યા પછી આખો ચમત્કાર ગણાવા હરકત સરખું નથી. દલપતરામને પોતાની પાસે નોકરીએ રાખ-વાનો નિશ્ચય કરી ફારબસ સાહેબે પૂછ્યું કે, તમે પગાર કેટલો લેશો? દલપતરામે વધારેમાં વધારે પણ પોસાય એવો પગાર માગ-વાની ધારણાથી જણાવ્યું કે, સાહેબ, સવાસો રૂપીઆ આપો તો સારૂં. ત્યારે ફારબસ સાહેબે જવાબ દીધો કે, પગારના પૈસા મારા

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ખાનગી પૈસામાંથી આપવાના છે, ને મારાથી તમને પગારમાં સવાસો રૂપીઆ આપી શકાય એમ નથી, હું તો તમને હાલ દરમાસે પંદર રૂપીઆથી વધારે પગાર આપવાનું ધારી શકતો નથી. વાચક મિત્રો! તમને કદાચ દલપતરામ ઉપર રીસ ચઢશે કે, એમણે શી મોટી પરીક્ષાઓ પસાર કરી હતી કે, આવડો મોટો પગાર એકદમ માગ્યો! કોઇ એમ પણ ધારશે કે, ગરીબાઇના ઘેરા વચ્ચે આવો પગાર માગતાં એમણે વિવેકવિચારને પણ શા માટે વેગળો મુકયો હશે? પણ મિત્રો! એમાં દલપતરામનો વાંક નથી. દલપતરામ આખા વરસના પગારનો આંકડો સવાસો રૂપીઆ કહેતા હતા, અને ફારબસ સાહેબ દરમાસે પંદર રૂપીઆ આપવાની ઇચ્છા રાખતા હતા. મહિને મહિને નોકરોના પગાર અપાય છે એ વાતની દલપતરામને ખબર ન હતી. અને વરસનો પગાર બંધાય છે એ વાતથી ફારબસ સાહેબ અજાણ્યા હતા. જ્યારે દલપતરામે જાણ્યું કે, સાહેબ તો મહિને મહિને ૧૫ રૂપીઆ આપવાનું કહે છે ત્યારે તો તેઓ ઘણી ખુશાલીમાં આવ્યા. તેમણે કહ્યું કે, સાહેબ, એ તો ઘણા થયા. ફારબસ સાહેબને ખરચમાં વધારો કરવાની જરૂર પડયા વગર દલપતરામનો પગાર તો પહેલે જ દિવસે દોઢો થઇ ગયો. આ ખુશાલીનું ખરૂં સુખ કોણે અપાવ્યું? સુખ અપાવવાને ઘેરો છોડતી પેલી ગરીબાઇએ.

**અંગ્રેજી ભણવાની ક્ષણિક હોંસ.**

કવીશ્વર દલપતરામ નાનપણમાં વઢવાણમાં રહેતા હતા ત્યારે પોતાના ભાઇબંધો જોડે સાંજે, સવારે અને બપોરે ગામમાં અને ગામની બહાર ઘણુંખરૂં દરરોજ ફરવા જતા. ગામમાં જરા પણ નવાઈનો બનાવ બન્યો હોય, અથવા લોકને મોઢે વાત ચાલતી હોય એવો કંઇ બનાવ બન્યો હોય તો તેઓ તે બનાવના સ્થળને નજરે જોયા વગર રહેતા નહિ. એક વખતે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગામમાં વાત ચાલી કે, નામદાર અંગ્રેજ સરકારનું લશ્કર આવવાનું છે, અને તે વઢવાણુ આગળ એક દિવસ મુકામ કરી જનાર છે. આ ખબર સાંભળી કે તુર્ત એમને માથે એક કામગીરી આવી પડી. લશ્કર આવતું જોવાય તે માટે ચોક્કસ વખત પૂછી લેવાની તેમણે તજવીજ કરવા માંડી. લશ્કર ક્યાં આગળ મુકામ કરશે, અને કયે રસ્તે થઇને જશે તથા આવશે તે પણ નક્કી કરવાનું એમને માથે આવ્યું. ઇચ્છા પ્રમાણે સઘળી વિગતો નક્કી કરી એમણે જાણી લીધી. લશ્કર આવતા પહેલાં અને આવ્યા પછી પણ સવાર સાંજ વખતોવખત ત્યાં જવું અને શું થાય છે તે જોવું, એ નિત્યનિયમ થયો. સ્થાનિક અમલદારો વાતો કરતા હોય તે સાંભળી લેવી, અને તે ઉપરથી લશ્કર સંબંધે ગામમાં અને ભાઇબંધોમાં વાત કરવાનું સાહિત્ય એકઠું કરી લેવું, એવાં એવાં કામોમાં એમનો વખત રોકાયો. આ પ્રમાણે લશ્કર આવ્યું અને ગયું, અને તે માટે દલપતરામને જે મહેનત પડવાની હતી તે પડી. લશ્કર ગોરૂં હતું કે કાળું તેની મને હાલ ખબર નથી, અને પહેલાં ખબર હશે તો હાલ યાદ નથી. પણ આમાંથી એટલો જ અનુભવ લેવાનો છે કે, લશ્કર સંબંધે વઢવાણુ ગામના બસો ત્રણસો છોકરાઓમાંથી ફક્ત દલપતરામને અને બીજા એક બે છોકરાઓને આટલી બધી તસ્દી શા માટે પડી? એનાં બે કારણો છે. જે પુરૂષો સ્વાશ્રયથી ભવિષ્યમાં આગળ આવનારા હોય છે તે ઘણું કરીને નાનપણમાં આવા જ હોય છે; અને બીજું કારણ તે દલપતરામની નવું નવું ઉત્પન્ન કરવાની બુદ્ધિ—પ્રતિભા. એ પ્રતિભા પોતાના ખોરાક માટે દલપતરામને આમ તેમ રમતમાં ને ગમતમાં ખુશી રાખી રખડાવતી હતી અને પોતાને જોઇતું મેળવતી હતી.

લશ્કર ઉપડી ગયા પછી તેના મુકામની જગ્યા તપાસવાની કવિ દલપતરામને ઇચ્છા થઇ આવ્યાથી તેઓ લશ્કરવાળી જગ્યાએ ગયા. તે વખતે તેમનો એક બ્રાહ્મણ મિત્ર સાથે હતો. આ તપાસમાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તેમને અંગ્રેજી બાળપોથી મળી આવી. લશ્કરમાં કોઇ સીપાઇ કે સેનાપતિનો છોકરો અભ્યાસ કરતો હશે તે ચોપડી ભૂલી ગયો હશે. તેવામાં છાપખાનાં ઓછાં એટલે ચોપડીની જ મૂળમાં નવાઇ. કોઇના હાથમાં સારી ચોપડી દેખાય કે લોક તે જોવાને અને પૂછવાને મળે. આ બાળપોથી જડી તેથી જ પ્રથમ તો ખુશાલી થઇ; અને પછી ચોપડી ઉઘાડી જોતાં પહેલે જ પાને મોટા અક્ષરે અંગ્રેજી કક્કો છાપેલો જોતાં તો તેમની ખુશાલીનો પાર ન રહ્યો. અંગ્રેજી કક્કો હાથમાં આવતાંની સાથે જાણે આખી અંગ્રેજી ભાષા હાથમાં આવી હોય એમ તેમને લાગ્યું, અને કક્કો શીખી લઇશું એટલે ગમે તે અંગ્રેજી પુસ્તક કડકટાટ વાંચી જવાશે એવા મનોરથ મનમાં થવા માંડયા. ગૂજરાતી અને અંગ્રેજીનું સામ્ય અનુભવ વગર કરવા માંડયું; પણ આ પ્રમાણે થઇ આવેલી હોંસ થોડા વખત પછી કામ કઠિન જણાયાથી અને હોંસ પુરી થવામાં કોઇ મદદગાર ન હોવાથી શમી ગઇ.

આ ઉપરની હકીકતમાં કંઇ ચમત્કાર નથી; પણ તેમાં તત્ત્વવેત્તાઓને જોવા જાણવા જેવું કંઇક છે, અને તેનું દિગ્દર્શન માત્ર કેવળ આસ્તિક બુદ્ધિના અભ્યુદયને અર્થે અત્રે કરવાની આ સંધિ સાધી છે. મોટા ઝાડની પેઠે ફાલી નીકળનારા બાલતરૂ જેવું બાળપણુ મનુષ્યપણુના પ્રારંભકાળમાં કેવું વિલક્ષણુ હોય છે તે અતિ મનન કરવા જેવો વિષય છે. જરા પણુ દુઃખને પરિણામે રોવાનું, અને જરા પણુ સુખને પરિણામે પ્રસન્ન થવાનું પુખ્ત ઉમ્મરના માણુસમાં હોતું નથી અથવા કવચિત્ જ હોય છે; પણુ બાળકોમાં તે હંમેશ હોય છે જ. કદાચિત્ પુખ્ત ઉમ્મરના માણુસમાં થોડા અંશના દુઃખ અને સુખ માટે લાગણીઓ થતી હોય તો પણુ તે બહાર જણાઇ આવતી તો નથી જ. જે ગામ જુવો તે ગામમાં ઇંટો, માટી અને પથ્થરનાં ઘર હોય તેથી પુખ્ત માણુસ કારણુ



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વગર ગામ જોવાની ઇચ્છા કરતો નથી; પણ બાળકને કોઇ ગામ જોવાની ઇચ્છા થઇ આવી હોય તો તે દબાવવી મુસ્કેલ પડે છે. આમ કેમ થાય છે તે વિષય ઉપેક્ષા કરવા જેવો નથી. ગુર્જર ભાષામાં આ વિષયનું જે કંઇ સાહિત્ય હોય તો તેમાં હજી વધારો કરવાની ઘણી જગ્યા હશે, અને તે ઉપર વિદ્વાનોએ લક્ષ આપતા રહેવાની જરૂર છે. બાળક જગત્‌માં જે રીતના ઉપયોગી માણસ તરીકે ખીલી આવવાનો હોય તે ઉપયોગિપણાના પ્રમાણમાં તે બાળકમાં શોધક બુદ્ધિનો ઉદય થાય છે; માતાપિતાને અથવા બીજા પરિચિત જનને તે એક દિવસમાં પચાસ હજાર પ્રશ્નો પૂછી ઉત્તર આપતાં થકવી નાખે છે, અને આખા ગામનો ભાર પોતાને માથે લઇ ફરે છે. ભગવાન્ ભાષ્યકારને બાળપણમાં જ સંન્યાસી થવાનું વહાલું લાગ્યું હતું; ગૌતમ બુદ્ધ બાળપણમાં જ લોકને દુઃખી થતા જોઇ શકતા ન હતા; શ્રી કૃષ્ણચંદ્રે બાલપણમાં જ ચમત્કારો કરવાનું શરૂ કર્યું હતું; મહાત્મા શુકને બાળપણથી જ વૈરાગ્ય થયેલો હતો; અને યુરોપમાં એક બાળકે બાલપણમાં ભૂમિતિના સિદ્ધાંતો કરી આપ્યા હતા. આમ બાળપણમાંથી જુદા જુદા પ્રકારની ભાવનાઓ અને લાગણીઓ સાથે જન્મ લેનારને આ જન્મના કંઇ સંસ્કાર લાગ્યા હોતા નથી એ તો સ્પષ્ટ જ છે; ત્યારે શાથી આમ થાય છે એ સવાલ આપણી સામે આવી ઉભો રહે છે. વિચારશીલ મિત્રોને સમજાશે કે, આમ થવામાં પાછળના જન્મનો કે જન્માન્તરને સંબંધ હોવો જોઇએ; અને તેથી જ બાળક ભાવિ ઉપયોગિપણાના પ્રમાણમાં બાળપણથી જ નવું નવું જોવા જાણવાની ઇચ્છાવાળો થાય છે. જન્માન્તરમાં દીઠેલા વિશાળ જગત્‌ના સંસ્કારો બાળકને નવું નવું ઉતાવળે જોવા જાણવાની ઇચ્છાવાળા બનાવે છે એમ પણ કેટલાકનું માનવું છે. આ વિષયમાં વિચાર કરવાનો પ્રસંગ પ્રિય વાંચકોને કવીશ્વર દલપતરામના જીવનના સંબંધે મળ્યો છે તેનો લાભ લઇ અલૌકિક

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વિચારમાં જો તેઓ થોડા વખતનો પણ વ્યય કરશે તો તેમાં તેઓ કેટલેક અંશે પોતાનું જ હિત કરશે.

**અમલ કરી શકાયો નથી એવો કરાર.**

કવીશ્વર દલપતરામને તેમની જ્ઞાતિના અને વઢવાણના રહીશ એક મિત્ર જોડે નાનપણમાં પરસ્પર એવો કરાર થયેલો કે, જો આપણે બે ભાઇબંધ છીએ તો આપણે મોટા થઇશું ત્યારે બે જણ જેટલું કમાઈશું તેટલું એકઠું કરી વહેંચી લેશું. આ તેમના મિત્રનું નામ મારા સ્મરણમાં નથી, પણ હું તેમને દીઠે ઓળખતો. જગતના બીનઅનુભવી બંને જણે તે કરાર કબૂલ કર્યો હશે. કાચી ઉમ્મરે કરેલા કરારોનો અમલ પાકી ઉમ્મરે ભાગ્યે જ થઇ શકતો હશે. ભાગ્યોદય થયા પછી કવીશ્વર દલપતરામને એક પછી એક એમ સારા લાભ થવા માંડયા. પેલા મિત્રના લાભ તેટલા સારા ન હતા; તો પણ બંને વચ્ચેના કરારનો કદી અમલ થયો નથી. આ કરાર અમલમાં આવ્યો હોત, તો પણ પેલા મિત્રને વચમાં જ તે કરાર તોડી ફારગતી લખવાનો વખત આવ્યો હોત; કેમકે કવીશ્વર દલપતરામે બીજા કેટલાક લોકની જોડે પેલા જાણીતા શેરસટ્ટામાં સારા પૈસા ગુમાવ્યા હતા. આવા કરાર કરવામાં મિત્રતાને ન છાજે એવી સ્વાર્થબુદ્ધિ રહેલી હોય છે, અને પરિણામે બેમાંથી એકને એ કરાર ભારે પડી અણબનાવ ઉત્પન્ન થાય છે. કવીશ્વર દલપતરામને અને તેમના મિત્રને આવા કોઇ બનાવનો સંભવ ન હતો; કેમકે બંને જણ જાણતા હતા કે, કરાર કાચી બુદ્ધિમાં વગર સમજે કર્યો હતો. તેઓ એક બીજાને વખતો વખત મળતા અને ગમ્મત ખાતર દલપતરામને તેમના મિત્ર કહેતા હતા કે, ચાલો મીલકત વહેંચીએ.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એક બાપના બે દીકરાઓ બાપની મીલકત ત્યારે જ વહેંચે છે કે જ્યારે તેઓ સુખથી અને સંતોષથી એકઠા રહી શકતા નથી અથવા એક બીજાના ઉપર અવિશ્વાસ આવે છે. મીલકતની વહેંચણી એ શબ્દો જ વહેંચનારાઓના મનનું જુદાપણું પ્રકટ કરે છે. બે મિત્રની વચમાં આવું જુદાપણું મિત્ર શબ્દને શોભા આપતું નથી. મિત્રોએ તો બને ત્યાં સુધી ભેગા વેપાર કરવાથી પણ દૂર રહી એક બીજાની મિત્રતાનો લાભ લેવો, એમાં જ મિત્રતાના ખરા સુખનો સમાવેશ થયેલો છે એમ માનવું ઇષ્ટ જણાય છે. મિત્રતામાં તો સ્વાર્થ વગરનો જ સમાગમ જોઇએ. મીલકત વહેંચવાની તો શું, પણ આખી મીલકત મિત્રને માટે કુરબાન કરવાની બુદ્ધિ જોઇએ. પ્રિય વાચકોને મારે મિત્રતા વિષે કંઇ લખી બતાવવાનું નથી; પણ કવીશ્વર દલપતરામ અને તેમના મિત્ર વચ્ચેના કરારની વાત કરતાં ઉપર પ્રમાણે બે અક્ષર હિતકારક જાણી કહ્યા છે તે જો તમે અપ્રાસંગિક નહિ ગણો તો મારા ઉપર અનુગ્રહ કર્યો એમ હું સમજીશ.

**રક્ષક ન છતાં રક્ષણ કેમ થાય છે.**

જ્યારે વઢવાણ સુધી આગગાડીનો રસ્તો બંધાયો ત્યારે વખતો વખત આગગાડીમાં બેસવા કવીશ્વર દલપતરામને પ્રસંગો મળ્યા. તે વખતે હાલના વખત જેટલી આગગાડીની સડક ઉપર નિશાન ધરનારાઓની ઓરડીઓ ન હતી. રસ્તો તપાસી જનારા હશે ખરા, પણ તે વાતની એમને ખબર નહિ હોય. જમીન ઉપર નાખેલા લોખંડના પાટા અને થાંભલા ઉપરનાં તારનાં દોરડાં કોઇ સાચવનાર ન છતાં કેમ સચવાય છે ને કોઇ તેને કેમ નુકસાન કરતું નથી કે તેનો થોડો ભાગ ચોરી જતું નથ એ વાતની એમને એટલી નવાઇ લાગી કે, કેટલીક મુદ્દત સુધી એર ગજમાં એની એ જ વાત ઘોળાયાં કરી. શેરીમાં કપડાં

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સુકવવાને દોરડું બાંધ્યું હોય તો કોઇ ચોરી જાય છે અને લોખંડની એક પરાળ ઘરના ઓટલા ઉપર એક કલાક વાર પડી રહી શકતી નથી, અને અહીં લોખંડના પાટા ને તારનાં દોરડાં નિર્જન વગડામાં કેમ પડયાં રહેતાં હશે, એવા વિચારે એમના મગજમાં ઘણી મહેનત ઉત્પન્ન કરેલી એમ તેઓ કહેતા હતા. આ મગજમારીનું સમાધાન પણ તેમણે જ કહ્યું હતું. નવીન આગગાડી અને તારના ચમત્કારથી તે વખતે અંજાઇ ગયેલા લોક ચકિતભ્રમિત થઇ એટલા ડરતા હતા કે, તારના થાંભલાને આંગળી અડકાડતાં થાંભલો ફાટીને રખેને લશ્કરનો માણસ નીકળી આવે! આ તેમનું સમાધાન ખોટું ન હતું. જાદુગરના હાથમાં રૂપીઓ સોંપતાં જેમ લોક ડરી જાય છે તેમ કળાવાનની કળા આગળ માણસ મનુષ્યસ્વભાવ પ્રમાણે કળાની જ કલ્પનાઓ કરે છે. પાપપુણ્યમાં સમજનારો પુરૂષ પાપાચરણ કરતાં પડછાયાથી અને પડઘાથી ડરે છે, એ વાત અનુભવીઓને અજાણી નહિ હોય.

**પ્રેમાનંદે વેર વાળ્યું.** કવીશ્વર દલપતરામ ફારબસ સાહેબના સમાગમમાં રહ્યાની વાત આગળ કહી ગયો છું, અને સઘળાઓ તે જાણે છે. ફારબસ સાહેબનો ગૂજરાતી ભાષાનો અભ્યાસ ઘણો સારો હતો. હાલ આપણા કેટલાક મિત્રો કે જેઓ વિદ્યાપીઠની નવી પદ્ધતિએ ઉંચું શિક્ષણ પામેલા છે તેઓ પ્રાચીન કાવ્યોમાંનાં જે કેટલાંક સારાં કાવ્યો છે તે વાંચવા તરફ પણ દુર્લક્ષ કરે છે, ત્યારે ફારબસ સાહેબ જેવા અંગ્રેજ પુરૂષ પ્રાચીન કાવ્યોને શોધી શોધીને બારીકાઇથી વાંચી જતા હતા. સરકારી કામકાજમાં તેમને એક ગામથી બીજે ગામ જવાનું હોય, ડેરા તંબુમાં મુકામ હોય, અનેક ઠેકાણાના લોકોના સંબંધનાં કામકાજ બજાવવાનાં હોય, તેમ છતાં તેઓ નિયમિતપણે ગૂજરાતી પુસ્તકો વાંચવાનું છોડતા નહિ.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પુસ્તક સારી રીતે છપાયેલું ન હોય, શિલાછાપમાં છાપેલું હોય અથવા હાથનું લખેલું હોય કે ગમે તેવા અક્ષરોવાળું હોય, તો પણ એવાં કારણો તેમની વાંચવાની ઉત્કંઠાને શિથિલ કરી શકતાં નહિ. કોઈ કાવ્યમાં કોઈ કલ્પના સહજ સમજાય તેવી ન હોય તો તે મુકી દેતા નહિ, પણ કવીશ્વર દલપતરામ પાસે તેનો ખુલાસો મેળવી પોતાના મનને સંતોષ આપતા. એક મુકામે વાંચવા શરૂ કરેલું પુસ્તક ઘણા મુકામો સુધી વાંચવાનું ચાલું રહેતું અને ગમે તે મુકામે પૂરૂં થતું. એક વખતે ફારબસ સાહેબે નળાખ્યાન વાંચવાનું શરૂ કર્યું અને તે દશ બાર દિવસે પૂરૂં કર્યું. નળાખ્યાનનું છેલ્લું કડવું વાંચી રહેતાં તેમણે મોટો નિઃશ્વાસ નાખ્યો અને કવીશ્વર દલપતરામ સાંભળે એમ તેમનાથી કહી દેવાયું કે, પ્રેમાનંદે વેર વાળ્યું. કવીશ્વર દલપતરામે તેનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે, પ્રેમાનંદે આ કાવ્ય સારૂં લખ્યું છે; તે ચિરકાળ લોકોમાં ખરેખર પ્રચલિત રહેશે; અને અંતે એણે પોતાનું નામ, ગામ, સાલ, સંવત, માસ અને લેખના આરંભના મુકામનું ગામ વગેરે અનેક હકીકત બતાવી છે, પણ પોતાનું ગામ બતાવવાની સાથે પોતે વડોદરામાં કયા રાજાના વખતમાં છે તે રાજાનું નામ લખ્યું નથી. ખરેખર, વડોદરાના રાજદરબારમાં તેનો કંઈ હિસાબ કે આશ્રય નહિ હોય અને તેથી તેણે પોતાના વખતના રાજકર્ત્તાનું નામ આ પુસ્તકને અંતે મુકવાનું ટાળીને મારી સમજ પ્રમાણે એક જાતનું વેર વાળ્યું છે. જો આમાં કોઈ રાજાનું નામ આવ્યું હોત તો મને આ વખત ઘણો આનંદ થાત. ખરેખર, તે વખતના રાજાએ અજાણપણે આ એક ગંભીર ભૂલ કરી છે. પંદર કરોડ રૂપીઆનો એક મિનારો બાંધી પોતાના નામ સાથે જોડે તેના કરતાં પણ પ્રેમાનંદના કાવ્યમાંની એક ઉલ્ટી લીટીમાં તેનું નામ આવ્યું હોત તો તે મિનારા કરતાં પણ વધારે થઈ પડત. કવીશ્વર દલપતરામના દિલમાં આ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વાત ઉતરેલી તે તેમણે કહ્યા પ્રમાણે સહવાસજન્ય સ્મરણ તરીકે અત્રે ઉતારી છે. ફારબસ સાહેબને અને કવીશ્વર દલપતરામને આ સંબંધમાં ગમે તેવો નિશ્ચય થયો હોય, પણ તેથી તે સાથે એક મત થવાનું કંઇ વિશેષ કારણ નથી. કેમકે કીર્તિ જો કે એક ઇચ્છવા જેવી વસ્તુ છે તો પણ તે નાશવંત શરીરના સંબંધને લીધે હોવાથી કોઇ તેની ઓછી દરકાર કરનારા પણ હોય છે. વળી કોઇ મુકરર લોકોને પોતાના આશ્રયનો સારો લાભ આપી પોતાની કીર્તિ ગવડાવવા કરતાં એક રાજા પોતાની પ્રજાનું ધર્મબુદ્ધિથી પાલન કરવામાં તત્પર રહે તો તે માર્ગે જ તે પોતાનું વધારે શ્રેય સાધે છે એમાં સંશય નથી. વડોદરાના જૂના મહારાજાઓ ધર્મબુદ્ધિથી પ્રજાપાલનમાં વધારે તત્પર રહેતા એમાં સંશય નથી; તો પણ પ્રેમાનંદ જેવો એક પંડિત જો તેમને હાથે આશ્રય પામ્યો હોત તો તે એક સારો બનાવ ગણાત. પોતાની કીર્તિ કરાવવાને માટે નહિ, પણ પ્રજામાંનાં યોગ્ય માણસોને જાણવાની કાળજી રાખી તેમને યોગ્ય ઉત્તેજન આપવાની રીત એ પ્રજાપાલનનો જ એક ભાગ છે, અને તે રીતે પ્રેમાનંદ કંઇ આશ્રય પામી ગયો હોત તો તે એક સારો બનાવ ગણાત. પણ પ્રજામાંનાં યોગ્ય માણસોની શોધમાં સઘળા માણસો માલૂમ પડી આવે અથવા સઘળાં યોગ્ય માણસો જ માલૂમ પડી આવે એવો કંઇ નિયમ રહેતો નથી, અને તેથી પ્રેમાનંદને મરાઠી માતૃભાષાવાળા એક રાજાને હાથે કંઇ લાભ ન થયો હોય તો તેમાં તે રાજાનો જ કંઇ દોષ નીકળતો નથી. કેવળ કીર્તિની બુદ્ધિથી જ કામકાજ કરનારા અને કીર્તિને અર્થે જ અનેક મુકરર લોકોને નાણાંથી નવાજનારા રાજાઓ જો કીર્તિ કરતા હોય એમ ઉપરથી દેખાતું હોય, તો પણ તમે ખાત્રીથી માનજો કે તેઓ અપકીર્તિ જ કરે છે. કીર્તિને અર્થે જ મહેનત કરવાથી કીર્તિ મળતી જ નથી. તમારા જીગરના ચણચણાટ સાથે, ભૂતદયાના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અને એકતાભાવથી જો તમે લોકકલ્યાણનાં કાર્યોમાં લોકોત્તર શ્રમ કરો, તો જ તે શ્રમના પ્રમાણમાં તમને કીર્તિ એની મેળે મળશે, તમારે કીર્તિને શોધવા જવું નહિ પડે, કીર્તિ જ તમને ખોળતી આવશે. વિચાર કરીને કામ કરનાર વિવેકી પુરૂષને ગુણલુબ્ધ સંપત્તિઓ પોતાની મેળે જ આવી મળે છે, તેમ કીર્તિ, પ્રજાના કલ્યાણને અર્થે—પ્રજાકલ્યાણની જ બુદ્ધિથી મથનારા પુરૂષોને એની મેળે આવી મળે છે. ઇક્ષ્વાકુ વંશના અનેક રઘુ–રામ આદિ રાજાઓએ કેવળ કીર્તિને અર્થે જ પોતાનાં રાજ્ય. ઉત્તમ રીતે ચલાવ્યાં ન હતાં, પણ રાજ્ય પ્રજાપાલનની એવી સારી નિષ્ઠાથી ચલ્યાવ્યાં હતાં કે, આજે લાખો વર્ષને અંતે પણ તેઓ જાણે આપણા સામે ઉભા હોય એવું આપણને લાગે છે. ભગવાન્ રામ સર્વવ્યાપકની પેઠે અને સર્વાન્તર્યામીની પેઠે સર્વ ઠેકાણે અને સર્વ મનુષ્યના હૃદયમાં શું આજે વાસ કરી રહ્યા નથી? શું ભગવાન્ ભાષ્યકારે કીર્તિને અર્થે બાળપણમાં સંન્યાસ લીધો હતો? નહિ જ. લોકકલ્યાણને માટે તેમણે જે પ્રયત્નો હૃદયની ખરી લાગણીથી કર્યા હતા તેને લીધે જ અત્યારે આખું જગત્ તેમના કાર્યની મહત્તાને સમજી, તેથી આશ્ચર્યચકિત થઇ તેમના યશ ગાય છે. મારા મિત્રોને મારી એ ખાસ વિનંતિ છે કે, તેમણે પોતાના હૃદયની ખરી લાગણીથી લોક-કલ્યાણના સિદ્ધ કરી ચૂકેલા શાસ્ત્રવિહિત માર્ગમાં હંમેશ યથાશકિત પ્રયત્નો કરવા, અને તેથી જ તમને સાચાં સુખ, સંતોષ અને યશ મળશે.

વેદવાકયોથી પણ અવેદ્ય એવા સર્વ શકિતમાન્ પરમેશ્વરની ઇચ્છા અને કલાને કોઈ જાણી શકતું નથી.

**કાલ્પનિક મનોરથનું સિદ્ધ રવું.** ‘કોઇ જાણી શકતું નથી’ એ શબ્દોમાં હું મારો અને મારા જેવા સર્વ સામાન્ય લોક-સમૂહનો સમાવેશ કરું છું. કોઇ અધિકારવા-

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ભો, ઉંચા દૈવી વાતાવરણમાં વારંવાર વિચરનારો પુરૂષ ઈશ્વરની કેટલીક ઈચ્છાઓને અને કળાઓને મર્યાદિત અંશ સુધી જોવા જાણવાને શક્તિમાન્ થાય છે. વિશ્વવિચક્ષતે ધીરઃ (ભાગવત સ્કં, ૩ ). આવી દૈવી ઇચ્છાઓ અને કળાઓ અગાઉથી જાણવાને કોઇ શક્તિમાન્ થાય એ વાત કોઇને માનવા જેવી જણાશે નહિ; પણ તે વાત માનવા જેવી છે એવો તમારો પણ મત અનુભવને અંતે થઇ શકશે. આકાશમાંના ગ્રહોની સ્થિતિ ઉપરથી દૈવી ઇચ્છાઓને જાણવાના સાધનરૂપ પ્રચલિત શાસ્ત્રને આપણે ક્ષણવાર બાજુ ઉપર ખસેડીએ, તો પણ બીજી રીતે યોગી પુરૂષો ને પરમેશ્વરપરાયણ પુરૂષો કેટલેક અંશે દૈવી ઇચ્છાના પડઘાઓને તો જાણી શકે છે. સત્ત્વગુણમાં સારો વધારો થયા પછી મનને એક જ વિષયમાં લીન કરવાની શક્તિ જેનામાં વધી હોય તેવા પુરૂષોને મંદવાડને વખતે મૃત્યુના સમયની સમજ પડે છે. આના અનેક દાખલાઓ છે, પણ વિષયાંતર થવા જેવું ન થવા દેવું ઇષ્ટ હોવાથી એ વાત જવા દીધી છે. એવો અભ્યાસ જ્યારે ઘણો વધે અને પુરૂષ પૂર્ણ સત્ત્વગુણી થયો હોય ત્યારે ઇશ્વરની ઈચ્છાઓનાં સ્ફુરણ તેના અંતઃકરણને કવચિત્ અથડાઇને જતાં હોય એમ સમજાય છે; અને એથી પણ આગળને માર્ગે વિચરેલા પુરૂષો ઉત્તરોત્તર વધારે જાણવાને શક્તિમંત થાય છે. કવીશ્વર દલપતરામની બાબતમાં પણ આપણને આ વાતનો પુરાવો મળે છે. તેઓ સત્ત્વગુણી પુરૂષ હતા એમાં સંશય નથી. સત્ત્વગુણનો પ્રકાશ તેમના હૃદયમાં પડેલો હતો, અને વારંવાર પ્રતિભાને લીધે અને કવિતાને માટે એક જ વિષયના વિચારમાં ઉંડા ઉતરી જવાની તેમને ટેવ પડેલી હતી. કેટલાક ફાંકેદાર કવિઓ કોઇ મોટા વિચારના વમળમાં ઉંડા ઉતરી ગયાના દેખાવનો ડોળ કરી, તેની છબીઓ પડાવી છૂટે હાથે વહેંચે છે તેવું ફાંકાવાળું વાંકાપણું કવીશ્વર દલપતરામમાં ન હતું. તેઓએ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

પોતાની ગંભીરતાનો દેખાવ કદિ પણ છોડયો ન હતો. કવિતા કરવી એ તો પ્રતિભા અને પંડિતાઇનું પરિણામ છે. કવીશ્વર દલપતરામ વિચારમાં ઉંડા ઉતર્યા છે એવું બીજાને ભાગ્યે જ સમજાતું. વિચારમાં ઉંડા ઉતરી ગયાના દેખાવમાં પડીને કવિતા લખવી, એ તો કવિતાની કૃત્રિમતાના પુરાવા છે. જ્યાં પ્રતિભા ને પંડિતાઇ હોય ત્યાં કવિતાના વિચાર અને શબ્દ શોધવા માટે લમણે હાથ દેવો પડતો કે માથામાં આંગળી ખોસવી પડતી નથી. પંચ મહાભૂતોને બદલે છ મહાભૂતોનો હું બનેલો છું, એવી વિલક્ષણતા જગતની નજરે પાડવાની ત્યાં જરૂર પડતી નથી. જ્યાં પ્રતિભા અને પંડિતાઇ હોય ત્યાં વિચારમાં ઉંડા ઉતરવા માટે ભાંગ-ગાંજો લેવાની કે મદ્યપાન કરવાની જરૂર પડતી નથી. પ્રતિભાએ વિચાર તો કરી મુકેલા જ હોય છે, અને પંડિતાઇ પ્રતિભાના તાબામાં રહી તેને બહારની વાણીમાં ઉતારે છે. કવીશ્વર દલપતરામ પવિત્ર આચરણોવાળા એક દૈવી પુરૂષ હતા. જરૂર હોય ત્યારે તેઓ મનનો નિગ્રહ કરી શકતા અને ટકાવી રાખતા. જેનાં આચરણો અપવિત્ર હોય, જેના મનમાં મલિન વિચારોની પેશનીકળ થતી હોય અને જેનામાં કેવળ પિંડપોષી બુદ્ધિવાળું અપ્રમાણિકપણું હોય તેનામાં દેવી ઇચ્છા કે કળાના લેશનો કે આભાસનો પડછાયો સુદ્ધાં માલૂમ પડવાની આશા રાખવી નહિ. પણ નીતિના નમૂના રૂપ અને પવિત્રતાને પૂર્ણ આદરથી પાળનારા આપણા કવીશ્વર આવા કોઇ પણ જાતના અવગુણોથી અલગ હતા. સત્વગુણનો પ્રકાશ, પ્રથમ કહ્યું તેમ, તેમના અંતઃકરણ ઉપર પડેલો હતો એટલે તેમનું અંતઃકરણ એક એવું ક્ષેત્ર હતું કે, ત્યાં દૈવી ઇચ્છાનો સંચાર વધારે નહિ તો પણ જીંદગીમાં એકવાર તો જરૂર માલૂમ પડયા વગર ન જ રહે.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવીશ્વર દલપતરામને ફારબસ સાહેબનો પહેલવહેલો સમાગમ થયો તે પૂર્વે એકવાર તેઓ વઢવાણથી અમદાવાદ આવીને સ્વામિનારાયણના મંદિરમાં ઉતરેલા. મંદિરમાંથી કપડાં પહેરી બહાર આવી શેહેરમાં ફરવા જવાનો વિચાર કરતાં તેઓ મંદિરની દક્ષિણ બાજુ ઉપરની સાંકડી ગલીમાં ચાલી નીકળ્યા. અમદાવાદ શેહેર મોટું તેથી ત્યાં રહેવાનું તેમને મન ખરૂં; પણ ઇલાજ ન હતો. ગલીમાં આગળ ચાલતાં તેઓ એક જગ્યાએ અસ્કમાત્ ઉભા રહ્યા. હૃદયદેશમાં ઇશ્વરની એક ઇચ્છાનો સંચાર તે વખતે તેમના હૃદયને ભાસમાન થયો, પણ તેઓ તેને પૂર્ણ રીતે પકડી શકયા નહિ અને તેને પરિણામે ત્યાં ઉભા ઉભા જ કાલ્પનિક મનોરથ બાંધવા લાગ્યા. જે જગ્યાની પાસે તેમનાથી અકસ્માત્ ઉભા રહેવાયું તે જગ્યા કોઇ સામાન્ય જગ્યા નહિ, પણ કવીશ્વર દલપતરામનું અનેક સુખ દુઃખ ભોગવવાનું, અનેક પ્રકારની સમૃદ્ધિ પામી રહેવાનું તથા એક નમૂનેદાર જીંદગીને છેડે, હા! શરીરને પાડવાનું તે સ્થાન હતું. આ બધી વાતો કવીશ્વરનો અંતરાત્મા જાણતો હતો. તેમને પોતાને ખબર ન હતી, પણ પેલી નજર સામેની ભૂમિ પણ તે વખતે નહિ સમજ પડે એવો ગેબી પોકાર કરતી હશે. આ કારણોને લીધે કવીશ્વરથી ત્યાં આગળ અકસ્માત અણધાર્યું ઉભા રહેવાયું. પ્રથમ જન્મની પરિચિત જગ્યાએ આવતાં જેમ પુંડરીકને તે જગ્યા આકર્ષક થઇ હતી એવું બાણ ભટ્ટ સેંકડો વર્ષ પૂર્વે આપણે માટે લખી મુકેલું છે તેવું તો નહિ, પણ તેવી જાતનું કવીશ્વર દલપતરામને કંઇક આ જગ્યાએ થયું. અકસ્માત્ ઉભા રહ્યા પછી તેઓ આજુબાજુએ જોવા લાગ્યા અને એમ કરતાં એક જગ્યાએ તેમની નજર ઠરી ગઇ, અને દૈવી સ્ફુરણને પરિણામે તેઓ ત્યાં ઉભા ઉભા મનોરથ કરવા લાગ્યા કે, આ જગ્યા તો ઠીક છે; અહીંથી મંદિર પણ પાસે છે; આજુબાજુએ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વસતિ પણ જણાય છે; મંદિરમાં આરતીના આરંભની ખબર પડતાં અહીંથી ઝટ લઈને મંદિરમાં જવાય; આ પેલી સામેની જગ્યાએ એક સુંદર મકાન બાંધેલું હોય અને તેમાં મારે પુત્રપરિવાર સાથે સુખમાં રહેવાનું હોય તો કેવું સારૂં ! એવા અનેક પ્રકારના વિચારમાં તેઓ થોડીવાર રહ્યા અને પછી આગળ ચાલવા માંડયું. તેમને માત્ર વિચાર જ થયો, પણ તેમણે નિઃશ્વાસ નાખ્યો ન હતો; કેમકે તેઓ હવામાં કિલ્લો બાંધે એવા ન હતા. માત્ર દૈવી કારણોએ તેમને થોભાવ્યા અને તેને પરિણામે તેમણે કાલ્પનિક મનોરથ ક્ષણવાર બાંધ્યા; બીજું કંઇ નહિ. વખત જતાં આ વાત એક જૂના દસ્તાવેજની પેઠે હૃદયમંદિરના જૂના પટારામાં વીસરાયાની પેઠે પડી રહી.

પ્રિય વાચક મિત્રો, કવીશ્વર દલપતરામ તે પછી અમદાવાદથી વઢવાણ ગયા. વચમાં ઘણોએ કાળ વીતી ગયો. ફારબસ સાહેબનો મેળાપ થયો ત્યારે અને તે પછી પણ તેઓ અનેક વાર અમદાવાદ આવ્યા અને ગયા, અને ભાડાનાં કે બીજાં ઘરોમાં ઘણીવાર મુકામ કર્યો. પણ છેવટે સ્થિતિ બદલાઇ. પોતાને માફક મકાન બાંધવાને જોઇએ તે કરતાં વધારે ધન તેમને પ્રાપ્ત થયું અને દીર્ઘકાળ વીત્યા પછી અમદાવાદમાં મકાન બાંધવાનો સમય આવ્યો. અમદાવાદમાં ઘર કયાં બાંધવું તેનો પણ વિચાર થયો, અને ન્યાત જાતના ઘરના જથામાં ઘર બંધાય તે જ ઠીક અને તેમ જ થવું જોઇએ એમ મોટો ભાગ કહેનાર મળ્યો. પણ ઘર તો છેવટ તે જ જગ્યાએ બંધાયું કે જયાં આગળ તેઓ ઘણાં વર્ષ પહેલાં અણધાર્યા ઉભા રહી ક્ષણવાર મનોરથ કરતા હતા. સાદા બંગલાના ઘાટનું, જરૂર પૂરતી સગવડવાળું અને વૃદ્ધાવસ્થામાં તથા નેત્ર વગરની અવસ્થામાં પણ ઘરની જુદી જુદી જગ્યાઓએ થોડા શ્રમે અને થોડી મદદે પહોંચી શકાય એવું તેમનું તે ઘર પરમાત્માએ નિર્ણિત કરેલી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

જગ્યાએ જ બંધાયું. તે જ મકાનમાં તેઓ બહુ વર્ષો સુધી પુત્ર-પરિવાર સાથે અનેક પ્રકારનાં સુખમાં અને સમૃદ્ધિમાં રહ્યા, દુઃખ પણ પામ્યા અને અવસાનને સમયે તે જ પોકારતી ભૂમિ ઉપર, જેમાંથી ફરી જાગૃત થવાતું નથી એવી ઘોર નિદ્રા લેવાને સૂતા.

વહાલા વાંચનાર, કવીશ્વર દલપતરામના ધાર્મિક જીવનનો આ એક ચમત્કાર છે. કોઇ એને અકસ્માત્ બનાવ કહેશે; પણ આ જગત્માં કશું અકસ્માત્ તો બનતું જ નથી. આચરણ સારાં હોય, બુદ્ધિ ચોખ્ખી હોય, ધાનત સાફ હોય અને આદમી પ્રામાણિક હોય તો તેની ઘણી ઉમેદો બર આવે છે અને ધંધા રોજગારમાં સારો ફાવે છે એ વાત તો ખરી જ છે; પણ દૈવી ઇચ્છાઓના સ્ફુરણના ચમત્કાર તો કવીશ્વર દલપતરામ જેવા નિર્મલ મનુષ્યના હૃદયમાં ધાર્મિક જીવનને પરિણામે જ થવા પામે છે, એમાં સંશય નથી. જગત્માં જો બધું અકસ્માત્ બન્યા કરતું રહે તો પછી જગત્નું બંધારણ કેમ ચાલે ? શું જગત્ની કોઇને ફીકર નથી ? તમે ના કહી શકશો નહિ. કોઇ દૈવી આડતનો કારભાર છે જ, અને તે કોઇ દૈવી નિયમોને અધીન ચાલે છે. જગત્ની ફીકર રાખનારો કોઇ છે જ. ચાંચીયા અને લૂટારાની ટોળીનું અસ્તિત્વ ટુંકામાં પતાવનારી, અને દુઃખી રોગીઓના રોગોનું નિવારણ કરનારી સંસ્થાઓને દીર્ઘજીવન આપનારી કોઇ દૈવી સત્તા આ જગત્માં કામ કરી રહી છે; અને તે સત્તા તમારાથી દૂર નથી. તમારા ઉંડામાં ઉંડા વિચારસરોવરના તળામાં ઠરેલા કચરામાં પડેલી એક કાચની અને એક હીરાની ઝીણામાં ઝીણી કણિકાને તે સત્તા જુવે છે અને જાણે છે. દેવ, દ્વિજ, ગુરૂ અને પ્રાજ્ઞનું પૂજન કરતા રહી, પવિત્રતા પાળતા રહી, અહંકારને છોડતા રહી અને આર્જવને ધારણ કરતા રહી, મન અને વાણીનાં તપ કરતાં કરતાં તમે તે દૈવી સત્તાના કૃપાપાત્ર થઈ શકશો.

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કવીશ્વર દલપતરામે તત્ત્વજ્ઞાનનો ઉંડો અભ્યાસ કર્યો ન હતો તેમ તેમના શરૂઆતના વખતમાં તે અભ્યાસ તરફ કોઇનું પણ વલણ ન હતું, અને તેવી વાત પણ ન હતી. હાલ વિદ્યાપિઠોના પ્રતાપે આ તત્ત્વજ્ઞાનનો વિષય અનેક જણના અભ્યાસમાં આવ્યો છે; તોપણ કહેવું તો પડે છે કે, ઘણાઓના અભ્યાસ કેવળ પરીક્ષા પસાર કરવા સિવાય બીજા કોઇ ઉદ્દેશથી થતા ન હોવાને લીધે જોઇએ તેવું સારૂં ફળ આવ્યું નથી. હાલના તત્ત્વજ્ઞાનના અભ્યાસની રૂઢિ અને તેના સાહિત્યની પસંદગી તથા તેની પ્રતિકૂલ પદ્ધતિને લીધે આ તત્ત્વજ્ઞાનમાંથી બુદ્ધિવાદનો ફણુગો ફૂટયો છે અને તેમાંથી અનેક અનર્થોનો જન્મ થવા માંડયો છે. આ અનર્થો કેમ થવા પામે છે તે અત્રે બતાવવાનું આ સ્થળ નથી, અને તેનો આ વિષય પણ નથી.

આપણા દેશમાં ધર્મ અને તત્ત્વજ્ઞાન એ બંને વિષયો એક બીજાને જોડાયેલા રહ્યા છે, અને પશ્ચિમના મુલકોમાં તે જુદા પડેલા છે. આપણી પરિસ્થિતિ જુદી છે. એ બે વિષયો હિંદુસ્તાનમાં જુદા પડેલા જોવાનો દિવસ ન આવે એ જ ઠીક. કવીશ્વર દલપતરામ જેવા કુશાગ્ર બુદ્ધિવાળા પવિત્ર બ્રાહ્મણનો માનીતો સંપ્રદાય જોકે સ્વામિનારાયણનો હતો અને તેમાં જ તેઓ જીંદગી પર્યંત જો કે અંતઃકરણપૂર્વક જોડાઇ રહ્યા હતા, તોપણ તેઓ ઇશ્વર સંબંધી વારંવાર વિચાર કરતા અને પડદા પાછળ શું છે તે જાણવાને હંમેશ આતુર રહેતા. એઓ આ વિષયમાં ઘણા ઉંડા ઉતર્યા હોત; પણ પ્રખર સુધારકોના સંગને લીધે તેઓ એ વિષયમાં ઉંડા ઉતરી શકયા ન હતા એમ અનુમાન થાય છે. તેઓ કહેતા કે, સુધારકો અને બીજાઓ કહે છે તેમ, ઇશ્વર ન હોય અને પૃથ્વી કુદરતથી બન્યને વિસ્તાર પામી હોય અને હાલ છે તેવી બની હોય એ વાત કદિ માનીએ; પણ જે વખતે પૃથ્વી બની કે બનવા માંડી હોય તે વખતે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તે જ પૃથ્વીને પ્રકાશ વગેરેની અનુકૂલતા માટે–ટૂંકામાં પૃથ્વીને માટે જ–કરોડો ગાઉને અંતરે સૂર્ય બનવા માંડયો હોય એવું કેવળ કુદરતથી બની શકે નહિ, પણ કોઇના વિચારની અને બુદ્ધિની એમાં અપેક્ષા રહે છે; આ વિચાર અને જે બુદ્ધિ જેનાં છે તે જ પરમેશ્વર છે. વળી તેઓ બીજી વખત કહેતા હતા કે, પૃથ્વીઓ ઘણી છે અને સૂર્ય પણ ઘણા છે; અને જેમ એક સુબાના તાબામાં કોઇ મુકરર પ્રદેશ સોંપવામાં આવે છે તેમ એક સૂર્યના તાબામાં કેટલીક જ પૃથ્વીઓ, ગ્રહો વગેરે સોંપવામાં આવ્યાં છે, અને તેને જ જગતના પાલન વગેરેની તથા દંડની પણ ફરજો સોંપેલી જણાય છે. આવા અનેક વિચારો તેમના મનમાં આવતા, પણ તેની નોંધ થયેલી નથી. જો નોંધ થઇ હોત તો તેમાંથી સાધારણ પ્રજાજનોને તેમના અધિકાર પૂરતું શિક્ષણ મળત. આ ઉપરની સર્વ હકીકતનો સારાંશ એટલો જ ગ્રહણ કરવાનો છે કે, દરેક વિચક્ષણ પુરૂષે સૃષ્ટિનાં તત્ત્વો વિષે વિચાર કરવાની આવશ્યકતા છે. તેવા પુરૂષોથી આવા વિચાર થઇ જ જાય છે. આ વિચારમાંથી જ ધીમે ધીમે તત્ત્વ-જ્ઞાનના અધિકારી થવાય છે. જો વિચાર કરવામાં ન આવે, તો પૃથ્વી ઉપરનાં માણસો અને પૃથ્વી ઉપરના પશુઓમાં લાંબો અંતર રહેતો નથી.

કવીશ્વર દલપતરામ સ્વામિનારાયણના વડતાલમાં હરિલીલામૃતનો ગ્રંથ લખવા રહેતા હતા તેવામાં ત્યાં મુંબઇના માજી સુબા લૉર્ડ રેનું પધારવું થયું હતું. વડતાલના એક બ્રહ્મચારીને રાજદરબારમાં જવા આવવાનો અને મોટા અમલદારોની વારંવાર મુલાકાત લેતા રહેવાનો ઘણો શોખ હતો. તેણે લૉર્ડ રેને વડતાલ પધરાવવાના કામમાં સારી મહેનત લીધી હતી. એ બ્રહ્મચારીએ મને કહ્યું કે, લૉર્ડ રે તો સુકુમાર શરીરવાળા છે, અને બોરીઆવીના આગગાડીના વિસામાથી

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

વડતાલ સુધી બે ગાઉના રસ્તામાં પુષ્કળ ધૂળ ઉડે છે તેનો બંદોબસ્ત શી રીતે કરીશું ? મેં કહ્યું કે, પાણી છંટકાવો. લૉર્ડ રે કાંઇ ખાસ વડતાલ જ આવવાને મુંબઇથી નીકળવાના ન હતા, પણ અમદાવાદમાં દરબાર ભરી ઇડરના મહારાજાને કે. સી. એસ. આઇ. નો ચાંદ પહેરાવવાની ક્રિયા કરવાને મુંબઇથી નીકળવાના હતા, અને માર્ગમાં જતાં કે આવતાં વડતાલ આવવાનું ઠર્યું હતું. તે વખતે વડતાલને ધ્વજાપતાકાઓથી ઘણી સારી રીતે શણગારવામાં આવ્યું હતું. સુબા સાહેબને મંદિરમાં જવું હોય તો તેની પણ વ્યવસ્થા કરી હતી; પણ તેઓ મંદિરને પગથીએ પણ ચઢયા ન હતા. મંદિરની પાછળના સભામંડપના મેડા ઉપર સુબા સાહેબના ખાણાની ગોઠવણ કરવામાં આવી હતી. જે ઠેકાણે ખાણાની ગોઠવણ હોય ત્યાં નજીકમાં જ શરીરસુખાકારીની બીજી ગોઠવણો રાખવી પડે છે તે પ્રમાણે તે ઠેકાણે સઘળી વ્યવસ્થા રાખી હતી. પણ સુબા સાહેબ સમજુ હતા. જેમ તેઓ મંદિરમાં ગયા નહિ તેમ સભામંડપના ઉપરના માળ ઉપર પણ થોડી ક્ષણ રહી તુર્ત જ નીચે ઉતરી ગયા. લોકો કાંઇ પણ કારણથી સ્વાર્થપરાયણ થઇને ક્ષણવાર આચારવિચાર ભૂલી જાય એવું સામાન્ય માણસોના સમૂહોમાં બન્યાં કરે છે, અને તે વખતે સત્તા અને સંપત્તિ વાળાઓ ધારે તો મનમાનતો ગોટાળો કરી મુકી શકે છે. પણ જે સત્તા અને સમૃદ્ધિવાળા સમજુ પુરૂષો હોય છે તેઓ તો પ્રજાજનની તે ગાંડી ક્ષણને સમજી જઇ પોતે એવી સરળતાથી બુદ્ધિપૂર્વક વર્તે છે કે, તેથી સામાઓને કોઇ વાતની કહેવતમાં કે પશ્ચાત્તાપમાં ઉતરવું પડતું નથી. સુબા સાહેબે મંદિરની આસપાસની જગ્યા જોઇ, સાધુઓનો આશ્રમ જોયો, બ્રહ્મચારીનો આશ્રમ જોયો, અને પછી સભામંડપને ભોંયતળીએ આવ્યા. ત્યાં એક બાજુએ અર્ધાં ભગવાં વસ્ત્રવાળા બ્રહ્મચારીઓ અને બીજી બાજુએ પૂરાં ભગવાં વસ્ત્રવાળા સાધુઓ બેઠા હતા. જો

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

કે એક બાજુએ થોડા ગૃહસ્થો પણ તે સભામાં હતા, તોપણ તે સભા મોટે ભાગે ભગવા રંગની જ લાગતી હતી. સંસારનો ત્યાગ કરનારાઓ હિંદુસ્તાનમાં ભગવાં વસ્ત્રો પહેરે છે એ વાતની લૉર્ડ રેને ખબર હતી; પણ આટલા બધા લોકોએ સંસારત્યાગ કર્યો છે, એવું આ એક જ દેખાવમાં જોઇને સુબા સાહેબને જરા કઠિન લાગ્યું. સ્વર્ગવાસી ઝવેરીલાલ યાજ્ઞિક સુબા સાહેબની સાથે આવ્યા હતા તેમને સુબા સાહેબે કહ્યું કે, જો સઘળા લોક સંસારનો ત્યાગ કરે તો પછી ભરતખંડમાંથી વસતિ જ જતી રહે. ભારતવર્ષના વર્ણાશ્રમની પૂરી માહિતી સુબા સાહેબને ન હોય અને તેથી તે આવો ખેદ કરે એ સ્વાભાવિક જ હતું. કવીશ્વર દલપતરામભાઇ તે સભામાં બેઠા હતા તેમની પાસે સુબા સાહેબ ગયા અને તેમને કહ્યું કે, તમે આવાં ભગવાં કપડાંવાળા ત્યાગી થઇ જશો નહિ! સુબા સાહેબ કવીશ્વર દલપતરામને ઓળખતા હતા અને તેમને જોડે મિત્રભાવથી વાત કરતા હતા. કવીશ્વર દલપતરામે સામો શો જવાબ આપ્યો તે મને યાદ રહ્યો નથી.

કવીશ્વર દલપતરામને ઘણા સુધારક મિત્રો હતા, છતાં પણ તેઓ પોતે તો ગ્રહણ પાળવામાં શાસ્ત્રની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા ન હતા. શાસ્ત્રની આજ્ઞા છે માટે ગ્રહણ પાળવું જોઇએ એવો તેમનો દૃઢ વિચાર હતો. ગ્રહણ પાળવાની આજ્ઞા કરનારા મહાન્ શાસ્ત્રકારોના મનનાં કારણો તેઓ જાણતા ન હતા, કેમકે તેમનો તે વિષય ન હતો; પણ તેઓ વ્યાવહારિક રીતે કહેતા હતા કે, જે ઋષિઓએ ગ્રહણ પાળવાનું કરાવ્યું છે તેમણે ઘણું જ ડહાપણ વાપર્યું છે. વર્ષમાં એક અથવા બે ગ્રહણ ઘણું કરીને આવે છે, તેથી ગ્રહણનો યોગ પસંદ કરવામાં ખરેખર ઋષિજનોએ વિજય મેળવ્યો છે. ગ્રહણ હોય છે ત્યારે જ આખાં રસોડાં ધોવાય છે, દીવાનાં ચીકણાં ચાડાં



Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

અને દીવીઓ કોરાં કરવામાં આવે છે, અથાણાંની બરણીઓ ધોઇ નાખવામાં આવે છે, ધોવાને યોગ્ય થયેલાં પણ ધોવાયા વિના પડી રહેલાં કપડાં ધોવાય છે, અને ઘરનાં વાસણો અજવળાય છે. એવી અનેક બાબતો છે, અને તે બધી ગ્રહણને લીધેજ કરવામાં આવે છે. જો ગ્રહણ પાળવાનું ન હોત તો આમાંનાં અનેક વાનાં કોણ જાણે ક્યાંએ સુધી લોક મુલતવી રાખત અને તેનાં સુખને કમી કરનારાં પરિણામ ભોગવત. વર્ષમાં એક અથવા બે વખત જ આવાં કામો થવાની જરૂર હોય છે, અને ગ્રહણ વખતે તે બરોબર થાય છે. તેઓ દાખલો આપતા કે, જેમ ગામને દરવાજે જ જકાત લેવાય છે, અને જો કોઇ એમ કહે કે હમણાં મને દરવાજામાંથી માલ લઈ જવા દો હું પછીથી જકાત ભરી દઇશ, તો તે જેમ માન્ય કરવામાં આવતું નથી, તેમ ગ્રહણને દહાડે જ આ બધું સાફસુફ વગેરેનું કામ થવાની રીત જો ન હોત તો જકાત ગમે ત્યારે ભરી જવાની છૂટથી જેવો ગોટાળો થવા પામત તેવો જ ગોટાળો થાત.

**લોકની બદલાતી સ્થિતિ.**

કવીશ્વર દલપતરામના ઘર સામે શેરીનો એક કૂવો છે, અને તે ઘરના માળ ઉપરની બારીએથી દેખાય છે. તે બારી પાસે ઉભા રહી તેમણે એક વાર કહેલું કે, આ કૂવા ઉપર પ્રથમ બીજે ને ત્રીજે દહાડે શેરીના એક બે રહીશોને કપડાં બોળી નાહતાં દેખતો અને તે લોકો પૂછવાથી કહેતા કે, બજારમાં અંત્યજને કપડાંની ફડક અડકી ગયાથી નાહવા આવ્યા છીએ. પણ હવે તો ઘણું ખરૂં મહિનામાં એક જ વાર કોઇને આવી રીતે અને એ જ કારણે નાહતાં દેખું છું. કવીશ્વર દલપતરામે આ વાત કહ્યાને પચીશ વર્ષ થવા આવ્યાં છે, અને અત્યારે તમે જો તે કૂવાના પાડોશીને પૂછશો તો તે કહેશે કે, હાલ તો વર્ષમાં એક બે જણ જ એ કારણે ત્યાં નહાય છે.

Gandhi Heritage Portal

© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

મુખ્યત્વે ધર્મની બાબતમાં લોકની બદલાતી સ્થિતિ ઉપર કહેલી રીતે જોઇને તેમણે ખેદ બતાવ્યો હતો અને અત્યારની સ્થિતિની તેમણે કલ્પના કરી હતી. તે કલ્પના ખરી પડી છે. કવીશ્વરને હાથે આરંભાયેલા બુદ્ધિપ્રકાશમાં જ “આપણો અસ્પૃશ્ય વર્ગ” એ મથાળા નીચે કોઈ D. સંજ્ઞાવાળા લખનારનો લેખ હાલમાં પ્રસિદ્ધ થવા પામ્યો છે એ જોરથી બદલાતી સ્થિતિનું સૂચન કરે છે.

**દયાળુ અંતઃકરણ.**

અમદાવાદ જો કે પૈસાના વ્યવહારમાં વિશેષ રીતે છૂટ મુકનાર નથી અને નાણાંની વસુલાતમાં એ શહેર વિશેષ રીતે કાબેલ હશે એમ જોકે મને સમજાયું, તો પણ ભૂતદયાનું વાતાવરણ એ શહેરમાં કેટલેક અંશે વખાણવા લાયક છે એમ પણ મારે જ કહેવું પડે છે. કદાચ હું આ મત બાંધવામાં ભૂલતો હોઉં, પણ જે માનું છું તે માનીને ચાલવાના મનુષ્યસ્વભાવને શરણે રહીને કહેવાને તત્પર થાઉં છું કે. આ ભૂતદયાને કારણે મોંઘવારી અને સંકટના વખતમાં એ શહેરમાં ભિક્ષુકની સંખ્યા ઘણી વધી જાય છે અને એવા ભિક્ષુકો અમદાવાદની સંકડી પોળોમાં માગવા નીકળી પડે છે. પોતાની સંકટની સ્થિતિ લોકને જણાવવાને એ ભિક્ષુકો અનેક પ્રકારના શબ્દો શેરીઓમાં બોલતા જાય છે. આવા શબ્દો કવીશ્વરને કાને આવતા ત્યારે તેઓનું અંતઃકરણ દયાથી દ્રવતું, અને જો કે તેઓ ખરચાળ ન હતા તોપણ માગતા ભિક્ષુકને મદદ કરવાને તત્પર થતા. માત્ર એમનો નિયમ એવો હતો કે, એ ભિક્ષુકના મુકામ ઉપર જઇ તે કહે છે તેવી તેની સંકટની સ્થિતિ છે કે કેમ તેની ખાત્રી કરવાને તે પોતાના કોઇ માણસને મોકલતા ને ખાત્રી થયે મદદ કરતા. અત્યારે જેમ પોતાને દયાળુ માનનારાઓ ભીખારી તરફ પાઇ કે પૈસો ફેંકે છે તેવું તે કરતા ન હતા, પણ સામાના સંકટની ખાત્રી કરીને એક રૂપીઓ કે રૂપીઆ બે

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

તેઓ સામટા આપતા. મારા સર્વ મિત્રોને પ્રાર્થના છે કે, તમે આવું દયાળુ અંતઃકરણ રાખતા રહો. પાઇ પાઈ મેળવી પોતાનું સંકટ ઓછું કરનાર ભિક્ષુક રૂપીઓ કે બે રૂપીઆ હાથમાં મુકનારને કેટલી આશિષ આપતો હશે તેનો ખ્યાલ તમે કરી શકો એમ છો તેથી તે વિષે અત્રે વિશેષ લખવા કારણ નથી.

**દલપતરામનું સ્મારક. તથા કેટલાંક સ્મરણો.**

કવીશ્વર દલપતરામનું સ્મારક થયું તેમાં કલકત્તા, દરભંગા, અલાહબાદ, મુંબઇ, ગૂજરાત, કાઠીઆવાડ અને કચ્છના કેટલાએક યુરોપીયન અમલદારોએ, રાજાઓએ ને દેશી ગૃહસ્થોએ મોટી મોટી રકમો ભરી હતી, અને તેથી આશરે બાર હજાર રૂપીઆ ભરાયા છે. તેમાંથી પાંચસો રૂપીઆ ખરચીને ' હીમાભાઇ ઇન્સ્ટીટયુટ ' માં મુકવા માટે મુંબઇના પ્રખ્યાત અંગ્રેજ ચીતારા પાસે છબી ચીતરાવવા સારૂ કવિને સન ૧૮૮૭ ના મે મહિનામાં મુંબઇ તેડાવ્યા હતા. એવામાં મહારાણીની વર્ષગાંઠની માધવબાગમાં મોટી સભા ભરાઇ હતી. ત્યાં પ્રથમ ગટુલાલજી મહારાજે સંસ્કૃત શ્લોકમાં મહારાણીને આશીર્વાદ દઇને રાજ્યની પ્રશંસા કરી. પછી કવિ દલપતરામને ફરમાશ થવાથી તેઓએ ગૂજરાતી કવિતામાં મહારાણીને આશીર્વાદ દઇને પ્રશંસા કરી કે " ગરીબ, તવંગર, પારકા અને પોતાના સૌ ઉપર સમદૃષ્ટિથી મહારાણી રાજ્ય કરે છે. હે સભાસદો ! તમે એમ કહેશો કે, સમદૃષ્ટિ કયાં છે? રાજ્યનું ખર્ચ ઓછું કરવું હોય તો આઠ રૂપીઆના પટાવાળા કે નાના કારકૂનની જગાઓ ઓછી કરે છે, પણ બે હજારના પગારવાળા ગોરાની જગા ઓછી થતી નથી." તો તેનો જવાબ એ છે કે, ઇશ્વર પણ મોટાઓને જોઇએ તે કરતાં હજારગણું આપે છે અને ગરીબનું થોડું હોય તે પણ છીનવી લેતો હોય એમ જણાય છે—

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

## હરિગીત છંદ.

" અજદેવને તો આઠ આંખો રૂદ્રને ત્રણુ બાર છે,
વળિ ઈંદ્ર એક હજાર આંખ, અહીંદ્ર જોડ હજાર છે;
પરમેશ્વરે પણુ શ્રેષ્ઠનો કરિ પક્ષ નેણુ ઘણાં દિધાં,
ગટુલાલ, દલપતરામ જેવા ગરિબનાં છિનવી લિધાં. " ૧

અર્થાત્ બ્રહ્માને આઠ આંખો, રૂદ્રને પંદર, ઈંદ્રને એક હજાર, અને શેષનાગને બે હજાર આંખો આપી છે તેમાંથી અમારે વાસ્તે એકએક આંખ રાખી હોત તો શું તેઓને એટલું ઓછું દેખાત !

ઉપર પ્રમાણે સાંભળીને સભા બહુ રંજિત થઇ હતી.

શ્રી સ્વામિનારાયણની વડતાલની ગાદીના આચાર્યજી શ્રી વિહારીલાલજી મહારાજ એક સમે સભામાં વિરાજ્યા હતા તે વખતે પોતાના કોઠારીને કહ્યું કે, મારે પહેરવાનો ધોતીજોટો જીર્ણ થઇ ગયો છે, માટે કોઠારમાંથી નવો ધોતીજોટો લાવો. પછી કોઠારી ધોતીજોટો લેવા ગયા. ત્યારે સભાસદોએ જાણ્યું કે, મોટી રેશમી કોરનો નાગપુરી ધોતીજોટો વીશ કે પચીશ રૂપીઆની કિંમતવાળો લાવશે. પણ કોઠારી તો સાદી કોરનો ઉજળો અને ઘાટો ધોતીજોટો બે રૂપીઆની કિંમતવાળો કોઠારમાંથી લાવ્યા અને કહ્યું કે, મહારાજ, આ ધોતીજોટો બહુ સારો છે, ટકાઉ છે, ટાઢ વાય નહિ એવો છે માટે આ પહેરવા રાખો. પછી મહારાજે તો તે પહેરવા રાખ્યો. તે સભામાં કવીશ્વર દલપતરામ બેઠા હતા, તેઓએ આ નીચે લખેલો શ્લોક કહ્યો, અને તે સાંભળીને બધી સભા રંજિત થઇઃ–

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

### સ્ત્રગ્ધરાવૃત્ત: અર્થાંતરન્યાસ અલંકાર.

આ લોકે સ્વર્ગ લોકે સકળ થળ જુઓ સર્વ કોઠારી એવા,
કીધો કોઠારી રૂદ્રે અલકપુરપતિ સોંપિ ભંડાર કેવા;
તે ભંડારે ભરેલા સકળ નિધિ છતાં લોભ કેવો કરે છે,
શંભૂને વસ્ત્રવાસ્તે તનપર ગજનું વ્યાઘ્રનું ચર્મ દે છે.

શિવના વર્ણનમાં લખ્યું છે કે—

॥ गजचर्म परिधानं व्याघ्रचर्मोत्तरीयकम् ॥

શિવજી હાથીનું ચામડું પહેરે છે અને વાઘનું ચામડું ઓઢે છે. આ કવિએ કહ્યું, હું જાણું છું કે તે તેમના કોઠારી કુબેર ભંડારીનો વાંક હશે.

મુંબઇના પહેલા બૅરોનેટ સર દીનશાજી માણેકજી પીટીટ અમદાવાદ આવ્યા ત્યારે આગગાડીના ઉપર ધ્વજા પતાકાઓથી શોભા થઇ હતી તથા વાજું હાજર રહ્યું હતું. તેઓ એક જ દિવસ અમદાવાદ રહ્યા હતા. બપોરે એમના માનમાં એક મેળાવડો થયો ત્યારે કવીશ્વર દલપતરામભાઇ પણ હાજર રહ્યા હતા. મેળાવડામાં મિત્રોની ઇચ્છાથી કવીશ્વરે એક કવિતા કહી તેથી સર્વનું અને બૅરોનેટનું મન પ્રસન્ન થયેલું. સાંજે સર દીનશાજી મુંબઇ જવા માટે ગાડીપર ગયા ત્યારે કવીશ્વર પણ બીજા ગૃહસ્થો જોડે તેમને વિદાય કરવા ત્યાં હાજર રહ્યા હતા. ગાડી ઉપડતી વખતે સર દીનશાજીએ એક પડીકું કવીશ્વરના હાથમાં મુકયું અને કવીશ્વરે તે ગજવામાં મુકયું. ગાડી ઉપડી ગયા પછી ઘેર જતી વખત હું તેમની સાથે ગાડીમાં હતો. રસ્તામાં, પડીકામાં શું હશે તે જાણવાની કવીશ્વરને સ્વાભાવિક ઇચ્છા થઇ અને તેમણે પડીકું મારા હાથમાં મુકી પૂછ્યું કે એમાં શું છે! મેં જોઇને કહ્યું કે, એમાં ચલણી નોટો છે અને તે સવાસો રૂપીઆ થાય છે. એટલે એમણે તે પડીકું પોતાની પાસે લઇ તેમાંથી રૂપીઆ પાંચની

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

નોટ મારા હાથમાં મુકી. તત્કાળ તો મને એમ લાગ્યું કે, એમાંથી કાંઇ ખરચ કરવાનું હશે, પણ પછી પૂછતાં એમણે કહ્યું કે, એ નોટ તમને બક્ષીસ આપું છું ! મેં અચંબાથી પૂછ્યું કે, બક્ષીસ આપવાનું કાંઇ કારણ ? ત્યારે એમણે કહ્યું કે, પડીકામાં ૧૨૦ રૂપીઆ છે એમ તમે કહ્યું હોત તો હું કાંઇ જાણવાનો ન હતો. આ શબ્દો સાંભળતાં જ મેં નોટ એમને પાછી આપવા માંડી, પણ હાથ ધરે નહિ એટલે આપું શી રીતે ? મોટા માણસના ગજવામાં એ નોટ સેરવી પાડવાનું પણ વિવેકથી બહાર હશે એમ લાગ્યું. વળી એમણે પહેરેલું અસલી અંગરખું, એટલે જમણી ફડક ઉંચી થાય ત્યારે ગજવું દષ્ટિએ પડે. આવી મુંઝવણને લીધે હું ઘણી વારે માત્ર વીનવણી કરીને એ નોટ એમને પાછી આપી શક્યો. આ ઉપરથી વાચકવૃંદને સમજાશે કે, કવીશ્વર દલપતરામનું દિલ કેવું હતું ! તેમનો સમાગમ એ પુસ્તકવા જેવો સંતસમાગમ હતો અને તેમની સેવા એ જ દેશસેવા અને સમાજસેવા હતી.

એક વખત કવીશ્વર દલપતરામ મિત્ર ફારબસ જોડે નિરાંતે બેસી વાતો કરતા હતા. વાતમાં ને વાતમાં સાહેબે પૂછ્યું કે, દલપતરામ, બ્રિટિશ સરકારનું રાજ્ય હિંદુસ્તાનમાં કેવું સારૂં ચાલે છે ? એ રાજ્ય વિષે તેવામાં હાલના જેટલા વાંધાઓ લોકો બતાવતા નહિ, તેથી કવીશ્વરે જવાબ આપ્યો કે, સારૂં ચાલે છે. સાહેબે ફરી પૂછ્યું કે, રામ, યુધિષ્ઠિર અને વિક્રમના રાજ્ય કરતાં આ રાજ્ય ચઢે નહિ ? કવીશ્વરે વિનયથી જવાબ દીધો કે, ના સાહેબ, તેમના કરતાં તો ચઢીઆતું ન કહેવાય. પછી સાહેબે કારણ પૂછતાં તેમણે કહ્યું કે, સાહેબ, જે વાજબી છે તે કહું છું. અમારા તે જૂના રાજાઓમાં લડાઇ જાગે તો રૈયતને દુઃખ ન થાય એવી રીતે બહુધા પાણીપત જેવા મેદાનમાં જઇ તેઓ લડતા. હાલ તો ગામને ઘેરા ઘાલવામાં આવે છે અને તોપોના

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

ગોળા છૂટે તેથી રૈયતનાં કોઇ નિર્દોષ માણસો છુંદાઇ જાય તેની દરકાર કરવામાં આવતી હોય એમ જણાતું નથી. સારાં મકાનો પડી જાય અને નબળાંમાં આગ લાગી ઉઠે એવી લડાઇઓ અમારા જૂના રાજાઓ કરતા ન હતા. વળી હાલ તો રૈયતના લોકો હથિયાર વગરના એકઠા થાય અને તોફાન થશે એવો વહેમ પડે કે, ટોળા ઉપર ગોળીબાર કરવામાં આવે છે એવું અમારાં તે જૂનાં રાજ્યોમાં થતું ન હતું. આ કારણોથી આ રાજ્ય તે રાજ્ય કરતાં ચઢિયાતું છે એમ તો કહેવાય નહિ. સાહેબે કહ્યું કે, એ તો અમારાં યુરોપનાં રાજ્યોમાં રીત જ છે કે, લોકો તોફાને ચઢે તો ગોળીબાર કરવા અને તે રીત અત્રે દાખલ કરી છે તેમાં તમને વાંધા જેવું કેમ લાગે છે? કવીશ્વરે ધીમાશથી કહ્યું કે, લોકો તોફાને ચઢે તો તેમને પોલીસ કે લશ્કર પાસે બાહુબળથી પકડાવી કાયદા પ્રમાણે શિક્ષા કરવી, પણ પુત્રવત્ પ્રજાજનો ઉપર ગોળીબાર કરી તેમને મારી જ નાખવાં એ તો અમારા તે જૂના રાજાઓ કદિ માન્ય કરે જ નહિ. વળી, આ દેશની પ્રજા હથિયાર વગરની હોવાથી તેમના સામેનો ગોળીબાર એ તો મને આર્ય રાજાઓની રીતથી ઉલટું લાગે છે. કવીશ્વરનો આ જવાબ સાંભળી સાહેબ વિચારમાં પડયા અને પછી મશ્કરીમાં કહ્યું કે, તમે પણ તે જૂના રાજ્યમાંથી આવ્યા હો એમ જણાય છે!

કવીશ્વર દલપતરામભાઇએ દલપતકાવ્ય છપાવ્યું ત્યારે ઘણા જણે તે પુસ્તકમાં એમની છબી મુકવાની માગણી કરેલી, પણ તે માગણી તેમને રૂચી નહિ, કેમકે શરીર એ તો મનની આડત કરનાર છે એમ તેઓ સમજતા, એટલે મનને જ તેઓ મુખ્ય માનતા અને તેથી દલપતકાવ્યના મુખપૃષ્ઠ ઉપર તેમણે છપાવ્યું કે:—

"શું જોશો તનની છબી, એમાં નથી નવાઇ;
નિરખો મુજ મનની છબી, ભલા પરીક્ષકભાઇ."

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

સારાંશ કે, દલપતરામની કવિતાઓ એ એમના મનની ખરી સ્થિતિનું ચિત્ર છે, અને હૃદયની ઉત્તમતા બતાવે છે, અને તેની જ કિંમત છે.

કંપની સરકાર પાસેથી હિંદુસ્તાનનું રાજ્ય તાજ તરફ ગયું તેવામાં જૂના વખતના વહીવટ પ્રમાણે અથવા પ્રથમથી ચાલી આવ્યા રિવાજ પ્રમાણે ગામડાની ખેડુતપ્રજા ઉપર વેઠનું જોર વધારે હતું તે એટલે સુધી કે, કોઇ વખત વેઠમાં પકડાયેલા ગાડાવાળા લાગ મળતાં ગાડું અને બળદ પડતા મુકીને પોતાને ગામ નાસી જતા. આવા પ્રકારના કષ્ટમાં લોકોને જોઇ કવીશ્વર દલપતરામને અંતઃકરણમાં પીડા થવાથી એમણે અનેક અધિકારીઓ મારફત, વેઠને નામે ખેડુતોને પડતાં દુઃખ છેક ઉપર સુધી જાહેર કરાવી ઓછાં કરાવ્યાં હતાં, અને તેથી સરકારની આંટમાં વધારો થયો હતો એવું પોતે માનતા હતા. આ પ્રમાણે જ્યારે જ્યારે તેઓ બીજાનું દુઃખ જોતા ત્યારે ત્યારે તે દુઃખ શી રીતે ઓછું થાય તેનો વિચાર કરી હંમેશ બનતો પ્રયત્ન કરતા. પરદુઃખભંજક ગણાવાને હાલ ઘણા ગૃહસ્થો શ્રમ લે છે તેવો તેમનો સકામ શ્રમ ન હતો, પણ કેવળ પારમાર્થિક અથવા નિષ્કામ શ્રમ હતો. આ તેમનો નિષ્કામ શ્રમ અનેકધા અનુકરણીય છે.

**આપણું કર્તવ્ય.**

પ્રિય વાચક, આ મહા પુરૂષ પ્રત્યે આપણું શું કર્તવ્ય છે તેનો નિર્ણય કરવો ઘટે છે. આપણે એમના પ્રત્યે હંમેશ પૂજ્યભાવ રાખવો; એમના ગુણોનું અનુકરણ કરવું અને કરાવવું; વર્ષમાં એક જ વાર એમના જન્મ દિવસને ટાંકણે પોતપોતાના ગામમાં એમના તરફનો આપણો પૂજ્યભાવ કૃતજ્ઞ બુદ્ધિથી પ્રકટ કરવા અર્થે, એક વિચારથી, સુજ્ઞ ગૃહસ્થો અને વિદ્યાર્થીઓએ

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: દલપતરામ

એકઠા થઇ સભાના રૂપમાં મેળાવડો કરવો અને તેમાં એમની કવિતાના કોઇ ભાગ ઉપર પ્રવચન કરાવવું અને એમના જીવન-ચરિત્રમાંથી એમનાં અનુકરણીય કાર્યોનું અને ગુણોનું સર્વને સ્મરણ થાય એવી ચર્ચા કરાવવી. આ પ્રમાણે કરવામાં સર્વથા ઉત્સાહની આવશ્યકતા છે. એ ઉત્સાહ આર્યોની ભક્તિ અને શ્રદ્ધા સાથે જોડાયેલો છે એટલે દુર્લભ નથી. એ જ ભક્તિ અને શ્રદ્ધામાં એમ અભિવૃદ્ધિ થતાં થતાં પરમ પુરૂષની પ્રાપ્તિ સુલભ થશે.

पुरुषः सपरमार्थ भक्त्या ताभ्यस्त्वनन्यया. ॥

શેઠ માણેકલાલ જેઠાભાઈ
પુસ્તકાલય
અમદાવાદ.

समाप्त

Gandhi Heritage Portal
© 2022 Sabarmati Ashram Preservation and Memorial Trust